R. VITHAL

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg.




World Copyright Reserved, Contempora Denmark.

"Gold Medal" Quality

High Class
Display Counters &
Showcases,
Refrigerator
Counters,
Wall Units
Fish Fryers,
Display Fittings,
etc.

•

New
Illustrated Catalogues
on Application.



ASSOCIATED SHOPFITTERS LTD.

Incorporating Excelsior Shopfitters, Ltd., S.A. Shopfitters, Ltd.
Manufacturers of High Class Display Cases
Awarded Gold Medal, Rand Easter Show
104 MARSHALL ST. (facing Carlton House) Johannesburg
Phone 33 4211/2 P.O. Box 6504

THE CHURCH IN INDIA

"INDIA is a great country destined to be even greater and the Church in India is great and destined to be very much greater", His Eminence Norman Thomas Cardinal Gilroy, Archbishop of Sydney and Papal Legate to the First Plenary Council of the Bishops in India, said in Banglore recently.

The Plenary Council, which reaffirmed the Faith brought to India by St. Thomas nearly 2000 years ago concluded its 12-day session after signing "decrees" (the decisions reached at the conference). It was attended by 50 Archbishops, and Bishops, besides 70 other dignitories. Cardinal Gilroy presided over the deliberations.

The Archbishop's tribute to India and the Indian Church was in reply to an address of welfare president by the Bishop of Bangalore, Dr. P. Thomas, on behalf of the Hierarchy, Clergy and the Catholics of India. The address traced the history of the Catholic Church in India and said from 20 Arch Dioceses and Dioceses in 1887, the number had increased to 48, besides four Prelectures Apostolic. The number of priests had doubled during the last 25 years and that of religious sisters had nearly quadrupled. Of the 5,500 priests, over 4,000 were Indian Bishops.

A proof of the Government's goodwill towards the Catholic Church, the address said, was the inauguration of diplomatic relations between the Holy See and India in 1948. Catholics, it pointed out, had lived in concord and harmony with all sections of their countrymen and had not asked for political privileges under the new constitution. That constitution was secular and democratic in character with guarantees of liberty of conscience and denominations.

Cardinal Gilroy, replying to the address, said India was entering upon a new era and it was a happy coincidence that the first Plenary Council of the Catholic Church in India was being held at such a significant time. He was grateful to the civic authorities for the assistance they had given in holding that Council.

The Archbishop said the link between the venerable Church in India and the youthful Church in Australia was real. The history of the Church in India was almost coincident with the history of the Catholic Church itself and was nearly 2,000 years old. Despite that disparity in age they were intimately united.

"INDIAN AFFAIRS"

(Monthly Journal of the Indian National Congress)

News about our countrymen from all parts of the world.

Write for advertisement rates to

The Manager "INDIAN AFFAIRS,"
7 Jantar Mantar Road,
NEW DELHI.

Sets Of Indian Art Pictures

By Celebrated Indian Artists

Price 8 - including postage.

To be had from:

'INDIAN OPINION,'
P. Bag, Phoenix, Natal.



BOOKS FOR SALE

Life of Ramakrishna —By Romain Rolland .0 6

Life of Vivekananda and the Universal Gospel By Romain Rolland 1 6

The Indian States Problem —By M. K. Gandhi 10 0

To be had from:—

The Manager,
INDIAN OPINION,
Phoenix, Natal

Books For Sale

Shri Aurobindo's Religious Books

LIGHTS ON YOGA	3	9
KALIDAS	3	3
ISHA UPANISHED	5	6
THE RENAISSANCE IN INDIA	3	9
HERACLITUS	3	3
IDEAL AND PROGRESS	3	0
THE NATIONAL VALUE OF ART	3	0
THE MOTHER	3	0
BANKIM—TILAK—DAYANANDA	3	6
AUROBINDO MANDIR ANNUAL 1943-44-45	10	6
COLLECTED POEMS AND PLAYS (Part 1 & 2	27	6
THE RIDDLE OF THE WORLD	3	9
THE TEACHING AND THE ASHRAM OF AUROBINDO	3	
ON WAR	3	

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

Books For Sale

Tagore's Literature

Essays, Novels, Poems and Plays

SACRIFICE	(Novel)	5	6
GORA	(Novel)	9	0
MASHI	(Novel)	6	0
LOVER'S GIFT	(Poems)	3	6
CHITRA	(Play)	3	6
STORIES FROM TAGORE	(Short Stories)	3	6
STRAY BIRDS	(Short Poems)	3	6
RED OLEANDERS	(Play)	4	0
HUNGRY STONES AND OTHER STORIES		5	6
THE HOME AND THE WORLD	(Essays)	6	0
GLIMPSES OF BENGAL	(Essays)	8	9
REMINISCENCES		5	6
POEMS OF KABIR		3	0
POST OFFICE	(Play)	2	6
THE KING OF THE DARK CHAMBER	(Play)	5	0

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

ઇન્ડિઅન ઓપિનિઅન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૪માં સ્થપાયું.

પુસ્તક ૪૮ મું—અંક ૧૮ | શુક્રવાર તા. ૫ મે, ૧૯૫૦. | છુટ્ટક નકલ પેની.૪

"ઇન્ડિઅન ઓપિનિઅન"

શુક્રવાર તા. ૫ મે, ૧૯૫૦

મે ડે અને તેનો પાઠ

મે ડે આવ્યો અને ગયો. તે પાઠ શીખવી ગયો છે કે જે સીઝે શીખવે. લાલ ઝાંખી થઈ ચકચો. અમે પ્રથમથી મત દર્શાવી ગયા હતા કે સાઉથ આફ્રિકામાં સઘળા નોન-યુરોપી યનોને લાગુ પડતા જુલમી કાયદાઓ સામે સંયુક્ત લડત ઉઠાવવાની વાત તો શું પરંતુ વીચાર કરવાનો પણ હજુ અનુકુળ વખત આવ્યો નથી, કેમકે તેને માટે હજુ આપણે પુરતું સંગઠન કરી શકયા નથી અને જે કાર્ય હાલ હાથમાં લેવું જે નેતાઓની શકિત ની બહાર છે. અમે જણાવી ગયા હતા કે આફ્રીકનો અને કોલ્રેડો પ્રથમ ઇલાયદા વર્ગો તરીકે જ સંગઠીત થવું જોઇએ અને તેઓની લડત જોખી ચલાવી કોલ્રેડો, જેઓને અહીંસાના શસ્ત્રનો વધારે અનુભવ છે, અથવા હોવો જોઈએ, તેઓએ બીજાઓને અનુકરણીય દાખલો બેસાડવો જોઇએ પરંતુ ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસના નેતાઓનો વીચાર જુદો થયો અને તેઓએ સમસ્ત નોન યુરોપીયનોને એ દિવસે સઘળા રોજગાર બંધ રાખવાની અને કામ ધંધા બંધ કરવાની અને દેખાવો કરવાની અને માસ મીટીંગો ભરવાની હાકલ કરી. આનો અવાજ એવો ગુંચવાઈ પડયો કે શાની લડત હતી તેની જ કશી ખબર નહિ પડી. શું નેટીવોના પાસના કાયદાઓ માટે લડત હતી, કે છુટથી બોલવા અને હરવા ફરવાની સ્વતંત્રતાની હતી કે રૂપ ઓરીયાઝ બીલની સામે હતી? ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસના નેતાઓ આખું અઠવાડીયું મે ૬ ને દિવસે કોઇએ શું કરવું તેની માહીતી આપનારા પેમ્ફલેટો અને પ્લેકાર્ડો તૈયાર કરવામાં પડી ગયા હતા. પરંતુ તેઓનાં આશ્ચર્ય વચ્ચે મે ૬ ના સોમવારના દિવસે અને અઠવાડીયાની આખરીથી તે દિવસ સુધી સઘળી જાહેર સભાઓ કે દેખાવો કરવાના મનાઈ હુકમો છુટયા. અને એ મનાઈ હુકમને વશ થઈ શનીવારની રાતે રવીવારે અને સોમવારના દિવસોએ ગોઠવવામાં આવેલી સઘળી માસ મીટીંગો અને દેખાવો બંધ કરવામાં આવ્યાની જાહેર બાબતો બહાર પડી.

પરંતુ હીંદી લત્તાઓમાં લગ ભગ સઘળી હીંદી દુકાનો બંધ રહી હતી અને આફ્રિકનોએ કામની હડતાળ પાડી હતી. કહેવાયું હતું કે ચાળીસ ટકા ઉપર નેટીવો સોમવારે કામપર ગયા નહોતા. લોહાનીસબર્ગ શહેરનો દેખાવ એ દિવસે સઘળા દિવસ ના જેવો હતો. ગૃહીણીઓને એ દિવસે પોતાના "બોયો" વીના ઘણી અડચણો ભોગવવી પડી હશે. પરંતુ હીંદીઓએ દુકાનો શાને માટે બંધ રાખી હતી? શું રૂપ ઓરીયાઝ બીલની સામે ના વિરોધ દાખલ બંધ કરી હતી? અમે જાતે કરેલી તપાસ પરથી અમે જોઈ શકયા હતા કે પણ ખરાએ પોતાની દુકાનને અંગત અને પોતાની માલમતાને નુકસાન થાય એ બ્હીકે બંધ રાખી હતી. કોંગ્રેસના નેતાઓ એ પણ માસ મીટીંગો અને દેખાવોનો પોતાનો મોટો કાર્યક્રમ એજ બાબતે બંધ કર્યો હતો. કેમકે સરકારે ધમકી આપી હતી કે તેના મનાઈ હુકમનો અનાદર કરવામાં આવશે તો તે સખત પગલાં લેશે. કોંગ્રેસ નેતાઓએ જનતાની સુરક્ષિતતાના હિતને ખાતર એ ઠીકજ કર્યું હતું અને તેને માટે તેઓને અભિનંદન ઘટે છે.

પરંતુ તેઓને પાછી પાની કરવી પડવી એ વસ્તુજ બતાવી આપે છે કે તેઓએ પ્રથમથી જ ગેર કાયદાપણ ભરેલું પગલું લીધું હતું. કેમકે સરકારના ફરમાનનો તે તેને પ્રથમથી વીચાર કેમ નહિ આવ્યો? શું તેઓ એમ માનતા હતા કે સરકાર તેઓની ઢીલ ચાલને કચડી નાખવાને સામા પગલાં નહિ લે? તેનો શું તેઓને અગાઉ અનુભવ નથી થઇ ચુકયો? અહિંસક કાર્યનો પ્રથમ નીયમ જ એ છે કે સઘળાં પરિણામોનો સામનો કરવાની તઈયારી ન હોય ત્યાં સુધી પગલું લેવું નહિ અને પગલું લેવાનો નીશ્ચય કર્યા પછી પાછી પાની થઇ શકેજ નહિ. તેઓના આવાં પગલાંથી તેઓએ સરકારને તેઓની નબળાઈ બતાવી આપી છે અને પરિણામે કે જેને આપણે નમી પડયા કીએ, એથી આપણને કચડી નાખવાની તેને તક આપેલી છે. સરકાર પોતાના પોલીસબળથી તેમ કરવામાં સફળ થઇ છે. પોલીસને નોન-યુરોપીયનો સાથેના વ્યવહારમાં દેખીતી રીતે છુટો હાથ આપવામાં આવેલો છે. પોલીસને ખરી રીતે કોઈના ઉપર તે તોફાન ન કરે ત્યાં સુધી હાથ લગાડવાની સત્તા નથી પરંતુ જ્યારે તે બીન-ગોરા સાથે વાત કરે છે ત્યારે તે ગ્હોટેથી બાવેજ વાત કરે છે; હાથથી અને પગથીજ વાત કરે છે, એવી વસ્તુ ભુતકાળમાં નહોતી. આજે તે સામાન્ય થઇ પડી છે, અને હાલની સરકાર ઉઠણ વખતની જાય છે, સોમવારે ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસની ઓફીસમાં કોંગ્રેસના એક જવાબદાર અમલ દારને કશાં કારણ વિના ગરદન થી પકડીને પોલીસે જેનમાં નાખ્યા અને ચોટક સુધી લઇ ગયા બાદ છોડી મુકયા. મે ૮ ને દિવસે જે તોફાનો થયા અને કેટલાક જાન ગયા તેને માટે પોલીસના આવાં ઉશ્કેરનારાં કૃત્યો પણ કંઇક અંશે જવાબદાર હતાં.

એટલે સૌથી પ્રથમ પાઠ આપણે શીખવાનો છે તે નિર્બળતા નો. જ્યાં સુધી આપણામાં બીલ કુલ નીર્બળતા નહિ આવે ત્યાં સુધી આપણી લડતમાં આપણે સફળ થઇ શકીશું નહિ. બીજી વસ્તુ આપણે માથાક પાછીને હાથ નહિ લગાડવાની પ્રતિજ્ઞા લેવાની છે. આ વસ્તુ નેટીવોને તો વીશેષ કરી લાગુ પડે છે, જ્યાં સુધી એ વસ્તુનો તેઓ સદંતર ત્યાગ નહિ કરે ત્યા સુધી તેઓ અહિંસક કહી નહિ રહી શકે અને ગમે તેવી ઉશ્કેરણીની સામે પણ જો તેઓ અહિંસક નહિ રહે તો સરકાર પોતાના વધારે મજબુત પબળથી તેઓનો નાશ કરી નાખશે, આફ્રિકનોનેજ હજુ તેઓનામાં રહેલી આવિ શકિતનું ભાન થયું નથી, તેનો કંઇક સ્વાદ મે ૮ ને દિવસે તેઓએ કામપર નહિ ગયા ત્યારે જનતાને મળ્યો હતો.

પરંતુ જો આપણે આત્મબળ અને આપણો આત્મા બચાવવાને આપણું સર્વસ્વ અને જાન સુદ્ધાં કુરબાન કરવાની શકિત અને હીંમત કેળવી નહિ શકીએ તો આપણો નાશજ થવાનો છે. ખાઈબિલનું મનનીય સુત્ર છે કે જેણે પોતાનો આત્મા ખોયો ■ તેણે સારૂ જગત હસ્તેકું પણ આ કામનું છે?"

ગ્રૂપ એરીયાઝ બીલ

સ્થાવર મીલકતની માલીકી મેળવવા ઉપર અને જમીન અને મકાન માં વસવાટ કરવા ઉપર અંકુશ મુકવા વગેરે જોગવાઇ કરવાના અને તેને લગતી બાબતો માટે વ્યવસ્થા કરતો' બીલ.

ઉદ્દેશ્ય ઠરાવ

(૧) આ કાયદામાં, તેના સંદર્ભમાં બીજું જણાવેલું હોય તે સિવાય.

(૧) સ્થાવર મીલકતના સંબંધમાં "એકત્રાયર" (મેળવવું) શબ્દનો અર્થ કોઇ પણ પ્રકારે તેવી મીલકતના માલીક બનવું એવો થાય છે;

(૨) "બોર્ડ" નો અર્થ કલમ ચોત્રીસથી સ્થાપવામાં આવેલી લેન્ડ ટેન્યુર ઓથોરાઇઝરી બોર્ડ એવો થાય છે;

(૩) "કંપની" માં કોઇ પણ પ્રાનગી કંપની, કલમ સોળમાં જણાવાયેલી કોઇ પણ કંપની અને ૧૯૨૧ ના ૪૧ નંબરના કંપનીઝ એકટની બસો ઓગણ ત્રીસમી કલમમાં વ્યાખ્યા કરવામાં આવેલી છે એવી કોઇ પણ પરદેશી કંપની નો સમાવેશ થાય છે;

(૪) "કન્ટ્રોલ્ડ એરીયા" નો અર્થ ગ્રૂપ એરીયા અથવા જાહેર થએલો નેટીવ એરીયા હોડેશન, નેટીવ વીલેજ, કલર્ડ લોકો માટેનું સેટલમેન્ટ, મીકસ રહેશન અથવા કલમ ત્રણની પેટા કલમ (૩) ના પારિગ્રાફ (સી) માં જણાવેલો કમ્યુનલ રીઝર્વ ન હોય તેવો કોઇ પણ તે હતા અને તેમાં, કલમ દસના અપવાદ સીવાય, કલમ અગીયારમાં જણાવાયેલા કોઇ પણ ખાસ હતા નો સમાવેશ થાય છે. અપવાદ એ કે, કોઇ પણ ગ્રૂપ એરીયા, જે, કલમ ત્રણની પેટા કલમ (૧) ના પારિગ્રાફ (એ) ની રૂએ થએલી જાહેરાત મુજબ વસવાટને માટેને, ગ્રૂપ એરીયા નહિ હોય, તે કન્ટ્રોલ્ડ એરીયામાં જમીન કે મકાનના વસવાટને; સંબંધમાં, આ કાયદાના અર્થને માટે કન્ટ્રોલ્ડ એરીયાનો ભાગ ગણાશે, અને કોઇ પણ ગ્રૂપ એરીયા, જે ઉકત પેટા કલમમા પારિગ્રાફ (બી) ની રૂએ થએલી જાહેરાતથી માલીકીને માટેનો ગ્રૂપ એરીયા નહિ હોય તે, કન્ટ્રોલ્ડ એરીયામાં સ્થાવર મીલકતની માલીકી મેળવવાના સંબંધમાં આ કાયદાના અર્થને મટે કન્ટ્રોલ્ડ એરીયાનો ભાગ ગણાશે.

(૫) કોઇ પણ કંપની ના સંબંધમાં "કન્ટ્રોલીંગ ઇન્ટરેસ્ટ" નો અર્થ નીચે પ્રમાણે થાય છે.—

(એ) તેના શેરોનો મોટો ભાગ; અથવા

(બી) શેર કેપીટલના અરધા ઉપરના શેરો; અથવા

(સી) સઘળા શેરોની જુદામે કીંમતની અરધી ઉપરની કીંમતના શેરો; અથવા

(ડી) શેર ધરાવનારાઓ તેના અરધા ઉપરના નફાને અથવા પુંજીના, અધિકારી બને એટલા શેરો; અથવા

(ઇ) શેરો ધરાવનારાઓ મોટા ભાગના અથવા મણા અરા વોટોના અધિકારી બને તેટલા શેરો: અથવા

(એફ) કોઇ લોન ઉપરથી ઉત્પન્ન થએલો ફ્લેમ, જે તેની અરધી શેર કેપીટલની અરધી ઉપરની કીંમતનો હોય; અથવા

(જી) કંપનીના પ્રવૃત્તિઓ અથવા કંપનીની પુંજી ઉપર, (એ) થી (એફ) સુધીના પારિગ્રાફોમાં સુચવવામાં આવ્યા છે તેવા પ્રકારના કે તે સિવાય ના કોઇ પણ બનતા કોઇ પણ અન્ય કંપનીમાં કે કોઇ પણ બીજી રીતે, સીધી યા આડકતરી રીતે લાભો રાખીને કંપની ઉપર અથવા કંપની ની પ્રવૃત્તિઓ કે તેની મુડી ઉપર કોઇ પણ બનતો અંકુશ ધરાવવાની સત્તા;

(૬) સ્થાવર મીલકત, જમીન અથવા મકાનના સંબંધમાં "ડીરકવોલીફાઇડ પરસન" (નાલાયક ઠરેલી કંપની)" નો અર્થ એવી કંપની કે જેમાં, તેવી મીલકત, જમીન કે મકાનના સંબંધમાં નાલાયક ઠરેલા માણસ તરફથી અથવા તેની વતી અથવા તેના લાભમાં અંકુશ પરાવવામાં આવતો હોય અથવા ધરાવાતો જણાતો હોય;

(૭) કોઇ પણ ગ્રૂપ એરીયામાં સ્થાવર મીલકત, જમીન અથવા મકાનના સંબંધમાં "ડીરકવોલીફાઇડ પરસન" નો અર્થ એવો માણસ કે જે કલમ બસુ ની રૂએ થએલી લાગતી વળગતી જાહેરાતમાં દર્શાવેલામાં આવેલા ગ્રૂપ (વર્ગ)નો ન હોય અને કન્ટ્રોલ્ડ એરીયામાં આવેલી કોઇ પણ સ્થાવર મીલકત જમીન કે મકાનનો માલીકના ગ્રૂપનો ન હોય, અથવા જો માલીક કેપ પ્રાંતની મ્યુનીસીપાલીટી સીવાયની કોઇ પણ કાયદાથી સ્થપાએલી મંડળી હોય તો તેની મંડળીના મોટા ભાગના સભ્યોના ગ્રૂપનો ન હોય, અથવા એવી કોઇ પણ મ્યુનીસીપાલીટી હોય તો તેનીકાઉન્સીલના મોટા ભાગના સભ્યોના ગ્રૂપનો ન હોય અથવા જો કોઇ કંપની માલીક હોય તો તેની કંપનીમાં અંકુશ પરાવતા અથવા તેની વતી અથવા તેના લાભમાં અંકુશ પરાવતા બાકીના હોય તેવી માંકણના ગ્રૂપનો ન હોય;

(૮) "ગ્રૂપ" નો અર્થ કલમ બેમાં જણાવેલ વ્હાઇટ ગ્રૂપ, (ગોરાઓ વર્ગ) કલર્ડ ગ્રૂપ અથવા નેટીવ ગ્રૂપ, અને તેમાં ઉકત કલમની પેટા કલમ (૨) ની રૂએ લાગતી વળગતી જાહેરાત અમલમાં મુકવાની જેટલે દરજ્જે જાહેર હોય તેટલે દરજ્જે ઉકત કલમની રૂએ ગ્રૂપ તરીકે જાહેર કરવામાં આવેલ હોય તેવા લોકોના કોઇ પણ ગ્રૂપ (વર્ગ) નો સમાવેશ થાય છે.

(૯) "ગ્રૂપ એરીયા" નો અર્થ કલમ ત્રણની રૂએ જાહેર કરવામાં આવેલો કોઇ પણ હતો;

(૧૦) "સ્થાવર મીલકત" માં તેવી મીલકતનાં કોઇ પણ જાતનો ખરો હક ધરાવાતો હોય અને જે હક રજીસ્ટર થવાથી તેવો ખરો હક બનતો હોય તેનો અને (કલમ અગીયાર ની રૂએ ખાસ કરાવવામાં આવેલો હોય, તેવા હતામાં આવેલી સ્થાવર મીલકતના લીસ અથવા સબ-લીસ સિવાય સ્થાવર મીલકતના કોઇ પણ લીસ કે સબ-લીસનો સમાવેશ થાય છે, પરંતુ સ્થાવર મીલકત ઉપરના મોર્ટગેજ બોન્ડનો સમાવેશ થતો નથી;

(૧૧) "સબ-રજીસ્ટ્રાર" નો અર્થ કલમ એકત્રીસની રૂએ નીમવામાં આવેલો સબ-રજીસ્ટ્રાર;

(૧૨) "જમીન" માં જમીનના કોઇ પણ ભાગનો સમાવેશ થાય છે;

(૧૩) "લોકલ ઓથોરીટી" (સ્થાનિક સત્તા) નો અર્થ ૧૯૦૯ના સાઉથ આફ્રિકા એકટની કલમ પંચ્યાશીના પારિગ્રાફ (૬) માં ધારવામાં આવેલી કોઇ પણ સંસ્થા કે મંડળી;

(૧૪) "લગ્ન" માં (એક પત્નિ અથવા અનેક પત્નિઓ વળાં) નેટીવ કાયદા અથવા રિવાજ મુજબ અથવા બન્ને પક્ષ ગાંધી અગે તેના ધર્મના નીયમો મુજબ સિકારવામાં આવેલાં લગ્નનો સમાવેશ થાય છે;

(૧૫) "પ્રધાન" નો અર્થ મુલકી પ્રધાન સિવાય કે નેટીવ ગ્રૂપ એરીયા ના કોઇ પણ ગ્રૂપ એરીયાના સંબંધમાં અથવા નેટીવોને લગતા જમીનના કાયદાની રૂએ સ્થપાએલા કોઇ પણ હતાના સંબંધમાં પ્રધાનનો અર્થ નેટીવ એફેર્સનો પ્રધાન;

(૧૬) "પરમીટ" નો અર્થ કલમ ચૌદના લાગતા વળગતા ભાગની રૂએ આપવામાં આવેલ અથવા આપવામાં આવેલ ગણાએલો પરવાનો;

(૧૭) "વ્યક્તિ" (પરસન) ના અર્થને કોઇ પણ નાલાયક ઠરાવાએલા વ્યક્તિ, નાલાયક ઠરાવાએલી કંપની, બાનગી કંપની, કલમ સોળમાં સુચવવામાં આવેલી કંપની અથવા કાયદાથી સ્થપાએલી મંડળીના કોઇ પણ બાકી સુચનના કારણે બાકાત કરવામાં આવશે નહિ;

(૧૮) "મકાન" (પ્રેમીસીસ) માં કોઇ પણ મકાનના કોઇ પણ ખંડ કે ભાગનો સમાવેશ થશે;

(૧૯) "કાયદાથી સ્થપાએલી મંડળી" નો અર્થ કોઇ પણ કાયદાની રૂએ અથવા કાયદાથી સ્થાપવામાં આવેલી બોર્ડ કે મંડળી."

આ કાયદાના હેતુઓ માટે ગ્રૂપો

૨. (૧) આ કાયદાના હેતુઓ માટે નીચે પ્રમાણેના ગ્રૂપો રહેશે,

(એ) વ્હાઇટ (ગોરાનો) ગ્રૂપ, જેમાં કોઇ પણ વ્યક્તિ, જે દેખાવે દેખીતી રીતે ગોરો છે અથવા જે સામાન્ય રીતે અથવા બાબથી ગોરા તરીકે સ્વિકારા મેલો છે, અને જે દેખાવે દેખીતી રીતે ગોરો હોય છતાં, સામાન્ય રીતે અને બાબથી રંગાયલી વ્યક્તિ છે, તેના જેવો નથી, અથવા જે પારિગ્રાફ (બી) અને (સી) ના પેટા પારિગ્રાફો (૨) અને (૩) ની રૂએ અથવા આ પેટા કલમના પારિગ્રાફ (સી) અને પેટા કલમ (૨) ના પારિગ્રાફ (એ) સહીત ઉકત પેટા પારિગ્રાફોની રૂએ બીજા કોઇ પણ ગ્રૂપનો નથી, તેનો સમાવેશ થશે;

(બી) નેટીવ ગ્રૂપ, જેમાં નીચેનાનો સમાવેશ થશે—

(૧) કોઇ પણ વ્યક્તિ જે હકીકતમાં આફ્રિકાની અસલી પ્રજા કે જાતીનો છે અથવા સામાન્ય રીતે અને બાંધણી એ પ્રજા કે જાતીના સભ્ય તરીકે સ્વિકારાતો મેલો છે અને જે પારિગ્રાફ (સી) ના પેટા-પારિગ્રાફ (૨) અને (૩) ની રૂએ રંગાયલો (કલર્ડ) ગ્રૂપનો નથી; અને

(૨) કોઇ પણ વ્યક્તિ, જે પેટા પારિગ્રાફ (૧) ની રૂએ ઠરાવાએલા નેટીવ ગ્રૂપના છે. તેવા વ્યક્તિઓની સાથે તેવા વ્યક્તિઓની કોઇ પણ કેમના વ્યક્તિ તરીકે આદતથી ભળતો હશે, અને પારિગ્રાફ (સી) ના પેટા પારિગ્રાફ (૩) ની રૂએ ઠરાવાએલા કલર્ડ ગ્રૂપનો નહિ હોય; અને

(૩) ગમે તે પ્રજા, જાતી કે વર્ણની કોઇ પણ રોમી, કોમી અને પેટા પારિગ્રાફ (૧) અને (૨) ની રૂએ ઠરાવાએલા નેટીવ ગ્રૂપના કોઇ વ્યક્તિની વચ્ચે લગ્ન થએલાં હશે અથવા જે તેવા વ્યક્તિની સાથે સંગ કરતી હશે;

(ii) કલમ રૂપ, જેમાં નીચેના નો સમાવેશ થશે—

(૧) કોઇ પણ શખ્સ જે ગોરા રૂપ અથવા નેટીવ રૂપનો નથી;

(૨) કોઇ પણ શખ્સ જે પેટા પરિમાણ (૧) ની રૂએ ઠરાવાયેલા કલર રૂપના શખ્સોની સાથે, તેવા શખ્સોની કોઇ પણ રીતના માણસ નથી, આદતથી ભળતો હશે, અને જે પરિમાણ (બી) ના પેટા પરિમાણ (૩) ની રૂએ ઠરાવાયેલા નેટીવ રૂપનો નહિ હોય; અને

(૩) અમે તે પ્રશ્ન ખાતી કે વર્ગની કોઇ પણ સ્ત્રી જેની અને પેટા પરિમાણ (૧) અથવા (૨) ની રૂએ ઠરાવાયેલા કલર રૂપના કોઇ પણ શખ્સની વચ્ચે લગ્ન થયાં હશે, અથવા જે તેવા શખ્સની સાથે સંગ કરતી હશે; અને

(iii) પેટા કલમ (૬) ની રૂએ એક રૂપ (વર્ગ) તરીકે જાહેર થયેલો હોય તેવા રૂપના શખ્સનો કોઇ પણ રૂપ.

(૨) ગેઝેટમાં જાહેરાતથી અવરનર-જનરલ

(એ) કોઇ પણ જાતીના, ભાષાના, સંસ્કૃતિના અથવા અન્ય વર્ગના શખ્સો, જેઓ નેટીવ રૂપના હોય અગર કલર રૂપના હોય તેની બાબ્બા આપશે; અને

(બી) તેવી બાબ્બા અપાયેલા રૂપને, આ કાયદાના હેતુઓને માટે અથવા જાહેરાતમાં જણાવાયેલા હોય તેવી તેની કલમોના હેતુઓને માટે અને જો તે સામાન્ય રીતે અથવા એક યા વધુ રૂપ એરીયાઝ (વર્ગીય જાતીઓ) ના અથવા કન્ટ્રોલ્ડ એરીયાઝના અથવા તેના કોઇ પણ ભાગના સંબંધમાં, અથવા એક યા વધુ રૂપ એરીયાઝ અને કન્ટ્રોલ્ડ એરીયાઝ જુદાના સંબંધમાં અથવા તેના કોઇ પણ ભાગના સંબંધમાં એક રૂપ તરીકે જાહેર કરશે.

(૩) પેટા કલમ (૨) ના પરિમાણ (એ) ની રૂએ થયેલી જાહેરાતમાં જેનું દર્શાવી શકાશે કે, જે શખ્સો જાહેરાતમાં સુચવવામાં આવેલા રૂપના તરીકે પારા મુજબ ઠરાવ કરીને અથવા કોઇ પણ બીજા કાયદાની રૂએ રજીસ્ટર થયેલા હશે તેવા શખ્સોજ એ રૂપના ગણાશે.

(૪) નેટીવ રૂપ અથવા કલર રૂપનો કોઇ પણ માણસ જે પેટા કલમ (૨) ના પરિમાણ (એ) ની રૂએ બાબ્બા અપાયેલા કોઇ પણ રૂપનો માણસ હોય અથવા બનશે તે, ઉકત પેટા કલમના પરિમાણ (બી) ની રૂએ કરવામાં આવેલી કોઇ પણ જાહેરાતને અમલમાં મુકવાને જરૂરી જણાશે તેટલે સ્વજને, નેટીવ રૂપ અથવા કલર રૂપ, જે હોય, તેમાંથી બાતલ કરવામાં આવશે.

રૂપ એરીયાઝની સ્થાપના

૩. (૧) ગવરનર-જનરલ ખાત્રી થાય ત્યારે ગેઝેટમાં જાહેરાતથી—

(એ) એવું જાહેર કરી શકશે કે જાહેરાતમાં દર્શાવવાથી તારીખ કે તારીખ જાહેરાતની તારીખની ગોઠવામાં ગોઠવાં એક વર્ષ બાદની હશે, ત્યારથી જાહેરાતમાં બાબ્બા આપવામાં આવેલો હતો જાહેરાતમાં દર્શાવવામાં આવેલા રૂપના એરીયાના વસવાટને માટેનો હતો જણાશે; અથવા

(બી) એવું જાહેર કરી શકશે કે જાહેરાતમાં દર્શાવવામાં આવેલી તારીખ થી જાહેરાતમાં બાબ્બા આપવામાં આવેલો હતો તેમાં દર્શાવવામાં આવેલા રૂપના એરીયાને બાકીની માટેનો હતો જણાશે; અથવા

(૨) પેટ કલમ (૧) ના પરિમાણો (એ) અને (બી) ની રૂ ન જાહેરાતો એના બેજ હતાના સંબંધમાં પણ થઇ શકશે.

(૩) આ કલમની રૂએ કોઇ પણ જાહેરાત થઇ નહિ શકે—

(એ) સિવાય કે પ્રત્યેક કાબ્બામાં પાર્લામેન્ટની બન્ને સભાઓના ઠરાવથી તેને માટે પ્રથમ સંમતિ મેળવવામાં આવી હશે: અપવાદ એ કે તેવી સંમતિ મેળવ્યા વીના તેવી જાહેરાત થઇ શકશે—

(૧) જો તે કેપ અથવા નાટાલ પ્રતિમાં આવેલા હતાના સંબંધમાં આ કાયદાની શરૂઆતથી પાંચ વર્ષની મુદત પુરી થયાં પહેલાં કરવામાં આવશે હશે; અથવા

(૨) જો તે ટ્રાંસવાલમાં કલર રૂપને માટેના હતાનાં સંબંધમાં અથવા કલમ બે ના પેટા કલમ (૨) ની રૂએ બાબ્બા આપવામાં આવેલા, કલર રૂપના માણસોના બનેલા રૂપને માટેનો હતો જેવો આવો—અથવા મોટા ભાગ, આ કાયદાની શરૂઆત થઇ એ વખતે ટ્રાંસવાલના ૧૮૮૫ ના નંબર ૩ ના કાયદાની કલમ બે ના પરિમાણ (ઈ) ની રૂએ અથવા ટ્રાંસવાલના ૧૯૦૬ ના મ્યુનીસીપલ બ્રેન્ડીંગ ઓર્ડીનન્સની કલમ દસની રૂએ, ઉંચામદા રખાયલામાં આવેલા હતાનો હોય તેના સંબંધમાં અથવા ટ્રાંસવાલના ૧૯૦૮ ના પ્રિવેન્શન ઓન બેટર ગેટાલ્સ - કટની કલમ એકસો એકત્રીસ (૩) ની પેટા કલમ (૧૦) માં જણાવાયેલી જમીનના સંબંધમાં થયેલો હોય;

(બી) સિવાય કે પ્રત્યેક કાબ્બામાં પ્રધાને લાગતા વળગતા પ્રાંતના એડમીનીસ્ટ્રેટરની સાથે મસલત કરી હશે, અને ગોરા રૂપ સિવાયના બીજા કોઇ રૂપને માટેના હતો, જે આખો અથવા તેનો અમુક ભાગ, એવી જમીનપર આવેલો હોય, કે જે બાજુને લગતા કોઇ પણ કાબ્બાની રૂએ પ્રોકલેમ્ડ થએલી હોય અથવા પ્રોકલેમ્ડ જણાતી હોય, તેવા કાબ્બામાં બાજુ બાબ્બા બાતાના પ્રધાનની સાથે મસલત કરી હશે, અને જે હતો આખો અથવા તેનો અમુક ભાગ જેની ૧૯૪૭ ના નેચરલ રીસોર્સીસ ડીવેલપમેન્ટ એકટની કલમ એકમાં બ્યાખ્યા આપવામાં આવેલી છે, તેવા કન્ટ્રોલ્ડ એરીયા માં આવેલો હોય તેવા કાબ્બામાં ઉકત કાયદાની કલમ બે થી રૂપપાયેલી નેચરલ રીસોર્સીસ ડીવેલપમેન્ટ કાઉન્સીલની સાથે મસલત કરેલી હશે;

(સી) જે બધી કોઇ પણ રૂપ એરીયામાં નીચેનો પણ સમાવેશ થયેલ હશે—

(૧) નેટીવ એરીયા તરીકે ઠરાવાયેલો હોય તેવા હતામાં આવેલી આખી જમીન અથવા તેનો અમુક ભાગ અથવા ૧૯૩૬ ના નેટીવ ટ્રસ્ટ એન્ડ લેન્ડ એકટની રૂએ મુકત કરવામાં આવેલો હતો;

(૨) ૧૯૪૫ ના નેટીવ (અરબન એરીયાઝ) કોન્સોલીડેશન એકટની કલમ બે માં દર્શાવાયેલ કોઇ પણ નેટીવ લોકેશન, નેટીવ વીલેજ અથવા નેટીવ હોસ્ટેલ, અથવા ઉકત કાયદાની કલમ નવની પેટા કલમ (૨) ના પરિમાણ (એચ) ની રૂએ નેટીવોના વસવાટને માટે સંમતી અપાયેલો કોઇ પણ હતો;

(૩) ૧૯૪૬ ના કલર પરસન્સ સેટલમેન્ટ એકટની કલમ, એકમાં જેની બાબ્બા આપવામાં આવેલી છે તેવું કોઇ પણ કલર લોકોના વસવાટનું સ્થળ;

(૪) કોઇ પણ મીશન સ્ટેશન અથવા કમ્યુનલ રીઝર્વ, જેને કેપનો ૧૯૦૬ ના મીશન સ્ટેશન્સ એન્ડ કમ્યુનલ રીઝર્વ્સ એકટની કલમો અથવા ૧૯૪૬ ના કલર મીશન સ્ટેશન્સ એન્ડ રીઝર્વ્સ એકટની કલમ સોળ સાથે ઉપરોકત કાયદાની કલમો લાગુ પડતી હોય; અથવા

(૫) કોઇ પણ હતો જે ૧૯૨૬ ના નેચરલ પાર્કસ એકટની રૂએ નેચરલ પાર્ક અથવા તેવા પાર્કનો ભાગ હોય તેવી કોઇ પણ જમીન.

રૂપ એરીયાઝમાં વસવાટ

૪. (૧) કલમ ત્રણની પેટા કલમ (૧) ના પરિમાણ (એ) ની રૂએ થયેલી બાજતી વળગતી જાહેરાતમાં દર્શાવવામાં આવેલી તારીખથી, અને જમીન કે મકાનમાં વસવાટને લગતી કોઇ પણ બાસ કે કાયદાથી થયેલી ગોઠવણમાં ગમે તે જણાવાયેલું હોય તો પણ, કોઇ પણ ડીરકવોલીફાઇડ (નાલાયક) ઠરાવાયેલા શખ્સથી, જેના સંબંધમાં જાહેરાત થયેલી હોય તેવા કોઇ પણ રૂપ એરીયામાં આવેલી કોઇ પણ જમીન કે મકાનમાં પરવાના વીના વસવાટ કરી નહિ શકાય, અને કોઇ પણ શખ્સથી તેવા ડીરકવોલી ફાઇડ (નાલાયક) ઠરેલા શખ્સને વસવાટ કરવા દઇ નહિ શકાય.

(૨) પેટા કલમ (૧) ના વિધાનો કોઇ પણ નાલાયક ઠરેલા એવા શખ્સને કોઇ પણ રૂપ એરીયામાં આવેલી જમીન કે મકાનમાં વસવાટ કરવાનું ગેર કાયદેસર ઠરાવશે નહિ—

(એ) જો તે રાજ્યની, કાયદાથી રચાયેલી મંડળીની અથવા (નાલાયક ઠરાવાયલી કંપની કે કલમ સોળમાં સુચવાયેલી કોઇ પણ કંપની સિવાય) ઉકત જમીન કે મકાનમાં કાયદેસર વસવાટ કરી રહેલા કોઇ પણ શખ્સની ખરા અર્થમાં નોકરી કરતો હશે;

(બી) જો તે ઉકત જમીન કે મકાનમાં કાયદેસર વસવાટ કરી રહેલા કોઇ પણ શખ્સને ખરા અર્થમાં મુલાકાતે આવેલો હશે અથવા કોઇ પણ હોટેલમાં ખરા અર્થમાં મહેમાન હશે;

(સી) જો તે કોઇ પણ હોસ્પીટલ, નરસીંગ હોમ, પાગલ ખાનું, કે તેવી કોઇ પણ સંસ્થામાં દરદી હશે અથવા કેદખાનું, પ્રવૃત્તિ ક્ષેત્ર, કે એવી કોઇ પણ સંસ્થામાં કેદી તરીકે કે બીજી રીતે મુકાયેલો હશે; અથવા

(ડી) જો (નોકરી કરનાર માણસ સહીત) એવી જમીનમાં કે મકાનમાં કાયદેસર વસવાટ કરનાર કોઇ પણ શખ્સનો પતિ, પત્નિ, સગીર બાળક કે આશ્રિત હશે! અપવાદ એ કે આ પરિમાણના બીજાનો કોઇ પણ રૂપ એરીયાના સંબંધમાં તેજ લાગુ પડશે જો અવરનર-જનરલે ગેઝેટમાં જાહેરાત થી એ રૂપ એરીયાના સંબંધમાં તે લાગુ પાડવાનું જાહેર કર્યું હશે, અને ઉકત જાહેરાતમાં દર્શાવવામાં આવેલું હશે એટલેજ કરજીયો અને (જો કોઇ પણ શરતો હશે તો) બાંધછોજ શરતોએ લાગુ પડશે.

(૩) પેટા કલમ (૨) માં સુચવવામાં આવેલા કોઇ પણ રૂપ એરીયા માં આવેલી કોઇ પણ રસ્થાવર મીલકતના ટાઇટલ ડીડમાં રૂપને માટે એ હતો રસ્થાપવામાં આવેલો હોય એ રૂપના શખ્સોને તેવી મીલકતમાં વસવાટ

કરવાની કે તેનો ઉપયોગ કરવાની બધી કરનાર્ કે પ્રતિબંધીત કરનાર્ કંઈ પણ વિધાન હશે તે ઉક્ત પેટા કલમમાં સુચવવામાં આવેલી તારીખથી રદ થશે અને ત્યાર બાદ એવી કોઈ પણ મીલ્કતનાં ટાઇટલ ડીડમાં એવું કોઈ પણ વીધાન દાખલ કરવામાં આવશે નહિ.

રૂપ એરીયાઝમાં સ્થાવર મીલ્કતની માલીકી

૫. (૧) જો કોઈ રૂપ એરીયા કલમ ત્રણની પેટા કલમ (૧) ના પારિગ્રાફ (બી) ની રૂએ માલીકીને માટેનો રૂપ એરીયા હશે તો:—

(એ) કોઈ પણ નાલાયક ઠરેલા શખ્સથી કે નાલાયક ઠરેલી કંપનીથી, અથેરાતમાં જપ્તીવવામાં આવેલી લાગતી વળગતી તારીખથી અથવા ત્યાર બાદ એ સત્તામાં આવેલી કોઈ પણ સ્થાવર મીલ્કત એ તારીખ પહેલાં વસીયતનામાંથી કે બીજા કોઈ પણ પ્રકારના કરાર થએલા હોય તો પણ, પરવાના વીના મેળવી નહિ શકાય: અપવાદ એ કે આ પારિગ્રાફના વિધાનો કાયદાથી રચવાયેલી કોઈ પણ મંડળી તરફથી એવી મીલ્કત મેળવવાનું ગેર કાયદે ઠરાવશે નહિ;

(બી) કોઈ પણ નાલાયક ઠરેલી કંપની જે ઉક્ત તારીખે એ સત્તામાં આવેલી કોઈ પણ સ્થાવર મિલ્કતની માલીકી ધરાવતી હશે તેનાથી ઉક્ત તારીખથી દસ વર્ષની મુદત બાદ એવી મીલ્કતની માલીકી વસર પરવાને ધરાવી શકાશે નહિ;

(સી) કોઈ પણ કંપની જે ઉક્ત તારીખે અથવા તે પછી નાલાયક કંપની કરે અથવા કરીથી નાલાયક કંપની ઠરે તેનાથી તે સત્તામાં આવેલી કોઈ પણ સ્થાવર મીલ્કત, જે તેણે એ તારીખથી અથવા તે પછી વસર પરવાને મેળવ્યાં હશે તેની માલીકી પરવાનો મેળવ્યા વીના ધરાવી શકાશે નહિ.

(ડી) એ સત્તામાં આવેલી કોઈ પણ સ્થાવર મીલ્કતનાં ટાઇટલ ડીડમાં, જે રૂપને માટે એ સત્તો સ્થાપવામાં આવેલો હશે એ રૂપના શબ્દો તરફ થી તેની મીલ્કતની માલીકી મેળવવાની બધી કરનાર્ કે પ્રતિબંધ મુકનાર્ કંઈ પણ વિધાન હશે ઉક્ત તારીખથી રદ થશે અને ત્યારબાદ તેવી કોઈ પણ મીલ્કતના ટાઇટલ ડીડમાં બાબતું કંઈ પણ વિધાન દાખલ કરવામાં આવશે નહિ.

(૨) સ્થાવર મીલ્કત મેળવવા અથવા ધરાવવાને લગતાં કોઈ પણ ખાસ અથવા કાયદાના વિધાનોમાં ગમે તે બાબતોનું વેાણ છતાં પેટા કલમ (૧) લાગુ પડશે, પરંતુ ઉક્ત પેટા કલમ ખાણ અથવા ખનીજ ધાતુની શોધ કરવાને ખાતર કોઈ પણ મીલ્કત મેળવવા અથવા ધરાવવા અથવા વેચી દેવા સંબંધી કોઈ પણ કાયદાના વિધાનના અમલને ઉક્ત પેટા કલમ રોકી નહિ શકે.

(૩) પેટા કલમ (૧) ના પારિગ્રાફ (એ) માં સુચવવામાં આવેલી તારીખે અથવા તે પછી વસીયતનામાથી કે કોઈ બીજી રીતે કોઈ પણ લાગુ પેટા કલમ (૧) ની વીરુદ્ધ જઇ કોઈ પણ સ્થાવર મીલ્કત મેળવી અથવા તેની માલીકી ધરાવી શકે તેવા કંઈ પણ કરાર થયા હશે તે નકામા ગણાશે.

અમુક રૂપ એરીયાઝ માટે વહીવટ મંડળી

૬. (૧) પ્રધાન ગેઝેટમાં નોટીસથી (ગોરા રૂપને માટેના સત્તા સિવાયના બીજા) કોઈ પણ રૂપ એરીયાને માટે ધારાઓની મુલ્યા બનેલી એક વહીવટી મંડળી સ્થાપી શકશે.

(૨) તેવી વહીવટી મંડળી આખી અથવા ગોરે ભાગે જે રૂપને માટે રૂપ એરીયા સ્થાપવામાં આવેલો હોય તે રૂપના લોકોની બનેલી હોઇ શકશે અને તેને ધારામાં જણાવવામાં આવેલું હશે તેવા કામ અને સત્તાઓ રહેશે, અને જ્યાં લાગતો વળગતો રૂપ એરીયા આખો અથવા તેનો અમુક ભાગ સ્થાનિક સત્તાની હકુમત નીચે હશે ત્યાં તેવી સ્થાનિક સત્તાની ધારાથી કરવા થયેલી ફેરબદલ નીચે પોતાની સત્તા અને કામ ચલાવી શકશે, અને જ્યાં લાગતો વળગતો રૂપ એરીયાનો કેટલોક ભાગ એક સ્થાનિક સત્તાની હકુમત ના વિસ્તારમાં આવેલો હોય અને બીજો ભાગ કોઇ બીજી સ્થાનીક સત્તાની હકુમત નીચે આવેલો હોય અથવા કોઈ પણ સ્થાનીક સત્તાની હકુમતની બહાર હોય તો તે પ્રધાન તરફથી નીમવામાં આવેલી સ્થાનીક સત્તાની ફેરબદલ નીચે પોતાનું કામ અને સત્તા ચલાવશે.

(૩) આ કલમની રૂએ લાગતા વળગતા રૂપ એરીયાને માટે વહીવટી મંડળી સ્થપાયાથી એવી વહીવટી મંડળી પાસે જે સત્તાઓ અને કામો નહીં હોય તે સત્તાઓ અને કામો તે રૂપ એરીયાના સંબંધમાં કોઇ પણ સ્થાનીક સત્તા પાસેથી છીનવી લેવાશે નહિ.

(૪ પ્રધાન આ કલમની રૂએ પોતાને રદ્દ કરેલી સત્તાનો લાગતા વળગતા મંત્રીના એડમીનીસ્ટ્રેટર સાથે મસલત કર્યા બાદ ઉપયોગ કરશે.

અમુક સત્તાઓમાં મ્યુનીસીપલ કારભાર બરોબર ચલાવવા માટે

૭. (૧) પ્રધાનનો જો એવો મત થાય કે ટ્રાંસ્વાલનો ૧૮૮૫ ના ૩ નંબર ના કાયદાની કલમ બે ના પારિગ્રાફ (ડી) માં, અથવા ટ્રાંસ્વાલના ૧૯૦૫ ના મ્યુનીસીપલ એમેન્ડમેન્ટ ઓર્ડીનન્સની કલમ દસમાં, અથવા કોઈ પણ સ્થાનિક સત્તાની હકુમત હેઠળના સત્તામાં આવેલા (ગોરા રૂપ માટેના સત્તા સિવાયના બીજા) કોઇ પણ રૂપ એરીયામાં કોઈ સ્થાનીક સત્તા તરફથી બરોબર કારભાર ચલાવવામાં આવતો નથી તો લાગતા વળગતા મંત્રીના એડમીનીસ્ટ્રેટરને તપાસ કરવાની તે બીનંતિ કરી શકશે (ઉક્ત સ્થાનીક સત્તાને પોતાની વાત રજુ કરવાની તક આપવામાં આવશે) અને ત્યાર બાદ ઉક્ત એડમીનીસ્ટ્રેટર, લેખીત નોટીસથી, તેવી સ્થાનીક સત્તાને, ઉક્ત નોટીસમાં દર્શાવવામાં આવેલું કંઈ પણ કામ, જે ઉક્ત સ્થાનીક સત્તાને કરવાની સત્તા હોય, અને જે એડમીનીસ્ટ્રેટરનો એવો મત હોય કે સત્તાનો કારભાર બરોબર ચલાવવાને જરૂરી છે, તે મુદત અંદર કરવાનું તેને જણાવી શકશે, અને જો એવી સ્થાનીક સત્તા એ નોટીસ મુજબ વર્તણુક ચુકશે તો એડમીનીસ્ટ્રેટર બનતે એ કામ કરાવી શકશે અને તેને માટે સ્થાનીક સત્તા કાયદેસર જે કરી શકે તેવું કંઈ પણ કામ કરવાની કોઇ પણ જરૂરી સત્તા આપી શકશે

(૨) આ કલમની રૂએ એડમીનીસ્ટ્રેટર લાગતી વળગતી સ્થાનીક સત્તા પાસેથી તેના તરફથી થએલો કંઈ પણ ખર્ચ વસુલ કરી શકશે—

(એ) જો સ્થાનીક સત્તા એ ખર્ચ ન ભરે તો તેની સામે કોર્ટ મારફતે પગલાં લઇને; અથવા

(બી) જે સ્થાનીક સંસ્થાઓ ખરચ નહિ ભરી હોય તેની હકુમત નીચેના સત્તામાં કરેા લાગુ પડનારી સઘળી મીલ્કતોપર બાજ ૪ નાખીને; અથવા

(સી) ખરચ નહીં ભરનારી સ્થાનીક સત્તા મ્યુનીસીપાલટ રેવન્યુ કે કમીશ્ની અથવા એડમીનીસ્ટ્રેટર તરફથી મળતી કોઇ પણ નાણા મદદ કે ગ્રાન્ટ કે અન્ય રકમોમાંથી બાદ કરીને,

અથવા વસુલ કરવાની એવી ત્રણે અથવા બે રીતો લઇને અને આ કલમની રૂએ સ્થાનીક સત્તા પાસેથી આ રકમ વસુલ કરવાની કે તેનો એડમીનીસ્ટ્રેટરનું સર્ટીફીકેટ પુરાવો ગણાશે, સિવાય કે તેની સામે પ્રધાનને અપીલ કરી શકાશે, જેનો ચુકાદો ઉપરનો ગણાશે.

આવેલા દિવાળી અંકો

ભાષા	શી. ૬	રવીવાર	શી. ૧૦
આરામ	૫	સદેશ	૧૦
સવિતા	૭	વેણુ	૭
ગોલ્ડન	૬	બે ઘડી ગોલ્ફ	૭
દીદુ	૭	મિત્રપટ	૭
સચુ સાહિત્ય પંચાંગ	૨		
મુબઇ સમાચાર પંચાંગ	૫	મુબઈ સમાચાર	૫
'India, (English) 12 Copies	6 0	જય હીંદ (પુસ્તક)	૭
		Filmindia English	5 6

KAPITAN'S BOOK AGENCY,
189 Grey Street, DURBAN.
Phone 23414 Tel Add. "KAPITANS"

અઠવાડીક પંચાંગ

વાર	ખારતી ૧૯૫૦ ગે	હીંદુ ૨૦૦૬ વૈશાખ	મુસલમાન ૧૩૬૮ સવાલ	પારસી ૧૩૧૯ શહે. કદમી	સુર્યોદય ક.મી.	સુર્યાસ્ત ક. મી.
શુક	૫	૨૬ ૪	૧૭ -	૫	૧-૨૫	૬-૨૦
શની	૬	,, ૫	૧૮	૬	૧-૨૬	૬-૧૯
રવી	૭	,, ૬	૧૯	૭	૬-૨૬	૬-૧૯
સોમ.	૮	,, ૭	૨૦	૮	૬-૨૭	૬-૧૮
મંગળ	૯	,, ૮	૨૧	૯	૬-૨૭	૬-૧૮
બુધ	૧૦	,, ૯	૨૨	૧૦	૬-૨૮	૬-૧૭
ગુ	૧૧	,, ૧૦	૨૩	૧૧	૬ ૨૮	૬-૧૭

ગાંધીજી અને સામ્યવાદ

'હરિજનબંધુ'માંથી — અતોભરી આસુ (૯)

હવે આપણે ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનો વીચાર કરીએ. તે શું છે, તે જાણી લેવાની જરૂર છે, કારણ કે એ બાબતમાં ઘેટલીક મોટી ગેરસમજો પેદા થયેલી છે.

કેટલાક લોકો માને છે કે આ તો, એક આકર્ષક નામ નીચે, જે માણસો ના હાથમાં અત્યારે મિલકત, સત્તાનાં સ્થાનો, અધિકાર વગેરેનો કબજો આવી ગયેલો છે, પણ જેને પ્રાપ્ત કરવા ગરીબો દ્વારા વધુ કરે છે તેમના હાથમાં તે ન જતા દેવા માટે ઉભાથી ઉભું કરેલું એક ધતિંગ છે. 'જેઓ તેની માલથી કરે છે તેના કરતાં અમે જ તેનો સારો વહીવટ કરી શકીએ છીએ અને પ્રજાને વધારે માં વધારે લાભ અમેજ આપી શકીએ એમ જીએ. અમારા હરીફો તેમ જ સામાન્ય જનતા કોઈ આવા માટે ની કુશળતા પરાવતા નથી. આથી પ્રજાના હિતમંતક તરીકે અમારે જ તે સ્થાનો રાખવાં જોઈએ; નાલાયક માણસોને અમે સોંપી દઈએ તો અમે લાંબાંથી મુકાયા બરાબર.' આવી આવી દલીલો રજુ કરવા માટે આવો ટ્રસ્ટીપણાનો પ્રોગિયો સીદ્ધાંત ઉભો થયેલો છે. અંગ્રેજો દીલ પર પોતાનો કબજો રાખી મુકવા માટે ઘેટલાંયે વર્ષો સુધી આવી જ દલીલો કરતા. તેઓ કહેતા કે, 'અમે તેના હાથમાં સત્તા સોંપીએ? પ્રજા તો સાવ નીરક્ષર, પછાત અને અણુઘ છે. એમનામાં સંપ નથી, તરેહ તરેહના નાત, જાત, ધર્મ વગેરેના ઝઘડાઓ છે. તેમને નામે ચળવળ કરનારા તોફાનો ખુબ છે: સત્તા માટે અંદર અંદર ઝઘડનારા છે; તેઓ પોતાનો જ સ્વાર્થ શોધવાવાળા છે. તેઓ હીંદુસ્તાનમાં શાંતી બળવી શકશે નહીં. આથી બાળક જેવી નીરક્ષર અને અજ્ઞાન પ્રજાના વાલી તરીકે અંગ્રેજોની હીંદુસ્તાનનો કબજો છોડી શકાય નહીં.'

પણ અંગ્રેજોને કોઈ હીંદુસ્તાનનો ખાનગીવટ મજત કરતા નહોતા; (કેમના તે વખતના નેતાઓની દૃષ્ટિએ) વાજબી અસાય તેટલું જ મહેનતાણું જાતે કરતા હતા એમ પણ ન કહેવાય; પ્રામાણિકપણે નહોતા કરતા. આથી જેઓની દૃષ્ટિએ આ ટ્રસ્ટીપણાની ફીલ્મ કેવળ હાથમાં રાખી મુકવાનું બહાનું જ જેવાનું હતું.

બધી કાયદેસર રીતે નીમાયેલા ટ્રસ્ટીઓ વીષે પણ આવા અનુભવ બહુ થાય છે. સગીર ઉમરલાયક થાય તે પહીયે મીલકતનો કબજો અને હિસાબ તેને સોંપી દેવાને બદલે ઢીલ અને ટાળાટાળ કરે છે, તથા કોઈમાં એમ બતાવે છે કે સગીરમાં પોતાનું સંભાળવા જેટલી લાયકાત નથી. આવા ટ્રસ્ટીઓને સગીર પાર્ટી લેખે છે અને તેમના ઉપર તેને વીશ્વાસ રહેતો નથી.

આવા અનુભવને લીધે ખુદ 'ટ્રસ્ટી' શબ્દ અને 'ટ્રસ્ટીપણાનો સીદ્ધાંત', બન્નેની સાખ ઘટી ગઈ છે, અને એ વીચાર જ કેટલાકને અણુખપતો થઈ પડ્યો છે. આજના 'પ્રગતિવાદી' સમુદાય રાજદ્વારીઓને વહેમ આવ્યો કે રાજાઓ, જમીનદારો, મુડીદારો તથા બીજા સત્તાધારી લોકો પ્રત્યે મિત્રભાવ ધરાવનારા ગાંધીજીએ લોકનું હિત સાધવા માટે આ શબ્દ દાખલ કરીને વેપારીઓ તેમનો હાથ માં પોતાની મિલકત તથા સત્તા ન છોડવા માટે એક હથિયાર મુકી દીધું.

વળી, એમ માની લેવામાં આવે છે કે અતિ ઉદાર અને સભાવત વૃત્તિનો સજ્જન તે ગાંધીજીની દૃષ્ટિએ આદર્શ ટ્રસ્ટી કહેવાય. ઇ. સ., કોઈ રાજા કે લક્ષાધીશ એવો હોય કે જેના ઉપર જ સાદાઈથી જીવન ગુજારતો હોય, અવારનવાર મોટાં દાનો કરતો હોય, જેણે કંઈક સારી સંસ્થાઓ સ્થાપી હોય, અથવા પોતાની મિલકત ના 'સારાસા ભાગનું સભ્ય વતી ટ્રસ્ટ કર્યું' હોય; વળી, તે સાથે તે નોકરચાકર પ્રત્યે બહુ આપાળુ હોય, ગરીબો પ્રત્યે રહેમદિલ હોય, સારો આતિથ્યસત્કાર કરતો હોય, મિત્રોને અડચણે મદદ કરનારો હોય, અનીતિનાં મોટાં દુષણો થી મુકત હોય, અને ધર્મકર્મમાં બહુ પરાવતો હોય, તો ટ્રસ્ટીના તેણે પુરેપુરા ધર્મ બજાવી નાખ્યા એમ કહેવાને કરકત નથી. એ પોતાના કુટુંબીઓને કેવા આરામમાં રાખે છે, કમાણીનો તથા મિલકતનો કેટલો ભાગ પોતા પાછળ ખર્ચે છે, અને કેવી-રીતે કમાણી કરે છે, તે જોવાની જરૂર નથી.

પણ આ માન્યતાઓ આધાર વિનાની છે. 'ટ્રસ્ટી' શબ્દ કાયદાની પરિભાષાનો છે; અને કાયદો વખતો વખત એમાં જે અર્થ ભરે, ટ્રસ્ટીનાં કર્તવ્યો અને હકોની જે સીમાઓ બાંધે તે ગાંધીજીના સીદ્ધાંતમાં આપનારા ટ્રસ્ટીનેમે લાગુ પડે છે, અને, તે ઉપરાંત, કાયદામાં ન આવતી છતાં નૈતિક દૃષ્ટિએ અનીવાર્ય બનતી મર્યાદાઓ પણ લાગુ પડે છે. ઇ. સ. ૧૯૩૭ માં 'ગાંધીવાદ': સમાજવાદ નામે એક લેખમાળા મેં હરિજનબંધુમાં આપી હતી. તે ગાંધીજીએ જાતે તપારીને સુધારેલી હતી. તેમાં ટ્રસ્ટી પણાનો સીદ્ધાંત મેં નીચે મુજબ સમજાવ્યો હતો:

"શોષણ અને પંજાના અટકાવવાનો પ્રશ્ન ખાનગી મિલકતના પ્રશ્ન સાથે સંકળાયેલો છે, અને એ જે એક જ છે એમ પણ ઘણી વાર માનવામાં આવે છે, તથા 'ગાંધીવાદ': સમાજવાદની ચર્ચાઓમાં ઘણુખરા આ પ્રશ્ન ઉપર જ મરમાસરમ વાદવિવાદ થાય છે સાચું પુછતાં આ બાબતમાં ગાંધીજીના વીચારો તો કદાચ ઉદ્દમાં ઉદામ સામ્યવાદી (કોમ્યુનિસ્ટ) કરતાંયે આગળપડતા છે. એમના સીદ્ધાંત પ્રમાણે તો કોઈ પણ માણસ પાસે કોઈ પણ જાતનો પરિગ્રહ ન હોવો જોઈએ. મિલકતના ખાનગી પરિગ્રહ ને તેઓ સહન કરે છે તેનું કારણ એ નથી કે એમને મિલકતનો કે પરિગ્રહ નો મોહ છે કે મનુષ્યજાતિના ઉત્કર્ષ માટે મિલકતનો સંગ્રહ આવશ્યક છે એમ તેઓ માને છે; પણ ખાનગી સંગ્રહ વધારવા અને સંઘરવાની પ્રયાનો અંત લાવવાનો કોઈ સત્યાગ્રહી માર્ગ હજી તેમને સાંપડ્યો નથી. હું ધારું છું કે બધાયે પંથના સમાજવાદીઓ માને છે કે મનુષ્યજાતીના સુખ માટે માલમિલકતનો સંગ્રહ અને વીપુલતા હોવાં આવશ્યક જ છે. ગાંધીજી આ વાત સીદ્ધાંતરૂપે સ્વીકારતા નથી. આજે પરસેવેર ઉતારી અનાજ જ રોટલો મેળવીએ, અને આવતી કાલને માટે આવતી કાલે પરસેવો ઉતારવા તૈયાર રહીએ—એવા આદર્શમાં કોઈ સમાજ વાદીને શ્રદ્ધા નથી, ગાંધીજીને છે. પણ એ તો આદર્શની વાત થઈ. વ્યાવહારિક રીતે વીચારતાં તેઓ જાણે છે કે મનુષ્યજાતિ પરિગ્રહ છોડી દેવા તૈયાર થાય એવો સમય કદી ચાલીસ એટલા કાળમાં આવવા સંભવ નથી. એટલે વીચારવાની વસ્તુ એટલી જ રહે છે કે જે લોકોના તાબામાં કે અધિકારમાં માલમિલકતનો ભંડાર પ્રત્યક્ષપણે હોય, તેઓ તેને કઈ દૃષ્ટિએ રાખે, અથવા કઈ રાહે તેમની પાસે તે રહેવા દેવા માં આવે? ગાંધીજી કહે છે કે કોઈ પણ મિલકત એક વ્યક્તિના કબજામાં હોય કે અનેક વ્યક્તિઓના બનેલા મંડળના કબજામાં હોય, અને એ કબજો તેમણે તે વખતના કાયદાની રૂએ કર્યો હોય કે બેરકાયદે કર્યો હોય, તેઓ તે પોતાના અંગત ઉપયોગ માટે નહીં પણ સમાજના ઉપયોગ માટે અને સમાજની વતી ધરાવે છે; અર્થાત, તેઓ તે મિલકતના 'ટ્રસ્ટી'— વાલી છે એમ તેમણે તેમ જ બીજાઓ એ સમજવું જોઈએ. આ 'ટ્રસ્ટી' શબ્દથી કેટલીક ગેરસમજ ઉત્પન્ન થયેલી છે. કારણ એ છે કે ગાંધીજી જ્યારે કંઈક બોલે છે ત્યારે જે બોલે છે તેના પુરેપુરા અર્થ પર તેઓ ભરોસો કે એમ સમજવાને લોકો ટેવાયેલા નથી. ગાંધીજીના શબ્દોને પણ રાજકીય મુત્સદ્દીઓ અને વકીલો ના ન્યાયે સમજવાની ભુલ કરવામાં આવે છે. અંગ્રેજ મુત્સદ્દીઓએ ઘણી વાર કહ્યું છે કે હીંદુસ્તાનમાં બ્રિટીશ સરકારની કરતી હોંદા પ્રજાના કલ્યાણાર્થે અને તેમના ટ્રસ્ટી તરીકે છે. પણ આપણને અનુભવ એવો થયો છે કે આ બાપા પ્રમાણે વર્તવાની તેમ ની જરાયે દાનત નથી. એટલે કે આવી બાપા વાપરવામાં કેવળદંભ અને બાદાર્યા ભરેલા શબ્દોથી આ પણને ભુલાવામાં નાખવાનો જ તેમનો હેતુ હોય છે એમ આપણે સમજી ગયા છીએ.... જ્યારે તેઓ [ગાંધીજી] કહે છે કે જેમની પાસે મિલકત છે તેઓ તેના માલિક નહીં પણ ટ્રસ્ટી છે, ત્યારે એ શબ્દો કેવળ વાણીનો અલંકાર છે એમ સમજી લેવામાં આવે છે. આક્ષેપ કરનારાઓનાં મન માં જેવો પણ કંઈક અસ્પષ્ટ ખ્યાલ રહેલો લાગે છે કે કાયદાની રૂએ બનેલા ટ્રસ્ટીઓ અને ધર્મની રૂએ બનેલા ટ્રસ્ટીઓનાં કર્તવ્યોમાં કાંઈક ભેદ હોય છે: જાણે બીજા પ્રકારના ટ્રસ્ટીઓ મીલકતના ખરા હકદારો પ્રત્યેનાં કર્તવ્યો ન બજાવે અને બનતે જ મીલકતનો ઉપયોગ કરે તેવે ચાલે! આવો કોઈ ભેદ ગાંધીજી સ્વીકારતા નથી. ગાંધીજીને જોરી કેવ નથી કે કોઈ સીદ્ધાંતને અમલમાં મુકવાનાં સાધનો ન હોય તોયે તેનું પ્રતિપાદન કરે. તેઓ માને છે કે માણસને સુખપુર્વક જીવોઢ માટે આવશ્યક હોય તે સીવાય નો બાકી સર્વ કબજો ભોગવટો બીજા ઓની પરવાનગીથી જ કરી શકાય છે: બાકી પછી એ પરવાનગી નીર્બળતા થી કે અજ્ઞાનથી અપાઈ હોય. પણ નીર્બળતા મટે અને તેને જગાડે શક્તિનું ભાન ઉત્પન્ન થાય અને અજ્ઞાનનું સ્થાન કહાપણ લે તો વધારા ની મીલકતનો કબજો કેવળ ટ્રસ્ટીના નાતે જ રહી શકે. એટલે જે જરૂર છે તે પ્રજાને બળવાન અને જ્ઞાનવાન કરવાની છે. એ માટે કેવા પ્રકારનું બળ ઉત્પન્ન કરવું ઘટે તેનો વીચાર કરતાં જણાય છે કે જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે જેઓ આજે મીલકત વીનાના છે તેમના હાથમાં મીલકત પર અધિકાર આવતાં તેઓ પણ આજના મીલકતવાળા લોકો જ જુલ્મગાર ન થાય, તો પ્રજામાં ઉત્પન્ન કરવાનું બળ અહીંસામય જ હોવું જોઈએ."

તે વખતે એક મુદ્દો જે સ્પષ્ટ કર્યો નહોતો, કારણ કે મને પોતાને જ તેની સ્પષ્ટતા નહોતી. તે આ:

ટ્રસ્ટ તરીકે મનાતી મીલકતનો હકદાર માલિક તથા તેના ઉપભોગમાં હિતદાર કોણ? આવા ટ્રસ્ટમાં કેવા પ્રકારની મીલકતનો સમાવેશ થાય? તથા ગાંધીજીની દૃષ્ટિએ ખાનગી મીલકતનો પ્રહાર અને પ્રમાણ કેવાં હોય?

આ સમજવવા હું અહીં પ્રયત્ન કરું છું. ટ્રસ્ટીપણાનો સીદ્ધાંત બાનગી અને બીનબાનગી મીલકતનો ભેદ કરતો નથી. ભાઈ તેના કબજામાં, ભાવે તે પ્રકારની અને ભાવે તેટલા પ્રમાણમાં હોય, પદાર્થમાત્ર ટ્રસ્ટ મીલકત છે. એટલું જ નહીં પણ એમાં સ્થુળ મીલકત, અને સુક્ષ્મ (આંખે સ્થુળ રૂપે ન દેખાતી) મીલકતનો પણ ભેદ કરવાનો નથી; તેમ જ મીલકત નહીં પરંતુ અધિકારનાં સ્થાન તથા હકસાઇ ઓ મજુરની. શારીરિક શક્તિ કે હેલન કેલર જેવી આંધળી અને મુકબહેરી બાઈની બુદ્ધિચાતુરી પણ તેમને મળેલાં ટ્રસ્ટ જ કહેવાય. કોઇ અપંગ-આશ્રમમાં સાવ હાથપગ વીનાનો માણસ હોય પણ તેનામાંયે કંઈક નીર્માણ શક્તિ હોય ■ તેનાયે એ ટ્રસ્ટી જ ગણાય. દુકાનમાં, પાગલ ન થઇ ગયેલા માણસમાં જે કંઇ પોતાને અધીન રહેનારી શક્તિ હોય તે સૌનો તે કેવળ એક ટ્રસ્ટી તરીકે કબજેદાર તથા વહીવટદાર છે.

સારે એ બધાનો માલીક કોણ? માંધીજી કહે છે—ઇશ્વર. આ સર્વ જગત ઇશ્વરનું જ છે અને જે કાંઇ તેમાં રહેલ સુક્ષ્મ કે સ્થુળ, નીર્જીવ તત્વો છે તે સર્વ કાંઇ તેનાંજ છે. દા. ત. એક કારખાનું હોય તો તેના શેરહોલ્ડરો, ડીરેક્ટરો, મેનેજીંગ એજન્ટો, વૈજ્ઞાનીકો કે મજુરોમાંથી કોઇ એક વર્ગ કે બધા મળીનેયે તેના માલીકો છે એમ ન કહેવાય. અને ખુદ સરકાર પણ એની માલીક છે એમ ન કહેવાય. એ કારખાનું ચલાવવા માટે તે બધા ફાળો ભરનારા જ છે; અને કારખાનું સારી રીતે ચાલે તે માટે જુદી જુદી જાતનો ફાળો આપનારાઓ ને જુદાં જુદાં કર્તવ્યો અને તેને અંગે અધિકારો પ્રવર્તાવનારા ગણાય. દરેક પોતાનાં કર્તવ્યો પ્રામાણિકપણે બજાવવાં જોઇએ અને પોતાના ઉપભોગ માટે જેટલું વાજબી હોય તેટલું જ મહેનતાણું લેવું જોઇએ.

જગતના સૌ કાંઇ પર ઇશ્વરનું જ સ્વામીત્વ છે, કોઇ મનુષ્ય કે સમગ્ર માનવજાત પણ કશાની માલીક નથી એ સીદ્ધાંત શેરહોલ્ડરો, મેનેજરો, નીષ્ણાતો કે નહાના પ્રમાણમાં ડિરેક્ટર્સ, કમીશન, બોનસ વગેરે મેળવવાના દાવાઓ રદ કરે છે. જગતને મનુષ્ય ને માટે દુનીયા સરજી છે અને તેને સર્વે બરાબર ઉપર અધિકાર બક્ષેલો છે, એ સીદ્ધાંત માન્ય કરી શકાય એવો નથી. જે કાંઇ પોતાને મળ્યું હોય તેનો એ કરકસરથી જ ઉપયોગ કરવા અને પોતાને દરેક કામનો હિસાબ આપવા બંધાયેલો છે. પોતા ની સર્વ આવડત, યોગ્યતા, શક્તિ વગેરેના કારખાનાને લાભ આપનાર (જો જરૂર હોય તો) તો તેમાંથી પોતા નું મહેનતાણું લે; પણ તે મહેનતાણું તેની જરૂરીયાત જેટલું જ હોઇ શકે, તેના કામની કે બુદ્ધિની કીંમતના પ્રમાણમાં નહીં. ■. ત. જો એક લંગડો ચોપાડીદાર માંત્ર એક બાંકડા પર બેસી કારખાનામાંથી જતાઆવતા માણસને તપાસી લેવા જેટલું જ કરી શકતો હોય, અને તે કરજ તે બરાબર ખંતથી બજાવતો હોય તો તે પુરું સામાન્ય મહેનતાણું લેવાને અને તે ઉપરાંત તેની અપંગતાને લીધે કંઇક વધારેની જરૂર રહેતી હોય તો તે મેળવવાને પણ પાત્ર સામાન્ય મહેનતાણું જ ગણાશે. વળી, મેનેજીંગ એજન્ટ ને કોઇ બીજી જાતનાં કામમાંથી કે બીજેથી મહેનતાણું મળતું હોય તો ને કહેવું એ કામ માટે ન લે એમ બની શકે. પૈસાના રૂપમાં મળતા લાભ કે મહેનતાણા પરથી કોઇ પણ માણસની કીંમત કે કુશળતાનું માપ કાઢી શકાય નહીં.

વળી, ઇશ્વર જ સૌનો માલીક છે એ સીદ્ધાંતથી દૂર છે કે સરકાર, ડિરેક્ટરો કે મજુરો કોઇનેયે સ્વૈરપણે તે મીલકતનો નાશ કરવાનો અધિકાર નથી. 'અમારી મીલકતનું અમે ગાંધી એ તે કરીએ' એ દાવાને માટે અવકાશ જ નથી.

(વીષયાન્તર છતાં અહીં કહી દઉં તો અયોગ્ય નથી કે નૈતિક ક્ષેત્રમાં આજકાલ જે વાત રજુ કરવામાં આવે છે કે વીષયતૃપ્તિ એ સ્ત્રીપુરૂષના પોતાના શરીરના ઉપભોગની બાબત બાબત છે, તેનો આ સીદ્ધાંતથી નીર્ણય થઇ જે. મનુષ્યને મળેલી કોઇ પણ શક્તિ તેની બાંગત વસ્તુ નથી. જેમ કોઇ સશક્ત માણસ મહેનત કરવાનો ઇન્કાર ન કરી શકે, તેમ તે પોતાની શરીર, બુદ્ધિ કે ઇન્દ્રિયોની શક્તિ વેચવી નોખવાનો પણ અધિકાર રજુ કરી ન શકે.)

માલકીહકના આ ખુલાસા પછી ત્રીજો પ્રશ્ન ઉઠે છે કે તો પછી આ બધી મીલકતના હિતદારો કોણ છે? એનો જવાબ એ કે, આખી સૃષ્ટિ. એટલે કે, દાખલા તરીકે, એક કારખા નાના નહાના હકદારો એને બનાવવા માં ફાળો આપનારા ■ છે એમ ન કહેવાય. પણ દરેક વસ્તુનો સૌની સાથે મળીને જ ઉપયોગ કરી શકાય. અને તેમાં મનુષ્ય સીવાયના જીવોને પણ ભુલાય નહીં.

એમ તો થશે કે 'મનુષ્યની દૃષ્ટિની મર્યાદાના પ્રમાણમાં જ આ સીદ્ધાંતનો અમલ થશે. પહેલાં તો એ રવાનીક ક્ષેત્રમાં જ લાગુ કરાશે; ત્યાં પણ માણસ બીજા જીવો કરતાં માણસજાતિ ને પહેલી પસંદગી આપશે. પણ જેમ જેમ એની દૃષ્ટિ અને સાધનો તથા સંપત્તિ વીકાસ પામે જશે તેમ તેમ તેના અમલનું ક્ષેત્ર વધારવું એ એની ફરજ છે; અને એ હદ સુધી વધારી શકાય ત્યાં સુધી વધારવું પડે. કોઇ પુરેપુરા સ્વાવલંબી અને સ્વયંપુર્ણ ગામડાનેયે, જો જગતના કોઇ બીજા ભાગમાં જીવોને હાનીકારી હોય તો, પોતાની સર્વ પેદાશ પોતે જ વાપરી ખાવાનો હક નથી. અને જો તે પદ્ધતિ માણસો પાસે આ આખાને ઉપયોગી થાય એવું કર્યું ન હોય, અથવા કર્યું આપવાની શક્તિ જ ન હોય, તો તેનાથી પોતાની બીજા માટે કયી કીંમત પણ માગી શકાય નહીં.

મનુષ્યની બાનગી મીલકત કયા પ્રકારની અને કેટલી હોય શકે તેનો જવાબ આપવો હવે સહેલો છે. કામ કરનારા તરીકે જે તેને માટે સામાન્ય નીયમોથી ઠર્યું હોય અને તેની એને જરૂર પણ હોય, તો તેનો તે વીવેકપુર્વક ઉપભોગ કરી શકે. પણ જો કોઇ પણ કારણસર તેની એને જરૂર ન હોય, અને નજીકના ભવિષ્યમાં જરૂર પડે એમ ન હોય, તો જેને તેની જરૂર હોય તેને આપી દેવું જોઇએ, અથવા પોતાના ક્ષેત્રના સામાન્ય નીયમો માં જગ્યા કરાવી દેવું જોઇએ.

વળી આ સીદ્ધાંતને સમજ્યા પછી સોસીઇટ એક બાજુથી જગીન, મકાનો નાં વગેરેને ખુંચવી લેવાની નહીંને તથા બીજી બાજુથી તેનો બદલો આપવાની નીતીનેયે કેમ વીરોધ કરતા હતા તે સમજવું કાંઇ કઠીન નથી. જો હાલના જગીનદારો, ઉદ્યોગપતીઓ વગેરે ટ્રસ્ટીપણાનો સીદ્ધાંત સ્વીકારતા હોય અને તે તરીકેની ફરજો બજાવવા તૈયાર હોય તો તેમની પાસે થી કશુંયે કે વધીવટ ખુંચવી લેવાની આવશ્યકતાયે નથી અને વાજબી પણ નથી આ સીદ્ધાંતનો તેમની પાસે સ્વીકાર કરાવવા બહોળો પ્રચાર થવો જોઇએ. બદલો આપવાની સુક્ષ્મ જટલા માટે બરાબર નથી કે કોર્ટ ફરજીયાત કુદ કરવામાં આવે તો તેને બદલો આપવાનો કાયદો થવો જોઇએ તેઓ ટ્રસ્ટીનાં કર્તવ્યો બજાવવા નાપુરા હોય અને માલિકહકોનો જ રક્ષણ કરતા હોય, તો તે દાવો રદ થવાની શક્યતા ઓછી ન હોવાથી, એમને બદલો નથી આપવો એવી વ્યવસ્થા કરવી એની પેઠે જ આવશ્યક લાગે છે. એટલે બદલાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

કીશોરલાલ મશરૂવાળા.

હિંદનો પત્ર

(અમારા ખાસ બબરપત્રી તરફથી)

વડોદરા, તા. ૧૬-૪-૫૦

કરારનાં "મૂલ્યો"

ભારતના વડા પ્રધાન પંડિત નેહરૂએ પાર્લામેન્ટમાં કહ્યું કે "ભારત પાકિસ્તાન કરારને છેલ્લા અગિયાર દીવસના દુંકા ગાળામાં મળેલી સીદ્ધિ સંતોષકારક છે." પંડીત નેહરૂએ હર્ષનાદો વચ્ચે જાહેર કર્યું હતું કે તેમણે પાકીસ્તાનના વડા પ્રધાનનું આમંત્રણ સ્વીકાર્યું છે અને ૨૬ મી એપ્રિલ પછુ મંત્રણાઓ માટે તેઓ કરાંચીની બે દીવસની મુલાકાત જનાર છે. પંડીત નેહરૂએ ચમુમાં કહ્યું કે "નાબુદ થયા પ્રધાન સરદાર પટેલ, કરારના સંપુર્ણ અમલકાર્યમાં પશ્ચિમ બંગાળની સરકાર સાથે સહકાર કરવા ના હેતુથી અને સામાન્ય સ્થિતિની પુનસ્થાપના કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી કલકત્તા ગયા છે, અને તેમની મુલાકાતનું અત્યાર સુધીમાં 'સારૂ ફળ' આવ્યું છે." તેમણે કહ્યું કે "દીલ્હી કરાર પર સહીઓ થઇ હતી ત્યારબાદ ભારત સરકારે તરત જ કરારના અમલ માટે પગલાં લેવાં શરૂ કર્યાં હતાં. પશ્ચિમ બંગાળ અને આસામ, જેમને ખાસ કરીને કરારો સાથે સાંકળવામાં છે, તેમને કરારના અમલ માટે વીનંતી કરવામાં આવી હતી." તે ઉપરાંત બીજું બધું રાજ્યોના પંત પ્રધાનો અને બીજા કમીશનરોને પણ પંડીત નેહરૂએ કરાર ના અમલ માટે અપીલ કરી હતી અને તેમનો સહકાર માગ્યો હતો.

ગઇ તા. ૨૦ મી એપ્રીલે નાયુંકચેરીએ કરેલા પ્રભાવે અત્યારની સત્તાવાળાઓને જરૂરી નીમંત્રણો હજુ બનાવવાની, હીજરતીઓને પ્રાપ્ત પ્રકારનો ખાસ ન થાય તે જોવાની અને તેમના મતે નમરતાપુર્વક વર્તન રાખવાની સુચના કરી હતી. કેટલાક જરૂરી માણો પર સંપુર્ણ અમીકારીની નીમણુંક થઇ છે અને બીજા મુખ્ય પર અધીકારીઓને નીમણુંકની પીયારણા થઇ રહી છે. પાકીસ્તાન સરકારે પણ આજકારી અધીકારીઓને હિજરતી ઓ પુરતાં જરૂરી નીમંત્રણો હજુ બનાવવાની સુચના આપી દીધાના તથા આ સુચનાનો ભંગ કરનાર સામે કડક પગલાં લેવાની ચેતવણી આપી દીધાનો સમાચાર પ્રાપ્ત થયા છે. પાકીસ્તાન સરકારે એમ પણ જણાવ્યું છે કે, હજુ નીમંત્રણો તળે આજકારી અધિકારીઓએ જાતે કરી-તો પણ નવા નીમંત્રણ તળે હાજરતાળાતા માલીકોને પાછા આવવા માં આવશે.

"ભારત તથા પાકીસ્તાનના અખત્યારીઓને કરારના અમલમાં સંપૂર્ણ સહાયતા આપવાનો નીર્ધાર સ્પષ્ટપણે બહાર કર્યો છે, અને તેમના ભારત તથા પાકીસ્તાન વચ્ચેના પ્રશ્નો પ્રત્યેના સામાન્ય વલણમાં પણ પડકો થયો છે. આવતી મેની શરૂઆતમાં અખિલ ભારત તંત્રી પરીષદની સંયુક્ત બેઠક દીલ્હી ખાતે બોલાવવાની વીચારણા છે. સીમ તંત્રી પરીષદ બન્ને દેશો વચ્ચે શુભેચ્છા અને ભાઇચારા પુનર્સ્થાપીત કરવાં સાનુકુળ વાતાવરણ પેદા કરવાના પ્રયાસોનું બનાવોના અહેવાલ રજુ કરવાની દીશા કે અભીપ્રાય આપવાની અને સમાચારોની રજુઆતની બાબતમાં અખબારોની નીતી માટે માર્ગદર્શનરૂપ થઇ પડે એવી ધારણા થઇ છે. એક દેશમાંથી બીજા દેશમાં જતા હિજરતીઓની સંખ્યામાં સારો એવો ઘટાડો થયો છે. પશ્ચિમ બંગાળ થી પુર્વ પાકીસ્તાન જતા મુસ્લિમ હિજરતીઓની સંખ્યા દીવસના ૧૦,૦૦૦ ની હતી. હવે એ સંખ્યા ૧૨,૦૦ સુધી નીચે ઉતરી છે. ભારત ના બીજા ભાગોમાંથી પશ્ચિમ પાકીસ્તાન જતી મુસ્લિમોની હિજરત લગભગ બંધ થઇ છે. પુર્વ બંગાળ આવતા હીંદુ હિજરતીઓની સંખ્યા દીવસના ૨૦,૦૦૦ સુધી પહોંચી હતી, હવે આ સંખ્યા ૫૦૦૦ થી ૧૧,૦૦૦ પર આવી છે."

કલકત્તામાં સરદાર

નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભ ભાઇ પટેલે કલકત્તામાં કોંગ્રેસ કાર્યકરો ની સભામાં સંબોધન કરતાં પુર્વ બંગાળમાંથી તાજેતરમાં ચાલી આવેલા કોંગ્રેસ કાર્યકરોને પોતાના પ્રદેશમાં પાછા જવાનો અને ત્યાંની લઘુમતી કોમમાં વીશ્વાસ ઉત્પન્ન કરવાનાં કાર્યમાં સહાયભુત થવાનો અનુરોધ કર્યો હતો. આ સભા સરકારી મકાનમાં મળી હતી, અને તેમાં આશરે બેએક હજાર કોંગ્રેસ કાર્યકરોની હાજરી હતી. હાજર રહેલાઓમાં પશ્ચિમ બંગાળ પ્રાંતીય કમીટીના અને જુદી જુદી કલ્લા કોંગ્રેસ કમીટીઓના પ્રમુખો અને મંત્રીઓ પણ હતા.

સરદારે કોંગ્રેસ કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત—પાકીસ્તાન સમજુતીના અમલ માટે પુર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ બંને પ્રાંતોથી લઘુમતીકોની હિજરત થતી અટકવી જોઇએ. જેમ ન થઇ શકે તો જે હેતુ માટે દીલ્હીના કરાર કરવામાં આવ્યા છે તે હેતુ નીષ્ફળ જશે. સરદારશ્રીએ વધુમાં તેમને પુર્વ બંગાળ પ્રાંતે આવેલા નીરાશ્રીતોનો સંપર્ક સાધી તેમને પાછા પુર્વ બંગાળ પ્રાંતે જવાનું સમજાવવાનો પ્રયાસ કરવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે, "પુર્વ બંગાળની સરકાર, દીલ્હીના કરાર અનુસાર તેમને જરૂરી રક્ષણ આપવા ની ખાત્રી આપશે એવી તેમને ખત્રી છે સરદારશ્રીએ ભારતમાં પણ આ સમજુતીનો પુરેપુરો અમલ થયેલો જોવાનો ભારત સરકાર મક્કમ નીરધાર ધરાવે છે તેમ પણ જણાવ્યું હતું."

અખબારોનો ફાળો

અખીલ હીંદ તંત્રી પરીષદના પ્રમુખ શ્રી. સી. આર. શ્રીનીવાસને તાજેતરમાં જહાર પાડેલ એક નીવેદનમાં જણાવ્યું છે કે "અખીલ હીંદ તંત્રી પરીષદ તેમજ પાકીસ્તાન તંત્રી પરીષદની બંને સમીતીઓની એક સંયુક્ત બેઠક બે માસની તા. ૪થી અને ૫મીએ નવી દીલ્હી ખાતે મળશે. આ બેઠકમાં અસત્યના મુકાબલો કરવાની વીચારણા ચલાવવા ની સાથે અખીલ હીંદ તંત્રી પરીષદની બંને સમીતીના તમામ સભ્યોને અચુક હાજર રહેવા હું વીનંતી કરું છું. તેમ જ ભારત અને પાકીસ્તાન વચ્ચે શુભ લાગણીભર્યા સંબંધો જળવી રાખવા માટે પોતાનો કીંમતી ફાળો આપવા દેશના તમામ અખબારોને અપીલ કરું છું.

"અત્યાર સુધી પાકીસ્તાન અને ભારતમાંથી જે કેવાકો મળ્યા છે તે ખરે જ આવા પ્રયત્નોને ઉત્તેજન આપનારા છે. બન્ને દેશના વડા પ્રધાનો વચ્ચે થયેલા કરારોના પાલન માટે ત્વરીત પગલાં લેવાઇ રહ્યાં છે અને કેટલીક ક્રાંતિક પરિસ્થીતિ પણ જણાઇ રહ્યાં છે. રાજદ્વારી સમાધાનથી ઉપસ્થીત થયેલું મંત્રીનું વાતાવરણ બન્ને રાજ્યોમાં ફેલાઇ ગયું છે, તેમ જ યોગ્ય વાતાવરણના સર્જન માટે પાકીસ્તાનના વર્તમાનપત્રોએ કરારને સફળ બનાવવા સહકાર આપવાની ખાત્રી આપી છે. તેથી મને ખરે જ આનંદ થયો છે. બન્ને દેશોમાં વીશ્વાસ નું વાતાવરણ સર્જવા તેમજ ફરી પાછા મૈત્રીભર્યા સંબંધે બાંધવા માટે સરકારના પ્રધાનોને સહકાર આપવા વડા પ્રધાને જે અપીલ કરી છે તેનો ભારતના વર્તમાનપત્રોએ તો યોગ્ય જવાબ વાળ્યો છે."

ભારતનો નીરધાર

"પાકીસ્તાન નેહરૂ લીયાકત કરાર નો અમલ કરે કે, ન કરે તો પણ ભારતે તો તેનો અમલ કરવાનો નીરધાર કર્યો છે, "જેમ ઉત્તર પ્રદેશના પંત પ્રધાન પંડીત ગોવીંદ વલ્લભ પંતે આજરોજ ઉર્દુ પત્રકારો સમક્ષ જણાવ્યું હતું. પંડીત પંતે કહ્યું કે, "જો આપણે પ્રમાણીકપણે અને સદ્ભાવપુર્વક કરારનો અમલ કરીશું અને પાકીસ્તાન નહીં કરે તો પાકીસ્તાનને તેમ કરવા નો કરજ પાડવાનું આપણું પવલું નૈતિક દ્રષ્ટિએ ન્યાય પુરઃસર બનશે, પરંતુ જો આપણે જ આપણી કરજ માંથી ચ્યુત થઇશું તો પાકીસ્તાનની ટીકા કેવી રીતે કરી શકીશું ?" પંત પ્રધાને પુર્વ બંગાળના બનાવોને પરીણામે રાજ્યના પશ્ચિમ ભાગમાં બનેલા બનાવોનો ઉલ્લેખ કરી રાજ્ય નું બીન મજહબી પાયું જળવી રાખવા નો તેમનો દૃઢ નીર્ણય વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, "બીનમજહબી લોકશાહી એ આપણો આદર્શ નીર્ણય છે પાકીસ્તાનમાં બને તે બને પણ આપણે આપણા માર્ગથી ચલીત થવું નહીં" પંડીત પંતે હાલની પરીસ્થીતિ અખબારો બહેતરમત ધરતાં જોવાથી તેમની થયેલી જવાબદારીઓની યાદ આપી હતી. બે પ્રજા ના ગીર્હાંતના પ્રચારકોનો વીરોધ કરવા ની તેમણે મુસ્લિમોને સલાહ આપી હતી. અંતમાં પંડીત પંતે કહ્યું કે, "મુસ્લિમો પાસેથી વફાદારીની સાબીતી માગવી એ જોઇતું છે. હું વાજું છું કે, તેઓ તેમની માનુ ખાતર વફાદાર છે."

વડા પ્રધાન શ્રી. ઢેબરે આપેલું આશ્વાસન

"આ"ને આપી દુનિયા કટોકટીમાં થી પસાર થઇ રહી છે. આપણા ભારતમાં કાશ્મીર અને બંગાળ ની પરિસ્થિતિ વીકટ છે. આજનું પાકિસ્તાની વલણ આપણને ખુબજ ચીંતા ઉપજાવી રહ્યું છે. વડા પ્રધાન પ્રભુનો કે સૌરાષ્ટ્રમાંથી પાકીસ્તાને વીદાય લીધી છે, પરંતુ એ વીદાય કોઇ આસ્થી હકુમતને કારણે થઇ છે એમ માનવું કે કહેવું ખોટું છે. એ વાત કહેવી એ હીંદને ખોટો ધોકો આપશે." સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી. ઢેબરભાઇએ, તેમના ગોંડલીયાવાસના પ્રવાસ દરમીયાન આવનગરમાં પ્રવચન કરતા ગઇ સાંજે ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા હતાં.

"નવા તંત્રની સુંદર ઇમારત સાત તાં સુધી હાજતની કુંપળીને આગ ચાંપશો નહ"

ગઇ કાલે શ્રી. ઢેબરભાઇ અત્રે આવી પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અને સાંજે આઝાદ મેદાનમાં તેમનું જાહેર પ્રવચન યોજવામાં આવતા, મુખ્ય પ્રધાનોને સાંભળવા માટે મોટી માનવ મેદની એકઠી થઇ હતી. તેમણે આ પ્રસંગે આગળ બોલતા કહ્યું કે, "આજે કોઇ માણસને બીજા માણસ પર વીશ્વાસ રહ્યો નથી. એટલું જ નહિ પરંતુ આજે તો માનવી પોતાના પડછાયાનો પણ વીશ્વાસ કરી શકતો નથી. ગઇ કાલે જેઓ મીત્રો હતા—એકબીજાને માટે પ્રાણ પાથરવા તૈયાર હતા તે પ્રકારજનન મિત્રો આજે કયારે દુશ્મન બની બેસશે, કયારે પડોશના વાડા તોડશે તે આજે કહેવું મુશ્કેલ છે"

"મહિનાઓ બાદ હું અહીં આવું છું સારે તંત્ર અને પ્રજા વચ્ચે શું શું ઉધ્યુ છે તથા શું શું મુશ્કેલીઓ છે તે જોવાની મેં કોશીશ કરી છે. હું જાણું છું કે સૌરાષ્ટ્રની પ્રજાના મનમાં આજે મહત્વનો પ્રશ્ન તંત્રનો પાયાજ રહ્યો છે. પ્રજા તરફથી જે સહકાર અને સહકાર મળવા જોઇએ તે નથી મળતા તેનું કારણ અંકુશો ઉઠી જાય તો પ્રજાના દેહમાં નવા પ્રકારની આશા જન્મે અને વધુમાં આજે જે બોજો છે તે પણ દુર થાય પરંતુ હાલની પરીસ્થિતિ અને દુનીયાની પરિસ્થિતિ જોતા અંકુશો ઉઠાવવાનું શકય નથી. છતાંપણ એક અખતરો કરવા ધાર્યો છે કે જે માટે તેને "બી" વર્ગનું લાયસન્સ આપવું. એ લાયસન્સ મુજબ લાયસન્સ ધરાવનાર માણસ ૬ માસ ચાલે તેટલું અનાજ ગામે ત્યાંથી લાવી શકે. આ રીતની વ્યવસ્થાને, જો દુરૂપયોગ નહિ થાય તો વ્યવસ્થીત રીતે અંકુશો ઉઠી જશે."

આઝાદી અંગે બોલતા તેમણે કહ્યું કે, "સો વર્ષમાં પણ કલ્પના ન્હોતી કરી તેવું સુંદર તંત્ર જર્મનીમાં રચવામાં હતું. હિટલરે આ આખી પ્રજાને શીસ્ત બદ્ધ બનાવી હતી આ દુનીયા સામે ઉભત મસ્તકે ઉભી રહે તેની અર્થરચના પણ કરી હતી. આ જાપાન અને ઇટલીની મહત્તા પણ તેવીજ હતી. આજે એ બધા દેશો પોતાની આઝાદી જાળવી શકયા નથી. એટલે કે આઝાદી સાચવી રાખવાનું કાર્ય કોઇ સહેલનું છે તે વાત સાચી નથી. આઝાદી તો માત્ર બીજ પ્રશ્ન સાચવી રહે કે જેનું ચારિત્ર્ય ઉંચું હોય."

"જુનાગઢની આઝાદી કોણ આવી દુકુમતે લીધી તે વાત સાચી નથી. જો હીંદ સરકારનું સહકાર કાઠીયાવાડમાં ન આવ્યું હોત અને હીંદ સરકારની મનાવરો દીવ પાસનાં દરીયામાં ન ફરતી હોત તો આરઝી દુકુમત કેવી રીતે અને કયાં રચવાઇ તેનો પરદેશોથી લેવાને સુધીનો હું સાક્ષી છું એટલે આ વાત હું આજે નીઃસંકોચપુર્વક કહી શકું છું."

દુષ્કાળની આફત

"જુનાગઢ પછી તરતજ સૌરાષ્ટ્રનું એકમ રચાયું અને આપણે સ્થીર ન થયા ત્યાં તો દુષ્કાળનું ભોરીંગ ફરી વળ્યું એટલે સૌરાષ્ટ્રનું એકમ રચાતા આર્થીક કટોકટીનો અંત આવશે તેવી પ્રજાએ જે આશા રાખી હતી, તે આશા પુરી થઇ શકી નહિ. દુષ્કાળ ના કારમા ગાળા દરમીયાન આપણા તંત્રે બહુજ સારી સેવા બજાવી એટલે જ દુષ્કાળની એ કારમી મુશ્કેલીભરી પરિસ્થિતિમાંથી આપણે સહીસલામત રીતે પાર ઉતરી શકયા. દુષ્કાળનાં

અરસા દરમીયાન હું સાવાદના આગેવાનોને મળ્યો હતો એ વખતે દુઃખદર્દથી ભરેલા ઘણાખરા ટેલીગ્રામો મેં જોયા છે. આ આદતોમાંથી પણ આપણે પાર ઉતર્યા."

આમીબાનું તંત્ર

વહીવટી તંત્ર અંગે બોલતા તેમણે જણાવ્યું કે, "જો આપણું તંત્ર મજબુત નહિ હોય તો તે તંત્ર મંદી ના પંજાની જેમ છાતી પર આવી પડશે અને બધાજ જબરદસ્ત ખતરે પડશે. આપણે સમજવું જોઇએ કે કોઇનું તંત્ર એ આઝાદ ભારત વર્ષનું તંત્ર નથી પરંતુ વચગાળાનું છે. આ તંત્રનું સર્જન કોઇ જુદીજ પરિસ્થિતિમાં થયું હતું. તે તંત્રનું સર્જન ગોરીશાહીની પુકમાં આવ કામદો અને અવસ્થા જાળવવા માટે થયું હતું જે આજ કાયદામાંજ થયું હતું અને ગામડાં માં કે જ્યાં ૮૦ ટકા વસ્તી છે ત્યાં સુધી પહોંચ્યું ન હતું. આજે આપણે એ તંત્રને દુર કરીએ તો આપણી પાસે બીજું કયું તંત્ર છે? પંડીત જવાહરલાલજી અને સરદારસાહેબ અને સઘળા પ્રાન્તના પ્રધાનોએ નક્કર સત્ય સમજે છે કે જે તંત્ર ચાલીસ કરોડની વસ્તી સુધી પહોંચે નહિ તે કદી પણ સફળ થાય નહિ. એવું તંત્ર ન સર્જાય ત્યાં સુધી જે કાંઇ થોડુપણું ભલું છે તેને બચાવી લેવું એ ધ્યાનપાત્રનેજ છે."

"આપણે સુંદર મકાનો ન બાંધી શકીએ ત્યાં સુધી હાલના તંત્ર રૂપી ઝુંપડીને સાચવી પુરી દેવી એ વાહીયાત છે. હું તંત્રની બહુજ પ્રશંસા કરું છું એ તંત્રને બદલાવવા માટે કહું છું તેમ માનશો નહિ પરંતુ હું કહ્યું છું તેમ પરિસ્થિતિને લોક ઉપયોગી વીચાર કરો."

સેવાની કદર કરો

હાલના તંત્રને વખોડી કાઢનારા ટીકાકારોને રહીમે આપતા તેમણે કહ્યું કે, "અમે સારું અનાજ અપરાધીએ છીએ તેની ટીકા કરવાને હરકોઇ માનવી તૈયાર છે. પરંતુ કોઇપણ માણસ આગળ આવીને એમ કેમ કહેતો નથી કે અનાજ મેળવી આપવામાં હું મદદ કરીશ. દુષ્કાળના કારણે ગામડાંમાં પણ સૌરાષ્ટ્રનું પશુધન બચી ગયું, એક પણ માણસ મર્યો નહિ તેનો યશ કોને ફાળે જાય છે? એ યશ તંત્રને જોઇએ કે અમલદારોને ફાળે જાય છે.' કારણ કે એ લોકો સી. પી. અને દક્ષિણના પ્રદેશોમાં પાસ કરીને ગયા હતા. આપણે જો એવા તંત્રની કદર નહિ કરીએ તો આપણે ન્યાયી નહિ ગણાઇએ, જે પ્રજા પોતાના વફાદાર સેવકોની કદર કરી શકતી નથી તે પ્રજા કોઈ પણ દિવસ વફાદાર સેવકો પ્રાપ્ત કરી શકતી નથી. આપણા પ્રધાનો અને અમલદારો એ દેશે ઝાઝે ન્યાયની તુલામાં તોળાઇરહ્યા છે.

અંતમાં વંદેમાતરમ ગવાયા બાદ સભાનું શાંતીપુર્વક વીસર્જન થયું હતું.

નીવાંસિતોનાં પ્રશ્નો

"Even if the world allowed the battle to be fought and India were victorious, its victory would become its defeat, for it would have a hundred million rebels on its hands, backed by millions outside. It would be a task beyond the powers of any nation to keep a hundred million people under subjugation. And why should India want to subjugate anyone? Did we win our freedom from subjugation only to subjugate others? If I understand my countrymen, their overwhelming answer would be 'no.'

Strange as it may appear, I too dream of a united India. I dream of it because I am a Socialist. I dream of it because I have faith in the toiling peoples of the earth. I dream of it because I dream of an Asian federation and ultimately of a World Government. But a World Government is a far cry from a Hindu imperialism."

IMMIGRATION HARDSHIPS

The Department of Immigration and Asiatic Affairs served an order on a two year-old Indian child, Suchoothanandan Williams, ordering him to leave the Transvaal within 30 days and take up residence in Natal.

The child's mother lives in Johannesburg and has no relatives in Natal to whom the child can go.

The father, who was born in Natal and therefore has no right of domicile in the Transvaal, travelled to Johannesburg "illegally" and married there. He subsequently deserted his wife who has been unable to trace him.

Despite the mother's explanation to the authorities insist the child must be treated as a "prohibited immigrant."

Students from Natal who are studying at the Witwatersrand University are being deprived of the facilities by the withdrawal by the Department of Immigration and Asiatic Affairs of their permits. Two such permits have been withdrawn. One of the students is studying first-year Arts on a bursary granted by the Indian Bursary Committee.

Indians who used to get their Certificates of Identity to proceed to India within an hour after they had made an application it now takes six weeks or more before they get them. Boats to India sail only once in two months and therefore if a person does not get his certificate of identity in time he has to wait a considerably long time.

These certificates of Identity were valid all these years for a period of three years. Now they are given only for one year, after which the extension of the period is left to the discretion of the Minister of the Interior.

There are cases where owing to some discrepency in the date of the birth of a child a child has entered the Union with his parents a day or two after he became a major under the Immigration Act. This child is treated differently from all the rest of the children of the same family. The Immigration authorities insist that he dare not leave the Union. If he did he would not be allowed to return. Such a person cannot go even for the purpose of getting married. Nor could a person he or she intends to get married, being a prohibited immigrant, enter the Union. What is such a person to do? He is forced to lead an immoral life.

WANTED TEACHER

To teach Arabic and Urdu at Wentworth Islamia Madressa, Wentworth. Salary £15 per month. Quarters free. Apply to Secretary, 58 Wentworth R., Wentworth.

FOR SALE

GENERAL DEALERS BUSINESS

Here is an opportunity to acquire the well known business of HANSOT TRADING CO. carried on at 15, Mansfield Road, Durban, as a going concern. Can be taken over with or without stocks. For full particulars apply personally at 15, Mansfield Road, Durban.

DO YOU READ INDIA'S MOST HUMOUROUS WEEKLY

SHANKER'S WEEKLY

regularly ?

Edited by Shanker Pillai, acknowledged as India's top cartoonist. In its third year of publication.

PLACE YOUR SUBSCRIPTION ORDER NOW.

6 months: 25sh; 1 year: 48sh.
Single Copy: 1sh.

Other interesting magazines:

INDIA DIGEST: India's best reading in Review, Bi-M: 1 year: 10sh.
CARAVAN: India's best Short Story Magazine, M: 1 year: 15sh.
MARG: India's only magazine of Art, Q: 1 year: 30sh.

One copy of each of the above 4 magazines: 12sh. only.

Send your order along with proper remittance to:

EXCELSIOR SUBSCRIPTION SERVICE
9 Cantonment,
AHMEDABAD-1, INDIA
SUBSCRIPTION AGENTS TO ALL INDIAN MAGAZINES.

R. VITHAL

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg.



INDIA INDEPENDENCE NUMBER

Published as Special Number of INDIAN OPINION to commemorate the attainment of Freedom by India.

Printed on art paper and profusely illustrated.

With historic pictures connected with India's struggle for Freedom and with photos of the late Dadabhai Naoroji, Tilak, Gokhale, Subash Bose and many others who have sacrificed their lives in fighting for freedom and of Mahatma Gandhi, Pandit Jawaharlal Nehru and many others who have lived to see the fruits of their labour.

Also containing a brief Survey of the work of the Indian National Congress from the time of its inception.

Price 2/-

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૮ મું—અંક ૨૪ | શુક્રવાર તા. ૧૬ જુન, ૧૯૫૦. | છુટક નકલ પેની.૪

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૬ જુન, ૧૯૫૦

રાષ્ટ્રીય વિરોધ દિન કે,—"પ્રાર્થના દિન"

આ દિવસ નેશનલ કોંગ્રેસના પ્રેસીડન્ટ-જનરલ તરફથી સોમવાર જુન તા. ૨૬ મીનો દિવસ, હાલની સરકારના જુલમ અને અન્યાયની સામે રાષ્ટ્રીય વીરોધ દિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. સઘળા બીન-યુરોપીયનોને, અલબત્ત સાઉથ આફ્રિકાના સઘળા ન્યાયપ્રિય લોકોને એ દિવસ પાળવામાં સાથ આપવાની ડો. મેરેકાએ હાકલ કરી છે. ગ્રૂપ એરીયાસ બીલ અને સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ બીલ જો સઘળાને સમાન પણે લાગુ પડતાં હોય, અને પડે છે એ વીષે કોઇ શક નથી, અને જે તેનાંથી થઇ રહેલો અન્યાય સૌને સમાનપણે ખુંચતો હોય, અને ખુંચવો જોઇએ, તો એ દર્શાવવાનો સૌથી સુધરેલો માર્ગ બેશક આજ છે. સરકારની હાલની નીતી પસંદ નહિ કરતા હોય તેવા યુરોપીયનો આ પગલાંમાં પોતાનો હાર્દિક સાથ આપે તેમાં કશું ખોટું નથી એટલું જ નહિ, બલકે, અમારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, તેમ કરવાનો તેઓનો ધર્મ છે. ન્યાય પ્રત્યે તેઓની સત્યનિષ્ઠાની એ કસોટી છે. સાઉથ આફ્રિકાના સઘળા પીડા ભેલા લોકોએ આવો એક દિવસ પાળવાની જરૂર અમને લાંબા સમયથી જણાઇ હતી અને આ પત્રમાં અમે તેની કયારની સુચના કરી ચુકયા છીએ. આપણી લાગણીઓ તરફ બતાવાઈ રહેલી નરી બેપરવાઈ અને આપણાપર ઝુલ્મરવામાં આવી રહેલા ઘોર અન્યાય સામે આપણું હૃદય કેટલું કકળી રહ્યું છે તેની આ એક કસોટી છે. આ એક ખરી દિશા એ લેવાયેલું પગલું છે અને આ પણા હૃદયમાં અને આપણે જે કરી રહ્યા છીએ તેમાં શુદ્ધતા અને સત્ય હશે તો ઇશ્વર આપણને બરોબર આપશે.

ઉંડા વિચાર કરો

પરંતુ અમે કહેવા ઇચ્છીએ છીએ, અને ફરી ફરીને કહીશું, કે એવું એક પણ પગલું આપણે નહિ લેવું જોઇએ કે જેનો પાછળથી ખેદ કરવો પડે અથવા પાછું ખેંચી લેવું પડે. જે કંઇ પણ પગલું ભરીએ તેના સઘળા પરિણામોનો આપણે વીચાર કરીએ અને ઉંડો વીચાર કરીએ, અને એ સંપુર્ણપણે સમજયા પછી, આપણા માર્ગમાં ભલે ગમે તે વિઘ્ન આવે તેની પરવા કર્યા સીવાય, સંપુર્ણ શાંતીથી, જરાયે ઉશ્કેરાયા વગર, દ્રઢતાથી પગલું ભરીએ.

નેતાઓની ફરજ

નેતાઓની ફરજ છે કે તેઓ એ પકતૃત્વથી લોકોની લાગણીઓ ઉશ્કેરવી નહિ જોઇએ; તેઓએ લોકોને ખોટી આશાઓ આપવી નહિ જોઇએ; તેઓની સમક્ષ સત્ય વસ્તુ તેના નગ્ન સ્વરૂપમાં મુકવી જોઇએ અને ત્યાર બાદ તેઓને જાતે નિર્ણય કરવા દેવો જોઇએ. જો તેઓને આઝાદી કરતાં ગુલામી વધારે પ્રિય હોય, તો એક રાતમાં તેઓનું માનસ ફેરવી નહિ શકાય, ફેરવવા નો પ્રયત્ન કરવો નિરર્થક છે. આ લડત જીવન મરણની છે અને અત્યંત મહેનત અને વારંવાર દુઃખો સહન કર્યા બાદ સફળતા પ્રાપ્ત થશે. એ સફળતા જોવા ને કદાચ આપણે જીવતા પણ નહિ હોઇએ. પરંતુ તેને માટે આપણે જાન કુરબાન કરીને આપણી ફરજ આપણે હાલકપણે બજાવેલી જણાશે. આપણે જે ઇચ્છવા વાનું છે, જેને માટે આપણે પ્રાર્થના કરવાની છે, તે સફળતાને માટે નહિ પરંતુ આખિ પ્રજાના હિતનું આ કાર્ય કરવાને બુદ્ધિ, શક્તિ અને હીંમતને માટે.

ખોટી અશાઓ રોપો નહિ

સુચવાયેલો રાષ્ટ્ર દિન પાળનારા સૌને સમજાવવામાં આવવું જોઇએ, કે એ તેઓ પોતાના જ આત્માની સ્વતંત્રતાને માટે કરી રહ્યા છે. તેમ કરતાં કદાચ તેઓને રાજી રાખવાનું જોખમ ખેડવું પડે. તેમ થાય તો તેઓને થએલી આર્થીક ખોટ કોઈ ભરી દેશે એવું જે તેઓને સમજાવવામાં આવ્યું હોય તો તેઓને ખાત્રી આપવી જોઇએ કે એવી આશાઓ અને એવાં વચનો ખોટાં છે. એવાં વચનો આપવાં એ તદન ગુલબરેલું છે. લડતમાં ભાગ લેનારાઓએ તેની આશા રાખવી એ પણ તદન ગુલ ભરેલું છે. તેઓએ આધાર કેવળ તેઓના પોતાના આત્મવિશ્વાસ પર અને ઇશ્વરપર રાખવાનો છે. જો તેઓનામાં આત્મ વિશ્વાસ હશે અને ઇશ્વરપર શ્રદ્ધા હશે તો મદદનો વરસાદ વરસશે. પરંતુ તેની આશાપર તેઓ નજ બસે; એવી કોઇ પણ અગાઉથી થએલી ગણતરીપર તેઓ મદાર નજ બાંધે. વળી કોઇ પણ પ્રકારની ધમકી કે બીક પણ કોઇને ન આપી શકાય. લડતમાં જોડાય તેઓને તેમજ ન જોડાય તેઓને તેઓની સ્વતંત્રતા અને નિર્ભયતા જળવાવાની સંપુર્ણ ખાત્રી આપવામાં આવવી જોઇએ.

પૈસા નહિ, મરદનગીની જરૂર

એ યાદ રાખવું જોઇએ કે આપણે પઇસાની જરૂર નથી પાંચ હજાર કે પચાસ હજાર પાઉન્ડની જરૂર નથી. પાંચ હજાર કે પચાસ હજાર જવાંમર્દોની જરૂર છે, કે જેઓ પોતાના કટ્ટર શત્રુની સામે પણ નીંડાની એક આંગળી સરખી પણ ઉચકયા વિના, તલવાર, ભાલાં કે તોપો દેખીને હાંસી નહિ જઇ ઇશ્વરના નામનું રટણ કરતાં ખુલ્લી છાતીએ તેની સામે કુચ કરી જઇ સ્વાતંત્र्यની વેદી પર શાંતીથી પોતાના જીવનું બલિદાન આપવા તઇયાર થશે. એવું અદ્ભુત દ્રશ્ય નિહાળવાને સ્વર્ગ માંથી દેવતાઓ ઉતરી આવશે. અને આપણા પરમ પ્રિય ગુરૂદેવ, જેઓએ આજ ભુમી, જેને જન્મ થી તેમજ લાંબા વસવાટથી આપણે આપણી સ્વિકારેલી છે, તેમાં સૌથી પ્રથમ આપણને સત્યાગ્રહ નો મંત્ર શીખવ્યો હતો, તેમના ખરા અનુયાયીઓ ગણાઇશું. જેઓ આપણને આ દેશમાંથી રીપેટ્રીએટ કરવા માંગે છે તેઓ ભલે આપણા હાડકાં રીપેટ્રીએટ કરે, અગર તો આ દેશ, જેની આબાદીને માટે આપણા પુર્વજોએ પોતાનાં લોહી અને આંસુ આપ્યા હતા, તેની ભુમીને તેનું ખાતર આપી વધારે ફળદ્રુપ બનાવે.

પ્રાર્થના દિન

આ રાષ્ટ્રિય વીરોધ દિનની સફળતાને માટે અમે હાર્દીક પ્રાર્થના કરીએ છીએ. અમે તેને "વીરોધ દિન" કરતાં "પ્રાર્થના દિન" કહેવાનું વધારે પસંદ કરીએ. કેમકે, હકીકતમાં એ દિવસે આપણે શી પ્રાર્થના કરીએ, કે સઘળા પીડાયેલા લોકોની મુકતી ને માટે ધર્મબુદ્ધ કરવાની ઇશ્વર આપણને સૌને સદ્બુદ્ધિ, શક્તિ અને હીંમત આપે. અમે સુચવી એ છીએ કે એ દિવસે આપણે સુર્યોદયથી સુર્યાસ્ત સુધી ઉપવાસ કે કરવાનું ઠરાવીએ. એ કહેવાની ભાગ્યે જ જરૂર રહેતી હોય કે એ દિવસે તો ખાસ ત્યાગ થવો જ જોઇએ અને કોઇ પણ સંજોગો

સ્વરૂપમાં લેવો એ પાપ જ ગણાય. એ દિવસને એક (holiday) એટલે કે, રજાનો દિવસ નહિ ગણવો જોઈએ પરંતુ (holy day) એટલે કે, એક પવિત્ર દિવસ ગણવો જોઈએ અને એક પણ ક્ષણ શુભ્ર કે અપકૃત્યથી તેની પવિત્રતાનો ભંગ થવો નહિ જોઈએ.

નોંધ

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ નહિ મળે

સાઉથ આફ્રિકાના દૌરી સવાલપર યુનીયન, દૌર અને પાકિસ્તાન વચ્ચે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ મળવાની આશાઓ ધરી ભાંગી છે યુનીયન સરકારે રૂપ એરીયાઝ બીલ ગમે તે ભોગે પાસ કરી દેવાની લગારથી દૃઢ પાકી લાગેલી તેમ થવાનું મારી લેવામાં આવ્યું હતું.

ફેડરેટાઈઝ'સે સ્થિતીનું બહુ અપલોકન કરેલું છે જે વાંચકના લાભાર્થે અન્ય સ્થળે છાપવામાં આવ્યું છે. સાઉથ આફ્રિકામાં દૌરીઓના પ્રતિનિધિ તરીકેની દૌરની હરિયાદ રજા જાહીર રીતે કરી એક વાર યુનાઇટેડ નેશન્સના એજેન્ડાપર અગાઉની બાબતોમાંની એક મહાકો. પરંતુ સાઉથ આફ્રિકા, જે આ બાબત પોતાની અલબત્ત બાબત હોવાનો દાવો કરે છે, તેને પર યુનીયનો બોઝમત શું છે તેની દેખીતી રીતે કશી પડી નથી. આ સઘળાનું પરિણામ શું આવશે એ અનિશ્ચિત કહી શકે.

જનરલ સ્મટસ

જનરલ સ્મટસની તબીયત હાલ ચિંતા ઉપજાવી રહી છે. તેમની બીમારીએ કરી વળસો માર્યો છે અને આ લીખીઓ લખાઈ રહી છે ત્યારે બહુ ગંભીર હોવાના ખબર આવ્યા છે. બુધવારની રાતે જનરલ સ્મટસે ઓપોઝીશનના લીડર હરીનું રાજીનામું આપ્યું છે અને મી. જે. જી. સ્ટ્રાઝબુર્ગની પાર્લામેન્ટમા યુનાઇ ટેડ પાર્ટીના. લીડર તરીકે નીમણુક થઈ છે. યુનાઇટેડ પાર્ટીને એક નીવેદનમાં જનરલ સ્મટસે જણાવ્યું છે કે પાર્ટીનો ફેસ પ્રત્યે સ્પષ્ટ ફરજ રહેલી છે. અને તે પોતાનામા સંગઠન જળવાવાની છે, કે જેથી લોકશાસનના સિદ્ધાંતપર સ્થાપેલી આપણી સંસ્થાનો પામેલ ઉપેક્ષી કાયમના નેશનલીસ્ટ પાર્ટી ના પ્રયત્નોનો તેઓ સામનો કરી શકે. દેશ દાઝના તંદના જોખમોમાંથી તેને ઉગારવા યુનાઇટેડ પાર્ટી તરફ નજર કરી રહી છે

યુનાઇટેડ પાર્ટીની પ્રતિજ્ઞા

યુનાઇટેડ પાર્ટીના લેડરે જનરલ સ્મટસપર મોકલેલા સંદેશામાં જણાવ્યું છે કે:

ફ્રાન્ચાઈઝના પોતાનાં બહોર સોવા કાર્ય દરમીયાન જનરલ સ્મટસે સાઉથ આફ્રિકા પ્રત્યે તેમજ દરજ પ્રત્યે જે એકાગ્રતાથી વાત્સલ્ય બતાવી જે મહાન કાર્યનો બેસારેલો છે તેને લાયક બનવાનો તેઓ દરાન કરે છે અને સાઉથ આફ્રિકાને એક મહાન અને સંગઠીત દેશ બનાવવાનું તેમનું ધ્યેય કાર્ય ચાલુ રાખવાનો દૃઢ નિશ્ચય કરે છે.

કહી રહેશે કે કુના થશે?

રૂપ એરીયાઝ બીલના શ્રીજું વાંચન પરની ચર્ચા દરમીયાન વડા પ્રધાન ડો. મલાને કહ્યું હતું કે મોટી વસ્તુ એ છે કે ગોરી પ્રજા અને ગોરો સુધારો કહાની રાખવાનો છે. અમારા નગ્ન મત પ્રમાણે નેશનલીસ્ટ સરકારની હાલની નીતી ગોરી પ્રજા અને ગોરા સુધારો કહાની રાખવાની નહિ પરંતુ કના કરવાની દિશામાં ચલેગે પ્રમાણ કરી રહી છે.

રીપોર્ટીએશનની જનરલ સ્મટસની કહેલી હિમાયત

'હીંદુસ્તાન ટાઇમ્સ'ના ખબરપત્રી એ કુંક મુલતપર ન્યુયોર્ક મોકલેલા સંદેશામાં જણાવ્યું હતું કે જનરલ સ્મટસની તેમણે લીધેલી મુલાકાત વખતે તેમણે કહ્યું હતું કે હવે હું એવા મતનો છું કે દૌરીઓની કુલ વસ્તીને પોતાને વતન મોકલી દેવી એજ આ સવાલનો સારામાં સારો ઉકેલ છે. ખાસ કરીને દૌરી કોમ યુરોપીયનો સાથે સમાનતા ની ચાલુ માગણી કરી રહી છે એ જોતાં બીજો એક માર્ગ લેવામાં આવતો નથી. તેની એ માગણી સહી શકાય તેવી નથી. જનરલ સ્મટસે આ આખા સવાલને એક નીરાલા જનક માનવ પ્રશ્ન, તરીકે વર્ણવ્યો. તેમણે કહ્યું કે બદલો આપવાને બદલે સાચે અને ઉદાર ધોરણ પકડવું જોઇએ. જનરલ સ્મટસે હરીવાદ કરી કે યુનીયનની દૌરી કોમ સાઉથ આ. ફ્રિકાને, રહેવાસ્થ, અને વેપાર સીવાય પોતાનું વતન બનાવી નથી. દૌરીઓ ની મોટી વસ્તી આ દેશમાંજ જન્મેલા ઓની છે અને તેઓ પોતાને સાઉથ આફ્રિકાવાસીજ કહેવડાવે છે તેનું શું? તેના જવાબમાં તેમણે કહ્યું કે એ સેવો પણ ઠોસ વસ્તુ ઉભી કરે છે.

નાઝીવાદી તંત્ર

આફ્રિકાન્સ ઉભો થયેલો ફરોકરી નો સુવાલ વીચારવા લંડન ખાતે કોમ્બ્રીજ હોલમાં મળેલી મોટી સભામાં 'ન્યુ સ્ટેટસ્મેન એન્ડ નેશન'ના તંત્રી મી. કોમ્બ્રાસી મારરીએ કહ્યું હતું કે આજે યુનીયનમાં જે બની રહ્યું છે તે જર્મનીથી સાઉથ આફ્રિકામાં આવાત થયેલા નાઝીવાદના જેવું જ છે.

ધારાસભામાંથી પસાર થઈ ગયેલું રૂપ એરીયાઝ બીલ

રૂપ એરીયાઝ બીલ અગા મંજુરીનાર ની રાતે ૫૮ વિરુદ્ધ ૭૭ મતે પારા સભામાંથી પાસ થઇ ગયું. શ્રીજા વાંચનપર ગરમાગરમ ચર્ચા ચાલી હતી પરંતુ તેનાપર કાપ મુકી અટકાવી દેવામાં આવી હતી.

બે બજતના નીવેદનો થયાં હતાં-એક ઓપોઝીશનના ડેપ્યુટી લીડર મી. જે. જી. ગ્રેન. રહાઉસ તરફથી અને બીજું વડા પ્રધાન ડો. મલાન તરફથી.

મી. રહાઉસે કરાર મુકયો હતો કે: (૧) સાઉથ આફ્રિકામાં રહેકાયુ અને સમાજમાં બલાપદાપણાનો સીદ્ધાંત સામાન્ય રીતે સ્વીકારાયેલો હોઇ, અને લાગતાવળગતાઓથી પોતાની રજુઆતો કરી શકાય એવી કોઇ પણ લાહેર તપાસની ગેરહાજરીમાં, ત્યાં સુધી સુપ્રીમ કોર્ટના એક જજના પ્રમુખપણા હેઠળ એક કમીશન તરફેથી નીચે ની બાબતોની તપાસ કરી તે પર રીપોર્ટ કરવામાં આવે નહિ ત્યાં સુધી આ સભા આ બીલ ત્રીજા વાંચનમાંથી પસાર કરવા ઇન્કાર કરે છે. (૨) આ કાયદાની જરૂર છે કે નથી અને તેનો અમલ અમલદાર રીતે થઇ શકશે કે નહિ. (૨) તેમાં રહેલાં આર્થીક પરિણામો અને રચાયેલ હકોને હરકત કરવાની કેટલે દરજ્જે જરૂર પડશે અને તેઓ ના એવા હકો છીનવી લેવામા હતો તેઓને બદલો કેવી રીતે આપી શકાશે; (૩) તેઓના ચાલુ રહેકાયો છીનવી લેવાશે તેઓને બીજા આપ વાની સગવડ શું કરવામાં આવી છે."

મી. રહાઉસ કહ્યું કે યુનાઇટેડ પાર્ટી ની રિયતિ તદન ચોખી છે. સમાજ અને રહેકાયુમાં બલાપદાપણાની ચાલતી આવેલી નીતીના અમે પંથમાં છીએ. એ જો મરજીયાત થઇ શકતું હોય તો અમે તે કરવા તૈયાર છીએ. આ રેલના કાયદામાં તેનો પુરાવો છે. નાટાલમાં અમે તે કરીપણ કર્યું પ. પરંતુ વાજબી અને પુરી તપાસ કરવા નો કમીશન બરોબર અને મુકરર્કિમીટી નો માર્ગ લીધા બાદ.

દૌરી સવાલનો અંતિમ ઉકેલ રીપેટ્રીએશનજ છે એ વસ્તુ ઓપોઝીશન સ્વિકારે છે. પરંતુ હવે તો એ બાબત પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ મળે તે પહેલાંજ તેની આશાઓ પડી ભાંગી છે. તેનો બરોબર અભ્યાસ થઇ શકયો હોત તો આ કષ્ટ ઉકેલ સ્વેચ્છમ માં આવી પડયો નહિ હોત.

આ બીલ અમીયારી અને અધકચરું છે એ વસ્તુ કમીટીમાં તેનાપર મુજેલી ચર્ચાપરથી સીધ થયું છે. કેમકે બીલની ૩૨ કલમો પર સાઠ ઉપરે સુધારાઓ લાવવામાં આવ્યા હતા. રૂપ તેના મહત્વના સુધારા હતા અને તેમાંના ૧૬ ઓપોઝીશને ઉઠાવેલા મુદ્દાપર રજામા હતા. બપોરના આશીરાને નુકસાનીનો બદલો આપવાની બદરચ કર્યા બીના નેટીવ રૂપ એરીયાઝ સ્થાપવા દાને બીજો નેટીવ ટ્રસ્ટ એન્ડ લેન્ડ એક્ટની પીકલ કંઈ પણ નહિ કરવું જોઇએ એ મુદ્દો ઓપોઝીશને ઉઠાવ્યો હતો. અને ડો. ટેરીસે એ દરખાસ્તનો પ્રથમ તીરોધ કર્યો હતો.

વળી યુનાઇટેડ પાર્ટી જણાવ્યું નહિ રહી હોત તો આખા દેશમાં નીરીશ પક્ષોને આ બીલના પરિણામે બધું નુકસાન ભોગવવું પડયું હોત.

તેમ છતાં પ્રધાનની આપબુદ્ધ સત્તા એટ તો તેમાં જેમની તેમજ રહી છે અને એકંદરે સઘળી બાજુની બાબતો આ બીલ દ્વારા સિદ્ધિ રહ્યું છે.

ડો. કોલીન સ્ટ્રાઝબુર્ગ

ડો. કોલીન સ્ટ્રાઝબુર્ગ (જોહાનસ્બર્ગના યુ. પી. મેમ્બર) એ મી. રહાઉસ ના દરાવને ટેકો આપ્યો અને કહ્યું, સરકાર માનતી હશે કે તેણે મોટી જીત મેળવી છે પરંતુ એ જુદું છે. આવી બાબતના કાયદામાં ચર્ચાના મુદ્દા ઓપર જીત મેળવવી એ જીત નહિ ગણાય. તેમ આવી બાબતોમાં ઓછી તરફી અને આપબુદ્ધી બરોબર કામો કરવામાં ગોરી પ્રજાની પણ કશી જીત નથી થઇ.

સરકારે રજામાં કરેલા બીજા કેટલાક કાયદાઓની જેમ આ પણ યુનીયનમાં જાતીય વૈરઝેર ઉત્પન્ન કરનારો છે. વળી તે એવે વખતે લાવવામાં આવ્યો છે કે જ્યારે આંતરરાષ્ટ્રિય સ્થિતિ લોતાં સહકાર પક્ષોની આવશ્યક છે.

જે આપબુદ્ધીથી અને કોઇ તરફી રીતે આ બીલ લાવવામાં આવેલું છે તેથી લાગણીઓ ઉશ્કેરાયેલી છે અને પ્રજાઓ, પ્રજાઓના સંબંધમાં બગાડો થયો છે એ શું સરકાર કબુલ કરી શકશે! એક નાની ગોરી પ્રજાને એ કરવું નહિ પોસાય.

નેટીવોને "રૂપ એરીયાઓ" આપવાના કરતાં સરકારે તેઓને વધુ આપવા જોઇતાં હતાં. એની ગંભીરતા પછી સુધરી હોત.

કુદરતસ્વાલ

જમીનખાતાના પ્રધાન મી. જે. જી. સ્ટ્રાઝબુર્ગે કહ્યું, આ કાયદામાં દર્શાવેલો માર્ગ સેવાથી અને નેશનલીસ્ટ પાર્ટીની નીતી, જે લોકોને પોતપોતાનો 'જવા ગોમાં વસવા દેવાની અને પોતપોતાની રીત મુજબ વીકાસ કરવા દેવાની છે, તે અમલમાં કરવામાંજ કુદરતસ્વાલ માંથી સાઉથ આફ્રિકા બચી શકશે.

બીજા વક્તાઓમાં આલે યુરોપીયન અને બીનયુરોપીયન દોસ્તીઓ સાથે

રમે છે અને ઉછરે છે. આવા સંજોગોમાં ઊછરતા યુરોપીયન છોકરા ઓ પોતાનો વર્ચસ્વ ટકાવી રાખી શકે એ અશક્ય છે.

પોતાના વર્ચસ્વની લાગણી ગુમાવી દેનાર ગોરી પ્રજા પોતાની પ્રજાને વર્ચસ્વકર બનતી અટકાવી નહિ શકે. ગોરી પ્રજાને વર્ચસ્વકર બનતી અટકાવવાનો એકજ માર્ગ છે અને તે ઉપલાવરપણું છે.

યુનાઇટેડ પાર્ટીની પલટણ

અમનો જવાબ વાળતાં ડો. ડેંગીસે કહ્યું, ઓપોઝીશને આખો વખત પોતાનો બચાવ કર્યો કર્યો છે. મુળ સ્થતીમાંથી તે પાછા હઠ્યા છે. આખરે તેઓએ નવો વીચાર શોધી કાઢ્યો કે મરજીયાત સેગ્રેગેશનના તેઓ પક્ષમાં છે અને જરૂર પડે તો અમે તેને દરજ્જાત કરવામાં આવે.

ડો. મલાનનું નિવેદન

વડા પ્રધાન ડો. મલાને ગ્રુપ એરીયાઝ બીલના ત્રીજા વાંચનપરની ચર્ચા દરમીયાન વચ્ચે પડી ઓપોઝીશન પર અસંગતતાનો આરોપ મુક્યો.અને જણાવ્યું કે શું કરવું એ તેઓને પોતાનીજ ખબર પડતી નથી.

બીજા પક્ષ વાળા તો કુનીયાનો લોકમત શું કહે તેની ડો. મલાને કહીજ ચીંતા નહિ બતાવતાં કહ્યું. સાઉથ આફ્રિકાની બે યુરોપીયન પ્રજા ઓમાં લોકપ્રિય થાય એવું જો તમે કરવા માંગતા હો તો તમારે આ સવાલનો એપાર્ટહેડ એટલે કે સંપુર્ણ પ્રભાવદાપણાની દ્રષ્ટિએ વીચાર કરવો પડશે. મુખ્ય સવાલોનો ઉકેલ નહિ આવે અને સ્થિતિ જેમની તેમજ રહે એવો આ કાયદો બનાવી દેવામાં આવે એવી બાબતના સહકારને હું સહાનુભુતી આપવા નથી માગતો. કંઈ પણ સમાન ધોરણ નહિ મળી શકતું હોય તો હતા તે કરતાં વધારે બાગલા પડશે. એ સમાન ધોરણ શોધી કાઢવા ની શક્યતા આ સરકાર સત્તામાં આવી ત્યારના જેવી કહી નહી હતી.

મોટી વસ્તુ ગોરી પ્રજા અને ગોરાં સુધારો ટકાવી રાખવાનો એ છે.

ઓપોઝીશન, યુનીયન સરકાર કરી રહી છે એવો દાવો લે તે કરતાં ઉલટ કે બીજાની કક્ષે પડવામાં આવનારા ધારા સાઉથ આફ્રીકાની સઘળી પ્રજાને સમાનપણે લાગુ પડશે અને દાંડીઓ સામે અમારે જે ભેદ પાડવામાં આવતો હતો તે પણ દુર કરવામાં આવશે તો એ કેવળ બાકવાતુરી છે. આર્થીક દ્રષ્ટિએ બીજ ચોખી રીતે દાંડીઓ સામે ભેદ પાડનારું થઇ પડશે અને તે પણ પાકું સબ્બત રીતે, કેમકે, જો તેને તેના દેખીતા વેતુ મુજબ લાગુ પાડવામાં આવશે તો દેશનાં સાધારણ વ્યાપારી જીવનમાંથી તેઓને દુર કરી દઈ એક પાડામાં ગોંધવામાં આવશે જ્યાં તેઓ ભાગ્યેજ છટકી શકશે.

દાંદ સરકારે કરેલો અર્થ, કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ, તેનો સ્વિકારાયેલો કાર્યક્રમ ગમે તેવો હોય તો પણ, સમુહપ્રતિનિધી રીપ્રેઝેન્ટેટીવેશનની ચર્ચા કરવામાંજ રોકાશે, અને ગ્રુપ એરીયાઝ બીલનો સાઉથ આફ્રિકાના દાંડીઓ, દાંદ સરકાર અને પાકીસ્તાન પાસે એ ઉકેલ પરાણે સ્વિકારાવવાને એક હથી યાર તરીકે ઉપયોગ કરવામાં આવશે, તો તે અસ્વાભાવિક નથી.

છતાં ડો. ડેંગીસે પોતાની જાણી રીત મુજબ દાંદના ડેલીગેશનને એવી ખાત્રી આપી કે બીલથી ભેદ વધશે નહિ પણ દુર થશે,-ત્યારે તેમને આ બાબતની ખબર દેશની જ જોઇએ. તેમને ખબર દેશની જ જોઇએ કે બીજાની ખરી લાગણી તેઓ વાકેફ થશે ત્યારે તેઓ ને જરૂરી આઘાત મળે. આખી વસ્તુ બીનકુદરતી અનર્થથી ભરેલી છે. આવું કરીને દાંદ સરકારને એવી સ્થિતિમાં મુકવાનો ઇરાદો રાખવામાં આવ્યો, કોમ કે મસલતો તોડી પાડવાનો તેઓ ના પર આરોપ મુકી શકાય તો તદ્દન મુર્ખાઈ ભરેલું જ બહાનું. બીજી તરફ થી યુનીયન સરકાર ખરેખર જ એમ માનતી હોય કે ગ્રુપ એરીયાઝ બીલ ભેદ પાડનારું નથી તો તેણે તે ફરી વાંચી જવું જોઇએ અને પછી તેમાં સુધારા કરવા જોઇએ.

સા. આ. ના અખબારોનો મત

જોહાનીસબર્ગનું 'રઢાર' જુન તા. ૮ મીના 'ડાયનામાઇટ સાથે રમત' નાં મથાળાં હેઠળ નીચે પ્રમાણે લખે છે: ગ્રુપ એરીયાઝ બીલ કાયદાપોથી ની નજદીક આવતું જાય છે તેમ તેમ તેની કલમોની ઝારીક તપાસ કરવાને જ્યુડીશ્યલ કમીશન કે પછી સીલેક્ટ કમીટી નીમવાની માગણી નામંજુર કરવામાં સરકારે જીદ પકડ કરેલી છે એ વધારેને વધારે સ્પષ્ટ થતું જાય છે. આ બીલ સ્થાપિત થયેલા આર્થીક સંબંધોને એટલી બધી હદસ્ત પહોંચાડાઈ છે કે પાર્લામેન્ટમાં ઉતાવળે ચર્ચા માટે રજુ કરવા અગાઉ તેની પુરેપુરી સંભાળપુર્વક તપાસ થવી જોઇતી હતી.

સા. આફ્રીકન ફેડરેટેડ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીસ જેવી એક જવાબદાર સંસ્થા એ પોતાનો મત દર્શાવ્યો છે કે બીલ માં થતા ફેરફારો કરવામાં નહિ આવે તો ઉદ્યોગના ક્ષેત્રમાં આર્થીક અસ્વસ્થતા એવો થશે કે જેના પરિણામો કલ્પી શકાતા કુદરતી છે. સા. આ. ની ચેમ્બર ઓફ કોમર્સની એસોસીએશને પણ કે., ડેંગીસને એવી મતલબ નું લખેલું છે. બન્ને સંસ્થાઓએ તેની આર્થીક અસર શું થવાની છે તેની સંપુર્ણ તપાસ થતાં સુધી બીલ મોકુફ રાખવાની માગણી કરેલી છે. તેમ છતાં ડો. ડેંગીસને કહીજ ચિંતા જણાતી નથી. તે માને છે કે બીજથી પ્રોપર્ટી મારફેટને કશું નોખમ નહી થાય કારણ કે ૨૭ થી ૩૦ ટકા પ્રોપર્ટી ગોરા લોકો રાખેલી છે. તેના સીમાં પરિણામોનાં સંબંધમાં એ કદાચ ખરું હશે, અને કે એ પણ ખરાબ તો જણાયજ પરંતુ ડો. ડેંગીસ શું એવી ખાત્રી આપી શકશે કે બાકીની ૭૦ થી ૮૦ ટકા પ્રોપર્ટીઓ કે જેને બાકે અંગ્રેજોની માલીકીની છે, તેને બીજની અસર નહિ થાય? આંધળે પાટા બાંધેલા પક્ષપાતી સિવાય દરેકને દેખીતી વસ્તુ છે કે એક લુલા રાજકીય સિદ્ધાંત ને ખાતર સરકાર આર્થીક ડાયનામાઇટ થી ખેલવાનું રમી રહી છે.

જુન. તા. ૭મીના એજ પત્ર બીજા એક અગ્રલેખમાં લખે છે કે:

આ મહીનાં ગ્રુપ એરીયાઝ બીલ દાખલ કરીને અને તેની ભેદ પાડનારી કલમો સાથે તેને પાર્લામેન્ટમાંથી પસાર કરી દઇને યુનીયન સરકારે દાંદની સાથે સહકારની શક્યતા બતી કરી છે એટલું જ નહિ, પરંતુ યુનીયનપર વિશ્વાસ મતનો આરોપ મુકી શકાય એવું કર્યું છે. યુનાઇટેડ નેશનલના એજેન્ડાપર દાંદની તકરાર કરી આવશે ત્યારે એ બીલનો ચોકસ પુરેપુરો ઉપયોગ કરવા માં આવશે. સરકારે પોતાની અધિકારી ઉતાવળથી યુનીયનને ખોટી સ્થિતિ માં મુકયું છે અને તેની આંતરરાષ્ટ્રીય સ્થિતિને વધારે નબળી કરી છે.

દાંદનો વાંક નહિ કાઢી શકાય

જોહાનીસબર્ગનું 'રઢાર' જુન તા. ૯ મીના લખે છે:

ગ્રુપ એરીયાઝ બીલના દાંદ સરકારે કરેલા અર્થને માટે તેનો વાંક કાઢી શકાવો મુશ્કેલ છે. આ બાબત કરી પાછી યુનાઇટેડ નેશન્સ કે લાઇ જવામાં આવશે તો તે તેનો પુરો બાજ ઉઠાવશે, યુનીયન સરકાર કરી રહી છે એવો દાવો લે તે કરતાં ઉલટ કે બીજાની કક્ષે પડવામાં આવનારા ધારા સાઉથ આફ્રીકાની સઘળી પ્રજાને સમાનપણે લાગુ પડશે અને દાંદીઓ સામે અમારે જે ભેદ પાડવામાં આવતો હતો તે પણ દુર કરવામાં આવશે તો એ કેવળ બાકવાતુરી છે. આર્થીક દ્રષ્ટિએ બીજ ચોખી રીતે દાંદીઓ સામે ભેદ પાડનારું થઇ પડશે અને તે પણ પાકું સબ્બત રીતે, કેમકે, જો તેને તેના દેખીતા વેતુ મુજબ લાગુ પાડવામાં આવશે તો દેશનાં સાધારણ વ્યાપારી જીવનમાંથી તેઓને દુર કરી દઈ એક પાડામાં ગોંધવામાં આવશે જ્યાં તેઓ ભાગ્યેજ છટકી શકશે.

દાંદ સરકારે કરેલો અર્થ, કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ, તેનો સ્વિકારાયેલો કાર્યક્રમ ગમે તેવો હોય તો પણ, સમુહપ્રતિનિધી રીપ્રેઝેન્ટેટીવેશનની ચર્ચા કરવામાંજ રોકાશે, અને ગ્રુપ એરીયાઝ બીલનો સાઉથ આફ્રિકાના દાંદીઓ, દાંદ સરકાર અને પાકીસ્તાન પાસે એ ઉકેલ પરાણે સ્વિકારાવવાને એક હથી યાર તરીકે ઉપયોગ કરવામાં આવશે, તો તે અસ્વાભાવિક નથી.

છતાં ડો. ડેંગીસે પોતાની જાણી રીત મુજબ દાંદના ડેલીગેશનને એવી ખાત્રી આપી કે બીજથી ભેદ વધશે નહિ પણ દુર થશે,-ત્યારે તેમને આ બાબતની ખબર દેશની જ જોઇએ. તેમને ખબર દેશની જ જોઇએ કે બીજાની ખરી લાગણી તેઓ વાકેફ થશે ત્યારે તેઓ ને જરૂરી આઘાત મળે. આખી વસ્તુ બીનકુદરતી અનર્થથી ભરેલી છે. આવું કરીને દાંદ સરકારને એવી સ્થિતિમાં મુકવાનો ઇરાદો રાખવામાં આવ્યો, કોમ કે મસલતો તોડી પાડવાનો તેઓ ના પર આરોપ મુકી શકાય તો તદ્દન મુર્ખાઈ ભરેલું જ બહાનું. બીજી તરફ થી યુનીયન સરકાર ખરેખર જ એમ માનતી હોય કે ગ્રુપ એરીયાઝ બીલ ભેદ પાડનારું નથી તો તેણે તે ફરી વાંચી જવું જોઇએ અને પછી તેમાં સુધારા કરવા જોઇએ.

'કેપટાઈમ્સે' સરકારની નીતીપર કરેલી કડક ટીકા

મોહાળા ભરી રીત

જુન તા. ૯ મીના અગ્રલેખમાં 'કેપ-ટાઇમ્સ' નીચે પ્રમાણે લખે છે:

યુનીયન સરકાર અને પાકીસ્તાન સાથેની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં દાંદ સરકારે ભાગ નહિ લેવાનો કરેલો ઇરાદો આ દેશના બળબળી રહેલા જાતી ભેદના સવાલને નેશનલીસ્ટ સરકાર જે મોહાળા ભરી રીતથી હાથમાં લઇ રહી છે, તેનું એક અનિવાર્ય અને ખેદજનીય પરિણામ છે. બન્ને સરકારો વચ્ચેના પત્રવ્યવહારના પત્રની પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે, બન્ને દેશો વચ્ચેનો સંબંધ ઘણો પાછો એક બીજના ના દેશો કારણના જુના કમનશીબ વાતાવરણમાં દાખી પડશે-કે જે વસ્તુ જુદ કાળની થઈ ગઈલી દેખાવાનું બહોળી રીતે મનાઇ રહ્યું હતું. યુનીયન સરકાર તરફની ચોકીક ઓછી અધીકાર અને ચોકીક ચતુર સમજ શક્તી અને મુત્સદ્દિગીરી બતાવાઇ હોત, તો બન્ને દેશો વચ્ચેના સંબંધનું આવું ગાઢું સ્વરૂપ કદાચ ઉભું થતું અટકાવી નહિ શકાયું પણ ઓછામાં ઓછું માનવું મુશ્કેલ થઇ પડે છે.

દેશદારીમાં કેપટાઉનમાં થયેલી બીન સગાકાર વાટાઘાટમાં ભાગ લેનાર કેમીશ્નરને ડો. ડેંગીસે આ બીલ ખરેખર સમાનતાનું હતું કે નહિ, સાઉથ આફ્રીકાનાં દાંદીઓ તરફના વર્તાવનો સવાલ આ દેશની બાબતો બાબિત છે કે નહિ, અને ગ્રુપ એરીયાઝ બીલની અંદરના સેગ્રેગેશનની નીતી, જેટલી દાંદીઓને લાગુ પડશે તેટલી જ યુનીયન ની વસ્તીના અન્ય વર્ગોને લાગુ પડશે, એ સઘળા બાબતોને મુખ્ય મુદ્દાની બાબત સાથે કશો સંબંધ નથી. સંભવ છે કે ડો. ડેંગીસે આ બીજતા હેતુ ઓને વીષે કંઈક સુચન કરેલું હશે, કે જે, તેના હેતુઓ અને વીસ્તારનો પુરતો ખ્યાલ આપનારું તેમને લાગ્યું હશે. પણ દાંદ સવાલ એ એક બાનગી બાબત છે એ પણ આ દેશ માં સર્વમાન્ય વસ્તુ છે. એ મુદ્દાપર આખરી સરકારને સંપુર્ણ ટેકો મળ્યો હતો અને તેની અને એ વખતના ઓપોઝીશનની વચ્ચે સંપુર્ણ એકમત હતો. પરંતુ દાંદ સરકારે પોતાનો વીરોધ, એ બાનગી બાબત હતી એ મુદ્દાપર નહોતો રખ્યો. પરંતુ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ મળવાની હતી એવે સમયે યુનીયન સરકારની આવી નીતી ઉચિત ગણાય કે કેમ એ મુદ્દાપર રખ્યો હતો. ગ્રુપ એરીયાઝ બીલ યુનીયનની વસતીના સઘળા વર્ગોને સમાનપણે લાગુ પડશે અને તેથી સેગ્રેગેશનની અસર ખાલ દાંદીઓને જ નહિ થાય, એ હકીકત, સામાન્યતઃ અને આર્થીક ઇલાજદાપણું અત્યાર સુધી એકલા દાંદી ઓને જ લાગુ પાડવામાં આવેલું છે અને યુનીયન પાર્લામેન્ટમાં તેઓને જ કશો અવાજ નથી એ હકીકત તેનાં કંઈક ઉંડાણ વલણ છે.

એટલા ખાતરજ દાંદી ટેગ પ્રત્યે પોતે જુલમ નથી કરતી એવો દેખાવ

કરવાને ખાતર પણ સરકારને જરૂરી અંગાવાની પ્રેરણા કરેલી હોવી જોઇએ એમ હતી. આ બાબત બનવી છે એ સ્થિતિ લેવાને લેખે બહાર આકામણનું એમ અને તે પહેલાં પ્રથમ આ બીજાને જોટલી બની હશે તેટલો સબળા પક્ષોની સદાનુ ખૂની મેળવીને પોતાની બહિની જ સ્થિતિ મજબુત કરવી જોઇતી હતી. જે કાયદો દેશની સમાજ અવસ્થાને ઓટલી સ્પષ્ટ બનાવનારો થવાનો છે, તેની ચર્ચા કરવાની તેણે પ્રથમથી જ સંપૂર્ણ તક આપવી જોઇતી હતી. પ્રધાનને પોતાના જ ઘડેલા કાયદામાં ઓટલા બધા સુધારા લાવવાની જરૂર પડી છે એ વસ્તુ બતાવી આપે છે કે એ કાયદો ઉતાવળે અવિચારી અને ઉતા બળે લાવવામાં આવ્યો છે. પાર્લામેન્ટને તેની ચર્ચા કરવાની સંપૂર્ણ તક પણ નહિ મળે.. આવી અનુભવ અને ઊંડાણા વગરની રીતના બંધારણમાં આપ્યે જ કર્યું કહેવાપણું રહે છે.

ઉજ્જવ અધ્યક્ષચર્

'ડેઈલી હેરાલ્ડ'માં જુન તા. ૯મીના રોજ મુજબના મથાળાં હેઠળ લાબાણ લેખ બીજો અગ્રલેખ પણ બનવા જોગો છોડ તેનો તરજુમો અહિ આપીએ છીએ:

ડો. ડોંગીસે ગઇ કાલે કરી બતાવી આપેલું છે કે રૂપ એરીપાત્ર બીજ અધ્યક્ષચર્ય છે, જે બનતી તાકીદ પણું બેઠા લેવાયું જોઇએ અને તેની વીગતની એક કમોડારી કમીશન તરફથી તપાસ થવી જોઇએ. ગુરૂવારની સાંજે ગવેરની બહારના બાગોમાં નેટીવ રૂપ એરીપા ઓ બ્લેક કરવાની પ્રધાનની સત્તા મર્યાદિત કરનારા ઓપોઝીશન તરફથી મુકાયેલા સુધારાની દરખાસ્ત ડો. ડોંગીસે નહિ સ્વિકારવાની હક્ક લીધી હતી. પણ કાલે પ્રધાન પોતે સુધારો લાવ્યા અને કહ્યું કે નેટીવ ઓફેર્સના પ્રધાનની સાથે મસલત કરીને એ સુધારો તેમણે રાતોરાત ઘડયો હતો. એ સુધારાની અસર આગામી રાતે ઓપોઝીશન તરફથી મુકેલો સુધારો નહિ સ્વીકારવાની તેમણે ઓટલી બધી હક્ક લીધી હતી તેવી જ થતી હતી. આગલા દિવસે એક વખત તેમણે - ની ફરિયાદ કરી હતી કે, સુધારાની દરખાસ્તો ન સ્વીકારે તો કહેવામાં આવે છે કે હું હા કહે પું. જો સ્વીકર્યું તો કહેવામાં આવે છે કે કાયદો અધ્યક્ષચર્ય છે!" હકીકત તો સાવ ખરી જ હતી

ઓપોઝીશન તરફથી મુકવામાં આવતા સુધારા નહિ સ્વિકારવાની તે સામાન્યતઃ કહે લે છે: કોઇક વાર જ્યારે વેપારીઓ કે ઔદ્યોગીક તરફ થી, અથવા તો, કોઇ બીજા બીન-રાજકીય વર્ગો, જેમની તેમના ખુશી રીતે અવગણના કરવાની હીંમત થઇ શકતી નથી, તરફથી, તેમને પોતાને જ કમી સંકાનું રક્ષણ ન રહે જોવી રીતે બતાવવામાં આવે કે, અમુક વસ્તુ થવી બીલકુલ અશક્ય છે, ત્યારે તેઓના સુધારા તે માન જોર સ્વીકારી લે છે. તેમની આ હકીકાઇ શોચનીય છે. આ બીલમાં કુંઇ સમયમાં ઓટલા બધા સુધારા સ્વીકારવામાં આવ્યા છે એ જ નિઃસંકપણે સુચવી આપે છે કે બીલ તો એ સંબાળથી તપાસ કરવામાં આવે, જે વસ્તુ એ કે ઋજુ આફ્રીકાપીપલ માં બનવી અશક્ય છે, તો બધી બીજી બાબતમાં પણ સુધારવાની જરૂર જણાય.

આવું ગુંચવણ ભર્યું અને બહોળા અસર કરનારું બીલ, જેના પર મુકવા માં આવતા સુધારા પ્રધાન પોતાની પ્રજાબામાં આવે તેમ સ્વિકારતા અથવા નાંહ સ્વીકારતા હોય, તેને પાર્લામેન્ટ માંથી અસાધારણ ઉતાવળથી પસાર કરી દેવામાં આવે, તેને કેમ પણ સમજી માણસ સારો કાયદો નજ કહી શકે. તે અધ્યક્ષચરો જ જણાય, અને ગવેર બહારના સત્તાના સંબંધમાં પ્રધાને ફેરવેલી પાછડી એ વસ્તુનું સત્ય નજરપણે પ્રકાશિત કરી આપે છે.

પરંતુ આ દુષ્ટ કહાણી એટલેથી પુરી થતી નથી. પ્રધાને ગઇ કાલે જે સુધારો પ્રકટ કર્યો તે યુરોપીયન કાર મારેલું રક્ષણ કરનારો. અને તેઓને અપમુકત કરનારો હતો. પરંતુ જ્યારે શ્રી. બ્લુમબર્ગે અને બીજાઓએ અરધા દિવસ સુધી આજીજીઓ કરી કે, ગવેર ની ખીલકતોપર મોર્ટગેજ ધરાવનારા ઓને અને ગ્રેપટીના બીન-ગોરા માણી ઓને અને લેખોને લોનની જરૂર હોય તેવા ભાવિ માલીકોને કંઇક રક્ષણ અપાવું જોઇએ, ત્યારે તે હકીકા બની ગયા. ઘર બીનાના ધંધ પડનારા બીન-ગોરાઓને માટે ઘરોની બીજી સમધ પુરી પાડવાની બીલમાં કલમ દાખલ કરવાની વાત આવી ત્યારે તે હકીકા બની ગયા. બાકી, બીન-ગોરાઓને ખ્યાન આપવાની પ્રત્યેક સુચનાના સંબંધમાં તે હકીકા બન્યા જ્યારે હેન્ડ ટેન્સુર એડવાઇઝરી બોર્ડમાં બીન-ગોરા ઓને કશું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી. પરંતુ ખાટલેન્ડના કુર ગરોને બધ મુકત કરવાને તે તુરત કબુલ થયા. સરકાર કહે છે કે, બીજ કોઇની સામે બોલ પાડવું નથી, સબળા ને સાચુ પડે છે. જો બીજ અધ્યક્ષચર્ય જ હોય તો પ્રધાનની ઉદારતાની દલીલો એ પરંપરાથી ચાલતો આવેલો રાજ કર્તાઓનો ખોટો ઢંગ જ ગણાય.

સોમવાર જુન તા. ૨૬મીનો દિવસ

કાયદાઓ સામે રાષ્ટ્રિય વિરોધ દિન

ગયા બીજ એન્ડના સાઉથ આફ્રીકાના બધા ભાગોમાં બીન-ગોરાઓની વીરોધ સભાઓ થઇ હતી, અને આફ્રીકન નેશનલ કોંગ્રેસના પ્રમુખ ડો. જે. એસ. મોરોકાએ જુન તા. ૨૬ મીનો સોમવારનો દીવસ સબળા બીન-ગોરાઓએ વીરોધ દિન તરીકે પાળવાની કરેલી હાકલને ટેકો આપનારા ઠરાવો થયા હતા.

ડો. મોરોકાએ આફ્રીકનોને લાખો ની સંખ્યામાં એકઠા થઇ એ દિવસે નોકરીપર નહિ જવાની હાકલ કરી છે. તેઓ જણાવે છે કે:

"સબળા સાઉથ આફ્રીકાવાસીઓ ને અને ખાસ કરીને બીન-ગોરા ભાઇ ઓને સાઉથ આફ્રીકાની તવારીખમાં આ અપુર્વ દિવસ પાળવાની તેઓના નેતાઓની હાકલને માન આપવા બીનંતી કરું છું. ગુલામી નહિ પણ આઝાદી; સત્તા નહિ પણ આઝાદીને માટે આપણે સૌ સંગઠીત થઇએ."

કોલ્હાનીસબર્ગમાં કોમ્યુનીસ્ટ પાર્ટી, સાઉથ આફ્રીકન ઇન્ડિયન કોંગ્રેસ અને આફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશને ડો. મોરોકાની હાકલને ટેકો આપનારાં નિવેદનો કર્યાં હતાં.

તેઓએ ગોરા મજુર વર્ગોને અને વેપારોને યાદ રાખવા જણાવ્યું છે કે સમેલન એક કોમ્યુનીઝમ બીલ અને રૂપ એરીપાત્ર બીલ તેઓની રક્તપાત અને ખુંટા પર પણ પ્રહાર કરનારાં અને તેનો નાશ કરનારાં છે. મોટીંગે કરબન, મેરીટઝબર્ગ, પ્યુ કાસલ, ઇસ્ટ લંડન, કેપટાઉન, જોહાનીસબર્ગ પ્રીટોરીયા વીગેરે સ્થળોએ મળી હતી.

મેરીટઝબર્ગમાં આફ્રીકન નેશનલ કોંગ્રેસ, નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ, આફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશન (કલરોની સંસ્થા) અને કોમ્યુનીસ્ટ પાર્ટીની શાખાઓની સંયુકત સભા આ પહેલી જ વાર મળી હતી.

કલરોના નેતા શ્રી. જ. બા. સ્વેલ્સે કહ્યું. ડો. મલાન સમજે કે આઝાદીની લાગણીને કોઇ પણ અટકાવી શકનાર નથી.

આફ્રિકનોના નેતા શ્રી. સેકમી ખમી માંગે કહ્યું, ગતીએરો છતાં નવા કાયદા સબળા યુરોપીયનોને એક કરી રહ્યા છે. એ જ રીતે નોન-યુરોપીયનોએ પણ એક થવાનો વખત આવી લાગેલો છે. સહુ પ્રત્યેકો સંયુકત થાય તો સાઉથ આફ્રીકાનો ઉદ્ધાર અટકી પડશે.

પસાર થએલા ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે "આ સભા કેપકલરેડ આફ્રીકન, ઇંડી અને કલર્ડ, પુરૂષ, સ્ત્રી અને બાળકને આ સ્થળમાં એકઠા થવા અને આ સોગનો દિન પાળવા હાકલ કરે છે.

જોહાનીસબર્ગની સભામાં પ્રમુખ સ્થાને સા. આ. ઇન્ડિયન કોંગ્રેસના પ્રમુખ ડો. નાયકર હતા. એક આફ્રિકન કોંગ્રેસના સભ્યે સુચવ્યું કે તા. ૨૬ મીના દીવસે સૌએ પેર રહી શોક પાળવો અને પ્રાર્થના કરવી

કેપટાઉનની સભામાં ૫૦૦ યુરોપીયો હાજર થયા હતા. તેઓએ બધા બોલીએ તેઓને બીજાઓથી જુદા રાખવાની કરેલી યોજનાને વખોડી કાઢી જણાવ્યું હતું કે આવી બનતી કોશીશોને પોતાના બંધારણ વિરોધી ગણવી જોઇએ છીએ.

ઇસ્ટ લંડનમાં કોમ્યુનીસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી શ્રી. મોરીસ કોહાનીએ જાહેર કરતાં કહ્યું કે જો તમે માનવ બોલ કે ઇશ્વરના અંશ તરીકે તમે કેમ થયા છો તો ગોરાથી તળે દબાયેલા રહો એમ તમારાથી નજ મનાય. તેમણે કહ્યું: યુરોપીયનો નેટીવોને ત્રિ સ્કારતા નથી. નેટીવો તેઓની સમાનતામ્યે પહોંચે એ તેઓ નથી માંગતા. તમે તેના બાળકોને એ સંભાળો, તેઓનું ખાવાનું પકાવેલ મેટરમાં તેઓની જોડે બેસો; એ બધાની તેને જરૂરત નથી. તમે જે તેના કરતાં તમારાથી ઉંચે નહિ ચઢાય. આ રીતે સમેલન એક કોમ્યુનીઝમ બીલ નેટીવોની વીરૂદ્ધ છે. આજે જોજો આ સભામાં હાજર નથી તેઓ ને તમે કહેજો કે તમારી આસપાસ વીંટળાએલા તમારાં નાનાં બાળકોના આધાર તમારાપર છે. આપણા બાળ કોને માટે આપણે શું માગીએ છીએ? વધારે નીસાળો, વધારે સારાં લોકોને રહેવાની વધારે સારી સ્થિતિ. આપણા દેશની સરકારમાં અવાજ-કોમ્યુનીઝમ આ મેળવવા આગે છે.

લેડીસ્મીથમાં આફ્રિકન નેશનલ યુથ કોંગ્રેસ લીગની નાંદાલની શાખાના સેક્રેટરી શ્રી. એમ. બી. મેંગ્રાજે જણાવ્યું હતું કે ડો. ડોંગીસ કહે છે, કોંગ્રેસોને રીપ્રેઝેન્ટેટીવ કરવા પડશે, પરંતુ કું આફ્રીકન લોકોની વતિ કહેવા માંગું છું કે કોંગ્રેસોને અમે સાફ આવી કામાં આવકાર આપીએ છીએ." એ સભાનું પ્રમુખસ્થાન ડો. જે. એમ. સારે લીધું હતું અને કલર્ડોના નેતા શ્રી. એ. રશીદે પણ બાષણ કર્યું હતું

ડો. જી. એમ. નાયકરે કર્યું હતું કે કોમ્યુનીઝમની સામે સાવાના બહાના હેઠળ નેશનલીસ્ટ એપાર્ટહેડની નીતીનો વીરોધ કરનારી સબળી સંસ્થાઓનો નાશ કરવા માગે છે.

પ્રેટોરીયામાં સા. આ. ઇન્ડિયન કોંગ્રેસ ના જે સેક્રેટરી શ્રી. એ આસ. મીર કહ્યું કે રૂપ એરીપાત્ર બીલ અને સમેલન એક કોમ્યુનીઝમ બીલ અનેક બીજો પુનીયનમાં આપખુદ સત્તા સ્થાપવાની યોજનાનો એક ભાગ છે. આ બીલો કાયદાપોથીમાં ચઢશે તો આ દેશમાં કોઇને માટે કાંઇપણ રહેશે નહિ. ન્યાયની અદાલતોને પણ ઉથલાવી દેવામાં આવશે.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. જી ઠરબાંસે લીધું હતું.

કોમ્યુનીઝમપર જોહાનીસબર્ગના બીશપ

જોહાનીસબર્ગના બીશપ, રાઈટ રેવ. ૨-૩ ઓગસ્ટમાં રીબ્બે ગમ રવીવાર ગ્રેહપેનના ચર્ચમાં પ્રવચન કરતાં કહ્યું હતું કે કોમ્યુનીઝમને દાબી દેવાને વાસ્તે આવેલું બીશપ કોમ્યુસ્ટોને સજા કરવાનું કામ અદાલતના હાથમાંથી લઈને તેને કોઈ પણ જાતનું અદાલતનું રક્ષણ આપ્યા વીના રાજકીય સત્તા ધરાવનારના હાથમાં મુકી દે છે.

શૈક્ષાઓથી આપણે જોતા આવેલા છીએ કે સમગ્ર નાગરીકોની સ્વતંત્રતા ની એક માત્ર બાંહેધરી, તેનો અર્થ તેવો અપરાધ લેખ તો પણ કોર્ટ દ્વારમાં તે છુટથી જઈ શકે છે તે છે. બેજ એક પ્રજાની શક્તિ ટકાવી રાખવી એ રાજકીય સત્તા ધરાવનારનું કામ છે. પરંતુ રાજકીય નેતાઓએ એમ સમજી બેસવું કે તેઓને મળેલી સત્તા નિરંકુશ અથવા અમર્યાદિત છે તો તેઓ મોટી ભુલ કરે છે.

તેને બદલે રાજકીય સત્તા ન્યાયાસન કરતાં ઉતરતી જ હોવી જોઇએ. અને તે તો જ સિદ્ધ થઇ શકે જો અપરાધી ઓને સજા કરવાનું કામ એવી ન્યાયની અદાલતના હાથમાં જ રહે કે જે રાજકીય સત્તાના અંકુશની બહાર હોય.

આ બીશપને માટે તેઓ જવાબદાર છે તેઓ પણ જો સાંભળે નહિ તો અમારી તેઓને ચેતવણી આપવાની બંધીર ફરજ બને પડે છે કે, આવો કાયદો કુંઈ સમજને માટે ભલે સારા હોવેલો જણાય પરંતુ આચરણ કરતાં તેની અસર તેઓએ ધારેલી હશે તેના કરતાં જુદીજ થશે.

એ દેખીતુંજ છે કે પાર્લામેન્ટના કાયદાથી કોમ્યુનીઝમનો નાશ થઇ શકશે નહિ. તેને છુપાઈ જવા દેવામાં જે કદાચ સફળતા પ્રાપ્ત કરે તો પણ, આખરે તો તેનું પગલું તેનું જોર વધારનારું જ થઇ પડશે. વળી આપણે એ પણ ખાસી રાખીએ કે કોમ્યુની ઝમનો બચાવ કરનારાઓને તેથી નવી અને વધારે મજબુત દલીલો મળશે.

બીશપે કહ્યું કે કોમ્યુનીઝમનો સામ નો કરવાનો રાજ્યને માટે એકજ ઉપાય છે, તે એ કે સમાજમાં ન્યાય આપવાનો પ્રયત્ન કરવો. પ્રત્યેક ખ્રીસ્તી ની ફરજ છે કે રાજ્યના એ કાર્યમાં તેણે સતત મદદ કરવી.

તુમાં બીશપે કહ્યું : ખ્રીસ્તી ધર્મ અને કોમ્યુનીઝમ વચ્ચે સમજુતીને માટે અવકાશ નથી. આધુનિક કોમ્યુ નીઝમ સાથે ખ્રીસ્તી ધર્મનો મેળ બેસી શકે તેમ નથી કારણ કોમ્યુનીઝમ અધર્મ વાદી તેમજ નાસ્તિકવાદી છે.

કોમ્યુનીઝમમાં સત્ય અને અસત્યનું વિચિત્ર મીશ્રણ રહેલું છે, પરંતુ સત્યના કરતાં અસત્યની બોટલી બધી માત્રા રહેલી છે કે તેમાં રહેલું સત્ય ઢંકાઇ જાય છે.

આપણે સ્પષ્ટપણે સમજીએ કે તેનું જુઠાણું સામાન્યક નહિ પણ ધાર્મીક સ્વરૂપ લેનારું છે. તેનું મુળ જ જુઠાણા થી ભરેલું છે. તેમાં એવી વિકાસ-પ્રવૃત્તિ રહેલી છે કે જે પાપથી જ પુણ્ય પ્રકાશશે, અંધકારથી જ પ્રકાશ થશે, જુઠમથી જ આઝાદી મળશે એમ માને છે.

ખ્રીસ્તી ધર્મીઓએ તો કોમ્યુનીઝમ નો વીરોધ કરવોજ રહ્યો કેમકે કોમ્યુ નીઝમ એ એક ધર્મ છે અને તેજ ખરો ધર્મ છે એમ તે માને છે.

અને વધુમાં માનવીની સ્વતંત્રતાની કદી પરવા કર્યા સીવાય જબરદસ્તી અને બળાત્કારે પોતાની સ્થાપના કરવા નો તેણે દૃઢ નિશ્ચય કરેલો છે.

નાટાલ ઈન્ડિઅન કોંગ્રેસનું નીવેદન

નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસ તરફથી કરવામાં આવેલા એક નીવેદનમાં જણાવ્યું છે કે, ડો. મેલેકાએ કરેલી દાઢમ નિપે ઢીંઢીઓએ પોતાની સ્થિતી સ્પષ્ટ કરવી જોઇએ.... ઢીંઢી ઓએ આ દિવસે કસોટી અને પ્રજાતંત્રવાદી યુરોપીયનો સાથે વળી સમાન પણે બાયુ પંડતી જુલમી નીતીનો વીરોધ કરનારી મહાન લડતમાં આફીકાનોને એકત્ર થઇ સાથ આપવો. વીરોધના રાષ્ટ્રદિને યુનીયનના સભ્યો હોકેઢાએ ગમે તેવી ઉશ્કેરણી થાય તો પણ અહીંસાને માર્ગેજ ચાલવું જોઇએ.

આપણે સ્પષ્ટ કરી દેવું જોઇએ કે જુન તા. ૨૬ મીનો દિન સંયમ અને ગોબાથી પાળવામાં આવશે. વીરોધનો રાષ્ટ્ર દિન ગોરાવનારાઓ માને છે કે બોઢાએ વીરોધનો સૌથી સુધરેલો માર્ગ લેવો જોઇએ. તેઓ નો વીરોધ તિરસ્કારની ભાવનાપર નહિ પરંતુ પ્રેમ અને માનવ બંધુત્વ ની ભાવનાપર રચાયેલો હોવો જોઇએ. દેશના તંત્રમાં અનાજ વગરના પીઢા ઓવા બોઢાને માટે તેઓનો હમાત હકો છીનવી લેવા સામે અને આપણા દેશમાં આપબુદ સત્તા સ્થાપવા સામે પોતાનો વીરોધ અસરકારક રીતે દર્શાવવાનો એજ એક માત્ર માર્ગ છે.

આ ખરી દ્રષ્ટિએ જોતાં એક પણ સાહિત્ય આક્રોકારવાસીથી કે ખુદ નેશનલીસ્ટોથી પણ આ મોબાલારેલા અદ્રોસ્ક વીરોધની સામે વધિ નહિ રહ્યા.

ઈમીગ્રેશનની તકલીફો

ઈમીગ્રેશન ખાતાંએ મીસીસ એસ. બીલીવ્સ નામની એક ઢીંઢી સ્ત્રી નાં બે વર્ષનાં બાળકને ટ્રાંસવાલમાં પ્રોહીબીટેડ ઇમીગ્રન્ટ ઠરાવ્યું છે. બાળક ની માતા જોહાનીસબર્ગમાં રહે છે અને તેને નાટાલમાં કોઈ સગાં નથી કે જ્યાં ■ બાળક જઈ શકે. બાળક નો બાપ નાટાલમાં જન્મેલો હોવા થી તેને ટ્રાંસવાલમાં રહેવાનો હક્ક ન હોતો. પરંતુ હકે તે ટ્રાંસવાલમાં દાખલ થઇ આ સ્ત્રીને પરણ્યો હતો અને ત્યાર બાદ તેને છોડી ચ્હાલી ગયો. આ ધુણાસ્પો કરવા છતાં ઇમીગ્રેશન ખાતાંએ તેના બાળકને પ્રોહીબીટેડ ઇમીગ્રન્ટ ઠરાવ્યું છે.

આ સીવાય બીજા પણ ઇમીગ્રેશનની તકલીફ વધવા લાગી છે.

નાટાલના ઢીંઢી વીદ્યાર્થીઓ ટ્રાંસવાલ ની વીટવોટર્સરેન્ડ યુનીવરસીટીમાં અભ્યાસ કરી રહ્યા છે તેઓની પરમીટો ઇમીગ્રેશન ખાતાં તરફથી છીનવી લેવા માં આવી રહી છે. એવા બે વિદ્યાર્થી ઓની પરમીટો પાછી લઇ લેવામાં આવી છે. એક વીદ્યાર્થી ઇન્ડિઅન બરસરી કોમીટી તરફથી તેને મળેલી બરસરીથી આર્ટસનો અભ્યાસ કરી રહ્યો છે અને પહેલાં વર્ષમાં છે.

આ સીવાય આટલાં વર્ષો થયાં ઢીંઢીઓને હીંદ જવાને સર્ટીફીકેટ ઓફ આઇડેન્ટીટી અરજી કર્યા બાદ એક કલાકની અંદર મળી જતી હતી. આજે તે મળતાં ૭ અથવા વધારે અઠવાડીયાં થાય છે. હીંદ જતી સ્ટીમર બે મહિને એક વાર ઉપડે છે એટલે સર્ટીફીકેટ ઓફ આઇડેન્ટીટી જો વખતસર ન મળે તો તેને લાંબો વખત રાહ જોવી પડે છે.

વળી આ સર્ટીફીકેટ ઓફ આઇ-ડેન્ટીટીની મુદત આજ સુધી ત્રણ વર્ષ ની હતી તે હવે બદલી એક વર્ષની કરવામાં આવી છે અને ત્યાર બાદ જો મુદત વધારવી હોય તો તે વધારી આપવાનું મુલ્લા પ્રધાનની મનમરજીપર રહ્યું છે.

વળી એવા દાખલા બનેલા છે કે જ્યાં ગંભીર બાળક જન્મની તારીખની ઢંઢેરો બુલને લીધે ઇમીગ્રેશન કાયદા મુજબ સગીર વયમાંથી ઉગરે બહેરોબા ને એકાદ બે દીવસ વધુ થઇ ગયા બાદ પોતાના બા બાપ સાથે રાખવા ગયું હોય છે. આ બાળક પ્રત્યે એજ કુટુમ્બના બીજા બાળકો કરતાં જુદી રીતે વર્તવામાં આવે છે. ઇમીગ્રેશન ખાતાં તરફથી કહેવામાં આવે છે કે એ જો યુનીયનની બહાર જશે તો ફરી તેને દાખલ કરવામાં આવશે નહિ. તેવા માણસથી પરણવા પણ નહિ જઈ શકાય. તેમ જેની સાથે પરણવાનું નક્કી થયું હોય તેવા પુરૂષ યા તેની બી પણ, તે પ્રોહીબીટેડ ઇમી ગ્રન્ટ હોય, યુનીયનમાં દાખલ ન થઇ શકે. એટલે એવા માણસને આ દેશમાં અનીતીનું જીવન ગાળ વાની ફરજ પડે.

વિજ્ઞાપન

શ્રી. ઉપનકારનું સાહિત્ય

આપણી સાચી પ્રગતિને જરૂરી આ ધ્યાત્મિક ભાવનાને પ્રોત્સાહન આપતું શ્રી. "ઉપનકાર"નું ધાર્મીક સાહિત્ય પૈકી: ઉર્મી વીલાસ, જીવન સાધના, જીવન સુધા, વીવેકની વેદીએ પ્રતે દમણ્યાંજ સ્વદેશથી આવેલી છે તે શ્રી. ૬૦/- (પિસ્ટેજ અને પ્યાનખર્ચ) નીચે ના સરનામે મોકલવાથી મળી શકશે.

L. HARRY & SONS,
101 St George's Road,
EAST LONDON.

પંડીત જયાદરલાલ કૃત

જગતના ઇતીહાસનું રેખા દર્શન. દુનીયાની જરૂરાતથી તે આજ સુધીની દુનીયાની બાકી ની આપણો ઇતીહાસ બે ભાગમાં સેટની કીમત. ૧–૬–૦

રમણલાલ દેસાઇ કૃત

અરમુગા

આ પુસ્તકમાં બધુ રેલ દેશના ઇતી-હાસીક ગુણીકા જીવન ઉપર લખાયલા નીબંધોનો સંગ્રહ છે.

ભાગ ૧ ૨ ૩ ૪ ૫

દરેકની કીમત ૨–૪–૦

રીપબ્લીક નંબર

અમારો તા. ૨૬–૨–૫૦ ના બહાર પડેલો ભારત રીપબ્લીક નંબર; અનેક સંદેશાઓ; ફોટાઓ; લેખો વીગેરે વાંચવા લાયક સામગ્રીથી ભરપુર છે.

કીમત ૨/૩

પોસ્ટેજ સાથે

Indian Opinion.
P. Bag,
Phoenix.

દેશના ભાગલા અને તેના સવાલો

૭૨

સીદ્ધાંત અને વહેવારથી દેશના ભાગલા પડયા તેથી કોઇ પ્રશ્નનો ઉકેલ આવ્યો નહીં. 'હિંદુરાષ્ટ્ર'નાં સીદ્ધાંતથી જોરે જે બન્ને રાજ્યો હસ્તીમાં આવ્યાં તેમાંય સરહદની બંને બાજુએ બંને અલગ 'રાષ્ટ્રો'ની પ્રજા અડોઅડ પડેલી હતી. હવે મુખ્ય સવાલ એ ઉભો થયો કે : આ અલગ 'રાષ્ટ્રો' એક સાથે મેળથી રહી શકશે? અને એક સમન્વિત પ્રજાનું ધડતર કરી શકાશે?

અરીબકત હોદ સામે જે પ્રશ્ન ખડો હતો તે જ પ્રશ્ન પાછો આવીને ઉભો રહ્યો; આ સવાલનો જવાબ જો 'હા' હોય તો દેશના ભાગલા અને તેમાંથી પરિણમેલી બધી કટુતા અને દુશ્મનાવટ બીનજરૂરી હતી; જે પ્રશ્ન ઓ અબીબાઅત હોદમાંથે એક સાથે રહી શકતી હતી.

ઉકેલો

'આ અંધેર સવાલનો ઉકેલ શો?' કરોડો મોઢેથી દઈબાર અવાજથી પ્રશ્ન ઉઠાવ્યો. સમાજવાદી પક્ષના મતે આ સવાલના માત્ર બે ■ ઉકેલ છે, જેનો કાઇ ત્રીજો ઉકેલ છે જ નહીં.

એક ઉકેલ 'હિંદુરાષ્ટ્ર'ના સીદ્ધાંતનો તેના પુરેપુરા અર્થમાં સ્વીકાર કરવો એ છે. એનો અર્થ એ કે પાકીસ્તાન માંથી બધા હીંદુઓને અને ભારતમાંથી બધા મુસલમાનોને કાઢી મુકવા. મારી બનશે પ્રમાણે કે. સ્વામીપ્રસાદ મુકરજી એ પુર્વ અને પશ્ચિમ બંગાળની હીંદુ-મુસ્લિમ વસ્તીની ફેરબદલીનો ઉકેલ સુચવ્યો હતો. બીજા કેટલાકે પણ આવું જ સુચન કર્યું હતું. પરંતુ આમાં એ ખ્યાલ કરાયો નથી કે બાર વસ્તીની ફેરબદલી પુર્વ અને પશ્ચિમ બંગાળમાંથી કરવાથી અટકવાની નથી. એ વાતનો જો આપણે સ્વીકાર કરીએ તો પછી એ દીશામાં આપણને અનીવાર્ય રીતે એની ઉંડાઇની હદ સુધી જવું પડશે.

આ ઉકેલ મને જરાયે રૂચતો નથી, અને માનવસંસ્કૃતિના સીદ્ધાંતોમાં માનનાર દરેકને એ રૂચે જ નહીં. બે માણસો જુદા જુદા ધર્મના હોય તેટલા જ કારણથી તેઓ સાથે રહી જ શકે નહીં એ સીદ્ધાંત સ્વીકારવા તૈયાર થવું એટલે અતીતના મુલ્ય તરફ પાછા જવા જેવું અને પોતાના સીદ્ધાંત નો ધીક્કાર કરવા જેવું થયું.

આ ઉકેલના વહેવારમાં જે પરિણામો આવે એ પણ ઓછાં જુદાં નથી. લોકોને ઘરબારથી બળજબરી કર્યા સીવાય કાઢી મુકી શકાય નહીં. આવા જોરદા પાપા પર બળનો ઉપયોગ કરવાથી સમગ્ર પ્રજા પણ જેવી બની બધા વખત રહે નહીં, અને આ દેશ માં માનવજીવન પશુજીવનના ધોરણ પર જ મુકાઇ જાય.

વળી, આવી જંગી હિજરતથી દેશની અર્થરચના તુટી પડે, અને રાજ્ય પર અસહ્ય બોજો જોવો જોગવે આવી પડે. વળી, એક કરોડ હીંદુ ઓના બદલામાં ચાર કરોડ મુસ્લિમોની વસ્તીની ફેરબદલી એક નવા ઝઘડાની પરંપરા શરૂ કરે, કારણ કે વધારાની વસ્તીને વસાવવા માટે નવા પ્રદેશની માગણી કરવાનું પાકિસ્તાન જોગ્ય ઠરાવે આમ આ ઉપાયથી નવો રોગ જેવા થાય.

આ ઉકેલના સ્વીકારથી હીંદુ કોમવાદ નો વીજય થયો એવો અર્થ કરાય અને તેથી હીંદુ 'રાષ્ટ્ર'ની વૃત્તિ પ્રબળ બને. એને પરીણામે અલગવાદ અવશ્ય પછી વધારે વધે; અને આ અલગપણા ની મનોવૃત્તિ માર્યાદિત કોમો પુરતી મર્યાદિત ન રહેતાં જાત, બાપા અને સાતિઓના સમુહોને પણ ઘેરી લઈ અને તેમાં ભારતનો વીનાશ જ થાય.

આમ દરેક દૃષ્ટિએ જોતાં વસ્તીની ફેરબદલીનો વીચાર છોડવો જોઇએ.

બંને રાજ્યો ધર્મથી પર અને ..

તેથી હવે માત્ર એક જ ઉકેલ રહે છે. ભારત અને પાકીસ્તાન બંને ધર્મથી પર રાજ્યો બને અને બંને દેશમાં લઘુમતીને પુરી સલામતી અને સમાન નાગરીકતા મળે.

આ મુળભુત પૃથક્કરણને લક્ષમાં રાખીને સમાજવાદી પક્ષની જવાબદારી એ રહી કે આ દેશમાં પુર્વ બંગાળની પરિસ્થિતિ અંગે પોતાની નીતીની જાહેરાત કરી હતી. હજુ પણ અમારી નીતિ એ જ રહી છે. તેથી એના મુખ્ય મુદ્દા ઓ સમજવું તો ઠીક થશે. તેમાં નવ મુખ્ય મુદ્દા હતા. ભારતે એની ધર્મથી પર રહેવાની નીતીને ચુસ્તપણે વળગી રહેવું જોઇએ, અને પાકીસ્તાન માં બને તેમ કોમ હોય પણ ભારતે પોતાના મુસ્લિમ નાગરીકોને પુરેપુરું રક્ષણ અને સલામતી આપવાં જોઇએ અને તેમને નાગરીકતાના સમાન અધિકારોની બાંયધરી આપવી જોઇએ.

બીજો મુદ્દો એ કે, બધી લઘુમતી ઓને સંપુર્ણ રક્ષણ અને દીક્ષાસની તક માટે વાજી અને કામોમાં બાંયધરી આપવામાં પાકીસ્તાન સાથ આપે એ માટે તેને મીત્રભાવે સમજાવવાના ભારતે પ્રયાસો કરવા જોઇએ. કરોડાનીએ આગળ જણાવ્યું કે 'આ બાબતમાં સંયુક્ત તપાસ સમીતી અને બી લીયાકતઅલીખાન સાથે સંયુક્ત પ્રાયસનું વડાપ્રધાને કરેલાં સુચનનું કંઇ પરીણામ આવ્યું નથી. પરંતુ એ ભાવના સંયુક્ત કામોમાં વીકસાવવી જોઇએ.'

છેલ્લાં મુદ્દામાં આ પ્રયાસો નીષ્ફળ જાય તે પ્રસંગે શો માર્ગ લેવો તેનો નીર્દેશ હતો. કરોડાનીના શબ્દોમાં કહું તો. 'આપણી સરકારના બધા દીલના પ્રયાસો સફળ નીવડે નહીં અને પાકીસ્તાનના લોકો અને સરકાર તેમ જ વર્તમાન નીતી ચાલુ રાખે તો ઉપરે ભારતે પોતાની મેળે પાકીસ્તાન માંની લઘુમતીઓનું અને માનવ અધિકારોનું રક્ષણ કરવા માટે બીજા બીધાએ દરેક પગલું લેવું જોઇએ.'

આ નીતીને હજુ પણ હું મક્કમપણે વળગી રહું છું અને માનું છું કે એ સીવાય બીજો કોઈ રસ્તો નથી.

શાંતિ અને યુદ્ધ

લોકો એ ખરે કે આંતરરાષ્ટ્રીય કાયદામાં તેને 'યુદ્ધકર્મ ઉપાયો' (મેઠલે કે યુદ્ધ બંધેર કર્યા વિના સંગઠન યુદ્ધ લેવું પગલું) કહે છે એની મેં સુચના કરી હતી, પરંતુ એ માટે મેં જે શરતો મુકી હતી એને બાજુ એ મુકીને અંતીમ પગલા પર જ ધ્યાન કેમાની દેવું એ ઠીક ન કહેવાય. મેં જે શરતો મુકી હતી તે હરીયો કહું. પહેલી એ શરત પર મેં ભાર મુકયો હતો કે હીંદમાં શાન્તિ અને વ્યવસ્થા જળવાય અને આપણા મુસ્લિમ નાગરીકો કશી ચાલતી વિના રહે અને હીંદુઓ જેટલા સમાન અધિકારો મોગવે. પહેલીના નીવેદનમાં મેં કહ્યું હતું તે મુજબ જ્યારે આપણે આંતરીએ જ લઘુમતીના માનવઅધિકાર નું રક્ષણ ન કરી શકતા હોઇએ ત્યારે આપણે એના રક્ષણ માટે બીજે પહોંચી વળીએ નહીં. વળી નાગપુરમાં મેં ભાર મુકીને કહ્યું હતું કે લોક પંડિત નેહરુના મૈત્રીભર્યા પ્રયાસો સફળ થયા નથી, પરંતુ શાન્તિને માર્ગે ઊભેલા પડકારોના ઝડપે પ્રયત્નો કરવા જોઇએ.

જ્યારે બધા શાંતીભર્યા પ્રયાસો આપણે કરી ચોકીએ અને એમાં સફળતા સાંપડે નહીં, અને આપણે પેર શાંતિ જાળવી રાખીએ તથા આપણી લઘુમતી ઓને ન્યાય આપી રાખીએ ત્યારે જ સશસ્ત્ર હસ્તક્ષેપની કરાય એમ મેં સુચના કરી હતી.

પરંતુ નેહરુની આશા સામી કરી અને શાંતિમયે કરાર થઈ શકયો. એ કરારનો વીરોધ કરવો કે એના અમલ ને અવરોધવો એ અત્ર સાથે એમના જોયું છે; કારણ કે નેહરુએ કહ્યું હતું તેમ બીજો માર્ગ યુદ્ધનો જ રહે. યુદ્ધ એક બર્બર ગામલો છે અને જ્યારે બીજા માર્ગો ખુલ્લા હોય ત્યારે કોઇ ડાહ્યો માણસ એમાં પડશે જરુર નહીં. વળી યુદ્ધથી ન તો પુર્વ બંગાળના હીંદુઓ બચી શકે કે ન તો એમના સરણાર્થીઓના પુનર્વસવાટમાં મદદ મળે.

પાકીસ્તાનના હેતુની પ્રામાણીકતા વીશે બહુ વાતો થાય છે. બધી બાજુ થી પુછવામાં આવે છે: 'તેઓ કરારનો અમલ કરશે?' પરંતુ આપણે એનો અમલ કરીશું કે કેમ એ સવાલ પુછવાનું કોઇને સુજતું નથી. પશ્ચિમ બંગાળના લોકોનો મીજાજ અને ત્યાં નાં છાપાંઓનું વલણ જોતાં આવો બાલીશ સવાલ પુછી શકાય.

* * *

આપણે યાદ રાખીએ કે જો આપણે કરારનું પાલન કર્યું અને પાકીસ્તાને ન કર્યું તો એક ઉકેલ—લોહી દુઃખદ—રહે છે. પરંતુ આપણે બંને એના પાલનમાં નીષ્ફળ ગયા તો કોઇ પણ ઉકેલ રહેતો નથી. બંને બાજુ કોમી વાતાવરણ કોઇ તેમાં યુદ્ધ લગાવે તો એથી બંનેનો વીનાશ જ થાય. પરંતુ ભારત સંસ્કૃતીના સીદ્ધાંતોનો આદર કરીને અને માનવઅધિકારોને કબુલાતીને તે જ અધિકારો અને સીદ્ધાંતોના ક્રમસ વાસ્તે બળનો ઉપયોગ કરે એ જુદી વાત કહેવાય. આ બળ નું પરીણામ અનીષ્ટ અને પ્રત્યાઘાતી બળોના પરાજયમાં આવ્યા વિના રહે જ નહીં.

સમાજવાદી તરીકે હું હંમેશાં કોમ વાદનો શત્રુ રહ્યો છું. હું ગીતનો અને 'હિંદુરાષ્ટ્ર'ના સીદ્ધાંત અને બાબત. નો કટર વેરી હતો. હીંદુ, શીખ અને બીજા બધા કોમવાદનો હું શત્રુ હતો અને છું.

ગાંધીજીનું બલીદાન

પંજાબનાં રમખાણો વખતે એક વખત ગાંધીજીએ જે કહ્યું હતું તેની મારા ટીકાકારોને યાદ આપું. જ્યારે બળપુર્વક લોકોની જંગી હિજરત શરૂ થઇ ત્યારે ગાંધીજીએ તેની સામે પોતાનું દેહ બલીદાન ધીયું. તેમણે ગંભીરતાથી જાહેર કર્યું કે 'વસ્તીની ફેરબદલીને તેઓ કદી છેવટની સ્વીકારી શકે નહીં અને માણસો જુદા જુદા ધર્મ પાળે તે કારણથી તેઓ એક સાથે રહી શકે નહીં તે સીદ્ધાંત આગળ. તેઓ કદી પોતાનું મસ્તક નમાવે. તેમણે કહ્યું કે હીંદમાં એની પરીસ્થિતી પેદા કરવી જોઇએ કે જેથી હજ્જ લાખ

ભાગી ગયેલ દરેક મુસલમાન પોતાને ઘેર પાછો ફરે અને શાંતી અને ખોળા શુ રહે. અને વળી તેમણે કહ્યું કે પાકીસ્તાનમાં એવા જ સંજોગો નીર્માણ કરવા જોઇએ, જેથી દરેક હીંદુ અને શીખ પોતાને વતન પાછો ફરે અને ત્યાં માનભેર અને સુખેથી રહે.

અને પછી તેમણે બે થા વધુ ચેતવનારાં શબ્દો કહ્યા. તેમણે કહ્યું કે જો આપણે ભારતમાં આવી પરીસ્થિતિ પેદા કરવામાં સફળ થયા અને પાકીસ્તાન નીષ્ફળ ગયું તો એ મુદ્દા પર પાકીસ્તાન સામે લડી લેવા હું તૈયાર થઇશ. એ વાત રાખીએ કે ભારતમાં આવા સંજોગો નીર્માણ કરવાની જોડીસમાં રહેલા પોતાએ પોતાના પ્રાણનું બલીદાન આપ્યું.

સીદ્ધાંતની દ્રષ્ટિએ મારી દરખાસ્ત સોપીસ્ટ્સે જે ઉપર કહ્યું એનાથી બીન નથી. અલબત્ત એ વીષે કંઇ નથી કે મહાત્માજીને ખાતરી હતી કે જે માટે પોતે કામ કરતા હતા તે સંજોગો પેદા કરવામાં તેમને સફળતા મળી તો તેમની સફળતાનું નૈતિક બળ પાકીસ્તાન ઉપર વીજય મેળવત અને જે લાકોની તેમણે વાત કરી હતી તે લાવાની જરૂર ન રહેત. મારા જેવા નાના માણસો એ જ આશા સેવે.

પાકીસ્તાનના હીંદુઓ માટે આપણે જેવી માગણી કરીએ તેવા સંજોગો આપણે ભારતમાં મુસ્લિમો માટે પેદા કરવામાં નીષ્ફળ ગયા તો મારી દરખાસ્તોમાં 'બળના પગલાં'ને કોઇ અવકાશ નહોતો એ હકીકત યાદ રાખવી જોઇએ પરંતુ જો આપણે એવા સંજોગો પેદા કરી શકીએ અને પાકીસ્તાન એમ ન કરે અને કમાધાન ના બધા શાંતિના માર્ગોનો ઇન્કાર કરે તો નામરીક પ્રત્યેના તેના કર્તવ્ય નું પાલન કરાવવા માટે પાકીસ્તાનને પગલે દરજ્જ પાઠવાના ભારતના કાર્ય માં બીજા હીંદીઓની સાથે મુસલમાનો પણ સાથ આપે એવી મેં મારી દરખાસ્તમાં જરૂર અપેક્ષા કરી હતી.

પુનર્જોડાણ

છેવટમાં અખંડભારત વીષે બોલવા શબ્દો. હીંદુ કોમી વર્તુળોમાં હીંદ-પાકીસ્તાનના પુનર્જોડાણ વીષે પણ વાતો ચાલે છે. પરંતુ એ કારણ પટ ના છે કે આ લોકો એ સમજતા નથી કે તેમનાં કલેશોથી જ તેઓ તેમનો હેતુ મારી નાખે એવી દરેક વસ્તુ ઉત્પન્ન કરે છે. દેશના ભાગલા માટે મુસ્લિમ અને હીંદુ કોમવાદી યુદ્ધ થી જતી જોઇને જોડવાનું સ્વપ્ન સેવતો હોય તો એ સેખચલ્લીની સૃષ્ટિમાં વસે છે. પાકીસ્તાન અને ભારતના દસ કરોડ મુસ્લિમોને કદી બાનબરીથી તરવારને જોરે હીંદુસ્તાનના નાગરીક કરી શકાય નહીં.

પરંતુ કે દુનીયા એવી ચમત્કાર સર્જવા ઇચ્છે અને ભારતને એમાં વીજય મળે તોપણ એ વીજય એનો પરાજય બને, કારણ કે તો તેને દસ કરોડ બળવાખોરોને સંભાળવાના રહે, અને તેમને વીદેશના કરોડોનો ટેકો હોય. દસ કરોડ લોકોને ગુલામીમાં રાખવાનું કામ કોઇ પણ પ્રજાના માન બહારનું છે. અને હીંદ શા માટે કોઇને ગુલામીમાં રાખવા ઇચ્છે? બીજાને ગુલામ કરવા માટે શું આપણે મુક્તીમાંથી મુક્તિ મેળવી? મારા દેશબાંધવોનું હૃદય જો હું બરાબર સમજતો હોઉં તો મને લાગે છે કે આનો જવાબ બધા ભેગા તરફથી નકારમાં જ આવે.

લોકે જે કોઇક વીચીત્ર લાગશે પણ હું જે હરીયો ઓઢ થયેલા હીંદનું સ્વપ્ન સેવું છું. હું એવું સ્વપ્ન સેવું છું કારણ કે હું સમાજવાદી છું. હું એવું સ્વપ્ન સેવું છું કારણ કે હું એશીયાના સમુદ્રતંત્રનું અને છેવટે અખિલ જગતની સરકારનું સ્વપ્ન સેવું છું. પરંતુ અખિલ જગતની સરકાર અને હીંદુ સામ્રાજ્યવાદ વચ્ચે આસમાનજમીનનું અંતર છે.

ખબરપત્રો

પોર્ટ એલીઝાબેથના હિંદીઓનો વીજય

પોર્ટ એલીઝાબેથ એન્ડ યુટનહેજ પ્રોપર્ટી ઓનર્સ એન્ડ ટ્રેડર્સ એસોસીએશનની પોર્ટ એલીઝાબેથમાં હુંક સમયપર મળેલી સભામાં પસાર થયેલા ઠરાવની વીગત નીચે પ્રમાણે છે.

તા. ૨૧ મે ૧૯૫૦ ના ધારાસભા માં મી. એ. જુથમભે તરફથી પુછાયેલા પ્રશ્નના જવાબમાં કો. કોંગ્રીસે જણાવ્યું હતું કે ૧૯૪૧-૧૯૫૦ સુધીની મુદત દરમીયાન કેપ પ્રાંતમાં હીંદીઓએ પટ. ૬૫,૧૫,૧૭૮ ની કીંમતની પ્રોપર્ટી મેળવી હતી અને એટલીજ મુદત દરમીયાન બીન-એશીયાટીકોને માત્ર પા.૨૫,૬૦૦ ની કીંમતની પ્રોપર્ટી વેચી હતી.

જો હકીકત ચોટી અને ભયાનકારી છે. એવડા પોર્ટ એલીઝાબેથમાંજ અમે પુરવાર કરી આપી શકીએ છીએ કે હીંદીની માલીકીનો એકજ બ્લોક, જેની કીંમત પા ૧,૧૫,૦૦૦ ની હતી, તે ૧૯૪૬ ના જુનમાં એક યુરોપીયન કંપનીને વેચવામાં આવ્યો હતો. વધુ માં છેલ્લા દસ વર્ષમાં હલકો પાઉન્ડ ની કીંમતની પ્રોપર્ટી પોર્ટ એલીઝાબેથ માં હીંદીઓના હાથમાંથી યુરોપીયનના હાથમાં ગઇ છે. વધુમાં એવડા પોર્ટ એલીઝાબેથમાંજ મેન સ્ટ્રીટ, રસલ રોડ, પોર્ટર સ્ટ્રીટ, મીલ પાર્ક, નોર્થ એન્ડ વિગેરે સ્થળે એક વાર હીંદી માલીકીના અને હીંદીઓથી વસાયેલા હતા એમાંના કેટલાક હાલ પણ એ વસ્તુનો પુરાવો આપી રહ્યા છે.

કેપટાઉનના કરાર, જોહાનીસબર્ગ હીંદીઓને પશ્ચિમના વીસ્તારમાં ઉન્નતિ કરવાનું સ્પષ્ટ જણાવાયું છે અને હીંદીઓને હીંદ નહિ પણ સાઉથ આફ્રિકાને પોતાનું સ્થાયી વતન સમજવાનું અને સાઉથ આફ્રિકાના વીકાસમાં મદદ કરવાનું કહેવામાં આવેલું છે, તેના આધારે આ દેશમાંથી હીંદીઓ તરફથી ખાસ વીસાતની યુદી બહાર મોકલવામાં આવી નથી અને બીજા આયાત થયેલા વર્ગોની સાથે હીંદીઓએ પણ પોતાની આર્થીક તાકત અને સંજોગો અનુસાર સાઉથ આફ્રિકાના વીકાસમાં ફાળો આપેલો છે. અમારી જુહાની વસ્તી લોનાં અને મર્યાદિત સાધનો લોનાં અમારો એવો દૃઢ મત છે કે ગ્રુપ એરીયાઝ બીલ અવનતી કરનાર અને અનિષ્ટ બીલ છે, જેની સાઉથ આફ્રિકાપર ગુજારનારક અને લોહીમાં અબુરાજ અને અસંતોષ ફેલાવનારી અસર થશે.

ગાંધી ભારત વિદ્યાલય, (જોહાનીસબર્ગ)

તા. ૨૧-૫-૫૦ અને ૨૨-૫-૫૦ ને દિને ઓખી હોલમાં ગાંધી ભારત વિદ્યાલયનો વાર્ષીકોત્સવ ઉજવાયો હતો. રાજાને ગમતાં ગીતો, નરત્ય, સંવાદ, અભિનયગીતો વગેરેનો મનોરંજક કાર્ય ક્રમ રાખવામાં આવ્યો હતો. સમાજ નાં એક સભ્ય શ્રી. ગોપાલદાસ, શ્રી. વીરમગામે તેની પ્રશંસા કરી રાજાને પોંડ ૨૫ ની રકમ દાન કરી હતી જે સાભાર સ્વિકારવામાં આવી હતી.

ઉપલા કાર્યક્રમ ઉપરાંત પહેલે દિવસે રાજામાં સપ્તાહનું પોરણ પાસ કરનાર વિદ્યાર્થીઓને "રાજાન્ત પરીક્ષા" પાસ કર્યાના સર્ટીફીકેટો આપવામાં આવ્યાં હતાં. બીજે દિવસે મધ્ય વાર્ષીક પરીક્ષાઓ દરેક વર્ગમાં પહેલા અને બીજા નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવ્યાં હતાં

રાજાના પ્રીન્સીપાલે બાળકોના વાલીઓના સહકાર માટે તેઓની પ્રશંસા કરી રાજામાં શીખવવામાં આવતા વિષયોનું વિવેચન કરતાં કહ્યું કે રાજામાં ગુજરાતી, અંગ્રેજી, હિંદનાં ઇતીહાસ-ભૂગોળ, હીંદી, ધાર્મીક શીક્ષણ વગેરેનું શીક્ષણ આપવામાં આવે છે. તે ઉપરાંત રાજાની અનેક ઇતર પ્રવૃત્તિઓ બતાવી હતી. જેમાં, દર શુક્રવારે બાળકોને ફ્રીલ્મ બતાવવા માં આવે છે. દર રવીવારે પ્રાર્થના-આરતી વગેરે કર્યા બાદ બાળકોને કસરત, રમત, સંગીત વગેરે શીખવવા માં આવે છે. અને મોટા છોકરા ઓને ક્રીકેટ, ફુટબોલ વગેરે રમતો રમાડવા લઇ જવામાં આવે છે. તે ઉપરાંત રાજામાં ગેરમીન્ટન, ટેનીસ, ટેનીકોઇટ વગેરે રમતો પણ રમાડવામાં આવે છે. રાજામાં ક્રીકેટીંગ સોસાયટી પણ રાખી છે જેમાં બાળકો પોતે પીપણે પસંદ કરી તે પર રમ્યા કરે છે, વર્ષમાં બે વખત બાળકોને રાજાનાં બારમાં બહાર પીકનીક માટે પણ લઇ જવામાં આવે છે.

આ રાજાનાં સંચાલન માટે શ્રી સીવાય બીજી કંઇ આવક ન હોવાથી વાલીઓને તેમના બાળકોની ■ નીભાવ જરી દેવાની વીનંતી કરી હતી. પ્રત્ય તરફથી રાજાને રક્ષાબંધન વખતે પોંડ ૫૦૦, જેવું સારું દાન મળે છે તેની નોંધ લઇ પ્રીન્સીપાલે બધાનો આભાર માન્યો હતો.

અમે મુળથી જ કહેતા આવેલા છીએ કે આપણે કંઇ પણ ઉતાવળીયું પગલું નહિ લેવું જોઇએ; લોકોની લાગણીઓ ઉશ્કેરવી નહિ જોઇએ; જે કંઇ પણ પગલું ભરાય તે ઉંડા વીચાર કર્યા બાદ અને તેના પરિણામો પુરાં સમજ્યા બાદ અને જે લોકોને તેમાં સંડોવવામાં આવે તેઓને તેની પુરેપુરી સમજ પાડવામાં આવ્યા બાદ લેવાવું જોઇએ, અને એક વખત પગલું લેવાયા બાદ તેમાંથી પાછા ફરી નજ શકાય. તેમ કરવામાં જે આપણે નિષ્ફળ નીવડેલા હોઇએ તો, અમારે સખેદ જણાવવું જોઇએ કે, એ નેતાગીરીની ખામી સુચવે છે, અને વીરોધ દીનની સફળતાની ખુશાલી વ્યક્ત કરવાને બદલે આપણે તેની નીષ્ફળતાનો અને તે સાથે નેતાધીરીમાં આપણી નાદારીનો ખેદ કરવો જોઇએ. હાલ કરી રહ્યા છીએ એ રીતે તો આપણા સવાલનું હિત થવાને બદલે અહિત થશે.

તયારી વિના સામુદાયિક લડત ચલાવવાનો પ્રયત્ન કરવો અને નોન-યુરોપીયન યુનાઇટેડ ફ્રન્ટની વાતો કરવી એ, અમે ફરીથી કહીએ કે, ગેરવ્યાજબીપણાભરેલું છે. આ પણા પોતાના જ લોકોને આપણે દોરી નહિ શકતા હોઇએ ત્યાં સઘળા બીન-યુરોપીયનોની સામુદાયીક લડત ચલાવવાનો આપણે પ્રયત્ન નહિ કરવો જોઇએ. આ પણા પોતાના લોકોને આપણે દોરી નથી શકતા એ આપણી નેતાગીરીની ખામી સુચવે છે. તેનો દોષ બીજા કોઇનો નથી પરંતુ નેતાઓનો જ છે, અને તેઓએ પોતાની ખામીઓ દુર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ખરો ભોગ નેતાઓએ જ આપવાનો છે. આપણી સામે આરોપ મુકવામાં આવે છે કે આપણા ગરીબ વર્ગના લોકોને આપણે ઢોળીનું નાવીયર બનાવીએ છીએ. એ આરોપ મુકવાની પાછળ હેતુ ભલે ગમે તે હોય છતાં તેને વજુદ વગરનો ગણી કાઢી નહિ શકાય. કોમના આગેવાન લોકો અને જીવનનાં સુખસગવડો ભોગવવાને ટેવાયેલા લોકો, જો શારિરિક દુઃખો અને આર્થીક નુકસાનીઓ ભોગવવાને ગરીબ વર્ગના લોકોપર આધાર રાખતા હોય અને તેઓ જાતે એ ભોગો આપવા તયાર ન હોય તો એ આરોપ ખરો ગણાય.

આપણા ભુતકાળના ઇતિહાસ માંથી આપણે ઘણું શીખવાનું છે. ૧૯૧૩ની હીંદી મજુરોની ઐતિહાસીક હડતાળ આપો આપ જ પડી હતી. તેને માટે બહોળો પ્રચાર કરવાની જરૂર નહોતી પડી. પોતાના માનનીય નેતાઓ જેલમાં સબડતા હતા એટલી હકીકતજ તેઓને કામ છોડી દેવાને પ્રોત્સાહીત કર્યા હતા, અને અગત્યના કામોને હરકત નહિ કરવાને તેઓને મનાવવા સત્તાધીશોને નેતાઓને વીનંતી કરવી પડી હતી અને નેતાઓની હાકલ ને લોકોએ તુરત જ માન આપ્યું હતું. એ જાતની ચારિત્રવાન નેતાગીરીના આપણને આજે જરૂર છે જેની, અમે કહેવાની હીમત કરીએ છીએ કે, આપણામાં આજે ખોટ છે.

આપણે જેઓ સત્યાગ્રહના સિદ્ધાંતોને અનુસરવાનો દાવો કરીએ છીએ તેઓ યા તો એ સિદ્ધાંતો સમજતા નથી અથવા તો આપણી જાતને, આપણા લોકોને અને સરકાર, કે જેની સામે આપણે લડી રહ્યા છીએ તેને પ્રમાણીક નથી. સત્યાગ્રહમાં અસત્ય, દંભ કે તિરસ્કારને સ્થાન નથી. શું આપણે ખાત્રીથી કહી શકીએ છીએ કે એ સઘળાની આપણે સંપુર્ણપણે અથવા તો

સારા પ્રમાણમાં પર છીએ? આપણી પ્રવૃત્તિઓમાં કદાચ ઘણી વખત આપણે તેને વશ થઈએ છીએ એ વસ્તુનો આપણે સત્ય પણે ઈન્કાર કરી નથી શકતા. તેને માટે સતત જાગૃત રહેવું પડે છે અને સતત અંતરખોજ કરતા રહેવું પડે છે. નૈતિક શાસ્ત્રથી સજ્જ થવાનો અને આ પણા જીવનમાંથી ભુલાઈ ગયેલી વસ્તુ-ઈશ્વર-જેની સત્ય, ન્યાય અને શાંતીની આપણી અતિ મુશ્કેલ લડતમાં કદી નહિ હતી તેવી આજે જરૂર છે. ફરી પ્રાપ્ત કરવાનો એજ ખરો માર્ગ છે. બેકારી અને આર્થીક મુશ્કેલી એ આપણી ચીંતાનો વીષય નહિ હોવો જોઈએ, આપણા વર્ણના કારણે કાયદામાં એક હલકી પ્રજા તરીકે ની આપણી ઉપર છાપ મારવા માં આવે અને આપણને ગુલામી માં રાખવામાં આવે એ આપણે સહી લેવા તઈયાર છીએ કે માનવ વ્યક્તાંત્ર્ય, જે માનવી માત્રનો જન્મસિદ્ધ હક્ક છે, તેને ખાતર આપણો જાન કુરબાન કરવા તઈયાર છીએ? એજ આપણી ખરી ચીંતાનો વીષય હોવો જોઈએ.

નોંધ

જનરલ સ્મટસ ફરી સાજાતાજા

જનરલ સ્મટસની તંદુરસ્તીના ફેલ્લા ખબર છે કે તેઓ ફરી સાજા તાજા થઈ ગયા છે. આ ખબરથી સમસ્ત દેશમાં સંતોષ ફેલાશે. કુદરતની અજબ ઘટના છે કે જ્યારે આ દેશનું આખું સ્વરૂપ બદલી નાખનારા પાર્લામેન્ટ સમક્ષ, લાવવામાં આવેલા કાયદાપર તેમના વીચારો દર્શાવવા એ બહુજ અગત્યનું હતું અને તે જાણવાનેજ યશ પડત તેજ ઘડીએ તેઓ એટલા ગંભીર રીતે બીમાર પડી ગયા અને જેવા ત્રીજા વીશ્વવીગ્રહના નમારાં સંભળાવા લાગ્યાં છે તેવાજ તેઓ ફરી સાજાતાજા થઈ ગયા છે. જનરલ સ્મટસ મહાન મહાનેપા અને સેનાપતિ છે અને કદાચ એ જુસ્સાજોજ તેમને ફરી ઉભા કરી દીધા હશે. ઇશ્વર તેમને ઠીર્ઘાયુ કરે એજ અમારી પ્રાર્થના અને પ્રાર્થના છે.

વીરોધ દિનપર ડૉ. મોરાદા

આદિકન નેશનલ કોંગ્રેસના પ્રમુખ ડૉ. એ. એસ. મોરાદા જુન તા. ૨૬ મીનો વીરોધ દિન પાળવામાં ભાગ લેનાર સઘળાઓનો આભાર માનતી નીવેદન કરતાં જણાવે છે કે વીરોધ દિનની સાબળતાથી બીન-યુરોપીયનોને સંતોષ થયો છે. કે બધા લોકો જોઓએ તેમાં ભાગ લેવાનો ધરાકો રાખ્યો હતો તેઓએ સરકાર ની ધમકીઓ આપનારી વાત બાજુએ મુકી ભાઈ વાલ્યું હતું. સરકાર તરફથી લોકોને પોતાની નોકરીઓ ગુમાવી જેવાની ધમકી આપવામાં આવી હતી અને સત્તાધારી નેટીવો સરકારની એ ધમકીઓમાં સામેલ થયા હતા. પીરામાં ભલે ગમે તે કહેવાયું હોય પરંતુ બીન-યુરોપીયનોને વીરોધ દિનની સાબળતાથી સંતોષ થયો છે અને સાહિત્ય આદિકાને તેમજ બહાર ની દુનીયાને તેઓએ બતાવી આપેલું છે કે એક ન્યાયના સવાલ પર જો તેઓ એકસંપ થઈ ઉભા રહે તો શું કરી શકે. વીરોધના સઘળાં અન્ય પગલાં નીષ્ફળ નીવડયા પછીજ તેઓ એ આ પગલું લીધું હતું. તેઓને લાગ્યું કે એજ-આપા સરકાર સમજી શકે તેમ છે. બધુમાં ડૉ. મોરાદાએ જણાવ્યું કે કામદો અને સુબ્બરથાને માટેનું અમારું માન અમે કંઈ અમુક ખાસ પ્રસંગોએજ બતાવતા નથી. અમારા સ્વભાવમાંજ એ રહેલું છે અને પરદેશથી આવનારાઓએ પણ અમારે ત્યાં કરતાં એ વસ્તુનો ઉલ્લેખ કરેલો છે પરંતુ જ્યાં કાયદા જ એવા હોય કે જે તળે થઈ શકાય તેમ નહિ હોય, ત્યાં તેના ઉલ્લંઘનની વાતજ શી કરવાની હોય. ન્યાય અને અલ્લાહ-સાહને આહનારા અમે સૌ બાબીઓમાં આજના કરતાં પણ વધારે સંગઠીત થઈશું.

વસ્તીનું રજીસ્ટર

યુનીયન પાર્લામેન્ટે પસાર કરેલા પોપ્યુલેશન રેજીસ્ટ્રેશન એકટની રૂએ યુનીયનની આખી વસ્તીનું રજીસ્ટર કરવા અગાઉ એક માર્ગદર્શક રજીસ્ટર તૈયાર કરવા વસતી ગણતરીની ઓફીસ તરફથી સરકારી નોકરોપર ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ ફોર્મો મોકલવાં શરૂ કર્યા છે. આ અગતરા તરીકેનું રજીસ્ટર કરવાનો હેતુ રજીસ્ટ્રેશન કરનારા અમલદારોને તેનું યોગ્યનાનો કંઈક અનુભવ આપવાનો છે. પોપ્યુલેશન રેજીસ્ટ્રેશન એકટની રૂએ વસતીના રજીસ્ટર માટે જરૂરી માહીતી આવતાં વર્ષના સેનસસ ફોર્મોમાંથી મેળવવામાં આવશે. પાંચવર્ષી સેન્સસ નો વખત આવતા મે માસમાં થાય છે જ્યારે નેટીવ વસતીનું પણ સેન્સસ લેવામાં આવશે.

માર્ગદર્શક યોજનાને માટે સરકારી નોકરો અને સાર્વજ આદિકન વેલફેરના પગારદાર સ્ટાફને પ્રસંદ કરવામાં આ વા છે. એ રજીસ્ટરમાં 'સરકારી નોકરો અને તેઓના કુટુમ્બોનો સમાવેશ થશે પરંતુ નેટીવોનો તેમાં સમાવેશ નહિ થાય. દરેક ગોરા, એશીયાટીક અને કલર્ડ કે આજે વખત સરકારી નોકરીમાં હશે તેનો સમાવેશ થશે. કુટુમ્બોની જાણકારીના ફેરમોમાં ભરીયાર સવાલો પુછવામાં આવ્યા છે. નામ, કુટુમ્બના વડા સાથે નું સમપણ, જાતી, લીંગ, જન્મ ની તારીખ, ઉમર (વર્ષ અને મહિનો), વીવાહિત કે અવીવાહિત, જન્મસ્થળ, સાક્ષિય આદિકામાં જન્મેલ નહિ હોય તો યુનીયનમાં કયારે આવ્યા, હાલ કયા દેશના વતની છે અથવા કયા દેશનું નાગરીકત્વ ધરાવે છે અને સામાન્ય રહેઠાણ ક્યાં છે.

સીટી કાઉન્સીલ અને હીંદીઓ

'ના'ટાલ મરકયુરી' જુલાઈ તા. ૫ મીના અંકમાં નીચે પ્રમાણે લખે છે:

સોમવારે ડરબન સીટી કાઉન્સીલે ૨૧ વર્ષની અને તેની ઉપરની વયના પાંચ વર્ષની અથવા એથી ઓછી મુદતની નોકરી કરનારા ઈન્ડીયનોની નોકરો, જેઓ વીરોધ દિને કામ પર નહોતા ગયા, તેઓને નોકરી પર થી કાઢી મુકવાનો ઠરાવ કર્યો છે. જુન તા. ૨૬ મીના કામ પર નહિ ગયેલા મોટા ભાગના લોકો હીંદીઓ હોવાથી કાઉન્સીલરોએ તેઓની નોકરી ની મુદત પુરી થયે તેઓની જગ્યાએ નેટીવોને રાખવાની નીતી અખત્યાર કરવાનું રિવકાર્યું છે. અગાઉના કામો પડી ભાંગતા અટકાવવાને અથવા પોતાની સત્તાને નોકરો તરફથી માન આપવામાં આવે તેની 'ખાત્રી રાખવા સીટી કાઉન્સીલને હિસ્સના પગારો લેવાનો હક્ક છે તેની કોઇથી ના નહિ કહી શકાય. વળી ડરબનના મેયરે કહ્યું તેમ, "હીંદીઓ ડરબનપર સત્તા ન ચલાવે" તેને માટે જરૂરી પગલાં લેવાની જરૂર છે, એવા કાઉન્સીલરોના મતને પણ ગોરા પ્રજામતનો મોટા પ્રમાણમાં ટેકો મળશે. એવો તાત્કાલીક બચાવ જો હોય તો કાઉન્સીલરોની વરણી જોરદાર વાજબી ઠરાવાય. પોતાના નોકરીના કલાકો દરમીયાન રાજકીય ચળવળ થતી અટકાવવાના પગલાં લેવાનો પણ કાઉન્સીલને દેખીતી રીતે હક્ક છે. પરંતુ જો તે એ પગલું લે તો તેણે તેનો અમલ સામાન્ય રીતે કરવો જોઇએ, અમુક વર્ગનાજ લોકોપર નહિ. એ બાબતમાં તેની સત્યનીષ્ઠા અને નીષ્પક્ષપાતની પરિક્ષા કરવા ખાતર કાઉન્સીલરોએ પોતાને જ એક સારો પ્રશ્ન પુછવો જોઇએ: દાખલા તરીકે, નેટાલીસ્ટો તરફથી આ દેશનું બંધારણ ઘડવાની પાર્લામેન્ટ પ્રયત્ન થાય તો તેની સામે ગોરા નાગરીકો તરફથી જાહેર કરવામાં આવેલા વીરોધ દિનમાં જો, બ્રીટીશ ઈન્ડીયનો યુરોપીયન નોકરો, સામેલ નહિ થવાની અગાઉથી ચેતવણી આપવામાં આવ્યા છતાં પણ સામેલ થાય, તો તેઓ શું કરે? આ સહેલાઇથી બની શકે એવી વસ્તુ છે. તો શું પાંચ વર્ષની અંદરની, મુદતના પોતાના યુરોપીયન નોકરોને પણ તેઓ કાઢી મુકશે. ખરા? તેમ કરે તેવો સંભવ લોકો ઘણો ઓછો છે, પરંતુ બારો કે કદાચ કરે તો અદાલતી ચુંટણીમાં આખી સીટી કાઉન્સીલનજ બદલાઇ જવાનો ઘણો સંભવ રહે! પ્રજાના નેતાઓ આ પ્રશ્નોને અનુકુળ તાને બદલ સિદ્ધાંતનો ત્યાગ કરી દે છે અને લોકો લોકો વચ્ચે ભેદ પાડે છે, એજ આ દેશમાં ભાતી ભાતી વચ્ચે અશાંતીનું કારણ છે.

કાઉન્સીલ બળી કરીને બેકારીઓ નો સંબ હલો કરી રહી છે, જેને આખરે પ્રજાએજ ભોગવવો પડશે, એ હકીકત ઉપરાંત, કામ અટકાવી દેવાને માટે જેઓ મુળ જવાબદાર હતા તેઓનેજ સજા મર્યાદિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી. તેને બદલે ધમકીઓનો ખરો ભય હોવા છતાં જુન તા. ૨૬ મીએ કામે નહિ ગયેલા હાનીકારક સઘળાને, અપવાદ સીવાય, નોકરીપરથી બરતરીની નોટીસો આપવામાં આવનાર છે. સજાની જરૂર જ હોય તો જરૂરજ રહેવા સઘળા બીન-યુરોપીયનોનો એક વિશ્વ નો પગાર કાપી લેવો જોઇએ. આ રીતે તો સીટી કાઉન્સીલ ડરબન માં રાજકીયદૃષ્ટીની ગાઢતી આવેલી સુંદર પ્રથાની પીઠ જાય આ પ્રસંગે વધારે પડતી કડકાઈ બતાવી રહી હોવા માટે ટીકાને પાત્ર થઇ પડશે.

નાટાલ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીસ

નાટાલ ચેમ્બર ઓફ ઇન્ડસ્ટ્રીઝ ના એ. પેપરકોર્ન, અખબારને મુલાકાત આપતાં જણાવ્યું હતું કે વીરોધ દીન ના કામે નહિ ગયેલા અમુક હીંદીઓને નોકરી પરથી કાઢી મુકવાના કાઉન્સીલ ના ઠરાવની તેમની ચેમ્બરે ચર્ચા કરી હતી અને સીએ પણ કાઉન્સીલરોએ બતાવેલી ભાતી દેખાતી સામગ્રીને વખોડી કાઢી હતી. તેમણે કહ્યું: "અમારામાંના કેટલાકને લાગ્યું હતું કે કાઉન્સીલે વધારેજ કડકાઈ વાપરેલી છે અને જો યુરોપીયન નોકરો - સંડોવાયા હોત તો તેઓએ આવું પગલું લેવાની હિમ્મત નહિ કરી હોત.

"હુંડી તત્વોને ડરબનપર રાજ ચલાવવા દેનાર નથી" જુન તા. ૨૬ મીના વીરોધ દીને ગેર હાજર રહેલા અમુક હીંદીઓને નોકરીપરથી કાઢી મુકવાનો ઠરાવ કરવા ડરબન સીટી કાઉન્સીલની ગયા સોમવારે મળેલી સભામાં ડરબનના મેયર કાઉન્સીલર કેન કલાર્ક આ શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમણે વધુમાં કહ્યું: "અહે હિંદથી આ વેલા એક અખર વાંચ્યા છે કે હિંદીઓ આઝીકાના પુર્વ બાગના સમુદનો કબજો લેવા માંગે છે. અને આ સાંભા ગાળાની યોજનામાં ડરબનનો પણ સમાવેશ થાય છે એમ અને લાગ્યા વિના રહેતું નથી. કોળીનું નાળીયર બનાવવામાં આવેલા કેટલાક નીદોષ લોકોને દુઃખી થવું પડે એ કમનસીબી છે."

કાઉન્સીલના ઠરાવની અસર એ થશે કે ૨૧ અને એથી ઉપરની વયના બીન-યુરોપીયન નોકરો જેઓએ પાંચ વર્ષ અને એથી ઓછી મુદતની નોકરી કરેલી છે તેઓમાંના જે વીરોધ દીને ગેરહાજર રહ્યા હતા તેઓને નોકરી પરથી કાઢી મુકવામાં આવશે. એ સીવાયના જે ગેરહાજર રહ્યા હશે તેઓને સખત ધમકી આપવામાં આવશે અને એક દિવસનો પગાર કાપી લેવામાં આવશે.

મોટા ભાગના નેટીવો કામપર પાછા ફોવાથી કાઉન્સીલે વધુમાં એવો ઠરાવ કર્યો છે કે હીંદીઓની નોકરીની મુદત પુરી થતાં તેઓની જગ્યાએ નેટીવોને બેસાડવામાં આવે.

વીરોધ દીનનાં હીંદીઓએ લીધેલા ભાગ વીશે કાઉન્સીલરોએ સખત વીચારો દર્શાવ્યા હતા.

ડેપ્યુટી મેયર મીસીસ એ. એમ. જી. મેથ્યુએ સુચના કરી હતી કે આ બાબતપર ફરી વીચાર થવો જોઇએ. કેટલાક પ્રમાણમાં ધમકીઓ આપવામાં આવી હતી. છતાં કામે ન આવ્યા તેથી સખત પગલાં લેવાવાં જોઇએ પરંતુ નોકરી પરથી કાઢી મુકવા એ અન્યાય ગણાય. એથી સજાથી બચવાને ગેરી હાકમારી જોવવી પડશે.

કાઉન્સીલર એમ. રબનીપર મારસને કહ્યું: "સૌથી વધારે મજુરો રાજ્ય નારાજીમાં ડરબન સીટી કાઉન્સીલ એક છે અને તેણે આ બાબતને ગંભીર તાથી ધ્યાન દેવું જોઇએ. જો પ્રાર્થના ને માટે જ રાષ્ટ્રિય દીન પાળવો હતો તો રવીવાર શું ખોટો હતો. કેટલાંક અગત્યનાં કામો અટકી પડ્યાં હતા. હિંદી નોકરોને ખબર હોવીજ જોઇએ કે તેઓ શું કરી રહ્યાં હતાં. તેઓને સો ટકા પોલીસના રક્ષણની ખબર હતી, તેમ છતાં તેઓએ પોતાના રાજ દ્રોહ નેતાઓનું માન્યું અને ઘેર રહ્યા. આપણે હક રીતે તેઓને જતાવી આપવું જોઇએ કે અમારા ઘરમાં અમે માલીક છીએ.

વીરોધ દિને ગેરહાજર રહેલાઓપર વાળવા માં આવી રહેલું વેર

મેયરે લીધેલી દુરમની બરેલી વલણ

હિંદી નોકરોની એસોસીએશનના સેક્રેટરીએ હિંદીઓ નોકરીપર નહિ ચઢવા તેને માટે મ્યુનીસીપાલીટીના એક અમલદારનો વાંક કાઢવાનો પ્રયત્ન કર્યો હતો. કાઉન્સીલર જે લેન્ટને કહ્યું: જે બન્યું હતું એથી આ તદ્દન ઉલટી જ વાત છે. આપણે આપણા ખાતાં ઓના મુખીઓને ટેકો આપવો જ જોઇએ. આ તો યુરોપીયન કોમ ઉપર રીસ્પેક્ટેરી કરવા જેવું છે અને હું તે સાંખવા તયાર નથી.

કાઉન્સીલર ઈ. એસ્ટકોર્ટ એલેક કહ્યું: શાંત હતું. ધમકીથી હીંદીઓ કામે નહોતા ગયા એ વાત હું માની શકતો નથી, સાડા આઠ વાગે જ્યારે ગેરહાજર પોલીસોથી ભરેલું હતું ત્યારે પણ તેઓ કામપર નહિ ગયા. આપણા અમલ દારોએ ચિસ્ત જાળવવાની છે અને અમુક નોકરોને નોકરીપરથી કાઢી મુકવાની તેઓની બજામણીને આપણે ટેકો આપવો જ જોઇએ.

કાઉન્સીલર એ. એસ. રેમ્બીનસને કહ્યું: જેટલા ગેરહાજર રહ્યા હતા તે સઘળાને નોકરીપરથી કાઢી મુકવા

બહેરા કાનપર પડેલી અપીલ

ડરબનના પ્રતિષ્ઠિત યુરોપીયન નાગરીકોની સહીઓ સાથે નીચેનો પત્ર સોમવાર જુલાઈ તા. ૩ જીના 'નાટાલ મરકયુરી'માં પ્રસિદ્ધ થયો હતો:

સાહેબ,—એવા અખર પ્રસિદ્ધ થયા છે કે જુન તા. ૨૬ મીના પ્રાર્થના અને સોગના દિને જે નોકરો નોકરીપરથી ગેરહાજર રહ્યા હતા. તેઓમાં ના કેટલાકને નોકરીપરથી કાઢી મુકવાનો ડરબન સીટી કાઉન્સીલ તથા બીન-યુરોપીયન મજુરો રાખનારા અન્ય માલીકો વીચાર કરી રહ્યાં છે. કમનસીબે કેટલાંક માલીકો તો એ પગલું ભર્યું પણ ચુકેલા છે.

અમે જણાવવા ઇચ્છીએ છીએ કે તે દીવસે લેવામેલું પગલું સીધું માલીકો વીરૂદ્ધ હતાશા પાડવાને નથીજ લેવાયું પરંતુ : વા કાયદાઓ સામે વીરોધ દર્શાવવા લેવાયું હતું જે કાયદાઓ વતનમાં બીન-યુરોપીયનોને કરો અયોગ્ય નહોતો.

ગયા સોમવારે બીન-યુરોપીયનોએ લીધેલાં પગલાંનું ખરા બોટાપણું અમે તે હોય પરંતુ એક માણસનું રોજનું સાધન છીનવી લેવું અને ઘણા દાખલાઓમાં બરબાર બીનાનો કરી ગુજરો એ ઘણું આકરું પગલું ગણાય જે ખ્રીસ્તી ધર્મમાં ઉદારતા ગણાય છે તેને અનુસાર ગણી નહિ શકાય.

માલીકોને તેઓના એ પગલાંને ફરિ વીચારણા અમે વીનવીએ છીએ, કેમકે, અમને લાગે છે કે આ વેળાએ ક્ષમા આપવાથી માલીકો અને જેઓ પોતાની રોજી માટે તેઓ પર આધાર રાખી રહ્યા છે તેઓ વચ્ચે સદ્‌ભાવના વધશે જેટલું જ નહિ પરંતુ ખતી જતી વચ્ચેની ઉશ્કેરાયલી લાગણી પણ શાંત પડશે. (સહીઓ) ડો. મેળજ પામ્બર; ટી. જે. વી. હનમેન (ડરબનના આર્ચડીકન એમ. એ. કેનીન, બી. એ., પ્રો. હેન્સી પોલક; ડો. બી. એમ. નારણભ; હમદી લોન્સ; રેમન્ડ આરડી; રેવ. કમલ્યુ. આર. એવન્સ પ્રેટ. જે. ટી. કીજ; ઇ. પી. રીમ, બી એ.; રેવ. એ. જે. વેરહર્ન; એસ. એમ. વેાલ્શી; વી. હનકીન, એમ. એ.; પ્રો. આર. જે. રેનોલ્સ; એ. વી. એલેન્સ; એચ. એમ. મેકડોનલ્ડ, એમ. એ.; મારજરી હસ્લેમીંગ; રેવ. કમલ્યુ. વોરમીંગટન; ઇ. પી. રીમ, એમ. એસ. સી.; ડો. ટી. કમલ્યુ. રેનોલ્સ.

આ બાબતપર ફરિ વીચાર થવો જોઇએ કેમકે એકજ વર્ગને સખ્ત બોગવવી પડે છે. કુંકી મુદત થયા નોકરી કરનારાઓ લાંબી મુદત થયાં નોકરી કરનારાઓથી દોરવાય એ દેખીતી વસ્તુ છે. લાંબી મુદતની નોકરી કરનારાઓ જ બરી રીતે વધારે દોષિત છે. આપણે સખત પગલું લેવું જોઇએ પણ તે ઠપ કાથી પર દોરવું જોઇએ.

કાઉન્સીલર આર. એ. કારટ્રેએ કહ્યું: હું વીરોધ દીને બપોરે બે વાગે ડરબનના રસ્તાપર ફરતા હતા. ખુબ જોયું. તેઓને રક્ષણ આપવામાં આવ્યું હતું પરંતુ તેઓને કામપર લઇ જવામાં આવે તો પણ તેઓ કામ કરવા તયાર નહોતા. અંતમાં તેમણે નેટીવની વાત ટાંકી કહ્યું "હિંદીઓ અમને ઉતરવાનો પ્રયત્ન કર્યો હતો. કતલ ખાનામાં બકરાના જેવો તે અમારી સ્થિતિ કરવા માંગતો હતો."

મ્યુનીસીપલ અમલદારનો વાંક

ડરબન ઇન્ડિઅન મ્યુનીસીપલ એમપ્લોયીઝ સોસાયટી જે સીટી કાઉન્સીલ ના ૨૪૦૦ હિંદી નોકરોની સંસ્થા છે તેણે, અમુક નોકરોને કાઢી મુકવાની ફાયનેન્સ કમીટીએ કરેલી ભલામણના સંબંધમાં ટાઇન કલાર્કને જવાબ આપ્યો હતો કે જુન તા. ૨૬ મીએ તેઓ કામપર નાદ થયા તેનું કારણ રાજકીય નહોતું પણ મ્યુનીસીપાલીટી ના એક અમલદારની વલણને લીધે તેઓ કામે નહોતા ગયા. સોસાયટીએ જણાવ્યું કે મ્યુનીસીપલ અમલદારની વલણના કારણે સોસાયટીના સેક્રેટરીને સેન્ટ્રલ રોડ પોલીસ સ્ટેશને લઇ જવા માં આવ્યા હતા. સોસાયટીએ કોઇ પણ નોકરને કામે નહિ જવાનું ઉશ્કેરણ આપ્યું નહોતું. સેક્રેટરીએ વીરોધ દીન ના આગલા દીવસે (રવીવારે) નોકરોને ખાત્રી આપી હતી કે તેઓને પુરતું રક્ષણ આપવામાં આવશે.

તેઓએ કહ્યું હતું કે તેઓ કામપર જવા ખુશી હતા અને રાજકીય પ્રચાર ની તેઓ પરવા કરતા નહોતા. પરંતુ સફાઇ કામ કરનારાઓને ખુલ્લા રસ્તા પર કામ કરવાનું હોઇ તેઓને પોતા ના જીવનો ડર હતો.

વીરોધ દિનના બનાવો વીષે સોસાયટીએ જણાવ્યું હતું કે: અમારા સેક્રેટરી મેગેઝીન બેરેકસમાં મ્યુનીસીપલ અમલદાર પાસે માણસોને કામે જવાનું ઉશ્કેરણ આપવામાં તેને મદદ કરવા ગયા હતા. તે કશો પણ સુધરા કરી શકે તે પહેલાં તેને બેરેકસમાંથી નીકળી જવાનો હુકમ કરવામાં આવ્યો અને પોલીસને બોલાવવામાં આવી અને તેમ ને સેન્ટ્રલ રોડ પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યા.

'આ અતિ કમનસીબ બનાવથી લોકો ની લાગણી દુભાઇ અને આ બનાવ નહિ બનવા પામ્યો હોત તો મેગેઝીન બેરેકસનો એક એક માણસ કામે ગયો હોત.

સોસાયટીએ સીટી કાઉન્સીલને કંઇ પણ ઠરાવ પર આવે તે પહેલાં સોસાયટીના પ્રતિનિધીઓને મુલાકાત આપવા વીનંતી કરી હતી.

હીંદીઓમાં ગંભીર બેકારી

'નાટાલ ડેલી ન્યુઝ' લખે છે કે હિંદીઓમાં બેકારી ઘણી ગંભીર છે અને ડરબન સીટી કાઉન્સીલના ઠરાવ થી તેમાં વધારો થશે.

આજે ડરબનના કીનીજનલ ઇન્સપેક્ટર ઓફ લેબરના દફતરપર ૩૦૦૦ હીંદી બેકારો નોંધાયા છે. જ્યારે હીંદી ઓ તો બેકાર થયા બાદ પોતાના નામો નોંધાવતા નથી. ડરબન બેકલા માંજ બેકારોનો બીન સતાવાર આંકડો ૮૦૦૦નો થાય છે.

આવતા માસમાં હીંદી બેકારોના આંકડા વધી જશે કેમકે સીટી કાઉન્સીલ ઉપરાંત ડરબનની ઓછામાં ઓછી ત્રણ પેઢીઓએ વીરોધ દીને ગેરહાજર રહેલા નોકરોને કાઢી મુકાયા છે. એક રોયલરોડ પેઢીએ ૭૫, એક જોન્સ્ટનની

ચેટાઓ ૧૭૦ અને બીજી જોહન્સની ચેટીએ ૨૭ ને કાઢી મુકયા છે.

હૉંદીઓની જગ્યાએ નેટીવોને રાખવાનો વીચાર કરવામાં કરબન સીટી કાઉન્સીલ પુરુ પાડ વધી રહેલી સામાન્ય નીતીને અનુસરી રહી છે, આંકડા ઓ બતાવે છે કે કેટલાક ગોટા ઉદ્યોગો જે હૉંદી મજુરી પર આધાર રાખતાં હતાં અને હડતાળો અને તકરારોથી તેઓના કામમાં હરકત આવ્યા કરતી હતી તેઓ એક સામટા અથવા કમે કમે નેટીવોને રાખવા લાગ્યાં હતા.

કરબનના મજુરીના એક સલાહકારે ટેલી ન્યુઝને જણાવ્યું હતું કે કરબન ના માલીકો હૉંદીઓને નોકરી પર રાખતાં સંકોચાય છે કેમકે તેઓ પોતા ના કામની સામે કરો સબંધ નહિ ધરાવતી હોય એવી બાબતોમાં સંડો વાય છે. ૧૯૪૬ ની સત્યાગ્રહની હડતાળ અને છેલ્લી વીરોધ દીનની હડતાળ તેનો દાખલો છે. આ દેખાવોમાં ભાગ લેનારાઓની દરિયાફત એવી છે કે જે પત્રકારોમાં વધારો કરવાથી કે નોકરીની રચીતિમાં સુધારો કરવાથી દુર થાય તેવી નથી. વધારે જવાબદાર નેતાઓને કરબનમાં હૉંદી બેકારોની સંખ્યા વધી જવાની ધાસ્તી લાગી રહી છે.

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ વિષે વધુ

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ભાગ નહિ લેવાના પોતાના નીર્ણયપર પ્રીટોરીયા સાથે હૉંદ સરકારને પસ્તાવા જેવા કારની વધુ વીગતો લંડનની હૉંદના હાઇ કમીશનરની ઓફીસ તરફથી બહાર પાડવામાં આવી હતી. સા. આ. ની સરકારે જણાવ્યું હતું કે સર એરીયાઝ બીશનું સુચન જાન્યુઆરી ના. ૨૦ બીજો પાર્લામેન્ટમાં તજજ્ઞપરથી પસંદ કરવામાં આવ્યું હતું અને તેનો હેવાલ સભળા અખબારોમાં પ્રસિદ્ધ થયો હતો.

હૉંદ સરકારે જણાવ્યું હતું કે તેનું ધ્યાન ગે બાબત તરફ બેંચવામાં આ વ્યું નહોતું તેવા જ બીજા કારણો હતાં જેની હકીકતો તેને અગાઉથી ખબર હતી એવી દલીલનો તે ઇન્કાર કરે છે. હૉંદ કરેલા છેલ્લાં નીવેદનની વીગત એ પણ જણાવે છે કે મુનીયન સરકારે એવું સુચવ્યું હતું કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ સપ્ટેમ્બર તા. ૧૫ અને નવેમ્બર તા. ૧૫ ના વચગાળામાં ભરવી જોઇએ. મુનીયન સરકાર સર એરીયાઝ બીશનો અભિપ્રાય ડીસેમ્બર પહેલાં થાય એવું માનતી નથી.

મુનીયન સરકારે રજુ કરેલા અમુક મુદ્દાઓનો જવાબ આપતાં હૉંદ સરકારે પોતાનાં છેલ્લાં એક નીવેદનમાં જણા વ્યું હતું કે, સર એરીયાઝ બીશ પ્રસાર થવાથી હૉંદમાં અને મુનીયનમાં વસતા હૉંદીઓમાં ઘણો રોષ થયો છે. હૉંદી ઓ જીવંત કાયદો લાવવાનું રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ મળતાં સુધી મોકુફ રાખવાની હૉંદ સરકારની માગણી મુનીયન સરકારે કબુલ રાખી હોત તો એ કોન્ફરન્સના પરિણામને વીષે હૉંદમાં આશાની લાગણી પ્રવર્તેલી હોત એટલું જ નહિ પરંતુ હૉંદ અને પાકીસ્તાન ના પત્નીઓપરના પ્રતિબંધો વધારવાને બદલે હટાવવાની હૉંદ સરકારની 'સુભ નાઓને ખ્યાલ દેવાનું મુનીયન સરકાર ના પ્રતિનિધીઓને વધારે સુગમ થઈ પડયું હોત.

હૉંદ સરકારે જણાવ્યું હતું કે નવો કાયદો મુનીયન સરકાર પોતાની ધમપછા પણાની નીતીને વળગી રહેતા માગે છે તેનો સ્પષ્ટ પુરાવો આપનારો છે.

આ સંજોગોમાં હૉંદ સરકાર પોતા ની દલીલને વળગી રહે છે કે સુચવાયેલી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ જો હવે ભરવા માં આવશે તો તે એક તરફી થશે અને તેમાં હૉંદ ભાગ લેવાનો કશો અર્થ નહિ સરે.

સ્ત્રીશક્તિ

જે સમાજમાં સ્ત્રીઓ સુધરે છે તે સમાજ જલદી પ્રગતી સાધે છે. કેળવણીના અભાવ અને કુરીવાજોને કારણે સ્ત્રી પુરૂષ કરતાં પાછળ રહી ગઇ છે. સ્ત્રીને પણ પુરૂષો જેટલી સરખી તો મળે તો તે પણ તેટલી જ આગળ વધી શકે. ઈગ્લાંડ, ફ્રાંસ અને અમેરીકામાં સ્ત્રીઓ ઘણી આગળ વધી છે; દરીયા તરવામાં, વીમાન ચલાવામાં આગળ આવે છે. બાવીસ માઇલની લાંબી ખાડી પણ સ્ત્રી ઓએ ગાંગી નાખ છે. જોન ઓફ આર્ક, ઝાંસીની રાણી કુશળ રાજનીતિ અને મુત્સદ્દી હતાં. સ્ત્રીઓમાં ફુરતી આવી રહી છે એ માનવતા મોટી છે.

પુરૂષ વર્ગે સ્ત્રીને પોતાનું આનંદ ભોગનું સાધન બનાવી, તેને ખુશ રાખવા તેણે બનતનનાં આકર્ષણો ધર્યાં, અલંકારો પહેરાવ્યા. સ્ત્રીઓએ અજ્ઞાનથી આ બંધનને સુખપ માની લીધાં. હજારો વરસની રૂઢી અને અજ્ઞાને સ્ત્રીને કું નીબળા છું એમ માનતી કરી દીધી.

પરંતુ સ્ત્રીઓ ■ નીર્બળતા તજીને પુરૂષની બરોબરી કરે તેવાં સમાજનાં કામો કરી બતાવવાના દાખલા આપણી પાસે જ છે. જગતકેન હાલ નોબાસણ માં કામ કરે છે. તેમણે સત્યાગ્રહની લડત વખતે પુરૂષો ન કરી શકે એવાં કામ કર્યાં હતાં. નીબાયુનના દીરાજકેન પોતે અશીક્ષિત છે, પણ સેવાનું સુંદર કામ કરે છે.

પરમાત્માએ સ્ત્રી અને પુરૂષ બનેને મન અને બુદ્ધિ આપેલાં છે. તેમાં પણ સ્ત્રીઓએ સારી પ્રગતી સાધ્યાના દાખલા છે. મુકતાબાઇ, જનાબાઇ, મીરાં વગેરેનાં નામ પ્રખ્યાત છે.

તેથી સ્ત્રીઓએ પોતાને હલકી ન સમજવી. તેમણે આત્મવીશ્વાસ રાખવો. પુરૂષોની જેમ સ્ત્રીઓને પણ સમાન તક મળે તો તેઓ પણ એટલી જ પ્રગતી સાધી શકે. તેમને સમાન તક, સમાન સાધન, સમાન કેળવણી મળવાની જરૂર છે.

એક વખત સીંહ અને પુરૂષ વચ્ચે ફોણ ગોરલ્લર જેવો વીવાદ થયો. તેમાં તેઓ એક ગામમાં આવી ચડયા. ત્યાં દરવાજા પર સીંહને નીચે પાડી ઉપર ચડી બેઠેલા પુરૂષનું ચીત્ર હતું. પુરૂષે કહ્યું : "જો, કોણ બળવાન છે?" જવાબ મળ્યો : "માણસે દેખું" છે." સીંહે કહ્યું, "તેથી જ માણસને દીલેરતા ચીતરી છે. સીંહે ચીત્ર દોર્યું હોત તો ઉલટું જ હોત." આ રીતે ગ્રંથોમાં સ્ત્રીઓને હલકી ચીતરવામાં આવી છે, કેમ કે ગ્રંથ લખનારા પુરૂષો હતા.

એક કવીએ ગાયું છે :

નારીકો નીંદો નહીં, નારી નરકી ખાન;
જ્યસ ખાનમેં પેદા હુયે, બીભ્મ, રામ, હનુમાન.

સ્ત્રીવાજ, નેપોલીયન, સીઝરને મહાન બનાવનાર તેમની માતાઓ હતી. દેશને, સમાજને ઘડનાર માતા છે. માતા એ ઉત્તમમાં ઉત્તમ શીક્ષક છે, સંસ્કાર દેનાર છે. સ્ત્રીઓ તરફ આદરભાવને બદલે આજે એમને ભોગવીલાસનું સાધન માની તેમનું અપમાન થઇ રહ્યું છે. સ્ત્રીઓના સ્વયંવર રચાય, એક સ્ત્રી માટે ઘણા રાજાઓ આવે, લડાઇ કરે, હરણ કરી જાય. આ બધું સ્ત્રીઓનું અપમાન છે. અખબારો, માસીકો, ચોપાનીયાં વગેરેમા સ્ત્રીઓનાં નકારાં ચીત્રો મુકી વાચકોને આકર્ષવામાં આવે છે. આમાં સ્ત્રીઓ પ્રત્યે આ દૃષ્ટિથી જોવાતું છે? સ્ત્રીઓ પ્રત્યે. આવી દૃષ્ટિ રાખવાથી સમાજનું અધઃપતન થાય છે.

સ્ત્રીમાં માતૃત્વને કારણે વાત્સલ્યપ્રેમ ભરેલો છે, અને તેથી સ્ત્રીઓ મહાન હીંમત અને લાગ રાખતી થઇ છે. સહનશક્તિ, ત્યાગ વગેરે ગુણો એમાં થી પેદા થાય છે. કરોડ માતા હશે પણ પોતે ભોજું ખાઇ પોતાના બાળક ને ખવડાવશે, બીજામાં સુખ બાળકને કપડું વીંટાળશે. આ ત્યાગ અને સેવાને કારણે માતા મહાન છે માતા ના ખોળે પ્રેમને બાળકમાં મર્યાદિત ન કરતાં વ્યાપક કરવાનો છે. જેમાં માનવતા સમાયેલી છે. બીજાનાં બાળકને પોતાનાં બાળકો સમાન ગણી તેમને કેળવણી આપો; તેમની સંભાળ લો, તેમની પ્રગતીમાં સહાય કરો.

સ્ત્રીઓ પોતાના બાળક પ્રત્યે પ્રેમ ધરાવે છે તે કારણે તેણે કેવાં કેવાં મહાન નકરતાનાં કાર્યો કર્યાં છે! અસ્ત્રીઓ બહુતો સારે એક વાર્તાપુસ્તક માં વાત આવતી કે બાળકો ખેતરમાં રમતાં હતાં અને સ્ત્રીઓ કામ કરતી હતી. તે વખતે મરઘ આવીને એક બાળકને ઉપાડી પહાડ ઉપર ઉડી ગયું. બધા પુરૂષોએ પર્વત પર જઇ બાળક લઇ આવવા પ્રયત્ન કર્યો પણ બધા જ નીષ્ફળ થઇને પાછા ફર્યા. પણ બાજરી બનેથી બાળકની માતા પર્વત પર ગઇ અને છતના બેભમે બાળકને પર્વત પરથી પાછી લઇ આવી.

બીજું ઉદાહરણ શીવાજીના વખત નું છે. શીવાજી કીલ્લાઓ એટલા મજબુત અને પાકા બનાવતા કે કોઇ એના પર ચઢી કે ઉતરી શકે નહીં. સાંજ પડતાં આરતી પછી કીલ્લા બંધ થતા અને પછી અંદર તે આવે—ખુદ શીવાજી મહારાજ આવે તો પણ એ ખુલતા નહીં. એક દીવસ હીરા નામ ની એક રબારણ દુધ વેચીને મોડી આવી. દરવાજા બંધ થઇ ગયા હતા. હીરાએ દરવાનને દરવાજો ઉઘાડવા વીનંતી કરી. બહુ બહું કરગરી, પણ દરવાજો ઉઘડયો નહીં. હીરાનું બાળક પેર હતું તેને ચીંતા હતી કે તેનું ભુખ્યું બાળક ટળવળતું હશે. અને શેમ કરીને તે કીલ્લો ચઢી અને ઉતરી ને પેર જઇને બાળકને ધવડાવ્યો રહી. આસપાસના લોકોને આ વાત સાંભળી આશ્ચર્ય થયું. અને વાત શીવાજીને કાને ગઇ. શીવાજી મહારાજ વગેરે બાજી બ્યાંથી ચઢી હતી તે જગ્યા જોવા ગયા. ત્યાંથી તો વીર પુરૂષો માટે ચઢવું-ઉતરવું મુશ્કેલ હતું. આમ વાત્સલ્યભાવ બધામાં બધાં કામો પણ કરી શકે છે.

સમાજના ઉદ્ધારની જવાબદારી સ્ત્રીઓને માથે છે. ગૃહવ્યવસ્થા અને બાળઉછેરની જવાબદારી સ્ત્રીઓની છે. બહેનો આ જવાબદારી સમજી મહાન કામો કરવાની દૃષ્ટિ કેળવી દેશને અને જગતને પ્રેમ અને શાંતિ આપો અને સુખ મેળવો.

'હરિજનબંધુ'.

—રાજકોટમાં ઉનાળામાં ઉદ્ભવી હતની હોસ્પીટલ ૧૦ લાખને ખરચે કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

—જુલાઇનું પહેલું સપ્તાહ એ રાષ્ટ્રીય સપ્તાહ ગણી તે દીવસોમાં વૃક્ષા રોપણ કરવાનું ભારતની સરકારે નકકી કર્યું છે.

બીડી-તમાકુનું વ્યસન

માનવ વ્યસનોના સમગ્ર ઇતિહાસમાં સીગારેટ પીવાનું જે ઘોડાપુર વેગે વધી રહ્યું છે, તેના જેવી ખ્યાન પાત્ર બીના બીજે ક્યાંય દેખાય. એક જ પેઢીમાં એ નવું વ્યસન જે વ્યાપકતા થી માનવજાત ઉપર સવાર થયું છે, તેનું ભાન પણ હજુ લોકોને થવા લાગ્યું નથી; તથા તેનાં પરીણામ પણ એવાં છે કે જે ધણાને સમજાયાં નથી.

અંગે વરસે ૭ કરોડ અમેરીકનોએ ચાળીસ અબજ સિગારેટો પીધી હતી. અણુતરી મુલ્યની તે દેશમાં દર વરસે આઠ લાખ નવા પીનારા તે વ્યસનમાં જોડાય છે. દર ત્રણ પુરૂષો, બે પુરૂષ; દર પાંચ સ્ત્રીઓએ બે સ્ત્રીઓ, અને ચૌદ વર્ષની ઉપરના દર સાત છોકરાઓએ એક છોકરો સીગારેટ પીએ છે. અને દરેક જણ રોજની સરેરાશ એકાવન્ન સીગારેટ પીએ છે. અમેરીકનો દર વર્ષે તમાકુના વ્યસન પાછળ ચાલીસ કરોડ ડોલર, એટલે કે આજને હિસાબે બે અબજ રૂપીયા ખર્ચે છે. તે દેશના સીદ્ધાંતોના પ્રચાર પાછળ જે રકમ ખર્ચવામાં આવે છે, તે કરતાં તે રકમ ઘણી વધારે થાય છે.

બધા જ દેશોમાં દર વર્ષે એ વ્યસન વધતું જ જાય છે; જાણે માણસો વીમાન-વેગે પોતાની જાતને ધુમાડાના ગોટામાં જ કાયમ ધોંધી દેવા માગે છે એ ધુમાડાના ગોટા દ્વારા માણસો પોતાનાં ગોં અને ફેફસાંમાં કયો પદાર્થ ભરે છે? કાનને કારમાં લાગે તેવાં નામવાળાં રાસાયની દ્રવ્યો તેમાં હોય છે. તેમાંથી બે પદાર્થો બાબત પદાર્થવિજ્ઞાનીઓ બારે ચંકાની નજરે જુએ છે. તેમનો એક તે નેન્ઝોપાયરીન, કે જે શ્વાસનળીને મુખ્યત્વે અસર કરે છે; અને બીજો તે નાઇકોટીન.

નાઇકોટીન તો તમાકુનો મુખ્ય ઘટક છે. તે તત્ત્વની મોજુદગીથી જ તમાકુ તમાકુ બને છે અને બીજું બધું તે પાંદડું બની રહેતું નથી.

સીગારેટ પીવામાં આવે છે, ત્યારે તેના નાઇકોટીનનો મોટો ભાગ તો હવામાં ઉડે છે; બીજા ભાગ જેટલું નાઇકોટીન ધોંમાં પેસે છે. ત્યાં તેમાંનું પેશું ચુસાઇ જાય છે. જેટલું ફેફસાંમાં જાય છે, તેમનો પાચમો ભાગ ત્યાં ચુસાઇ જાય છે. સીગાર પીએ સારે ચારથી પાંચ સીગારેટ પીવા જેટલી નાઇકોટીનની અસર થાયુ; અને ચુંગી પીએ ત્યારે સીગાર કરતાં પણ વધારે વધુ.

જેમ સળગતા ભાગનો તાપ વધારે, તેમ વધુ નાઇકોટીન શરીરમાં પેસે. તેથી જે વધુ ઝાપે સીગારેટ પીવામાં આવે, તો વધુ નાઇકોટીન શરીરમાં આવે; બળથી ઝડપથી પીવામાં આવે, તો દસ ગણું વધારે નાઇકોટીન શરીર માં પેસે; તેમ જ છેક છેડા સુધી પીવા માં આવે, તો પણ વધુ નાઇકોટીન શરીરમાં આવે. કારણ કે છેડાના ભાગમાં અગાઉનો ધુમાડો પસાર થયો હોવાને કારણે આખી સીગારેટ કરતાં વધુ નાઇકોટીન જમા થયું હોય છે.

શુદ્ધ સ્વરૂપે એ નાઇકોટીન તીવ્ર ઝેર છે. સસલાના શરીર ઉપર તે ઝેરનું એક ટીપું નાખો તેની સાથે જ તે વેગથી ઉછળી પડશે. એથી સવાએ જેટલી સીગારેટનું નાઇકોટીન જો સીધું લોહીમાં ઇન્જેક્શનથી દાખલ કરવામાં આવે, તો માણસ તરત મરી જાય. રોજ તમે દસ સીગારેટનું એક પેક પીતા હો, તો અઠવાડીયે તમારા શરીર માં ૪૦૦ મિલીગ્રામ જેટલું નાઇકોટીન શરીરમાં ભેગું થાય છે. એટલું નાઇકોટીન જો તમને એક જ ઇન્જેક્શનથી સીધું આપવામાં આવે, તો તમે બંદુકના ગોળીથી મરો તેટલી ઝડપે સ્વધામ પહોંચી જાઓ.

નાઇકોટીનમાંથી જંતુનાશક દવાઓ બનાવતાં કારખાનામાં અપારનવાર ધણા પ્રાણઘાતક કેસો બન્યા કરે છે. એક કારીગર એક ટેબલ ઉપર બેઠો. તે ટેબલ ઉપર થોડું નાઇકોટીન ઢોળાયું હતું. બે જ મીનીટમાં તે બેભાન ઉપર ગબડી પડયો અને તેનું ગોં જુદું જુદું થઇ ગયું. તેને તરત દવાખાને લઇ જવામાં આવ્યો. ત્યાં તે સાજો થયો; પણ તે પાછો કારખાનામાં જઇ, પેસો નાઇકોટીનથી પલળેલો લેંઘો પહેરવા ગયો કે તરત ફરીથી સીધો જમીન ઉપર ગબડી પડયો અને તેને ફરી દવાખાને લઇ જવો પડયો.

સીગારેટ પીવા છતાં નાઇકોટીનને શરીરમાં દાખલ થતું રોકવાના ઉપાયો મેળવવા લોકોએ વરસોથી પ્રયત્નો કર્યા છે. સીગારેટમાં જે ગળણી જેવી વ્યવસ્થા કરવામાં આવે છે, તેનાથી થોડું નાઇકોટીન અવશ્ય ચળાઈ જાય છે. એક બીજી સીગારેટને જ ગાળણી તરીકે દાખવાના ઉપાયથી ૭૦ ટકા નાઇકોટીન ચળાઈ જાય છે. બીજી પણ રીતો અજમાવાય છે, જેનાથી સાઠેક ટકા જેટલું નાઇકોટીન ચળાઈ જાય છે. પરંતુ એ ઉપાયોથી છેક છેડા સુધી સીગારેટ પીવાનું સહેલું બને છે, અને છેડા આગળના ભાગમાં વધુ નાઇકોટીન જમા થયેલું હોય છે.

અમેરીકામાં જે ચાલીસ અબજ સીગારેટો દર વર્ષે પીવાય છે, તેમાં રહેલું નાઇકોટીન જો સીધું શરીરમાં દાખલ કરવામાં આવે, તો અમેરીકા ની કુલ વસ્તી કરતાં દસગણી વધુ સંખ્યાના માણસોનો નાશ થઇ જાય!

જો નાઇકોટીન પેટે આવું તીવ્ર ઝેર છે, તો પછી સીગારેટ પીવાની ટેવથી માણસો મરી કેમ નથી જતા? કેવળ એને તેનું કારણ કોઈ પણ ઝેર કે આઘાતને અનુકૂળ થતા જવાની શરીરની આસિપત છે. જોકે, એ આસિપત મુળ તો જીવનના સરંક્ષણ માટેની છે; તેને આવું નીરૂપયોગી ઝેર શરીરમાં દાખલ કરવા માટે વાપરવી કે વપરાવા દેવી એ બુદ્ધિમત્તા ન જ કહેવાય. ઉપરાંત ધુમાડા મારફતે તે ઝેર ધીમે ધીમે શરીરમાં દાખલ થતું હોવાથી તે એકસાથે મારક પ્રમાણમાં કદી શરીરમાં દાખલ થતું નથી. પરંતુ તેની હાનીકારક અસરો અવશ્ય થાય જ છે. જેમાંની મુખ્ય નીચે પ્રમાણે છે:—

૧. ગળું છણાવું: રોજની સરેરાશ ૨૮ સીગારેટ પીનારા સો માણસોની તપાસમાં ૭૩ નું ગળું કોઇ ને કોઇ સોજાવાળું જણાયું હતું, ૬૬ ને ખાંસી થઇ હતી, અને ૭ ની જીભ છણાયેલી હતી.

૨. પેટ અને પાચનક્રિયા: દરેક બીડી પીનાર જાણે છે કે, બીડી પી લેવાથી ભૂખની વેદના થોડા વખત પુરતી શમી જાય છે. ભૂખની વેદના પેટની દીવાલોનો સંકોચ થવા લાગવા થી ઉભી થતી હોય છે; અને બીડી પીવાથી એ પ્રક્રિયા દબાય છે.

પેટ-વિજ્ઞાનના નીષ્ણાત ડો. વોલ્ટર સી. આલવરેઝ જણાવે છે કે, આપણે બધાને એવા ખોટાની જાણ હોય છે કે જેઓએ બીડી પીવાનું છોડી દેતાં તેઓનું વજન તરત વધવા લાગ્યું હોય છે તથા નવા જ માણસો જેવા દેખાવા લાગ્યા હોય છે. જેમ વધુ બીડી પીઓ, તેમ તમારું ખાવાનું ઓછું થતું જવાનું. વળી બીડી પીવાથી ખાટા ઓડકાર, પેટમાં બળતરા વધી જવી, વગેરે દરદો થાય છે, અને કેટલાક દાખલાઓમાં ચાંદાં પણ પડી જાય છે. ગર્ભવતી બાઈએ તો કદી બીડી પીવી નહીં, એવું દાક્તરો જણાવે છે. અમેરીકાની મુખ્ય હરિપતાલોમાં દરદીઓને બીડી પીવા દેવામાં આવતી નથી. કેટલીક હરિપતાલોમાં તો બીડી પીવાનું ન છોડનારને દાખલ જ કરવામાં આવતો નથી.

૩. સ્નાયુઓમાં ઘસારો: જેઓ કુસ્તી, દોડ વગેરે શરીરબળના પ્રયોગની હરીફાઇમાં ઉતરે છે, તેવાઓની બે હજાર કરતાં વધુ દાખલાઓની સાત વર્ષ કરતાં વધુ સમય દરમ્યાનની તપાસ ઉપરથી નક્કી થયું છે કે, બહુ જ બીડી પીનારાઓ કે જેઓ દોડવાની શરતમાં કુલ આઠ ટકા જેટલા હતા, તેઓ છેલ્લી દસ સંખ્યાના નવ ટકા મેળવી શકયા હતા, અને પ્રથમ દસ સંખ્યાના તો માત્ર પાંચ જ ટકા. અર્થાત્ બીડી પીનારાઓ કે જે કુલ સંખ્યાના ૭૩ ટકા જેટલા હતા, તેઓ પ્રથમ સંખ્યામાંથી ૬૨ ટકા હિસ્સો મેળવી શકયા હતા અને છેલ્લી સંખ્યાના ૮૩ ટકા. બીડી નહીં જ પીનારા કુલ સંખ્યાના ૧૮ ટકા હતા; તેઓ પ્રથમ સંખ્યાના ૩૨ ટકા મેળવી શકયા હતા અને છેલ્લીના તો માત્ર સાત જ ટકા.

યેલ અને આમ્હર્સ્ટમાં ચાર વર્ષની તપાસમાં બીડી ન પીનારાઓ ઉંચાઇ, વજન, અને ફેફસાંની તાકાતમાં તેમના બીડી પીનારા સાથીઓ કરતાં વધુ પ્રમાણમાં વધ્યા હતા. યેલમાં છાતીના વીકાસની બાબતમાં, ન પીનારાઓ ૭૭ ટકા સારું પરિણામ બતાવી શકયા હતા અને ઉંચાઇની બાબતમાં ૨૪ ટકા વધુ વીકાસ બતાવી શકયા હતા.

લોહીમાં રહેલી સાકરમાં બીડી પીવાથી કેરફાર થાય, વધુ જોમ શરીર માં આવે છે, એવોય ભ્રમ બીડીના કારખાનદારો ફેલાવે છે; પણ હાર્વર્ડની શ્રમ-સંશોધન પ્રયોગશાળાએ એ બાબતના ભ્રમનું કાયમને માટે નીરાકરણ કરી દીધું છે.

૪. હૃદય: બીડી પીવાથી દર મીનીટે નાડીના ધબકારા ૨૮ જેટલા વધી જાય છે. જોકે વ્યક્તિએ વ્યક્તિ એ તથા જુદા જુદા સમયે આ પ્રમાણુ માં થોડો ફેર પડે એ સ્વાભાવીક છે. તોપણ સરેરાશ ૧૦ ધબકારાનો ફેર તો અચુક પડે છે જ. બીડી પીવા થી લોહીનું દબાણ સ્પષ્ટપણે અને ઝડપથી વધે છે. ઉપરાંત પાચનક્રિયા જેમ તમાકુની પ્રક્રિયા સામે સદ્ધનશક્તિ ઉભી કરી શકે છે, તેમ લોહીનું દબાણ નથી કરી શકતું. જોકે જેટલું કહેવું જોઇએ કે, બીડી પીવાથી કાયમી ઉંચું લોહીનું દબાણ નીપજતું નથી, પરંતુ બીડી પીવાનું બંધ કરવાથી લોહીનું દબાણ ધીમે ધીમે સામાન્ય અચુક બનવા લાગે છે. બધા ડોકટરો એક બાબતમાં તો સહમત છે કે, માંદલા હૃદય ઉપર બીડી પીવાની નુકસાનકારક અસર થાય છે; બીજા સાજા હૃદય ઉપર કોને કેટલી થાય તેમ છે એ હાલને તબકકે કહી શકાતું નથી.

૫. ચાંદુ પડવું: જેમને ફેફસાંમાં ચાંદાંનો રોગ થાય છે, તેમાંના ૬૫ ટકા જેટલા લોકો રોજના એકથી વધુ પેક સીગારેટ પીતા હોય છે. અને ન પીનારાઓમાંથી ૩૫ ટકા જેટલાને જ ફેફસાનું ચાંદુ થયું હોય છે. ન્યુ ઓર્લીન્સના ડો. આલ્ફ્રેડ ઓસ્નર જણાવે છે: "૨૫ વર્ષ પહેલાં મને ચાર વર્ષ દરમ્યાન ફેફસાં ના ચાંદાનો એક જ કેસ જોવા મળ્યો હતો. પણ છેલ્લાં પંદર વર્ષ દરમ્યાન હજારો જોવા મળ્યા છે. મને ખાતરી થઇ છે કે, બીડી પીવાની ટેવને ફેફસાં ના ચાંદા સાથે ગાઢ્ઢ સંબંધ છે."

૬. આયુષ્ય: (જોન હોપકિન્સવાળા) ડો. રેમન્ડ પર્લે ૬૮૭૩ અમેરીકન

ગોરા પુરુષનો અભ્યાસ કરીને આયુષ્ય અને બીડી પીવાની ટેવ વચ્ચેનો સંબંધ તપાસી લેવો, તો નીચે પ્રમાણે પરિણામ જણાયું :—

ત્રીસ વર્ષની ઉંમરના બીડી ન પીનાર ૬૨ સો જણમાંથી ૬૬ જણા ૬૦ વર્ષની ઉંમરે પહોંચ્યા.

મધ્યમસર બીડી પીનાર ૬૨ સોમાંથી ૫૩ જણ ૬૦ની ઉંમરે પહોંચ્યા. અને ખુબ બીડી પીનાર ૬૨ સોમાંથી ૪૩ જણા ૬૦ની ઉંમરે પહોંચ્યા.

બીજા કંપનીઓ માટે બીડી પીવા ની ટેવ વીષે અભ્યાસ કરનાર બી. ડીન્સમેનના આંકડાઓ મુજબ, બીડીના વ્યસનવાળાઓમાં પેટમાં ગેસનું દરદ ૬૨ ટકા જેટલું વધારે હોય છે; ગભરામણનું પ્રમાણ ૭૧ ટકા જેટલું વધારે હોય છે; શ્વાસ બાદ શ્વાસ લેવાનું તકલીફનું પ્રમાણ ૧૪૦ ટકા જેટલું વધારે હોય છે; નાક અને ગળામાં ઊલટાં ૧૬૭ ટકા જેટલો વધારે હોય છે; અને ખાંસી ૩૦૦ ટકાં જેટલી વધારે પેાય છે.

['રીડર્સ ડાઇજેસ્ટ' જાન્યુ. પ૦ પરથી

અહિંસાના સાનિધ્યમાં વેરઝેર શમી ગયા

શ્રી. હિલબુરા બ. દીવાનજી

વીલીયમ પેન સત્યાગ્રહી હતા. ૧૬૮૨ પછી એ અમેરીકાના પેનસીલ્વેનીયા પ્રદેશમાં આવ્યા ત્યારે ત્યાંના ભીન્ન ભીન્ન ધર્મના પ્રજાજનો સાથે જઇને રહ્યા. કમેકર પંથ પણ રે માર્ગે ચાલનારા સુધારક ક્રિસ્તીઓનો બનેલો હતો. જ્યારે પેન અને એમના સાથીઓ પેનસીલ્વેનીયામાં જઇને રહ્યા ત્યારે ત્યાંના ભીન્ન સંસ્થાનોમાં ક્રિસ્તી પરદેશીઓ તેમ જ મુળ વતની રેડ ઇન્ડીયન વચ્ચે ભારે તકરારો ચાલતી અને ખુનખાર લડતો પણ થતી. નવા વસાહતીઓ મુળ વતનીઓને ખુબ દાબ પીડવાની અનુકુળ કરારનામા પર સહી કરાવી લેતા. બીજા અનેક પ્રકારના જુલમો પણ ગોરા વસાહતીઓ એ મુળ વતનીઓ પર કરતા હતા. બન્ને પ્રજા પરસ્પર ભયમાં રહેતી અને હીંસાનાં છમકલા થયાં જ કરતા.

વીલીયમ પેનના પેનસીલ્વેનીયા સંસ્થાની આસપાસ આવું હીંસક ભયમરત વાતાવરણ હતું. પરંતુ પેન તો સત્યાગ્રહી હતા. ઇશુના પ્રેમ ધર્મનો પ્રયોગ જીવનમાં તેમજ સમાજ ના વ્યવહારમાં કરવા માટે પેને અને એમના મીત્રોએ સંકલ્પ કરેલો. જ્યારથી એ બધા અમેરીકામાં વસાહત કરીને વસ્યા ત્યારથી જ મુળ વતની ઓ સાથે એમણે પ્રેમને માર્ગે બધા વ્યવહારો કરેલા. સ્વાર્થ માટે કોઇ પણ પ્રકારનો ગેરવર્તાવ મુળ વતનીઓ સાથે ન જ થવો જોઇએ એનો સંપૂર્ણ આગ્રહ રાખવામાં આવતો. પેનને ખ્યાલ હતો કે મુળ વતનીઓમાં તો ભારે હીંસક વૃત્તિઓ હતી જ એમના હીંસક હુમલાઓ પોતાના પ્રદેશ પર પણ થશે એવું પુરું ભાન પેનને હતું. પરંતુ આવા સંજોગોમાં પણ વીલીયમે અહીંસાને રસ્તો જ કામ લેવાનો નીર્ધાર કરેલો. બીજા બધા જ ગોરા સંસ્થાનોમાં સરકારી રક્ષણની વ્યવસ્થા થઇ હતી. કીલ્લાઓ અને શસ્ત્ર સજ્જ સરકારો રહેતા. પરંતુ વીલીયમ પેનના સંસ્થાનમાં આવો કશો જ પ્રબંધ રાખવામાં ન આવ્યો. કારણ કે સ્વરક્ષણ માટે પણ હીંસાના કોઇ પણ પ્રકારમાં વીલીયમ પેનને બીલકુલ શ્રદ્ધા ન હતી. આસપાસના ગોરા વસાહતીઓને પેન ના આ અહીંસક વર્તનની બહુ નવાઇ લાગતી. વીલીયમ પેને તો ત્યાંના ગુલામીના રીવાજને પણ તીલાંજલી આપી દીધી હતી. ગુલામોને મુક્ત કરતી વખતે એમની મુક્તકળની સેવા માટે સારી રકમ પણ આપેલી.

ગોમેર હીંસાનું ભરપુર વાતાવરણ હતું. એની વચમાં પેનસીલ્વેનીયામાં વીશુદ્ધ અહીંસાનો પ્રયોગ સ્વરક્ષણની ખાત્રીમાં પણ ચાલતો હતો. બીજે બધે ગોરાઓના જાનમાલ જોખમમાં હતા. એ પર કુમકો થતા જ રહ્યા. ફક્ત પેનસીલ્વેનીયામાં કોઇ પર હુમલો ન થયો. કોઇનું ખુન ન થયું, કોઇપણ પ્રકારની લુંટ ન થઇ. વીલીયમ પેને 'પ્રગટાવેલા પ્રેમના વાતાવરણમાં બધું સુરક્ષીત હતું.

પરંતુ એક વખતે કોઇક જંગલી ખુન તરસ્યા મુળ વતનીનું ટોળું એકા એક વેરઝેર સાથે એ શાંત વસાહત પર હુમલો કરવા આવી પડયું. તે પ્રસંગે પેન અને તેના મીત્રો ભગવાન ની પ્રાર્થના કરતા પોતાના વસાહતની સરહદ પર બેઠા હતા. એમને ખબર પડી ગઇ કે જંગલી ટોળું આવી રહ્યું છે. આવી પડેલી આ ભયંકર આફત પ્રસંગે પણ કમેકર બધાનો શાંત રહ્યા. કશો ભય ત્યાં વ્યાપેલ નહિ. પ્રાર્થના ચાલુ જ રહી. કેદીઓ કશો બળાબળાટ ન કર્યો. જંગલી ટોળું તો નજીક જ આવી ગયું. ટોળાના મુળ વતનીઓ તો હલ્લો લઇને હુમલો કરવા જ આવેલા. પરંતુ ભયોત્પાદક વાતાવરણ માં નીર્ભયતાથી બેઠેલા અને પ્રાર્થના કરતા વસાહતીઓને જોઇને જ તેઓ થંભી ગયા. આવેશ હુમલો કરવા, પણ શાંતિથી પ્રાર્થનામાં જ બેસી ગયા. પ્રાર્થના તો એ બીમીત્ર અતિથિ ઓના સહવાસમાં ચાલુ જ રહી. વાતાવરણ વધુ શાંત બન્યું. પ્રાર્થનાં આખરે પુરી થઇ. કમેકર મીત્રો ઉભા થયા. અને રીવાજ પ્રમાણે 'જંગલી' અતિથિઓ સાથે હાથ મેળાવી એમને જણાવ્યું. "આપણો અમે તો અત્યારે ઇશુના પીતા-પરમપ્રભુની પ્રાર્થનામાં રોકાયા હતા."

પેલા, "જંગલી" આદમીઓએ જવાબ આપ્યો. "અમે પણ તમારી સાથે પ્રાર્થના કરવા જ બેસી ગયા હતા."

ખારાબાપુ.

વિવિધ ખબરો

દક્ષિણ આફ્રીકાપર રાજકુમારી

જુનની ૧૨ મીએ રાજકુમારી અમૃત કોર એક અખબારપત્રીને મુલાકાત આપતાં જણાવ્યું હતું કે, "દક્ષીણ આફ્રીકામાં હીંદીઓપર જે અપમાનીત કાયદાઓ લાદવામાં આવે છે તે યુનોને ચેલેન્જ કર્યો બરાબર છે. ગોળમેજ માં હીંદ બાજ લેવાની ના પાડી છે કારણ કે, યુનીયનની સરકારે ગ્રુપ એરીયાઝ બીલને પસાર કરીને કોઇ પણ જાતની સમજુતી માટે દ્વાર બંધ કર્યો છે આંતરરાષ્ટ્રીય ગુલેમ્બાની કલમને યુનીયનની સરકારે ભંગ કર્યો છે. રેડ, મલાનની સરકારની નીતી શું છે તે સમજની કહ્યું છે.

સાને ગુરૂજીનો રેહાંત

સાને ગુરૂજી કે જેઓ મહારાષ્ટ્રમાં એક જાણીતા કાર્યકર્તા અને લેખક હતા તેમનું અવસાન થયું છે. તેઓ રવીંદ્રનાથ ટાગોર—ગાંધીજી અને રામ કૃષ્ણ પરમ હંસને પોતાના દેવ માનતા.

દક્ષિણ આફ્રીકાને ચેતવણી

જુનની ૧૦ મીના બ્રીટીશ લીબરલ પાર્ટી ઓરગનાઇઝેશનના પ્રમુખ મી. ફ્રેન્ક બાયરસે દક્ષિણ આફ્રીકાની સરકારને ચેતવણી આપી હતી કે, જે રીતે યુનીયન સરકાર આફ્રીકન તથા હીંદી પ્રજાપર રાજ કરી રહી છે તેને લઇ આફ્રીકા ખંડમાં ગંભીર તોફાન થવાનો સંભવ છે. અને લઇ કોમ્યુનીઝમ આગની જેમ ફેલાઈ જશે. દક્ષિણ આફ્રીકામાં બ્રહ્મતીની સ્વતંત્રતા તથા સ્વમાનના આદર્શોને બાજુએ મુકવામાં આવે છે.

દક્ષિણ આફ્રીકાની હીંમત

ફ્રેન્ચ સોશ્યલીસ્ટ પક્ષનું વર્તમાનપત્ર પોતાના જુન ૨૧મીના અગ્રલેખમ ધ્યે છે કે, "દક્ષિણ આફ્રીકામાં મલાનની સરકારે જે કોમીવલણ અખત્યાર કરી છે તે હીટલરના સિદ્ધાંત મુજબની છે. હિટલરના અનુયાયીઓને જોવા આપણને દુર નહિ જવું પડે. આજે બ્રીટીશ કોમનવેલ્થના દેશમાંજ તેઓ રાજકર્તા છે. કલ્પના પણ ન કરી શકાય કે ૧૯૫૦માં આવું રાજ ચલાવવાની હીંમત કોઇ ધરાવી શકે. મનુષ્યજાતી ઉપર અત્યાચાર કરનારાઓને ફક્ત યુનોજ રોકી શકશે. દક્ષિણ આફ્રીકાનું ચાલે તો તેમની આ નીતી તેઓ આખા આફ્રીકાના ખંડમાં ફેલાવે.

દક્ષિણ આફ્રીકાના વર્તનપર લંડન પત્રોની ટીકા

દક્ષિણ આફ્રીકાના ગ્રુપ એરીયાઝ બીલપર લંડનના બે વર્તમાનપત્રોએ સખત ટીકા કરી છે. જુનની ૨૨મી ના લંડનનું "ટ્રીબ્યુન" પોતાના અગ્રલેખ માં લખે છે કે, "ગોરાઓ વખત પહેલાં એમ કહેવાતું હતું કે, જે કોંઇ દક્ષિણ આફ્રીકામાં બને તે દક્ષિણ આફ્રીકાનો "ઘર"નો મામલો ગણાય. પણ કોમનવેલ્થ માં રહીને આજે દક્ષિણ આફ્રીકા જે વર્તાવ બતાવી રહ્યું છે તે શું કોમનવેલ્થના સભ્યો માટે જોખમ કરતાં મુનાફા ટેક કીંગડમ, ઇંદ, તથા પાકીસ્તાન. ચુપ નહિ રહે એમ જણાય છે.

સામ્યવાદ કે સર્વોદય

જગતની નવરચના માટે આજે બે જાતની કોંગ્રેસો થઇ રહી છે. એક છે સામ્યવાદી વીચારશૈલી અને બીજી છે સર્વોદયની વીચારશૈલી. બન્ને

કુન્દ્રીનાં આહુકો :— અત્ય રસોયી માલ મંગાવતા પહેલાં, અમને એક વખત તક આપી ખાત્રી કરી જુઓ :— મરી—મસાલો, કોર; કરીયાણું, દેશી ઘર—બધુ દવાઓ, કુચન-પુલ્ય તેમજ લગ્ન અંગેની જરૂરીયાતો—દેશી સુખડાં, બનારસી સાડીઓ ઇત્યાદી, સંઘ વસ્તુઓ મીલાયત આવે. "આહુકોને સંતોષ આપવો એ અમારો મુદ્રાલેખ છે." ૫૦ વર્ષની કરણનાં સુપ્રસિદ્ધ દુકાન :—

એડ્રેસ : ૧૧૦ વિક્ટોરીયા સ્ટ્રીટ, કરબન. ફોન : ૨૪૮૪૫.

પરસુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.

બીયારગીરીનું અંતિમ લક્ષ્ય તો માનવ જીવનની બૌદ્ધિક અને માનસીક ઉન્નતિનું છે, પરંતુ સાધન પ્રત્યે મતલોહ છે. અને સામાન્ય પ્રજાની ઉપેક્ષાની દ્રષ્ટિમાં પણ મહત્વનો ફેર છે.

સામ્યવાદ વિજ્ઞાનને જેટલું મહત્વ આપે છે તેટલું સર્વોદય નીતિમત્તાને મહત્વ આપે છે. હીંસા અને મારફાડનો સાધન તરીકે સામ્યવાદે અસ્વીકાર કર્યો નથી. અને તેનું અંતિમ ધ્યેય શુદ્ધ હોવા છતાં સાધનો અશુદ્ધ હોવાથી આખી ક્રિયામાંથી એટલી બધીજ વિનાશ ઉત્પન્ન થાય છે કે પરિણામે ધ્યેય કાયમ અટવાઈ જાય છે. અને અશુદ્ધ સાધનો વધુ અશુદ્ધ ફળ ઉત્પન્ન કરે છે. આ અશુદ્ધ ફળ દુર કરવા વધુ અશુદ્ધ સાધનોનો ઉપયોગ થાય છે, અને પરિણામે સાધન અને સાધ્યનો ઝઘડો નિરંતર ચાલ્યા કરે છે.

સર્વોદયની બીયારગીરીનો અમલ અતિશય ઠંડી તાકાત માગે છે. નૈતિક સુધારણાને નામે નિષ્ક્રિયતા અને લોકોની અક્ષમ્ય જવાબદારીઓ પ્રત્યેની ઉપેક્ષાને લીધે પહોંચી શકી નથી. ભુખ, તંગી, અને અસંતોષથી ત્રસ્ત થયેલા લોકો નીરાશાથી પ્રેરાઈને સામ્યવાદી અંધેરની આંધિમાં ફેરાય તે પહેલાં સર્વોદયના આદર્શોને જનહૃદય સુધી પહોંચાડવા માટે વધુ જાતના કાર્યકરો ની આજે પ્રજાને જરૂર છે.

(ક્રમશઃ)

ગૃહ શિક્ષણ

બાળકોને સ્વાવલંબી અને જવાબદારી શીખવો

બાળકની પ્રથમ શાળા એનું કુટુંબ છે. એવી કહેવત છે: આ સત્ય છે એ નીચલી વાતોપરથી જણાશે.

આશા જ્યારે એની માને કહે: "અમ્મા તારો કોટ કાઢીને મને આપ હું તે ઈસ્ત્રી કરું."

અમ્માએ કહ્યું: "હું ને ખુરશી પર ચઢી ઈસ્ત્રી પેટી?" "ના મોટા એમ ન કરાય", માએ જવાબ આપ્યો.

નીશાળમાં આશા પોતાનો કોટ એની બેન્જ બીડી ઉપર મુકતી કારણ કે બીડીને એ પહોંચી શકતી હતી. ઘણા ઘરોમાં પણ બાળકોને માટે બીડીઓ નીચી કરવામાં આવે છે જેથી તેઓ મોટાઓની મદદ વગર પોતાના કપડા વ્યવસ્થીત મુકી શકે.

આશાના કાકાની દીકરી દક્ષા એ છએ ઉમરે પહોંચી છે કે એ પોતાની મને લાયકો પોતામાં મદદ કરવા લાગે છે. દક્ષા માને નાના નાના ઘરના કામોમાં મદદ કરે છે તેથી તેની મા તેને વાસણ ધોવામાં પણ મદદ કરવા દે છે. એની મા ઉપરછપર એક કપડું બાંધી દે છે અને તેના બાપકના વાસણો તેને ધોવા આપે છે. દક્ષાને કામ કરવામાં ખુબ મજા પડે છે; અને તે ધ્યાન દઈ સારું કામ કરે છે. જ્યારે એની મા રસોઈ કરતી હોય છે ત્યારે તે રસોડામાં નાના નાના કામો કરે એની માને મદદ કરે છે દક્ષા ફક્ત ચાર વર્ષની છે છતાં એને ઘણા કામો કરવા ગમે છે અને તેથી તેની માના ઘણા આશા ફેરા બચે છે.

બીજી તરફ આશાના મા—બાપ પોતાના બાળકોને ઘરના કામમાં મદદ કરતાં અટકાવે છે. અને તેના કુમળા મને મારે છે બાળકો ધક્કે ત્યારે ઘોડી અકળાણે સહન કરી લઈ જો ઘરના કામમાં મદદ કરવા દઈએ તો આગળ જતાં ઘણો ફાયદો થાય આશાના મા—બાપ તે સમજતાં નથી. આશાના મામા પણ એજ રીતે ઉછેરવામાં આવ્યા હતા. એ જ્યારે નાના હતા ત્યારે એક ઓરડામાંથી બીજા ઓરડામાં ખુરશી લાવવાનો પ્રયત્ન કરે તો મા કહે, "બેટાતું રહેવા દે, નોકરને બોલાવ." આમ નાનપણથીજ કોઈ કામ ન કરવા દેવાથી મોટપણે પણ અંગ મહેનતનું કામ કરતાં કંટાળવા થી તેમનું કામ સહેલ નોતું થતું. અને જવાબદારીનું ભોકું એમને ભાન તેમનામાં ન આવ્યું.

નાના બાળકોને પોતાના જનાવરો રાખવા દેવા અને તેમની સંભાળ તેમને લેતા શીખવવું વડીલોએ ફક્ત ધ્યાન રાખવું કે તેઓ બરાબર સંભાળ છે કે નહીં. આવી રીતે બાળકોને જવાબદારી શીખવી શકાય આપણા બાળકો શું કરે છે અને શું નથી કરતાં તે જાણીએ તો આપણને બહુ વખત પડે કે તેમને કેવી રીતે ઘડવા મોટા ઓએ ધીમે ધીમે બાળકના ન જાણ્યતાં તેઓને ટેકવા વગર, બરે માર્ગે વાળવા જોઈએ.

પરચુરણ

—ભારત સરકારના પરદેશ ખાતાની કચેરીમાં ૩૪ બેનો કામ કરે છે તેમજ હીંદના એલચીઓની ઓફીસમાં પણ ઘણીબેનો કામ કરે છે.

—બોલાના આઝાદ અને ડો. કેસ્કર ધરાલ અને દર્શની મુલાકાતે જવા ૧૪ મી જુલાઈના રવાના થનાર છે.

—ઈગ્લંડની સેંટ પોલસ કથીડ્રલમાં બોલતા બાબકસ રહેટે બોલતાં જણાવ્યું હતું કે: દક્ષિણ આફ્રિકાની બલાપદાપદ્યાની નીતી ખિસ્તી ધર્મને ચેલેંજ કરી રહી છે. મોટું મોટું પણ જો ખિસ્તી ચર્ચો ધ્રુજે તો આ નીતીનો વીરોધ કરીને તે નીતીને નાબુદ કરી શકે.

—૨૫ટેંબર ૧૯૪૯ માં એક દિ ભોજન બોબું કરવાની જે ચળવળ હીંદમાં થઇ હતી તેમાં ૨૦૦૦૦૦૦ મણ એ સાથ આપ્યો છે.

—સૌ રાષ્ટ્રમાં ગીર જંગલોથી દીપડાની બાબુ હીંદ સરકારના સંશોધન બાતા ને મળી આવ્યાનું જણાવાય છે.

—સોરાષ્ટ્રમાં દુષ્કની અસરોને પરીણામે સુનેના કંડ તરફથી મબંવતી બીજો માટે તેમજ બાળકો માટે બે લાખ પાવડર-દુધ—ના ડબ્બા બેટ અપાયા છે.

—૧૯૪૨ ની આઝાદીની લડતમાં કેપ્ટન કલાની નામના એક યુવાનને સીધીને ફાંસી દેવાઇ હતી. પંડીત નેહરુએ એમના ૭૯ પીતાને એક હજાર રૂપીયા આપવાનું નક્કી કર્યું છે.

—મુબઇમાં હીંદ સરકારના વહાબ વહેવાર બાતાના પ્રધાન કે સંતનમએ પરદેશથી આવતાં મેમનોને મુસાફરીની માહીતીઓ પુરી પાડવા માટે એક ઓફીસ ખોલી છે.

—રાષ્ટ્રપતી રાજેન્દ્રપ્રસાદે રાજ્ય અભોર્ન ને એમની વરસગાઠને પ્રસંગે મુબેલ્યા નો સંદેશો પાઠવ્યો હતો. તેના જવાબ માં રાજ્ય અભોર્ને જણાવ્યું છે કે "મારા જન્મદીનને પ્રસંગે તમે તથા તમારી સરકાર તથા તમારી પ્રજાએ જે શુભેચ્છાનો સંદેશો પાઠવ્યો છે તે માટે હું તમારો આભારી છું."

—એપ્રીલ ૧૯૫૦માં હિંદે સમુદ્ર દ્વારા ૩૯૬૭૦૪૦૦૦ રૂપીયા જેટલો માલ એનાત કર્યો છે. આમાં ચા, કોફસા, સબુ, અને રૂ, પરદેશ બાતે ચઢાવવા માં આવ્યું છે.

—જુનની ૧૨મીના પબીમ પાકીસ્તાન થી ૧૮૦૦૦ મુસલીમો હીંદ પાછા ફર્યા છે.

—૬૨૮ આદીવાસના હીંદના એલચી, શ્રી. આપ્પા સાહેબ પંતની સાથે કાકા સાહેબ કાલેલકર તથા શ્રી. કમલનયન બજાજ કેંબોડીયાની મુલાકાતે ગયા હતા, તેઓ તેરોબી જુલાઇની ૧૫મી સુધી રોકાશે.

—ફ્રાંસની સરકારે ૧૮ મહેના (હીંદનું એક વર્ષ સરાનું ગામ) વાનીઓને છોડતાર કર્યા છે. આ મારામાં ચર્ચા કરતાં પેરીસના એક વર્તમાન પત્રે લખ્યું છે કે: ફ્રાંસની સરકાર તહેના ૪૦૦૦૦૦ વાનીઓને સ્વતંત્ર કરવાથી ફ્રાંસને જ લાભ છે.

—એ બહું મુબ્યતાં ભર્યું પગલું છે. બીજાને ત્રાંણસ કરોડને સ્વતંત્રતા આપી તો શું ફ્રાંસ ચાર લાખને સ્વતંત્રતા આપી ન શકે?

—નોરવેના એક જાણીતા અખબારી બા. ઈ. ફોકપીએ જેઓ એશીયાના દેશોમાં મુસાફરી કરી રહ્યાં છે. મુબ્યી માં જુન ૨૩ મીના તેઓએ કહ્યું કે હિંદુસ્તાન એજ એવો દેશ છે કે જે પુરોપમાં એશીયાનો ખ્યાલ આપી શકે નેહરુ-લીયાકત મંત્રણાનો મેં ખાસ અભ્યાસ કર્યો છે તેથી હું એમ માનું છું કે પંડીત નેહરુએ જે પાકીસ્તાન તરફ મીત્રતા ભર્યું વર્તન દાખવ્યું છે તેનાથી દુનીયાની નજરે તેઓ ઘણા ઉચ્ચા આવ્યાં છે.

—જુનની ૧૯મીએ યુનોના રેડીયાના અખબારપત્રીને મુલાકાત આપતાં ડો. આઇન્સ્ટાઇને કહ્યું કે દુનીયામાં શાંતી સ્થાપવા માટે એકજ માર્ગ છે કે જે મહાત્મા ગાંધીએ શીખવ્યો છે. આપણા યુગમાં મહાત્મા ગાંધી સૌથી મહાન યુગ પુરૂષ થઇ ગયા છે. તે યુગ પુરૂષે જણાવ્યું હતું કે; આપણે જે બીજા કુર હાથે તેમાં કોઇ જાતનો સાથ આપવો જ નહીં. અંતમાં ડોક્ટર આઇન્સ્ટાઇને કહ્યું કે એ આદર્શને લક્ષ માં રાખી જો આપણે આગળ વધશું તો જ દુનીયા શાંતી જોઇ શકશે.

—મુંબઇમાં પહેલા વહેલુંજ તરતું સીનેમા માં બંધાયું છે, ચોપાટીની રેતી ઉપર તેનું કામ ચાલી રહ્યું હતું. આ સીનેમા માં ત્રણ હજાર માણસો બેસી શકે તેવી સગવડ છે.

—ભારત સરકારના હરીજન પ્રધાન ડો. આંબેડકરે બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો તે બાદ તેમણે હરીજનોને પણ બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા જે હાકલ કરી છે તેનો મહા મુજરાતના હરીજનો એ તો સખત વીરોધ કર્યો છે.

—બાપુજીની આત્મકથાનું ફ્રેંચમાં અનુવાદ કરવામાં આવી છે. ફ્રાંસના પ્રમુખે એક નકલ ફ્રાંસમાં હીંદના એલચીને ભેટ આપી છે. બીજી નકલો રાષ્ટ્રપતી રાજેન્દ્ર પ્રસાદ, પંડીત નેહરુ, સરદાર પટેલ, અને દેવદાસ ગાંધીને મોકલવાના છે.

—ન્યુજરસેમાં ગાંધી નગર સ્થાપવામાં આવનાર છે; આ નગર વીસ બહુદી કુટુમ્બોથી વસાવવામાં આવશે. આ બહુદીઓ ન્યુજરસે તથા હીંદ વચ્ચે મોટે ભાગે ભળો સંબંધ બાંધવા પ્રયત્ન કરે છે.

—શ્રીમતી વીજયાલક્ષ્મી પંડીતને ન્યુ યોર્ક યુનીવરસીટી તરફથી ડોક્ટર ઓફ લોની પદવી આપવામાં આવી છે.

જોઈએ છીએ

ચમકતા કામ અને વફાદાર કામ જાણનાર બાઈઓને નીચલે ઠેકાણે મળવું થા લખવું.

મેનેજર

Phoenix Settlement,
c/o Indian Opinion
P. Bag,
PHOENIX.

શ્રી. સુરત હીંદુ એસોસીએશન
વાર્ષિક જાહેર સભા

ઉપરોક્ત સંસ્થાની વાર્ષીક જાહેર સભા રવીવાર તા. ૧૪ જુલાઇ ૧૯૫૦ ના રોજ બપોરે ૩ વાગે એસોસીએશન ના હોલમાં નીચે મુજબની કાર્યવાહી અંગે મળશે.

(૧) મીનીટસ, (૨) મંત્રીનો હેવાલ, (૩) ખજાનચીનો હીસાબ, (૪) ચુંટણી, (૫) પરચુરણ.

સર્વે, સભ્યોને વખતસર પધારવા આમંત્રણ પાઠવી વીનંતી છે.

નારણદાસ દયાળજી
પ્રમુખ
નારણભાઈ ખુશાલભાઈ ગીરધી
મંત્રી

૨૦૦૬ નું પંચાગ

ગુજરાતી પ્રેસ ના મોટા નવા વર્ષના પંચાગ

કીમત ૩/૬

ધર્માત્મા ગોરધનદાસ લખનાર
અમીલ ૧ ૦
આપણા પત્રોઃ (આલબમની બેઠા ઉપર) સંપાદક કાકા કાલેલકર ૨ ૧

અદભુત ભારત
ચિત્ર આલબમ ૭ ૧

અજન્તા ઇલા ગુંફા
ચિત્ર આલબમ ૫ ૬

સુંદર ચીત્ર સંગ્રહ
તમારા ઘરને ચિત્રોથી શણગારો દીઠ ના પ્રખ્યાત ચિત્રકારોના ૭ ચિત્રના સંગ્રહની કીમત ૮ ૦
ચિત્રકાર, રસિકલાલ પરીખ કૃત
ચીત્ર સાધના
૫ ૦

c/o 'Indian Opinion'
P. Bag, Phoenix.

ગાંધી પુસ્તક માળા

ગાંધીજી જ્યારે જ્યાં હતા ત્યારે તેમણે લખેલા અને બીજા કેટલાંક પુસ્તકો જે ફીનીક્સ સંસ્થા તરફથી પ્રગટ થયેલાં છે તેવા ૨૨ પુસ્તકોના સેટની પોસ્ટેજ સાથે કીંમત ૬ક્ત રૂા. ૪–૬.

મહા ભારતના પાત્રો
૧૨ પુસ્તકોનો સેટ ૧ ૫ ૦

Books For Sale

Tagore's Literature

Essays, Novels, Poems and Plays

SACRIFICE (Novel)	3	6
GORA (Novel)	9	0
MASHI (Novel)	3	0
LOVER'S GIFT (Poems)	3	6
CHITRA (Play)	3	6
STORIES FROM TAGORE (Short Stories)	3	6
STRAY BIRDS (Short Poems)	3	6
RED OLENDERS (Play)	4	0
HUNGRY STINES AND OTHER STORIES	5	6
THE HOME AND THE WORLD (Essays)	6	0
GLIMPSES OF BENGAL (Essays)	3	9
REMINISCENCES	5	6
POEMS OF KABIR	3	9
POST OFFICE (Play)	2	6
THE KING OF THE DARK CHAMBER (Play)	5	0

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

બાળ ઉપયોગી સાહીત્ય

તમારા બાળકોને સુંદર પુસ્તકો આપી તેમના જ્ઞાનમાં વધારો કરો'

પાંચ ચરીત્રોનો સેટ

આમાં પાંચ ઐતીહાસીક મહાન નરોના ચરીત્રો છે.

કીમત ૧૩/–

બાલ સંસ્કારપદ્ય	૪ ૦
૧૯ ગાંધીની સદી	૧ ૬

શિશુમંચાવલી

સેટ પહેલાનાં ૧–પુસ્તકો	૧૧ ૧
સેટ બીજાનો	૧૫ ૦

કીશોર મંચાવલી

૭ પુસ્તકોનો સુંદર વાર્તાઓનો સેટનો	૧૪ ૬

ઉપયોગી પત્રો ગયેલા

બાળકોને માટે રમુજી પુસ્તક કીમત	૨ ૦
સાંત પત્રોમા	૨ ૬
સોનેરીજની સફર	૪ ૦
બુદ્ધિનો ભાદરાહ	૫ ૩
બુદ્ધ અને કેતકી	૫ ૬
કેટલાંક પક્ષિઓ	૧ ૬
ભાગવત કથાઓ	૩ ૬

ચરિત્ર રત્નોનો સેટ ભાગ ૧ ૨ જેમાં પ્રત્યેક સેટમાં પાંચ પાંચ પુસ્તકો છે. પ્રત્યેક સેટની. ૭ ૦

ઉકેલા ~ગ્રેટ	૨ ૦

૧૦ થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૩ પુસ્તકોનો સેટ.

કીમત રૂા. ૧–૦–૦

૮ થી ૧૦ વર્ષના બાળકો માટે ૧૫ પુસ્તકોનો સેટ

કીમત રૂા. ૧–૫–૦

૧૨ થી ૧૮ વર્ષના યુવક યુવતી માટે આઠ સુંદર પુસ્તકોનો સેટ

કીમત ૧૪/–

લીલા	૫ ૬
વીજુ	૫ ૦
બાપુ	૫ ૩
બાળકોનો બાંધવ	૧ ૬
ઈનીસના પત્રો (નેહરૂ)	૫ ૧
બાળવાર્તાવળી	૩ ૦
ચબરી પુળ	૧
ચતુરની વાતો	૩
જ્ઞાન ગોષ્ઠી	
બાલો	૫
બાલબાની સોબતમાં	૪ ૦

Obtainable From:

'Indian Opinion'.
P. Bag,
Phoenix, Natal.

ધાર્મિક પુસ્તકો

ગીતા હૃદય	૩ ૦	દૈવ વાસિષ્ટ	૧૦ ૦
બાલરાજ હનુમાન	૨ ૦	રામનામ મહિમા	૨ ૦
પરમાત્મા	૫ ૩	ગુહ્ય ગીતા	૧ ૬
આર્ય ધર્મ નીતિસાર	૨ ૦	સુદામા ચરીત્ર	૨ ૦
મંગલ પ્રભાત (મહિમા)	૧ ૦	ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે ભાગ ૧–૨–૩–૪.	
ઉપમા નિરીક્ષણ	૫ ૬	આમા મહાભારત નવી રીતે	
ભગવાન બુદ્ધ	૫ ૦	આ ઉપરાંત ૩.	૧ ૫ ૦
ગુજરાત અહમદ			
ધર્મસાર ધર્મ ઉપર અજવાળુપાડુ		*Indian Opinion*	
ગાંધુ પુસ્તક	૧ ૦	*P. Bag,*	
મંત તુકારામ	૨ ૬	*Phoenix.*	

અઠવાડીક પંચાંગ

માર	ઇસ્વી ૧૯૫૦ જુન	હીંદુ ૨૦૦૬ આષાઢ	મુસલમાન ૧૩૬૯ રમજાન	પારસી ૧૩૧૯ શહે. ક્રમી.	સુર્યોદય ક.મી.	સુર્યાસ્ત કે. મી.
સુર્ય	૭	વદ ૮	૨૦	૮	૬–૫૨	૫–૦૬
સોની	૮	,, ૯	૨૧	૯	૬–૫૩	૫–૦૭
રવી	૯	,, ૧૦	૨૨	૧૦	૬–૫૬	૫–૦૧
સોમ	૧૦	,, ૧૧	૨૩	૧૧	૬–૫૮	૫–૧૨
મંગળ	૧૧	,, ૧૨	૨૪	૧૨	૬–૫૭	૫–૧૩
બુધ	૧૨	,, ૧૩	૨૫	૧૩	૬–૫૬	૫–૧૪
ગુ	૧૩	,, ૧૪	૨૬	૧૪	૬–૫૫	૫–૧૫

નીશાળ ઉપયોગી પુસ્તકો

નુતન લેખન માળા આ માળા માં નીચલા પાંચ પુસ્તકો આવે છે. એ પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન મેળવે છે.

નુતન લેખન તાલીમ વર્ગ

" " પોકેટ ૧-૬-૬-૪

પ્રત્યેકની કીંમત ૧ ૦

નવયુગ વાચન માળા

પુસ્તક પહેલું ૧ ૬

પુસ્તક બીજું ૨ ૦

પુસ્તક ત્રીજ ૨ ૬

સાહિત્ય કલ્પદ્રોલ

સાહિત્ય માટે વાચન વધારવા વધારવા માટે ઉપયોગી પુસ્તકો

પુસ્તક બીજું ૨ ૬

" ત્રીજું ૩ ૬

બાળપોથી ૧ ૬

આર્યાદિ સુબોધ ૫ ૦

પોકેટ બેઠા ઈંગ્લીશ શીખવા માટે

પાઠાવલી ભા. ૧-૨ પ્રત્યેકની ૨ ૦

અંગ્રેજીના મુળ તત્વો /૨ ૦

વિચારપીઠ વાચન માળા

ચાલક્ષ્ય આદી (બાળબોધી) ૧ ૦

પહેલી ચોપડી ૧ ૧

બીજી " ૨ ૦

ત્રીજી " ૨ ૬

ચોથી " ૨ ૧

પાંચમી " ૩ ૦

બાળ જગત બાળકોને દુનીયાર્નું જ્ઞાન પાય એવી સમજણી સચિત્ર પુસ્તક ૧ ૦

ચાલો લખીએ

શ્રેણી ૧ ૧ ૬

" ૨ ૧ ૬

" ૩ ૧ ૬

" ૪ ૨ ૬

" ૫ ૨ ૦

" ૬ ૨ ૦

" ૭ ૨ ૦

સાંકેતિક પદાવલી

પુસ્તક પાંચમું ૨ ૧

" સાતમું ૨ ૬

દેશ દેશાવરનાં—સુબોધ ૩ ૦

આપણા દેશનો ઇતીહાસ ૧ ૬

Obtainable From:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

નવલ કથાઓ

શ્રી દર્પ	૧ ૬	જુદુ અને નવુ	૧ ૦
સાહસીકોની સૃષ્ટી	૮ ૬	બે દેશ દીપક	૫ ૬
સ્વર્ગ અને પૃથ્વી	૬ ૦	પુત્ર જન્મ	૧૩ ૦
વડલો	૩ ૦	પરીશેષ	૭
ચિરંજીવની વાતો (૨)	૧૪ ૬	પીતાજીનો વન પ્રવેશ	૭ ૦
વનબાળા	૭ ૦	પહેલી પ્રીત	૭ ૬
વર કે પુર (રમુજી નોવેલ)	૧૦ ૦	પૃથ્વીરાજ	૭ ૬
લાડકાના બાહુ	૭ ૬	નીતીમય તાપ	૫ ૦
સોમનાથ	૧૨ ૬	માડી જાયો	૫ ૬
સેનાપતી	૬ ૦	માણસાઇના દિવા (ત્રીજી આવૃત્તિ)	૭ ૦
સુના મંદીર	૯ ૬	માલધારી	૬ ૬
રણારણ	૧૦ ૦	ઘરને મારગે	૬ ૦
રૂપમતી	૬ ૦	ચંદ્રકાંત (ભાગ ૧-૨-૩)	૩ ૧૫ ૦
રહસ્યનું રહસ્ય	૧૦ ૦	માનવતાના મુલ	૬ ૦
માનવીની ભવાઇ	૧૨ ૦	પેરાનાં વાદળ	૭ ૬
માયાનો સંસાર	૭ ૬	ધરતીને માયાળે	૭ ૦
આશ્ચર્યરી	૭ ૦	ચિરકુમાર સભા (ટાગોરકૃત)	૧૨ ૦
ગંગાવતાર ભાગ ૧	૧૦ ૦	ઉજ્જરદાન	૭ ૦
ચિત્રોદરી	૭ ૬	ડિટેક્ટ	૫ ૬
દાઝેલા હૈયા	૮ ૦	ઠાકોરનીવાય	૫ ૦
દીનાનાથ	૧૦ ૬	સુખની શોધમાં	૨ ૦
દરીયા પારના		ફુલડા	૪ ૬
બહારવટીયાઓ	૭ ૬	સુખવતી પુર	૧૧ ૦
દેમાઇનો ભોગ	૮ ૦	દેવ અને દાનવ	૬ ૦
જીવન રહસ્ય	૬ ૦		
જામ તમાચી	૬ ૦		
જીવતર	૭ ૦		

મળવાનું ઠેકાણું:

C/O INDIAN OPINION,

P. Bag, Phoenix, Natal.

અમારાં નવાં પુસ્તકો

સેતુબંધ	૫ ૦	નુતન રચીયામાં ગોઠવ્યું	૨ ૬
વિશાલબા	૫ ૦	મુખો સેવક	૩ ૦
કમંડલુ	૪ ૩	ત્રણ દયમાં	૫ ૩
ચતુર સુજાણ	૩ ૩	ગીતાંજલી	૫ ૦
નીરૂપમા	૭ ૦	સાધના	૫ ૦
૨૫ કેપ્પા (બે ભાગ સાથે)	૧૩ ૦	નવી દુનીયા	૫ ૩
ઠંડે પરોરે	૭ ૦	દામંતબધ્યમો નાનાભાઇ ભટ	૨ ૬
પ્રાચિના	૫ ૦	મહાન મુસાફરો	૫ ૦
સુવર્ણ યુગ'	૨ ૦	પુર્વ અને પશ્ચિમ	૫ ૦
૭ ૭ ૭	૩ ૩	ઝરતના ઘોડાં	૭ ૦
મારી બહાર	૭ ૦	ભારતના વીર પુરૂષો	૨ ૬
તુરજ્યાં	૪ ૩	દેશ દેશની લોક કથાઓ	૮ ૬
દવાનો ઝેલો મુંઝારો	૫ ૦	રાજ્ઞીની પ્રેમ કથા (નોવેલ)	૮ ૬
બળવાન બનો	૨ ૦	સોક્રાતસ ભા. ૧-૨ સેટની	૧૦ ૦
ગીત હોરી અને બીજા નાટકો	૨ ૩	ઉમરની અક્ષર બે	૫ ૧
આપણી કોમેડિ	૫ ૦	સોક્રાત	૭ ૦
ઉત્તરા	૭ ૦	ઉલ્લો પ્રોફેસ (વાર્તા સંગ્રહ)	૬ ૧
લગ્ના લેખ	૫ ૦	સુંદરીનો રાજકુમાર	૧૪ ૦
સ્ત્રીઓનું આરોગ્ય	૩ ૦	સહીદોનો સંદેશ	૪ ૦
મહાસભાના પ્રમુખો	૩ ૩	મુક્તતના પ્રશ્નો	૭ ૬
ગ્રામ વિચારણા	૨ ૦	કિંમતી રમઝટ	૬ ૦
પુષ્પવાટિકા	૨ ૦	જંતુઓ વાતો	૭ ૦
પતીમંદિર	૩ ૦	દાદા મીયાનો ઝાપરો	૪ ૬
જાદુઇ ચાકી	૭ ૦	દીન બધો	૭ ૬
રંગ બીરા	૨ ૩	સામિલરેબાઇ ભાગ ૧-૨ સેટની	૧૮ ૦
કૃપાની ગાય	૨ ૬	વસમતી	૬ ૦
ધરતી	૫ ૦	સાગર કથાઓ	૮ ૬
રમ મુર્તીઓ	૭ ૦		
ગાંધીજીની સાધના	૫ ૩		

ટોલ્સટોયના પુસ્તકો

સુખ નહીં રહેવાય (સમાજની બદીઓ સામે ચેતવણી) નવલકથા	૭ ૦	
દ્રષ્ટિ પરીવર્તન	૫ ૩	
બે નવેલકથાઓ	૫ ૦	
ટોલ્સટોય અને શાકુન્તલ	૨ ૦	
કેદની બહેન (વાર્તા)	૫ ૬	

જીવન ચિંતનો

આઝાદ	૫ ૬	
બોકમાન્ય તીલક	૬ ૦	
રવીંદ્રનાથ ટાગોર	૫ ૦	

હાસ્ય રસમુય પુસ્તકો

હાસ્ય ગોળક	૭ ૬	
મસ્ત કાકાના હાસ્ય પ્રસંગો	૬ ૦	
હાસ્ય વીલાસ	૨ ૦	

બંકીમ ચટોપાધ્યાય કૃત

કૃષ્ણ ચરિત્ર ભિન્ન	૬ ૧	
કપાલ કુંડલા	૬ ૧	
મનોરમા	૭ ૬	

સુપ્રસિદ્ધ લેખક મેઘાણીની નોવેલો

વિષવારી	૧૬ ૦	
ગુજરાતનો જય ભાગ ૧—૨ પ્રત્યેકની	૭ ૦	
તુલસી કયારો સામાજીક નવલકથા	૭ ૬	

બાળા કવિતા	૫ ૦	
નવલીકાઓ ભાગ. ૧	૧ ૦	
પુરાતન જોત	૫ ૬	
બીડેલા દ્વાર	૮ ૧	
વેવીશાળ	૮ ૦	
સોરઠ તારા વહેતા પાણી	૧૦ ૦	
બાલગરબી	૧ ૬	

નવલ કથાઓ

કૃપાનાથ : અંગ્રેજની કાંતીકારી નવલકથા. કીંમત	૮/-
જાણવાજોગ સુંદર બાળપુર્ણ નોવેલ.	૧૦/-
વાચવાયોગ્ય રસમય કાંતી દર્શાવતી નવલકથા	૧૦/-
ક્રુઈ પાકાય :- અણીતા કોસ બોકાનીનું જીવન ચરીત્ર.	૫/-
સેરમ કેસુરી :- શ્રી બોકાનીનું જીવન ચરીત્ર	૬/-

સમુળી કાંતી. કોસોરસાહ. મ.

બસવ્રતાધ	કી. ૫ ૦
બાપુની ઝાંખી	૩-૦

લેખક કાકા સાહેબ

દીલ્હી ડાયરી

ગાંધીજી.	કી. ૧૦ ૦

મહાદેવ દેસાઇની ડાયરી

ભાગ. પહેલો.	૧૦ ૦
ભાગ બીજો.	૧૧ ૦
ભાગ ત્રીજો	૧૧ ૬
બાપુ-બાપીમા (મૂળ ગુંથી)	૩ ૦

'Indian Opinion', P. Bag, Phoenix, Natal

NATHOO TABHA

TIMBER & HARDWARE MERCHANT
& DIRECT IMPORTER

Door, Windows, Corrugated Iron, Cement, Monarch, Iron Duke, Buffalo, and Elephant brands paint or any other building material at reasonable price.

Established 1907, NATHOO TABHA,
107 Queen Street, Phone 24647.
Telegraph "Mani," DURBAN.

આવેલા દિવાળી અંકો

છાયા	શી. ૫ ૦	સ્વરાજ	શી. ૧૦ ૦
આરામ	૫ ૬	સરિતા	૧૦ ૦
સવિતા	૭ ૦	વેણુ	૭ ૬
ગોલમાલ	૬ ૦	મે મારી ગેલ	૭ ૬
ઢાલ	૨ ૬	ચિત્રપટ	૭ ૬
સરસ્વતિ ચંદ્રાંક	૨ ૬	મુંબઈ સમાચાર	૫ ૦
ખુબ સમાચાર પંચાંગ	૫ ૬	બાલ હીંદ (પુસ્તક)	૭ ૬
India, (English) 12 Copies	6 0	Filmindia English	5 6

KAPITAN'S BOOK AGENCY,
189 Grey Street, DURBAN.
Phone 23414 Tel Add. "KAPITANS"

THESE ARE THE BLADES FOR SMOOTHER SHAVES

The above procedure should be repeated for three consecutive days. Start each day with an 8-ounce tumbler of water in which a teaspoonful of Glauber salts has been dissolved. Then every 20 minutes drink an 8-ounce tumbler of mixed fresh citrus juices (as listed above) diluted half-and-half with water. At night have an enema in the knee-chest position, i.e. kneeling with the chest pressed on the floor or bed. And, of course, take no other food.

If these instructions are carried out for three days, the blood will have been washed thoroughly of several gallons of bad matter. And this will have been replaced by the mineral salts, vitamines and other valuable ingredients from the citrus juices. It will then be time to add other valuable elements.

For each of the next three days, the patient should take at 20-minute intervals an 8-ounce tumbler-ful of one of the following mixtures of freshly prepared raw vegetable juices:—1. Carrot (2 parts), Beetroot (1 part), Cucumber (1 part).

2. Carrot (3 parts), Spinach (1 part).

3. Carrot (2 parts), Celery (1 part).

4. Carrot (2 parts), Beetroot (1 part), Lettuce (1 part).

5. Carrot (2 parts), Celery (1 part), Parsley (1 or 2 ounces only).

6. Carrot (2 parts), Beetroot (1 part), Celery (1 part).

7. Carrot with 1 or 2 ounces of Parsley juice.

8. Potato water (see below).

One pint of each of 4 or 5 of the above mixtures should be prepared daily, to make a total for the day of about 5 pints of juices. An 8-ounce tumblerful of one of the mixtures should be drunk and followed in 20 minutes by a tumblerful of another mixture. Keep this up at 20 minute intervals until the lot is finished.

To prepare these fresh vegetable juices takes quite a bit of work but it is well worthwhile. Absolutely fresh, clean and healthy vegetables must be used. Put each kind of vegetable through a mincing machine and then put this minced pulp into a clean strong cloth which is then twisted with the hands until all the juice is squeezed out into a bowl or small basin. If the cloth is put between two small planks and the lot put in a screw-press, a great deal more juice can be extracted. There are also machines that are specially made for extracting vegetable juices but they are expensive. If nothing better can be obtained, a common grater will do to get the pulp, although it will require a lot of hard work to prepare enough for so much juice. Remember, everything is kept raw; nothing is cooked.

Potato water is prepared rather differently, and it is also excellent for rheumatism. Take 5 or 6 good-sized potatoes, wash clean but do not peel. Just cut into several large pieces, skins and all, put into a pot and cover with about 1½ pints of water. Cover the pot and boil very gently until the potatoes are cooked. Do NOT add any salt. When done, strain the water off and use this juice which, as said before, is very good indeed for rheumatism. One pint a day with 3 or 4 pints of the other mixtures will work wonders.

At the end of the 6 days—3 days citrus juices and 3 days vegetable juices—the patient can start eating again. But very great care must be taken to have only a small amount of food at first, to eat slowly and to chew well. The best thing to start with is a little ripe juicy fruit (not bananas) for breakfast. Pawpaw is excellent. At about 11 o'clock take some fresh vegetable juice. For lunch have some raw vegetable salad (lettuce, tomato, grated raw carrot, grated raw beet root, finely cut raw cabbage) with a little cottage cheese or thick milk and one slice of wholemeal bread and butter.

Or have one cup of Raw Apple Oats made as follows:

Soak 2 tablespoonsful rolled oats in 4 tablespoons cold water overnight. Do not heat or cook. Next morning add to this 1 grated apple, the juice of ½ a lemon, and 2 teaspoonsful honey. Beat up well together and eat thus. Do not heat or cook. It is delicious.

In the afternoon, drink 1 pint potato-water. For the evening meal have small portions of some cooked vegetables, preferably 2 leafy vegetables, 1 above ground

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
અને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૮ મું—અંક ૩૭ | શુક્રવાર તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૦. | છૂટક નકલ પેની.૪

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૦

જનરલ સ્મટસ

ફીલ્ડ માર્શલ સ્મટસના અવસાનથી સાઉથ આફ્રિકા નો સૂર્ય અસ્ત થયેલ છે. મુનોની સલામતીમાં ડેલીગેટો તરફથી બોલતાં યોગ્ય રીતે કહેવામાં આવ્યું છે કે તેમના અવસાનથી એક યુગનો અસ્ત થયો છે. બીન-ગોરી પ્રજાઓ પ્રત્યેની તેમની વલણ ગમે તેવી હોય, અને તે એવી તો નહોતી જ કે તેઓને પસંદ પડે, છતાં જનરલ સ્મટસ ને વિષે એટલું તો કહેવું જ પડશે કે તેમના યુગમાં ઉજ્જવળતા હતી જ્યારે આજના યુગમાં ઘોર અંધકાર જણાઇ રહ્યો છે. વિરુદ્ધ માં બોલે ગમે તે કહેવામાં આવે પરંતુ એ ઇન્કારી શકાય તેમ નથી કે જનરલ સ્મટસ એક દીર્ઘદર્શી મુત્સદ્દિ હતા જે સાઉથ આફ્રીકાને ગોરાનો દેશ બનાવવા ના ખરા હિતમાં કામ કરી રહ્યા હતા. તેમની વય અને અનુભવે તેમની દ્રષ્ટિ બહોળી કરી હતી અને નેશનલીસ્ટોના કરતાં વિરુદ્ધ તેઓ જોઇ શકયા હતા કે સાઉથ આફ્રીકાને ગોરાને માટે સુરક્ષિત રાખવાનો માર્ગ દુનીયાથી અળગા થઇ ને રહેવામાં નથી રહ્યો પરંતુ ગોરી તેમજ બીન ગોરી દુનીયા ને મીત્ર બનાવવામાં અને બીન-ગોરા લોકોનો વિશ્વાસ સંપાદન કરવામાં જ રહેલો છે, અને એ માર્ગે પોતે કામ કરી રહ્યા હતા. એક વખતના બ્રીટનના શત્રુ બ્રીટનના ગાઢ મીત્ર બની ગયા હતા. નેશનલીસ્ટોને બોટો ખ્યાલ બરાબર ગયો છે તેમ શું પોતાની જાતને વેચી દેવાને અથવા તો શું પોતાનો દેશ જેનો દરેકેદરેક પથરો દરેકે દરેક રજકણ તે હૃદયથી ચાહતા હતા, તેને વેચી દેવાને તેમણે તેમ કર્યું હતું ? નહિ જ. તેમ કરવામાંજ પોતાનાં દેશનું હિત સમાયેલું છે એવા સંપુર્ણ જ્ઞાન અને ખાત્રીથી તેમણે તેમ કર્યું હતું. સાઉથ આફ્રીકાની બન્ને ગોરી પ્રજાઓ વચ્ચે સંગઠન પર તેઓ હમેશાં ભાર મુકી રહ્યા હતા અને કોઇથી નથી થઇ શકયું તેટલા પ્રમાણમાં એ વસ્તુ તે સિદ્ધ કરી શકયા હતા. "સ્લીમ જેન" (ચાલાક જેન) ના નામથી તે ઓળખાતા હતા. એમ કહી તેમને માન અપાયું હતું. વસ્તુઓની ઉંડી ધારણ કરવાની શકતીએ તેમને દુનીયાના મુત્સદ્દિ અને સેનાપતિ તરીકેની કીર્તી આપી હતી અને કદુ માં કદુ રાજદ્વીય વીરોધીઓનું પણ તે માન સંપાદન કરી શકયા હતા. વીન્સ્ટન ચર્ચીલ એ એક ચુસ્ત બ્રીટીશર છે જ્યારે જનરલ સ્મટસ એક ચુસ્ત આફ્રીકાનર હતા. છતાં તેઓ બન્ને વચ્ચે ગાઢ મીત્રતા બંધાઇ હતી. સાઉથ આફ્રીકાના સઘળા ગોરા તત્વોને આફ્રીકાનરની પ્રતિષ્ઠાને જરા પણ આંચ આવ્યા સીવાય એક કરી રાખનાર જનરલ સ્મટસ જ હતા. બહુજ આર્થીક તેમજ પ્રતિષ્ઠાની, એ બન્ને દ્રષ્ટિએ, ખાસ કરી સુરોપીયન લડતમાં સાઉથ આફ્રીકાને એથી ખોટ નહિ પરંતુ ઘણોજ લાભ થયો હતો. એથી ઉલટું આજે કમભાગ્યે, એ બાબત દ્રષ્ટિએ સાઉથ આફ્રીકા પોતાની સ્થિતિ સવેગે ગુમાવી રહ્યું છે.

જનરલ સ્મટસને વિષે એ પણ સ્વિકારવું પડશે કે આચાર માં ભલે તેઓ નીષ્ફળ નીવડેલા હોય પરંતુ વીચારમાં તેઓ ઘણા ઉચ્ચ આદર્શો સેવતા હતા. તેનો તાદ્રશ્ય નમુનો રાષ્ટ્રસંઘના ઘડી તાની પ્રાસ્તવિક કલમો છે. જેના મુખ્ય સ્રષ્ટા તેઓજ હતા.

સાઉથ આફ્રીકાના હીંદી સવાલ પર જો કે હીંદને જનરલ સ્મટસ સાથે ઝઘડવું પડેલું છે છતાં હીંદ સાથેના તેમના સંબંધની સાલાર નોંધ લેવી જ જોઇએ. હીંદની આઝાદીની લડતને તેમણે સહાનુભુતી આપી હતી અને ૧૯૩૧ની સાલમાં લંડનમાં મળેલી ગોળમેજી પરિષદ વખતે તેને લાગતા કાર્યમાં તેમણે સારો ફાળો આપ્યો હતો. એ, મહાત્મા ગાંધીજી, જેમને આપણે હીંદના રાષ્ટ્રોચિત તરીકે આદર કરીએ છીએ, તેમના પ્રત્યેના ઉંડા માનને વશ થઇ તેમણે આપ્યો હતો. વળી ૧૯૪૨માં જ્યારે હીંદની આઝાદીની લડત પુર જોસમાં ચાલી રહી હતી અને બ્રીટીશ સરકાર હીંદને તેમજ મહાત્મા ગાંધીજીને દુનીયાની નજરમાં હલકાં પાડવાને બનતી સઘળી ચેષ્ટાઓ કરી રહી હતી, તે વખતે ગાંધીજીની નિષ્ઠા સાચી નહિ હોવાના તેમની સામે મુકાઈ રહેલા આરોપનો નિર્ભયપણે પોકાર કરીને વીરોધ કરનાર પણ જનરલ સ્મટસ જ હતા, જેમનો અવાજ સારી દુનીયામાં પ્રસરી ગયો હતો. તેમણે કહ્યું હતું કે ગાંધીજી દુનીયાએ પેદા કરેલા સૌથી મહાન નર છે, અને તેમની સત્યનિષ્ઠા બીજે શંકાને માટે કરાયે ર ાન નથી, તેથી મહાન મુત્સદ્દિ તરીકેની જનરલ - સ્મટસની પ્રતિષ્ઠા એ વખતે ટોચ્ચે પહોંચેલી હતી અને કોઇના કરતાં તેમનાં કહ્યનું બીજાય વજન પડતું હતું. આ રીતે તેમણે હીંદની બારે ગેરા બનાવી હતી.

સાઉથ આફ્રીકાના વર્ણના સવાલનો ઉકેલ લાવવાની જનરલ સ્મટસની રીત ન્યારી હતી, તો કે એમે તેને મળતા નહોતા થતા. તે બરા હતા કે ખોટા એ ચોકકસ કહેવું મુસ્કેલ છે. પોતે ઉચ્ચ આદર્શો સેવતા હોવા છતાં તે વાસ્તવવાદી હતા. એક વસ્તુ તેમણે છુપાવી નહોતી વાસ્તવિક દ્રષ્ટિએ તેમને લાગ્યું કે તેમણે પ્રચલિત પરિસ્થિતિને ધ્યાનમાં લેવી જોઇએ અને એ મુજબ વર્તવું જોઇએ અને એ મુજબ પોતાને ખરું લાગ્યું તેમ અને દેશના સમગ્ર હિતનું જણાયું તેમ તે વર્ત્યા હતા. પરંતુ એ સાથે તેમના લાભમાં એ પણ કહેવું જોઇએ કે કોઇનાં બહોળાને તેમણે તાળાં નહોતાં માર્યાં, કોઇનું વીચાર વાણી કે વર્તન સ્વાતંત્ર્ય તેમણે છીનવી નહોતું લીધું અથવા ન્યાયની અદાલતનો આશ્રય લેવાનો કોઇનો હક છીનવી નહોતો લીધો.

તે સખ્ત કસોટી કરનારા હતા, અને પોતાના વીરોધીઓ પોતાને પહોંચી શકે તેવી શકિત ધરાવનારા માલુમ પડે તો તેઓ તે નમતું આપતા હતા, જેમ ગાંધીજી નાં નેતૃત્વ નીચે સાત વર્ષ સુધી ચાલેલી સત્યાગ્રહની બીનપણ લડત બાદ ૧૯૧૪ માં તેમણે કર્યું હતું.

જનરલ સ્મટસમાં દોષો હતા. માનવી માત્ર દોષ મુકત નથી. સાઉથ આફ્રીકાને તેમની ખોટ જણાય છે તે તેમના મહાન ગુણોની. તેમનું આકર્ષક વ્યકિતત્વ, ગમે તેવી તંગ પરિસ્થિતમાં શાંતતાથી અને દ્રઢ નિશ્ચય થી કામ લેવું, તેમની કાર્યદક્ષતા, દીર્ઘદ્રષ્ટિ, અગાધ હીંમત, કુદરત પ્રત્યેનો પ્રેમ—એ તેમના ગુણોની ખોટ જણાય છે. ગોરા સાઉથ આફ્રીકાના બહનારાઓમાં તે અગ્ર પદ ભરાવતા હતા અને સાઉથ આફ્રીકાના અંગ્રેજોને એક સુદ્રઢ મીત્રની નહિ પુરી શકાય તેવી ખોટ થઇ છે. બીન-ગોરાઓનું ભાવિ તેમના અમલ હેઠળ કેવું થયું હોત એ કહેવું મુસ્કેલ છે. એટલું તો સ્પષ્ટ છે કે આજે જેવું કાળું છે તેવું સાઉથ આફ્રીકાના તખારીખમા કદી નહોતું.

આજના અતિ પ્રત્યાઘાતી તત્વો જનરલ સ્મટસે બાંધેલી

ઈમારતને તોડી પાડવા માટી રહેલા જણાય છે. સદ્‌ભાગ્યે તેનો નાશ થતો જોવાનું તેમને માટે સરજાયેલું નથી. શ્રીસીસ રમટસ અને સ્વર્ગસ્થના અન્ય કુટુમ્બી જનોને થયેલી મહાન ખોટમાં અમે તેઓ પ્રત્યે હાર્દિક દિલસોજી બતાવીએ છીએ, પરંતુ તેઓ ગર્વથી આશ્વાસન લઈ શકશે કે એ ખોટ માત્ર તેઓનેજ નથી થઈ પરંતુ સાઉથ આફ્રીકાને અને કોમનવેલ્થને પણ થઈ છે. સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતી મળો.

નોંધ

જનરલ સ્મટસનું અવસાન

સપ્ટેમ્બર તા. ૧૨ મીના મંગળવારે સવારે આગલી રાતના અચાનક હૃદય બંધ પડી જવાથી જનરલ સ્મટસના થયેલાં અવસાનના ખબર આખાત સાથે સાઉથ આફ્રિકામાં સાંભળ્યા. એ ખબર બીજા અણધાર્યા હતા કેમકે તેમની તંદુરસ્તીના આશાજનક ખબર બહાર પડયા હતા અને સૌએ આશા રાખી હતી કે તેઓ હવે સાવ સાજા થઈ જશે. પરંતુ ઈશ્વરે ધાર્યું તે થયું. આ શોકજનક ખબર બહાર પડતાં સાઉથ આફ્રિકાનું આકાશ ગમગીનીથી છવાઇ ગયું હતું. બહાર પડેલા ખબર મુજબ એ દીવસ જનરલ સ્મટસે પોતાના કુટુમ્બીજનોને સાથે બહાર ખુલ્લાં મામડામાં ગાળ્યો હતો જ્યાં જવાનો તેમને સૌથી વીશેષ આનંદ થતો હતો. ગંભીર માંદગી બાદ આરામ લઈ રહ્યા હતા ત્યારે અનેક વાત તેમણે મામડામાં કરવાની તીવ્ર ઇચ્છા દર્શાવી હતી. સાંજના જમ્યા બાદ ટેબલેથી ઉઠીને તેઓ પોતાના બીછાનાપર પડયા અને તેમના ધર્મ પત્નિ અને કુટુમ્બીજનોની હાજરીમાં શાંતીથી સદાને માટે વીદાય થઇ ગયા.

દેશદેશાવરથી અંજલીઓ

દેશદેશાવરથી સ્વર્ગસ્થ જનરલ સ્મટસને સ્મરણાંજલીઓ અર્પવામાં આવી હતી. તેમાંની પાર્લામેન્ટના ઓપોઝીશનના લીડર અને જનરલ સ્મટસના સૌથી નજીકના મીત્ર મી. જે. બી. એમ. હરઝોગની અત્યંત હૃદયસ્પર્શી છે જે આ અંકના મુખ્ય પૃષ્ટપર આપવામાં આવી છે. બીજી ખાસ નોંધ લેવા જેવી બ્રીટીશ વડા પ્રધાન મી. એટલીની છે. અવસાનના ખબર સાંભળી તેમણે નીચે પ્રમાણે કહેલું જણાવાય છે.

"મીસ્ટર સ્મટસના દેહાંત ના ખબર સાંભળી મને અત્યંત ખેદ થયો છે. સારી દુનીયા તેમનો શોક કરશે, કારણ તેઓ માત્ર પોતાના દેશને ચાહનારા અને બ્રીટન અને કોમનવેલ્થના જ અગ્રગણ્ય મીત્ર નહોતા પરંતુ તેમના વીશાળ હૃદયમાં સમસ્ત માનવજાતીને માટે સ્થાન હતું. રાષ્ટ્રસંઘની રચનામાં તેમણે આપેલો મહાન ફાળો તેમની બહોળી દ્રષ્ટિનો અને દુનીયાના મુશ્કેલ તરીકેનો નમુનો છે. લડનેમા, તત્વજ્ઞાની, અને મુત્સદ્દિ હોવા તેમણે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેઓ દીર્ઘ દ્રષ્ટિ ધરાવનારા, શાંત અને ગાઢા વતા. હતે સાદા હતા જે એક મહાન પુરૂષની નીશાની હતી. તેમના જવા થી સ્વતંત્ર લોકોની દુનીયાનો એક દીવો બુઝાઇ ગયો છે."

આસામ ભુકંપ સંકટ નીવારણ ફન્ડ

સૌરાષ્ટ્રના રાજપ્રમુખ તરફથી નીચે પ્રમાણેનો તાર અમારાપર આવ્યો છે. શ્રી. નાનજી કાલીદાસ સહીત એક પ્રતીનીધિરૂપ સમીતી રચાયી જે એક આસામ સંકટ નીવારણ ફન્ડ ખોલવું છે. તમારી મારફત સઘળા હીંદીઓને અને ખાસ કરી નજરોણીમાં વસતા સૌરાષ્ટ્રવાસી ભાઇઓને આ ફન્ડમાં ઉદારતાથી મદદ આપવા વીનંતી કરું છું. સલાહ રહેશે P. K. Shanghi, Nand Nivas, Budi Road, Jamnagar અથવા સૌરાષ્ટ્રમાં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિઆની કોઇ પણ શાખાપર મોકલવી."

ઉપલા તારમાં નજરોણીના સૌરાષ્ટ્ર વાસી ભાઇઓને ખાસ વીનંતી કરવા માં આવી છે તેનું કારણ એ જણાય છે કે 'ઇન્ડિઅન ઓપિનીઅન' પત્ર મુખ્ત આફ્રિકામાં છપાય છે એવી સૌરાષ્ટ્રના રાજપ્રમુખ ભ્રાંતીમાં છે. આ ફન્ડ તો 'ઇન્ડિઅન ઓપિનિઅન' તરફથી પણ ખોલવામાં આવેલું છે એટલે જે કોઇ ભાઇઓ તેમાં દાન કરવા ઇચ્છતા હોય તેઓ આ પત્રપર રકમ મોકલી શકે છે, જેની પહોંચ આ પત્રમાં—દિસકારવામાં આવશે અને ઘટતે સ્થળે ફન્ડ મોકલી આપવામાં આવશે.

જનરલ સ્મટસની ટુંક જીવન રેખા

જન ક્રીસ્ટીઆન સ્મટસનો જન્મ તા. ૨૪મે ૧૮૭૦ માં રીવીક વેસ્ટ ગ્રામર્ગાની નજીક બોવેન પ્લાટસ નામ ના ફાર્મમાં થયો હતો. તેમના પિતા જોહાનસ એબ્રાહમ સ્મટસ એક પ્યુરીટન હતા અને કેપ પાર્લામેન્ટમાં ફ્રેલર્ડાક વર્ષ સુધી માસ્ત્રસ્ટરીના પ્રતિનિધિ હતા. જેની (જનરલ સ્મટસનું વહાલ નું નામ) ની તબીયત નાજુક હોઇ ૧૨ વર્ષની વય સુધી તેને સ્થાનીક નીશાળમાં પણ મોકલવામાં આવ્યા નહોતા. ૧૬ મે વર્ષે રૂટેલનબોશની વીક્ટોરીયા કોલેજમાં તે દાખલ થયા. ત્યાં તેને અભ્યાસની એટલી બધી ચીવટ હતી કે રમત તેમને જરાયે પસંદ નહોતી. બ્રહ્મચપણથીજ તેને સૌથી પહેલે નંબરે રહેવાનો શોખ હતો. એથી ઉતરતું સ્થાન તે લેવા બીલકુલજ નહિ. ત્રિપ્રવૃત્તિ મેળવી તે કેમ્બ્રીજની કોંકરર કોલેજમાં ગયા. ત્યાં ૧૮૯૪ માં કાયદા ની પરિક્ષામાં ઉત્તમ ફરર્ટ મેળવ્યું. યુનીવર્સીટીમાં તેની બહુમુખ શક્તિ તેજ હતી અને કોઇ પણ બાબતનું મુળ તુરત શોધ કાઢતા હતા. યુનીવર્સીટીમાં તેને કોમ, કોમ ને કોમ સિવાય કશું સુઝતું જ નહિ. રમત ગમતનું તે નામજ લેવા નહોતા માંગતા. એ રીતે તે સૌથી નિરાળા થઇ ગયા હતા. અને નિરાળા રહેવા ની એ વૃત્તિ થયા પછી સુધી રહી. અહીં જેમ પર્વતા અને મેદાનોમાં તેમને એકલાજ ફરવું ગમતું હતું તેમ કેમ્બ્રીજમાં પણ એકલાજ લાંબી મજલો કરતા.

અભ્યાસ બાદ

અભ્યાસ બાદ કેપટાઉન પાછા ફર્યા પછી તા. ૧ ઓગસ્ટ ૧૮૯૫માં તે એડવોકેટ તરીકે સનદમાં જોડાયા. વકીલાત કરવાની સાથે સાથે પત્ર કારત્વનો શોખ થયો અને, જે પાર્લામેન્ટમાં પાછળથી તેમને મહત્વનો ભાગ ભજવવાનો હતો, તેની ગ્રેસ ગેલરીમાં બેસી વખત પસાર કરવા અને રાજકારણ રસ લેવા લાગ્યા.

એ વખતની સેસીલ રોડસની રાજ નીતીથી કંટાળી જઇ તેણે કેપ છોડી ટ્રાંસવાલમાં પ્રેસીડન્ટ ક્રુગરના પ્રજા સત્તાકમાં આશરો લીધો. ૧૮૯૬ માં ટ્રાંસવાલની સનદમાં જોડાયા અને જોહાનીસબર્ગમાં વકીલાત કરવા લાગ્યા. તેમને વકીલાતનું કામ મળ્યું નહિ પણ આત્મવિશ્વાસ પણે હતો. એટલે આર્થીક સ્થિતિ મર્યાદિત હોવા છતાં સ્ટેલનબોશની એક સહ વિદ્યાર્થીની સીબીલા મારમરેધા કોગની સાથે લગ્ન કર્યા અને જોહાનીસબર્ગની હર્બરટ સ્ટ્રીટમાં ઘર માંડયું.

૨૮ વર્ષે રાજકારણ. એટર્ની

ચોર કુગરે ઉઘાડાપણે આચરેલ સરકારી નોકરોને બદલે સાઉથ આફ્રીકાના લોકોને રાખવાની નીતી અખત્યાર કરી, તેમાં સ્મટસને રાજ્યના એટર્ની તરીકેનું પદ મળ્યું. એ વખતે તેની ૨૮ વર્ષની વય હતી. સ્મટસની શક્તિથી કુગર એટલા ચકીત થયા કે ૧૮૯૯ના મેમાં જોહાનીસબર્ગમાં મળેલી પરિષદમાં તે સ્મટસને પોતાની સાથે લઇ ગયા. ત્યાં મીલનરનો ભેટો થયો અને સ્મટસે કુગરની સમાધાનીની સુચનાઓ મુકી. પરંતુ એથી બાબિ યુદ્ધ અટકાવી નહિ શકાયું.

૧૮૯૯માં યુદ્ધ શરૂ થવાની હાકલ થતાં સ્મટસે તેમાં ઝંપલાવ્યું.

સુબેહની સંધીનો ખરડો કરવામાં પ્રજાસત્તાકના પ્રતિનિધિઓમાંના તે એક હતા પરંતુ તા. ૩૧ મે ૧૯૦૨માં કીનીંગ્ધનમાં એ સંધીપર સહી કરવામાં તે નહોતા.

એ યુદ્ધમાં તેને સેનાપતિ (જનરલ)નું પદ મળ્યું. યુદ્ધનો તેને એક ફાયદો થયો. તેનું શરીર કરાવાકાર અને મજબુત બન્યું. એટલે સુધી કે સ્વેલ્ડ ખોરમાં તેના સસરા તેને ઓળખી પણ નહિ શકયા.

પ્રીટોરીયામાં તેણે વકીલાત શરૂ કરી અને પોકતો ધંધો ચાલવા લાગ્યો. પોતાના લોહીને સ્થાપિત કરવાનું કામ કરતાં તે તેના નેતા બન્યા અને ૧૯૦૩ માં જોસેફ ચેમ્બરલેનને મળવા જનાર ડેપ્યુટેશનના તેઓ મુખ્ય નીમવામાં આવ્યા. હેટ ફેલ્ક નામની આફ્રિકાનરોના એક રાજકીય પાર્ટી સ્થાપવામાં તેણે મદદ કરી અને ૧૯૦૫માં ઉઝ્યાંતમાં લીબરલ પાર્ટીની જીત થતાં તે સ્વતંત્ર રાજસત્તાની ચર્ચા કરવા લંડન ઉપડયા. ટ્રાંસવાલને માટે બંધારણ ઘડવામાં તેણે પોતાની વગ વાપરી અને બંધારણની ઉદારતાની તેનાપર સારી છાપ પડી.

ટ્રાંસવાલની ધારાસભાની ચુંટણી ની તપારી કરવામાં તેણે બન્ને પ્રજા ઓ (અંગ્રેજ અને બોઅર) ને સંગીત કરવાની વાત ચીંધી. તેણે કહ્યું કે ઘાવટાનો નીર્ણય સદાને માટે થઇ ચુકયો છે. અને બ્રીટીશ નાગરીકોને મીત્રતાનો તેણે હાથ લંબાવ્યો.

હેટફેલ્ક પાર્ટી જે ઉભી કરવામાં સ્મટસે આગળ પડતો ભાગ ભજવ્યો હતો તેની ૧૯૦૭ની ટ્રાંસવાલની ધારા ન ચુંટણીમાં મોટી બહુમતીથી જીત થઇ.

બોઅરોના પ્રધાનમંડળમાં સ્મટસ સંરક્ષા ન પ્રધાન બન્યા અને તેના એક મહાન શક્તિશાળી સભ્ય તરીકે ગણાયા. બીજા વખતે જનરલ હર્ટઝોગ ઓરેન્જ રીવર કોલોનીમાં તંત્રમાં હતા અને બન્નેની નીતીમાં બીજા વખતથી વીરોધ હતો.

૧૯૦૫ માં સ્મટસે પોતાની આંખોમાં ચીના મજુરો આયાત કરવા સામે વીરોધ કર્યો હતો અને તેઓને ધીમે ધીમે સ્વવતન મોકલી દેવાની જોગવાઇ કરી હતી.

રેન્ડપર પડેલી એક હડતાળ વખતે થએલાં તોફાનો દાબી દેવાને તેણે શાંતી સલાહકારને બોલાવ્યું અને તેમ કરવાની બંધારણમાં સત્તા નહિ હોઇ તેણે રાજ રાજીનામું આપી દીધું.

ગાંધીજીની સત્યાગ્રહની લડતની વીરુદ્ધ તેણે ઝુંબેશ ઉઠાવી અને અંતે યુદ્ધ છોડી મુકતાં તેણે તેના બચાવમાં કહ્યું કે પુરવાર થએલી ખુલ્લા વિચારની લેવી જોઇ સારી નીતી ગણાય.

અધૂરું

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકકીબન)

[૪૦ (ઝ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકકીબને કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ સાતમો લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકકીબન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

સંધીવા (રૂમેટીઝમ)

સંધીવાને માટે જાતજાતની અકસીર દવાઓનું આપણે સાંભળીએ છીએ. પરંતુ દવાના કારખાનાવાળા મોટા કેમીસ્ટો જેઓએ આ દવાઓ બનાવેલા અને વેચવામાં મોટી મુડી રોકેલી હોય છે, તેઓના આ પ્રચાર કાર્યથી કોઇએ ઉતરવું નહિ જોઇએ. સદ્‌ભાગ્યે આવી "અકસીર દવાઓ" બાબે જ મળી શકે છે અને મોંઘી બહુ હોય છે અને તેથી ઘણા લોકોને તે નુકસાન નથી કરી શકતી.

ઉલ્લા વિદ્વાનીક રીપોર્ટો બતાવે છે કે, "Costisone" અને "Acth" બહુજ અકસીર દવાઓ છે, કે જે લાંબી મુદત સુધી લેનારના શરીરપર અજબ અસર કરે છે. દાખલા તરીકે, ચહેરાના આકારમાં તે ઘણા ફેરફાર કરી શકે છે, ઓઓને દાઢી ઉગાડી શકે છે, ચામડીના દરદો, રનાયુઓની નબળાઇ, સોજા, પુરૂષની જનનેન્દ્રિની નબળાઇ, માનસીક રોગો (ઉંડાપણ), ઓઓની બાસ્ટ તકલીફો, અને બીજા અનેક જાતની બિમારીઓને તે દુર કરી શકે છે.

આ દવાઓ કરનારાઓને બહુ ઇજેકશનો લેવાં પડે છે એ જોતાં આપણે જરા અચકાઇ વીચાર કરવો જોઇએ. વળી Costisone અને Acth ની ઉપરોક્ત ખરાબ અસરોની વાત કેમ બના હશે એ પણ વીચારવું જોઇએ. આ દવાઓ કરનારા બીચારા કમનસીબ લોકોની પીડાના ભરા કીસ્સાઓને તેઓને અનુભવ થયો હોવો જોઇએ. સ્પષ્ટ કહીએ તો, આવા લોકોનો અભ્યતરાંગોને માટે જબરો તરીકે ઉપયોગ કરવામાં આવે લો છે અને એ અભ્યતરાંગો હમેંશ બરાબર નાવડેલા નથી હોતા.

જે લોકો આ દુઃખ માટે સંધીવા જેવા રોગ દુર કરવા માંગે છે તેઓને નિરાશજ થવું પડે છે. કારણ, કુદરતી કાયદાઓને અવગણી તની પીરહ જવા થી તકલીફ ઉભી થયા વીના રહેજ નહિ.

સંધીવા લોહીમાં ભભરો થવાથી થાય છે, સાધારણ રીતે ખોટો ખોરાક લેવાથી તેમ થાય છે. ઘણીવાર જુદાં કારણો પણ હોય છે, જેમાં કે કુટુમ્બી જનોના વારસાથી અથવા શરીરમાં જાતજાતની દવાઓ દાખલ કરવાથી (આજે ઇજેકશનો ના ઘુસણી થતા પ્રયોગોથી શરીરમાં કેટલું ઝેર નાખવામાં આવે છે એ ખ્યાલ નહિ જોઇએ.) આ સિવાય રહ્યો ચુકાવાનું, રાંધવામાં અમલ્લ મીનીયમના વાસણોનો ઉપયોગ કરવાનું, ચીંતા કરવી, ક્રોધ, તિરસ્કાર રોગ વગેરે કુટેવોથી ઉત્પન્ન થએલાં ઝેરનાં કારણો પણ હોઇ શકે.

એસ્પરીન અને એવી જાતની બીજી "દરદ વિનાશક" દવાઓથી થતા સંધીવાનું પ્રમાણ કાઢવું જાણવાલાયક થઇ પડે. હોમીયોપથીના અભ્યાસે ચોકસપણે સિદ્ધ કરી આપેલું છે કે, એસ્પરીનથી સખત સંધીવા, બ્રોનકાયટીસ, પેટ અને આંતરડાના કોમળ ભાગો માં ચાંદા પડવાં વગેરે અનેક રોગો થાય છે.

સંધીવાનો ભરો અને અજ્ઞાનવાળો હોવાજ આપ એમ હોઇ શકે કે સંધીવા જેવી થએલ તે વસ્તુઓનું ઝેર લોહીમાંથી કાઢી નાખવું. લોહીમાં ઝેરનો છુપેરો કરવાને બદલે એકદું થએલું હોય તેમ કાઢી નાખવું જોઇએ. સારવાર અને વિશ્વાસથી કરવામાં આવે તો કુદરતી ઉપચાર ઘણો અસરકારક થઇ પડે છે. નીચે જણાવેલી રીત કેલીફોરનીયાના ડૉ. આર. પી. પોપે પોતાના "કાચાં શાકનો રસ" Raw Vegetable Juices) એ નામનાં સુંદર પુસ્તકમાં બતાવેલી છે એ છે. તેમાં અનેક જાતના રોગોનો ઉલ્લેખ કાચાં શાકના રસોથી કરવાની સલાહ આપવામાં આવેલી છે. તેના તાજ્જુબીભરેલાં પરિણામો નીવડયાં છે.

સવારે ઉઠતાંની સાથે દરદીએ આઠ આઉંસ પાણીમાં એક ટી સ્પુન Glauber salts (સોડાર સોલ્ટસ લોહી માંથી પાણી ખેંચી તે પેટના આંતરડા માં નાખે છે અને કોજદી કામ કરે છે ત્યારે એ પાણી દ્વારા સધળો બગાડ નીકળે છે. પછી શરીરમાંથી પ્રવાહી પદાર્થ નીકળે એટલે લોહીમાં આપણે તાજા પ્રવાહી પદાર્થો નાખવા જોઇએ. એથી લોહી પોષાય સારૂ થાય છે. આ તાજાં લીંબુ, મુસંબી કે સંતરાના રસ માં અરધું પાણી નાખીને પુષ્કળ પ્રમાણમાં લેવાથી થઇ શકે છે. તેમ કરવાને તેના કદના પ્રમાણમાં ચાર કે છ ચમચ ફુદીનો રસ કાઢવો; તેમાં કદ ના પ્રમાણમાં બે કે ત્રણ લીંબુનો રસ નાખવો: પછી બે કલોક જેટલો થાય તેટલા પ્રમાણમાં તેમાં મુસંબીનો રસ નાખવો.

પછી આઠ આઉંસનો પ્યાલો આ રસથી અરધો ભરવો અને બાકીનું પાણી ઉપરથી: આ પ્રમાણે અરધા રસમાં અરધું પાણી ભેળવી બે કલોક રસ પુરો થાય ત્યાં સુધી વીસ વીસ મીનીટે પીધા કરવું.

આ રસ ઉપરાંત બીજું કશું નહિ લેતાં આખો દિવસ ઉપવાસ કરવો બહોજ જરૂરી છે. પરંતુ દરદીને બહુ જ ભુખ લાગેલી હોય તો સાંજે તેને એકાદ મુસંબી અથવા થોડું ઓપલ્સ આપી શકાય.

રાતે સુવા જતાં પહેલાં બે કલોક નવશેકા કરતાં રહેજ ઠંડાં (એટલે કે શરીરના ટેમ્પરેચર કરતાં રહેજ ઠંડું) પાણીમાં એક લીંબુનો રસ નાખી તેની પીચકારી લાંબ જોજરી સાફ કરી નાખવી.

આ પ્રમાણે ત્રણ દિવસ સુધી કરવું. આઠ આઉંસ પાણીમાં એક ટી સ્પુન ગ્લોબર સોલ્ટસ નાખી તે સવારના ઊતાંની સાથે પી જવું. પછી ઉપર જણાવ્યા મુજબ ફળના રસમાં અરધો અરધ પાણી નાખી દર વીસ વીસ મીનીટે આઠ આઉંસ તે પીવા. રાતે પથારીમાં અથવા જમીનપર છાતી દબાય એ રીતે ઊંધા પડીને ઉપર જણાવ્યા મુજબ પીચકારી લેવી અને બીજો કશો ખોરાક નહિ લેવો.

આ સુચના ત્રણ દીવસ પાળવામાં આવવાથી લોહીમાંથી કેટલાંય ઝેરત બગાડ નીકળી જઇ લોહી સાફ થઇ ગયું હશે. અને તાજા ફળના રસદ્વારા કીમતી ધાતુઓ તેમાં દાખલ થઇ હશે.

તે પછી બીજા ત્રણ દીવસ સુધી રોજ દરદીએ વીસ વીસ મીનીટને અંતરે આઠ-આઉંસ નીચે જણાવેલી રીતે બનાવેલો તાજો શાકનો રસ લેવો.

૧. ગાજર (બે ભાગ), બીટરૂટ (એક ભાગ), કાકડી (એક ભાગ).

૨. ગાજર (બણ ભાગ), બાજી (એક ભાગ),

૩. ગાજર (એક ભાગ), સેલરી (એક ભાગ),

૪. ગાજર (બે ભાગ), બીટરૂટ (એક ભાગ), લેટીસ (એક ભાગ).

૫. ગાજર (બે ભાગ), સેલરી (એક ભાગ), પાર્સલી (અંદાજ બે આઉંસ જેટલી જ)

૬. ગાજર (બે ભાગ), બીટરૂટ (એક ભાગ), સેલરી (એક ભાગ).

૭. ગાજર એક કે બે આઉંસ પાર્સલીના રસ સાથે.

૮. બટાકાનું પાણી (નીચે જુઓ.)

ઉપરના આર કે પાંચ મીશ્રણોમાંથી પ્રત્યેકનો એક પાઇન્ટ રસ કાઢવો અને આખા દીવસમાં પાંચ પાઇન્ટ કાઢવો. તેમાંનું આઠ આઉંસ જેટલું એક મીશ્રણ પીવું અને વીસ મીનીટ બાદ બીજું પીવું. બધું પુરું થાય ત્યાં સુધી વીસ વીસ મીનીટે તે પીધા કરવું.

આ તાજાં શાકનો રસ કાઢવાનું કામ મુશ્કેલ છે. પરંતુ તે કરવું સાર્થક છે. તદન ચોખ્ખાં અને તાજા શાકનો જ ઉપયોગ કરવો. પ્રત્યેક જાતનું શાક એક મીનીટમાં છણી નાખવું અને પછી એ ગરને સાફ સફેદ મજબુત કપડામાં નાખવો અને તેમાંથી રસ એક ઉંડાં વાસણમાં નીચોવી કાઢવો. જરૂર સાંધેનું કપડું બે ચોખ્ખાં પાટીયાં ની વચ્ચે મુકી તેને રહુવાળા ચેચમાં દબાવવાથી ઘણોજ રસ કાઢી શકાય. શાકનો રસ કાઢવાને બાસ ત્રણેક પણ આવે છે પરંતુ તે બોંઘા હોય છે. જો બીજું કંઈજ નહિ મળી શકે તો જરૂર કરવાને સાધારણ બટાકો પણ ચાલે. પરંતુ એટલો બધો રસ કાઢવાને બહુ મહેનત કરવી પડે. એટલું યાદ રાખવું જોઇએ કે બટું કાચું જ શાક હોવું જોઇએ : રાંધેલું નહિ જ.

બટાકાનું પાણી કાઢવાની રીત જુદી છે અને સંધીવાને માટે તે બહું સારૂ છે. પાંચ કે છ સારા કદના બટાકા લેવા, છાલ સાથેજ તેને સમારી મોટા ટુકડા કરવા. એક તપેલામાં નાખી તેમાં દોઢ પાઇન્ટ પાણી નાખવું તપેલું ઢાંકી તેને ધીમે તાપે બટાકા રંધાય બરાબર ત્યાં સુધી ઉકળવા દેવા. મીઠું બીલકુલ નહિ નાખવું. રંધાઇ ગયા પછી તેનું પાણી ગાળી લેવું, અગાઉ કહેવામાં આવ્યું તેમ તે સંધીવાને માટે બહું સારૂ હોય છે. ત્રણ કે ચાર બીજાં શાકોની સાથે રોજનું એક પાઇન્ટ એ લેવાથી તાજુબી ભરેલી અસર થશે.

ત્રણ દીવસ ફળનો રસ અને ત્રણ દીવસ શાકનો રસ એમ છ દીવસ કર્યા બાદ દરદી ફરી ખોરાક લેવાનું શરૂ કરી શકે છે. પરંતુ શરૂઆતમાં બહુ થોડા પ્રમાણમાં લેવાની અને બરાબર ચાવીને ધીમે ખાવાની બાસ કાળજી રાખવી જોઇએ. સૌથી સારૂ સવારના નાસ્તામાં કેળા સીવાય કંઈ પણ રસવાળું ફળ લેવું ઠીક ગણાય. પછીથી સૌથી સારૂ. અગીયારેક વાગે થોડો શાકનો રસ લેવો. બપોરે જમતી વખતે કાચાં શાક (લેટીસ, ટમાટા, ખમણેલાં ગાજર, કાચા ખમણેલા બીટરૂટ, બીજી સમારેલી કુણી)ની કચુંબર (સેલેડ), થોડા સારા

ચીઝ અથવા ખાટા દૂધ અને બ્રેડ સ્લાઇસ ઘુલીની રોટી અને બટર સાથે ખાવું. અથવા બ્રેડ વાટકો ભરીને કાચા બોયલ બોટલ્સ નીચે પ્રમાણે લેવાં.

ચાર ટેબલસ્પુન બોટલ ઠંડા પાણી માં બે ટેબલસ્પુન રોકબોટલ્સ રાતે પલાળી રાખવા; તેને ગરમ નહિ કરવા અથવા રાંધવા નહિ. બીજે દિવસે સવારે તેમાં બ્રેડ બોયલ બાળીને નાખવું, અરધા લીંબુનો રસ નાખવો, અને બે ટીસ્પુન મધ નાખવું. તેનું બરોબર મીશ્રણ કરી ગરમ કર્યા કે રાંધવા વગરજ ખાવું.

સાંજે ચારેક વાગે બ્રેડ પાઇન્ટ બટાકાનું પાણી પીવું. રાતના સંપેલું શાક ખાવું, બે ભાકરીવાળાં, જમીનની અંદર પાકેલું અને બ્રેડ જમીનની અંદર પાકેલું શાક, બેમાં સારાં ચીઝ અથવા ખાટા દુધની સાથે લેવું. ઉપર જણાવેલ બ્રેડ વાટકો બોયલ બોટલ્સ પણ લઈ શકાય.

યાદ રાખવું કે: પ્રત્યેક દાંતે ચાવું' ખાવું, અને બરોબર ચાવીને મોમે ખાવું.

ઉપરોક્ત ઉપચારની સાથે સંધીવા ને કરતી મહાત્મા ગાંધીજીએ "આરોગ્ય વીશે સામાન્ય જ્ઞાન" નામક પોતાના બહુજ સુંદર પુસ્તકમાં સુચવેલું છે તેમ માટીના પાટાનો પ્રયોગ પણ કરે તો બહુ ફાયદો થશે. સંબાધથી બાર લેવો પણ ફાયદાકારક થઇ પડશે, અને બીજાઓ મંત્રથી માફીસ કરાવવા થી પણ ફાયદો જણાશે. પરંતુ એ બધાને માટે કુદરતી ઉપચારના નીષ્ણાત ની મદદની જરૂર પડશે.

અંતમાં હોમીયોપથી પણ સુંદર કામ બજાવે છે અને દૂધ અને ફાક ના રસોના પ્રયોગની સાથે તેનો પ્રયોગ બહુ ફાયદાકારક થઇ પડે છે. પરંતુ હોમીયોપથીને માટે નીષ્ણાતની મદદ અને કોરવણીની જરૂર પડે છે, અને જો ને લેવાય તો પરીણામ ખરેખર તાજુબીભરેલું આવે છે.

પરંતુ મુખ્ય વસ્તુ લોહીમાંથી બગાડ કાઢી નાખી ઉપર જણાવ્યા મુજબ મોટા પ્રમાણમાં કાચાં ફળ અને શાકના રસથી તેને શુદ્ધ કરવું એ જ છે. જેટલું જો બુદ્ધિ પુર્વક અને વીશ્વાસથી કરવામાં આવે તો લીધેલી તકલીફ જરૂર સાર્થક નિવડશે.

જેટલું કર્યા બાદ કરતીએ બાવા પીવામાં જેટલી કાળજી રાખવાની તો જરૂર રહેશે જ કે ફરી સંધીવા બાપ તેવા કેરી પદાર્થો પોતાના શરીરમાં બોકલાં થવા નહિ દેવા.

નફાખોરી સામે ઉપાય

તા. ૨૭ સપ્ટેમ્બરના 'હરીજન બંધુ'માં શ્રી. મગનભાઇ દેસાઇ નીચે પ્રમાણે લખે છે:

ઉત્તર પ્રદેશના ગવરનર શ્રી. હોમી મોદીએ એવું કહ્યું કે, વેપારીઓ જો દુલમતની બ્લેકના ભાવ પહેલાં જેટલા ન ઉતારે તો આપણે હાથી મુજ ઉશ્કેરણી ને એમાં કૂદ પડેલ કરવો તાપણ કૂદ પણ આવી જાત ની વેપારીઓની ગેર-નીતીની બરદાસ્ત કરી લેવી ન પડે. આ બબર છાપામાં કાંઇક વીનોદ અને હાસ્ય રસની છટાની રંગોળી સાથે આપાયા છે. એમાં વધિ નહીં. પણ તેની અંદર રહેલું પ્રજાકીય તાલીમનું તત્વ તેથી ધ્યાન બહાર રહી જવા બીતિ છે.

કાંઇ પણ બહાનું બંધુ તો તેને આધારે અને નહીં તો ઉભું કરીને પણ, બાર બકાણીને પ્રજા પાસેથી પૈસા કઢાવવા, એ વેપારનું નીતી મુજ થઇ ગયું લાગે છે. વેપારીનો મુળ ધર્મ તો એ છે કે, સમાજને જોઇતો માલ સારી, સુધર અને કિફાયત રીતે બળતો કરવો જોઇએ. તેને બદલે સમાજની જરૂરનો કે લોકોની, માલનો ગેરલાભ લેવા માટે, પ્રજાને કોઇ ને કોઇ રીતે છેતરવી ને ભાવ બાવા, એ નથી. સમાજ કોઇ છે; "એમાં ધર્મબુદ્ધિનો તો બટિયા કોઇ ન રહ્યો.

આ સ્થિતિ એક વાવરના ઉપદ્રવ જેવી થઇ થઇ છે, તેનો ઉપાય। તેના પર સમાજ અને સરકાર કઇ રીતે કાબુ મેળવી શકે? સમાજના આ આર્થીક અંગને કઇ રીતે સામા છક સંયમ અને કાબુ તળે આણવું?

સરકાર કાયદા મારફત કામ લઇ શકે. તેમાંથી અંકુશરાજ આવે છે; સરકારી નોકરો પાસે ખુબ સત્તા આવે છે. જેનો દુરપયોગ લાંચરૂશ્વત વગેરેની હાકમારીઓ ઉભી કરવામાં થાય છે. આમી બકરી કાદતાં ઉંટ પેદા થવું પણ બને છે. મતલબ કે, સરકાર પાસે એનો રામબાણ ઉપાય નથી.

આવો ઉપાય તો પ્રજા પાસે જ હોઇ શકે. અને તે ઉપાય શ્રી. હોમી મોદીના ઉપરના કથનમાં સુચવાયો છે. વેપારીને ધરાકોની ગરજ છે જ. ધરાક જો પડાપડી કરી માલની તેજી બતાવે, તો વેપારી ભાવ બાવા તરફ વળે છે. જેટલે ધરાકે બાવી ચીજનો બોય કોટ ને અમુક વખત માટે અબોલિત લાગ કરવા તબધાર થવું જોઇએ. આ કામ બેકબટકામ ધરાકો કરે તો તેમને ફાયદો છે. જો સંગઠિત રૂપે, બ્રેડ સામાન્ય હિસાબે રૂપે એ થાય, તો તેની અસર બ્યાપક થાય; પ્રજાકિય બોલે; અને બેવી શક્તિવાળી પ્રજાનો વેપારી પોતાની બો ચુકવા લાગે. હુલમતની બ્લેક નો દાખલો બ્રેડ ઉદાહરણ છે. પણ દરેક તેને મળતા પ્રસંગે પ્રજા બે આ શક્તિ કાબુમાં મુકવી જોઇએ એ, એની તાલીમ પ્રજાને હવે મળવી જોઇએ.

ઉપરનું લખાણ વાંચતાં અમને આ દેશમાં આપણા ભાઇઓની વેપારી નીતીનો વીચાર આવે છે. જેમ રોગો નું મુળ લોહીમાં થએલો બગાડો છે તેમ આપણા ઉપર આવી પડતાં બાલ સંકટોનું મુળ આપણી નીતીમાં થએલો બગાડો છે. નાસ્તીકને કદાચ આ નહિ ગમે પરંતુ આસ્તિક, જેને ઇશ્વરમાં શ્રદ્ધા છે, અને તેનો ડર રાખનારા છે, તેને તો સહેલાઇથી ઠસશે. વેપારમાં જેમ દીવામાં છે તેમ આ દેશમાં પણ આપણી નીતીબ્રષ્ટતા શોચનીય છે. તેની બબારે બબારે વાત કરીએ ત્યારે ગ્રાહક વેપારીનો જવાબ તો હાજરજ હોય છે કે "અમારા જ દોષ શું કામ જુઓ છો? મોરા વેપારીઓ કંઇ બોલી અનીતી નથી કરતા." પરંતુ બ્રેડ પાપ કરે તેવા બીજાને પાપ કરવાનો પરવાનો નથી મળતો. બ્રેડ બબારે પાપ કરતો હોય તેથી બીજાનું પ્રમાણ માં બોછું પાપ ક્ષમ્ય થતું નથી. પરંતુ મોરારજીની રાજનીતી જમે તેમ તેની કોમ, તેની વેપારની સામાન્ય નીતી અને બીજા તેના અનેક ગુણો પ્રશંસનીય છે. આપણા વેપારીઓ દીવામાં શું કે અહીં શું, કપડાને તો બાજુએ મુકીએ, અનાજ જેવી અને સાધુ વીગેરે જેવી જીવનની જરૂરીયાત ની વસ્તુઓમાં પણ કાળાં બબરો કરી ગરીબોનું લોહી ચુસતાં અચકાતા કે અમકાતા નથી. પરંતુ આપણે તો બંધુ દોહ, કોમ દોહ, અને રાજદ્રોહ ઉપરાંત દેશદ્રોહ કરવામાં પણ બાકી રાખતા નથી. આ દેશમાં આપણી સામે સરકારનો જેટલો જુલમ થઇ રહ્યો છે તેની સામે આપણી જ માલણી થી દીહ સરકારે આ દેશ સાથે વેપાર નો સંબંધ કાપી નાખ્યો. તેમ છતાં અનેક હિકમતોથી આપણા વેપારીઓ દીવથી આ દેશમાં માલ ઘુસાડી કાળાં બબરો કરી રહ્યા છે. એ આપણે મોટે શરમની વાત છે. આજે દીવનો માલ રેશનીંગથી, સીંગાપોરથી વીગેરે રથળોએથી અહિ આવી રહ્યો છે અને તેના કાળાં બબરા થોડી રહ્યાં છે. એક મોટા વેપારીને ત્યાં દીવની બનાવટના કાપડની બોસડીઓની બોસડીઓ આવી રહી હતી. પુછવામાં આવતાં ખુલાસો મળ્યો કે "બે તો રેશનીંગ માં બોવર ચોક થઇ ગયો હતો અને ત્યાં બબી નહોતો થકતો જોટલે અહિ બબારી નાખવા મોકલ્યો છે!"

કેટલાક વેપારીઓએ, કોમાપોરમાં જેમ બન્યું કરેલી કહેવાય છે કે દીવથી ત્યાં માલ બબ અને લાંબો અહિ મંગાવવા માં આવે. અને આવાજ બાલઓ રાજબ્રકરણની વાતો તો એવી કરે કે દેશભક્તિ ઉભરાઇ જતી હોય. બબ બબામાં દોષ વેપારીઓનો તો છે જ પણ જો બેવો માલ ખરીદનારા ન હોય તો વેપારીઓ શું કરે? પરંતુ આપણે આપણી દેશના, આપણા મનના, આ પણાં સુખસગવડોના, આપણા સ્વાર્થ ના, આપણી સબળી ગ્રન્થિઓના જેટલા ગુલામ બની કેમ જીએ છે તેને પોષ વાને આપણી બતને પણ કેવી દેવા તબધાર થઇએ. લોકોમાંજ જો બગાડ દોષ અને ને સંકલ્પ કરે કે અમે તેવી અગવડો બોગવવી પડે તો પણ કાબુ બહારમાં મળતી વસ્તુઓ લેવી જ નહિ તો વેપારીઓ બે વસ્તુઓ લાવતો અટકી જાય. માટે જેવી વસ્તુ પણ. જેવું બહેર થયું કે આ દેશમાં તેની બાજત છે, તેવુંજ વેપારીઓને ત્યાં તે ખુટી ગયું! પણ બીજાં વગર માલુમ પુછી થી ચલાવી શકે છે. અને તેની તંગ રસ્તીને તો તેથી ફાયદો જ થશે. માણસ ધારે તો પોતાની જરૂરીયાતો જેટલી ઘટાડવા ઇચ્છે તેટલી ઘટાડી શકે છે. અને વધારવા ચાહે તેટલી વધારી શકે છે. માત્ર મન ઉપર અંકુશ જોવો જોઇએ અને દૃઢ નિશ્ચય હોવો જોઇએ.

આજે જ્યારે આપણી મનુષ્યમીમાં જોડો (જુઠ્ઠું), રેશ, વીગેરે કુદરતી કોપોના જોગ બબ પડ્યા છે, કોદીપામાં સત્તાના લોભીઓની તૃષા છીપાવવાને લોહીની નદીઓ વહી રહી છે, બબાં ને ત્યાં વીમાની ટ્રેન ના અકસ્માતોથી કેટલાય જાનની ખુવારી થઇ રહી છે ત્યારે આપણું જીવન અવિચારી અને સ્વચ્છંદી નહિ હોવું જોઇએ. આ બધું બની રહ્યું છે તે આપણા પોતાના જ પાપોને લીધે બની રહ્યું છે અને ઇશ્વર જે રીતે પોતાનો રોષ બતાવી રહ્યો છે. જો સમજવું જોઇએ. ઇશ્વરના કાયદાનો ભંગ કરતાં અટકી હવે પછી તેનું સ્મરણ કરી દીન બનવે તેની ક્ષમાયાચના કરવી જોઇએ અને નીયમીત, સંયમી અને નીતીમય જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ. બીજાના દોષો નહિ જોતાં આપણા જ જીવનમાં જીવતા દોષોને મોટા સમજી તે સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. આપણે બતે લીધાં હોઇશું તો જગત આપોઆપ લીધું થઇ જશે. જગત આપણું જ બનેલું છે આપણે તેનાથી જુદા નથી. તેનું જ અંગ છીએ. જેમ દોષ સમજતા બાપ અને પોતાની ઇશ્વર બજારે તો જગતમાં સુખશાંતીનું સામ્રાજ્ય સ્થપાતાં જરાયે વાર ન લાગે. જ્યાં સુધી તેમ નહિ કરીએ ત્યાં સુધી સુખશાંતી ની આશા રાખવી આકાશકુસુમવત છે.

ગરીબાઈ અને ભણતર

(‘લોકજીવન’માં મુકુલભાઈ)

આપણે કેટલાયે બાળકોને જોઈએ છીએ જેમને એમનાં માબાપો ભણવા મોકલતાં નથી. આપણે પૂછી એ: “કેમ ભાઈ, તમારા આ છોકરાને ભણવા મોકલતા નથી? જુઓને, તમે નાનપણમાં અક્ષરજ્ઞાન મેળવ્યું નહીં. એટલે તમને કેટલી મુશ્કેલી પડે છે! એવી મુશ્કેલી શું તમારા છોકરાને ભોગવવી નહીં પડે?”

ઘેલા ભાઈ કહેશે, “તમારી વાત તો સાચી છે. પણ શું કરીએ? છોકરાને ભણવા મોકલીએ તો પછી આ નાની બબલીને કોણ રાખે? અમે બંને જણ આખો દી મૈતર કરીને બે પૈસા લઈ આવીએ છીએ ત્યારે માંડ અમારું પેટિયું બરાબર છે. છોકરાને પણ કયાં સુધી ભણાવ્યા કરવો? હવે એ કંઈ નાનો નથી. એ પણ આમતેમ હરે તો થોડું કમાઈ આવે એવો થોડા દીમાં થઈ જશે, ગરીબના નસીબમાં ભણતર કેવું!”

આમ ઘણાં ગરીબાઈને દોષ દે છે અને કેટલાયે બાળકોનું ભણતર એળે જાય છે. પછી એ નીદોષ બાળકો મોટાં થઈને સાવ અભણ રહે છે!

ગરીબ એ જ કંઈ એવું કારણ નથી કે જેને લઈને આપણે આપણાં બાળકોને ભણાવી શકતા નથી. ખરી રીતે આપણે આપણી ફરજ સમજતા નથી. આમતેમ ફાંફાં મારવાને બદલે પેટ ભરવું એ જ કંઈ જીવન નથી. માબાપોએ પેટે પાટા બાંધીને, થોડી અડચણ વેઠીને પણ પોતાનાં બાળકોને ભણવા મોકલવાં જ જોઈએ. માબાપ ની એ મુખ્ય ફરજ છે.

અમેરીકાની એક સાચી વાત છે. એક ગરીબ સીદી બાઈ હતી. એનું કોઈ જ સગું ન મળે. લાકડાના વેદા એકઠા કરી એની મૂંપડી બનાવીને એ બીચારી રહેતી હતી. એ બાઈને બહુ નાના છોકરા હતા. બાઈને એમ કે એના છોકરાઓ ભણીને મોટા થાય. એ બાઈએ મરીબાનો પુરેપુરો અનુભવ કર્યો હતો. છોકરાઓ પણ આમ મરીબાઈમાં સબડયા કરે અને અભણ રહે એ આ બધી બાઈને કયાંથી ગમે? એણે તો મન સાથે આંઠ વાણા હતી કે કોઈપણ હિસાબે મારા છોકરાઓ ને ભણાવવા.

હવે મરીબાઈ પણ જુઓને! આ બધા છોકરાઓ વચ્ચે એક જ પાટલુન હતું. એમની માને તો છોકરાઓ ને ભણાવવાની જ ધખના ધુણ. તેથી એ તો પોતાના છોકરાઓને તે પાટલુન વારાફરતી પહેરાવી રોજ એકને ભણવા નીશાળે મોકલતી.

આ રીતે એ ગરીબ માતાએ પોતાના છોકરાઓને અને કેટલી કોળવણી આપી. છોકરાઓ પણ ભણવામાં દેખાદેખ નીકળ્યા અને પોતાની અભણ તોયે ઉત્સાહી અને ગ્રેમાળ માની હુંફથી તેમાંનો એક છોકરો આગળ જતાં કોલેજમાં પ્રોફેસર બનેા, બીજો ડાકતર થયો ને ત્રીજો પાદરી થયો.

ગરીબાઈમાં અભ્યાસ ન જ કરી શકાય એવું પણ નથી. ‘મન હોય તો માળવે જવાય’ એવી આપણામાં કહેવત છે. તેથી ભલે આપણે ગરીબ હોઈએ તોયે જો જીવનને સુધારવા આગળ ભણવાની વીચાર કરીએ તો જરૂર ભણી શકાય.

ઘણાં વરસો પહેલાંની વાત છે. કલકત્તા શહેરના એક અંધારા ઘરમાં એક ગરીબ છોકરો નોકર તરીકે રહેવા આવ્યો. એ ઘરમાં બધા મળીને ચાર જણ રહેતા હતા. એ છોકરો બધું ઘરકામ કરતો હતો. તેથી એને ત્યાં આવવું અને રહેવું મળી રહેતું.

એ છોકરો તો કલકત્તા ભણવા માટે આવ્યો હતો. પણ એ બીચારો એટલો બધો ગરીબ હતો કે આમ કામ કરીને ચલાવવું પડતું હતું. રાતે બીચારાને વાંચવા માટે કોઈ જાતની સગવડ પણ ન હતી!

તે રોજ સવારે ઉઠે, સ્નાન પતાવી શહેરમાં શાકભાજી લેવા જાય. બધાની રસોઈ એ એકલો જ કરે. રસોઈ થઈ જાય એટલે તે બધાને જમાડે. પછી પોતે જમીને વાસણ માંજી ગોઠવી દે.

મસાલો વાટીવાટીને અને લાકડાં ફાડીને તથા વાસણ ઘસીઘસીને તેના હાથના નખ પણ ઘસાઈ ગયા હતા.

કામ પૂરું થાય એટલે એ છોકરો કોલેજમાં ભણવા જાય. સાંજે પાછો આવી ઘરનું બધું કામ કરીને પરવારી જાય એટલે અભ્યાસ કરવા બેસે. પણ એ બીચારા માટે દીવાની તો કયાંથી સગવડ હોય! એટલે તે રસ્તા પરના ગેસના દીવા નીચે બેસીને અભ્યાસ કરે.

આટલી આટલી મહેનત કરી એણે બીજા-અભ્યાસ કર્યો અને મોટપણે એનું નામ આખા દેશમાં ભણીતું થયું. એ છોકરો તે શ્રી કસ્તુરચંદ બીરાસાનર.

ચાવે તેવું ચણે

(એક અજ્ઞાન લોકવાર્તા)

પરાપુર્વથી એવી વાતો ચાલી આવે છે કે લુકમાન જુવાનીમાં એક સાધારણ ઈમાનનો ગુલામ હતો. સૌ તેને જ્ઞાની તરીકે ઓળખતાં. એક વાર એના માલીક એને વેચવા માટે બજારમાં લાવ્યો. ત્યાંથી એક બેતુત તેને ખરીદીને પોતાને ઘેર લઈ ગયો. પહેલી જ રાત્રે ત્રીજા પહોરના ચોકીવાળા જ્યા એટલે લુકમાન પોતાનો માલીક સૂતેલો હતો ત્યાં જઈને કહેવા લાગ્યો, ‘શેઠ, તમારે નરકથી બચવું હોય અને સ્વર્ગ મેળવવું હોય તો ઉઠો અને ખુદાની બંદગી કરો.’ તેના માલીક જવાબ આપ્યો, ‘મને જરા ઊંઘવા દે. ખુદા રહીમ છે, દયાળુ છે.’ પછી ચોથા પહોરના ચોકીવાળા પણ આવ્યા. હજી જરાબાંધ્યું હતું. લુકમાન કરીથી તેના શેઠ પાસે આવ્યો ને કહ્યું, ‘શેઠ, આવતા ભવને માટે પુણ્ય એકઠું કરવું હોય તો ઉઠો.’ તેનો માલીક જરા પડખાને બોલ્યો, ‘દળ અઢીયો. મને ઊંઘ આવે છે. ખુદા રહીમ છે.’ છેવટે ચોથો પહોર થયો ને અજવાળું થયું એટલે લુકમાન ત્રીજી વાર માલીક પાસે આવ્યો ને કહેવા લાગ્યો, ‘શેઠ માણસ તેમ જ પશુપંખી સૌ ખુદાની બંદગી કરી રહ્યાં છે. હોયમાં થોડો પણ ભક્તિભાવ હોય તો તેનું વાવેતર કરવાનો આ સમો છે.’ તેનો માલીક ગણગણ્યો, ‘હજી જરા ઊંઘવા દે, પછી ઉઠું છું.’

છેવટે તે ઉઠ્યો. પછી તેણે લુકમાન ને દળ, ગુંદર અને બીજી જરૂરી સાધનો તથા જરૂરી ટોપલી આપી અને કહ્યું, ‘બાગોએ જઈને ઠાકર પુજજે. તે તને અરૂં બેતર બંતાવશે. બેતર એકસરખું બેદીને તેમાં જવ વાવજે. હું થોડી વાર પછી આવું છું. ત્યાં સુધી કામ કરજે અને હું ન આવું તોયે કામ પૂરું કરીને ઘેર આવજે.’ ‘જી, હજુર’ કહીને લુકમાન નીકળ્યો પણ જરા આગળ જઈને તે એક પડોશીના ઘરમાં ગયો અને ત્યાંથી તેણે જવ આપીને બાજરી લીધી.

બેતરમાં જઈને લુકમાને જમીન બેદી અને બાજરી વાવી. તેનો માલીક તો બેતરે ફરકયો નહોતો. એટલે પોતાનું કામ પતાવી તે ઘેર આવ્યો.

થોડા દીવસ પછી બેતુતે કહ્યું, ‘લુકમાન, ચાલ, તેં જવ વાવ્યા છે તે જોઈ આવીએ.’ બંને બેતરે ગયા. બેતરમાં બેતુત તાકી તાકીને જોવા લાગ્યો પણ જવનું એકે દોકું કુણું તેની નજરે ન પડયું. તે લુકમાનને કહેવા લાગ્યો, ‘અલ્યા, આ કણગા કુટયા છે તે જવના નથી લાગતા. બીજા કસાકના લાગે છે.’ ‘જી હજુર,’ લુકમાને જવાબ આપ્યો, ‘એ બાજરી ના છે. મેં જવ વાવ્યા જ નહોતા.’ ‘શું કહે છે?’ તેનો માલીક ધાંટો પાડીને બોલ્યો, ‘મેં જવ આપ્યા ને તેં બાજરી વાવી?’ ‘બામોગા ■ બો, માલીક,’ લુકમાન સ્વસ્થતાપુવક બોલ્યો. ‘ખુદા રહીમ છે. આ બાજરીના જરૂર જવ બની જશે.’ માલીક કહે, ‘ખુદા રહીમ છે એ તો ખરૂં, પણ તેં બાજરી વાવી છે ને એમાંથી જવ ઉગવાની કેવી રીતે આશા રાખે છે?’ લુકમાને જવાબ આપ્યો, ‘જેવીની પેઠે ઉગવા છતાં તમે સુતેને ઉચ્ચ પદે પહોંચવાની આશા રાખો છો એ ન્યાયે, માલીક!’

‘લોકજીવન’

સવાલો પુછનારને

જવાબ

કુદરતી ઉપચારો

એસ. જી. (નાતાલ) સવાલ: મારા ચહેરાપર ફોડકીઓ થયા કરે છે. મારે રોજનો ખોરાક સવારના નાસ્તા વખતે અને બપોરના જમવા વખતે અને કોઈ વાર સાંજે જમવા વખતે પણ સફેદ રોટી હોય છે. હું શાક અને ફળ બહુ થોડાં લઉં છું. મે પંદર પેનીસીલીનના ઈન્જેકશન લીધાં છે અને બધુ મલમોનો પણ પ્રયોગ કર્યો ■ પરંતુ નીષ્ફળ નીવડયાં છે.

જવાબ: ફોડકીઓ એ ચામડી લોહી માંથી બગાડ કાઢી નાખવાનો પ્રયત્ન કરી રહી છે તેની એક નીશાની છે. બહાર મલમો લગાડવા નકામા છે. ચોખ્ખી ચામડીને માટે ચોખ્ખા લોહી ની જરૂર છે. સફેદ રોટીનો ખોરાક ત્વરત ખરાબ ગણાય. સફેદ રોટીમાં શરીરના બંધારણને માટે જરૂરી વીટામીન, રસાણો, બીજા જરૂરી તત્વો હોતાં નથી. સફેદ રોટીમાં મોટે ભાગે સ્ટાર્ચ હોય છે અને બધારે પડતા સ્ટાર્ચથી શરીરમાં ઝેર થાય છે. તમારો ચામડી નો રોગ, તમે બધારે કઠણપણાનો ખોરાક લેતા નહિ થાઓ તો તમને બધારે ગંભીર રોગ થશે. તેની ચેતવણી આપનારો છે. તમારે પુષ્કળ ફળ અને શાક ખાવાં જોઈએ અને આખા કરી તાજાં ચોખ્ખાં કાચાં શાકની કચુંબર ખાવી જોઈએ. પાણી પુષ્કળ પીવું જોઈએ. સવારના ઉઠીને એક લીંબુનો રસ નાખી એક પ્યાલો પાણી પીવું જોઈએ. સવારના નાસ્તા વખતે સુકો મેવો ખાવી તે લેવાથી તમારી કોબજી નીરપીત કામ કરશે. ફોડકી ઉપર માટીના પાટા લગાડી ચામડીનો બગાડો કાઢી નાખવો જોઈએ. તમારાં શરીરના બંધારણને માટે તમારે કોબાયો પથીનો ઉપચાર કરવો પણ ઠીક ગણાય.

ડોક્ટર લોરેન્સ ગ્રેકહીલીન

‘ઈન્ડિયન ઓપિનિયન’ ગ્રાહકોને રીલીફ ફંડ

ગાંધીબાપુ પ્રત્યે જોહાનીસબર્ગ

૫-૫-૦

બાબુભાઈ સુઈરદીખાટ ૧-૦-૦

સ્વ. જનરલ સ્મટસ વિષે વધુ

જનરલ સ્મટસને હૃદયની બીમારી હતી એ વસ્તુ છેવટ સુધી તેમનાથી છુપાવવામાં આવી હતી કેમકે તેમની બીમારી દરમીયાન તેમણે કહ્યું હતું કે તેમના હૃદયમાં કંઈક ખોટકો તેમને જણાતો હતો અને રમેને તેમના ફેટલાક અંગત મીત્રો એ બીમારીમાં ગયા તેમ તેમને પણ જવાનું થાય. હકીકત માં તેમને બીજી બીમારી હતી.

* * *

આજે લશ્કરી માનથી તેમની દફનક્રીયા જામફેન્ટીનની સેમીટરીમાં થશે અને તેમની કબ્રમ આજુબાજુમાં તેમના નીવાસસ્થાનમાં એક પેકરીપર સમાધી બનાવી ત્યાં રાખવામાં આવશે.

* * *

વડા પ્રધાને મીસીસ સ્મટસને રાજ્ય ના માનથી દફનક્રીયા કરવાની ઓફર કરી હતી પરંતુ મીસીસ સ્મટસે તેનો અસ્વિકાર કરી લશ્કરી માનથી ક્રીયા કરવાનું પસંદ કર્યું હતું. એ બેની વચ્ચેનો તફાવત એ છે કે રાજ્યના માનથી ક્રીયા કરવામાં આવે તો તેની ચર્ચા, અંત્ય યાત્રાનો ખરચ ગોઠવવા સરકાર તરફથી સરકારને ખરચે કરવામાં આવે. અને લોકોના ક્રમ મુલ્ય સભળા રાજ્યોને આ મંજરી પણ સરકાર જ આપે. લશ્કરી રીવાજમાં મરનારના કુટુમ્બના સહકાર થી અને તેની ઇચ્છા અનુસાર ગોઠવણો કરવામાં આવે. એક વીર્ય માણસને લશ્કરી માન આપવાનો સાર્વત્રિક આ દીકોના ઇતિહાસમાં આ પહેલો બનાવ છે. સાધારણતઃ ઓગણીસ તોપોનું માન અપાય છે.

જનરલ સ્મટસને પુષ્પાંજલીઓ (રીથ) મોકલવાની અવધ ના પાડવામાં આવી હતી. પરંતુ ઘણા લોકોએ તે મોકલવાની ઇચ્છા દર્શાવેલી હોઇ સ્વર્ગ સ્થના કુટુમ્બીજનોએ તે દફનક્રીયા વખતે મોકલવાની પરવાનગી આપી છે. રીમને બદલે જેઓ જનરલ સ્મટસના સ્મારક ફન્ડમાં દાન મોકલવા ઇચ્છતા હોય તેઓ પી. ઓ. બોકસ ૪૦૪, પ્રીટોરીયાના શીરનામે તે મોકલી શકે છે.

અખબારપત્રો

ટ્રાંસવાલ હીંદુ સેવા સમાજ લાયબ્રેરી

ટ્રાંસવાલ હીંદુ સેવા સમાજ લાયબ્રેરી ના આશરા હેઠળ તા. ૧૯ મી અને ૨૦ મી ઓગસ્ટ ૧૯૫૦ ને દિને જાંબી હોલમાં "પંડીત જવાહરલાલ નેહરુનો અમેરીકાનો પ્રવાસ" "સ્વ પુ. મહાત્મા ગાંધીજીની રમઝાન યાત્રા" અને "ટારઝાન એરેક્સ" ના ચલચીત્રો બતાવવામાં આવ્યાં હતાં.

આ કાર્યમાં મેસર્સ જે. ગોકલ એન્ડ કું. તરફથી સ્વ. પુ. બાપુની ફિલ્મ આપવામાં આવી હતી. તથા શ્રી. ગાંધીભારત વીદ્યાલય અને શ્રી. ભારત શારદા મંદિર તરફથી પ્રોજેક્ટર અને સહાયાર્થે શીક્ષકો મોકલવામાં આવ્યા હતા. પંડીત જવાહરલાલ નેહરુની ફિલ્મ બતાવવામાં શ્રી. કુમારિકા મંડળ તરફથી કામચલાઉ નાણાની મદદ કરવામાં આવી હતી અને રોને લગતા અગત્યના કામકાજોમાં તેમજ રોને દિવસે બતાવવા બોલાવવાના અગત્યના કામકાજમાં "શ્રી પુરાતન છાત્ર મંડળ" તરફથી મદદ મળી હતી. ઉપરાંત બહોર જનતાએ પણ સહકાર સહકાર આપ્યો હતો જેથી ઉપરોક્ત સંસ્થાને પા. ૨૦૬-૧૧-૦ દાન રોટે મળ્યા હતા. 'ઉપરોક્ત સંસ્થાની કમીતી મેમના કાર્યમાં સહાય આપવા બદલ મેસર્સ જે. ગોકલ એન્ડ કું.ને "શ્રી ગાંધી ભારત વીદ્યાલય" અને "શ્રી ભારત શારદા મંદીર" ની શાળા કમીતી અને શીક્ષકોનો શ્રી. કુમારીકા મંડળનો, અને શ્રી. પુરાતન છાત્ર મંડળનો તથા બહોર જનતાનો સહકમ આભાર માને છે અને મેસર્સ પ્રમાણે બનીઓમાં પણ સહાય આપી ઉપરોક્ત સંસ્થાને આગળ રાખવામાં સહાયભૂત થશે એવી આશા રાખે છે.

હીંદી વિદ્યાપીઠ-લોહાનીસબર્ગ પરિક્ષાના પરિણામો

હીંદી વીદ્યાપીઠ-લોહાનીસબર્ગના વિદ્યાર્થીઓની બીજી પરીક્ષા રાષ્ટ્રભાષા પ્રચાર કમીતી-વર્ધા તરફથી તા. ૧૬–૧૧ એપ્રિલ ૧૯૫૦ ને રોજ થી. ભારત શારદા મંદીર ભવનમાં નીચે જણાવેલ પરીક્ષા-સમિતિ સમક્ષ લેવાઇ હતી જેનો વીગત નીચે મુજબ છે:

પરિક્ષા-સમિતિ.

ડો. વલ્લભભાઇ ગોવીંદજી પટેલ, પ્રાધ્યાપક સોમેશ્વર જોશી, મણીભાઇ કે. પટેલ, ભોગીલાલ નરસીંહભાઇ મહેતા, વસંતરાય ધનજીરામ પારેખ, મોહનલાલ હરજીવનદાસ માસ્ટર.

રાષ્ટ્રભાષા પ્રવેશ પરીક્ષા

વિશેષ યોગ્યતા વાળા:

(૧) શાંતાબેન રામભાઇ પટેલ (૨) પદ્માબેન કમાલજી જગત (૩) હંસા બેન ભુલાભાઇ પટેલ.

પહેલી શ્રેણી (A Group)

(૪) રતનબેન દયાળભાઇ રાણા.

બીજી શ્રેણી (B Group)

(૫) સુમિત્રાબેન ભોટાલાલ ટાપી-વાળા (૬) લલુભાઇ લલુભાઈ મિસ્ત્રી (૭) ધનસુખરાય બીખાભાઇ પટેલ (૮) મણુભાઇ ભુલાભાઇ પટેલ (૯) મનુબેન ઝવેરભાઇ (૧૦) કુંવરબેન જસમતભાઇ પટેલ.

ત્રીજી શ્રેણી (C Group)

(૧૧) સવિતાબેન દયાળભાઇ પટેલ.

રાષ્ટ્રભાષા પ્રારંભિક પરીક્ષા

વિશેષ યોગ્યતા વાળા

(૧) લક્ષ્મીબેન કલાભાઇ પટેલ.

પહેલી શ્રેણી (A Group)

(૨) રેવીબેન કુલાંભભાઇ પટેલ.

બીજી શ્રેણી (B Group)

(૩) દયારામ ગોકળભાઇ જગત (૪) હસુમતિબેન માધવજભાઇ સોલંકી (૫) મણીબેન હરિભાઇ (૬) દિનકરરાય હરિભાઇ (૭) નીલાબેન કપનારાયણ (૮) કાનજીભાઇ વલ્લભભાઇ પટેલ.

ત્રીજી શ્રેણી (C Group)

(૯) કુસુમબેન રણછોડભાઇ પટેલ (૧૦) નિર્મળાબેન બીખાભાઇ પટેલ (૧૧) કલાવતીબેન બીખાભાઇ પટેલ (૧૨) ભારતીબેન ભુલાભાઇ પટેલ (૧૩) જવાબેન દલપતરામ.

જાતમહેનત

"મનુષ્યમાત્ર શરીરનીચોક મહેનતથી કરે તો જ તે સમાજના ને પોતાના દોહમાંથી બચી શકે. જેનું અંગ ચાલી શકે છે ને જેને સમજણ આવી છે, તેનાં સ્ત્રીપુરૂષે પોતાનું બધું નીત્ય કામ જે પોતે આટોપવા યોગ્ય હોય, તે આટોપી લેવું જોઇએ; અને બીજા ની સેવા લીના કારણ વીના ન લેવી જોઇએ, પણ બાળકોની, અપંગોની તથા વૃદ્ધ સ્ત્રીપુરૂષોની સેવા પ્રાપ્ત થાય ત્યારે તે કરવાનો.... પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે. આશ્રમમાં મજુરો અનીવાર્ય હોય ત્યાં જ રાખવામાં આવે છે, ને તેમની સાથે દોહ્યાકરનો વહેવાર નથી રાખવા માં આવતો." ગાંધીજી

હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ

આઠમું ધોરણ

બાજ કમીશ્નર, અને હંસરાજ મોરારજી ટ્રસ્ટ

ટ્રસ્ટીઓ

હિ. બ. શ્રી એમ. જવેરી, શ્રી. એમ. મુનશી, મરહુમ બહાદુર, મરહુમ દાસ મેથજી, જે. એમ. જેસત, બીમજી મુલજી, દ્વારકાદાસ મુલજી, કાન્તિલાલ એમ. વકીલ.

પ્રીન્સીપાલ:— ડો. ધીરેન્દ્ર ડી. મહેતા, એમ, એ. પી. એમ. ડી. (મ્યુનીચ).

ઉપરોક્ત શાળાનું બીજ સત્ર ૨૦ મી નવેંબર ૧૯૫૦ ના રોજ શરૂ થાય છે. જુહુના ભોરાડીમ નજીક જ મુબઇના સાગરપર ખુલ્લા મેદાનમાં શહેર ની બહાર આ શાળા આવેલી છે. ત્યાં વીદ્યાર્થીઓને રહેવા—જમવા અને બધવાની બધી સગવડો બપાય છે. કેળવણીની નવી પદ્ધતિ પ્રમાણેની બધી જરૂરીયાતો પુરી પાડતી આ શાળા અને છાત્રાલય એક જ આધીષ્ઠાન મકાનમાં આવેલી છે. અને ભોગોલીક કારણે વિદ્યાર્થીઓપર શીક્ષકોની દેખરેખ રહે એવી બધવસ્થા ત્યાં છે.

શાળા માટે અનુભવી, કેળવાયેલા અને વીદેશથી ખાસકરાત મેળવી આવેલાં સારા શીક્ષકોનો સ્ટાફ છે.

શાળાના કાર્ય ઉપરાંત બીજી બધી જ ઇતર પ્રવૃત્તિઓ અને રમેત રમતો પણ ત્યાં કરાવવામાં આવે છે.

ફીની પી:—

રહેવા-જમવા તથા બધવાની વગેરે પી. રૂ. ૧૫૦૦, બે મહિના આકીક પી'ઠ ૧૦ (દસ) ના બર્ચ જેટલો થશે.

પ્રાથમિક શાળાના પહેલા વર્ગથી માંડીને મેટ્રીક સુધીના વીદ્યાર્થીઓને ખાસ, બાતના ભોજનાલય સીવાય આ શાળામાં દાખલ કરવામાં આવે છે.

પ્રવેશ પરીક્ષાની હરીફાઇમાં સારા નંબર લાવતા, હોંશીયાર વિદ્યાર્થીઓને માસીક રૂ. ૨૫ થી ૧૨૫ સુધીની શિષ્યવૃત્તિઓ પણ બપલબ્ધ કરવામાં આવે છે.

પ્રોસ્પેક્ટસ—(આવેદન પત્ર) માટે લખો:—

(૧) પ્રીન્સીપાલ, હંસરાજ મોરારજી પબ્લીક સ્કુલ, નવ ગુજરાત, અંધેરી મુબઇ, અથવા (૨) શ્રી. વલ્લભભાઇ બી. પટેલ, ઇન્ડિયા હાઉસ, પી. ઓ. બોકસ ૫૮૮૮. (૪૪, આર્ગેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.



અરધુ નોંધ

સ્વર્ગસ્થ મીસીસ પી. કે. નાયકુ

અમને નોંધ લેતાં ખેદ થાય છે કે સ્વર્ગસ્થ મી. પી. કે. નાયકુના મિત્રવર્ય મીસીસ પી. કે. નાયકુનું કુંક માંદગી બાદ અમો સોમવારે ડર્બનમાંના પોતાના મુકામે અવસાન થયું છે. સ્વર્ગસ્થ મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ કામ કરનારાં બહાદુર સત્યાગ્રહી બહેનોમાંના એક હતાં. તેમણે તેમજ તેના પતિ, જેમનું નામ જુના વખતના લીડરોમાંના એક હતું, બન્નેએ જરાપણ અચકાયું નથી, તેમણે બન્નેએ એ વખતની સત્યાગ્રહની લડતમાં ઝંપ લાવ્યું હતું અને જેલના સંકટો સહ્યાં હતાં. 'ઇન્ડિયન ઓપિનિયન'ના એ વખતના સુવર્ણ ગ્રંથમાં સત્યાગ્રહી કીરંગનાઓની લેવાયેલી નોંધમાં સ્વર્ગસ્થ માનનું સ્થાન ધરાવી રહ્યાં છે. ત્યાર બાદ તેમણે ગોથીપાદીક લેન્ડ ટેન્યુર ઓર્ડરની સામે કુંક સમય પર ચલેલી સત્યાગ્રહની લડતમાં પણ પોતાની ઝાટકણી વધે—કેમકે તેમને ૬૫ વર્ષ થયાં હતાં—આગળ પડતો ભાગ લીધો હતો અને સત્યાગ્રહી બહેનોની એક ટુકડીને સાથ જેલ ભર્યા હતાં. અરધુ વર્ષ તેમણે પોતાની જાહેર પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. સ્વર્ગસ્થની દફન ક્રીયા ડાર્બનદરીનના કબ્રસ્તાનમાં સગળા વર્ગના લોકોની મોટી હાજરીમાં થઈ હતી. સ્વર્ગસ્થ પોતાની પાછળ પોતાની એક પુત્રી કરણલતાનાં મીસીસ ક. પી. નાયકુને, અને એક પુત્ર મી. ગોપાલકૃષ્ણ જે જોહાનીસબર્ગમાં છે, તેમને અને પૌત્રીઓને શોક કરતાં મુકી ગયાં છે, જેમણે પ્રત્યે અમે હાર્દિક દિલસોજી બરાબરીએ છીએ અને સ્વર્ગસ્થા આત્માને ચિરશાંતી મળો એવી પ્રાર્થના કરીએ છીએ.

સ્વ. મીસીસ પી. એસ. લેઝરસ

વળી બીજું પણ એક અવસાનની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે અને તે છે મીસીસ. પી. એસ. લેઝરસ નું. મુળ જોનહાનીસબર્ગના અને હાલ ૧૮ બોર્ન રહીટ, દરબનના મી. કી. લેઝરસ ના પત્ની મીસીસ લેઝરસ કુંક માંદગી ભોગવી સપ્ટેમ્બર તા. ૬ મીના સેન્ટ એન્સ હોસ્પીટલમાં સ્વર્ગવાસી થયાં ૧૯૧૩માં મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ કામ કરી રહેલાં બહાદુર સત્યાગ્રહી બહેનોની એ વખતના ઈન્ડિયન ઓપિનિયન'ના સુવર્ણ અંકમાં લેવા લેલી નોંધમાં મીસીસ લેઝરસ માનભર્યું સ્થાન ધરાવે છે. એ વખતે સ્વર્ગસ્થ સુકાસલમાં હતાં અને પાછળ ૩ ના અમાનુષી કર સામે હડતાલ મજુરોએ હડતાળ પાડી હતી તે વેળાએ તેમોની તેમજ બહેનોની સંભાળ લેવાનું કાર્ય કરવામાં તેમણે સુંદર ભાગ ભજવ્યો હતો. સ્વર્ગસ્થ નવ સંતાનોની માતા હતાં જેમાનાં બધુ છત્ર ધરાવતી દીકરીઓ મેળવી કેટલાયનું કાર્ય કરી રહ્યાં છે. તેમનો મી. એ. કી. લેઝરસ છે, જેમણે અમેરીકાની મેસ યુનીવરસીટીના એમ. એ., છે અને ગોવીસ ગવર્નમેન્ટ ઈન્ડિયન રકુલના પ્રીન્સીપાલ તરીકે લોહો ધરાવી રહ્યા છે. બીજા મી. એ. એન. લેઝરસ, બી. એ., છે, જે હાલી કોલેજમાં શિક્ષક છે અને ત્રીજા મીસ નરહરા લેઝરસ બી. એ., છે જે ડરબી રમીયમાં ગવર્નમેન્ટ ઈન્ડિયન રકુલમાં શિક્ષિકા છે. સ્વર્ગસ્થની દફન ક્રીયા સપ્ટેમ્બર તા. ૧૦ મીના કવીન રહીટ પર આવેલા રોમન કેથલીક કબ્રસ્તાનમાં સગા સ્નેહીઓની મોટી હાજરી વચ્ચે થઈ હતી. સ્વર્ગસ્થના કુટુમ્બીજનો પ્રત્યે અમે હાર્દિક દિલસોજી બરાબરી મોકલીએ છીએ. સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતી મળો.

ટ્રાન્સવાલ હીંદુ સેવા સમાજ વાર્ષિક ચુંટણી સભા

ટ્રાંસવાલ હીંદુ સેવા સમાજની જનરલ સભા તા. ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦, રવીવારે બપોરે ૨-૩૦ વાગે નીચે જણાવેલા કામકાજ માટે મળશે.

સર્વે હીંદુ ભાઇઓ અને બહેનોને વેળાસર આવવા નમ્ર વિનંતિ છે.

કાર્યક્રમ :

૧. મીનીટસ ૨. સમાજ સંચાલિત બી. ગાંધી ભારત વીદ્યાલય—ફાળા પુસ્તકાલય, ફ્રોબેટોરીયમના હિસાબો અને રીપોર્ટો ૩. ટ્રસ્ટીઓની ચુંટણી ૪. પરચુરણ.

આ. શે. જોષી.
પ્રમુખ :
કાકાભાઇ ભગવાનજી પટેલ
કહુભાઇ હાંસજીભાઇ મીસ્ત્રી
જો. માનદ મંત્રીઓ.

બાળ ઉપયોગી સાહીત્ય

તમારા બાળકોને સુંદર પુસ્તકો આપી તેમના જ્ઞાનમાં વધારો કરો.

પાંચ ચરીત્રોનો સેટ

આમાં પાંચ પ્રતીહાસીક મહાન નરોના ચરીત્રો છે.

કીંમત ૧૩/-

બાલ રામાયણ	૪ -
ઈશ બાદીની સુફી	૬ ૧

શિશુમંજરાવલી

સેટ જોડામાં ૬-પુસ્તકો	૬૨ ૧
સેટ જીલ્લની	૬૫ -

કીશોર ગ્રંથાવલી

૭ પુસ્તકો ના સુંદર વાર્તાઓના સેટની	૬૪ ૧

ઇસપના પાત્રો ગયેલા

બાળકોને માટે ૧૬૭ પુસ્ત- કોમત	૨ ૦
દાંત પ્રોત્સા	૨ ૧
સોક્રેટીસની સફર	૪ ૦
સુફિનો બાદશાહ	૫ ૩
જુદ્ધ અને કેદમાં	૫ ૬
કેટલાંક પક્ષિઓ	૧ ૬
બાગવત કથાઓ	૩ ૬

બાકિત રત્નોનો સેટ બાગ ૧ ૨ જેમાં પ્રત્યેક સેટમાં પાંચ પાંચ પુસ્તકો છે. પ્રત્યેક સેટની. ૭ ૦

કેળવણી - ૩૬	૨ ૦

૧૦ થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૩ પુસ્તકોનો સેટ.

કીંમત પા. ૧-૦-૦

૮ થી ૧૦ વર્ષના બાળકો માટે ૧૫ પુસ્તકોનો સેટ

કીંમત પા. ૧-૫-૦

૧૨ થી ૧૮ વર્ષના કુમક કુમતી માટે આઠ સુંદર પુસ્તકોનો સેટ

કીંમત ૧૪/-

લીલી	૫ ૧
વીદ્ય	૫ ૬
બાપુ	૫ ૩
બાળકોનો બાંધવ	૧ ૦
ઈન્દીરાને પત્રો (ભાગ)	૫ ૬
બાળવાર્તાવળી	૩ ૦
બપટી મુળ	૧ ૦
ચણુબની વાતો	૩ ૦
જ્ઞાન ગોષ્ઠી	૨ ૦
લાલો	૫ ૬
બાલાનની રોમાંચમાં	૪ ૦

Obtainable From:
'Indian Opinion'
P. Bag,
Phoenix, Natal.

અઠવાડીક પંચાંગ

વાર	બારતી ૧૯૫૦ ઓગસ્ટ	હાદુ ૨૦૦૬ આસો	મુસલમાન ૧૩૧૯	પારસી ૧૩૧૯ શહે. મહી	સુર્યોદય ક.મી.	સુર્યાસ્ત ક. મી.
શુક	૧૫	સુદ ૪	૨	૧૩	૫-૫૭	૫-૪૯
શની	૧૬	,, ૫	૩	૧૪	૫-૫૬	૫-૫૦
રવી	૧૭	,, ૬	૪	૧૫	૫-૫૫	૫-૫૧
સોમ	૧૮	,, ૭	૫	૧૬	૫-૫૪	૫-૫૨
મંગળ	૧૯	,, ૮	૬	૧૭	૫-૫૩	૫-૫૩
બુધ	૨૦	,, ૯	૭	૧૮	૫-૫૨	૫-૫૪
ગુ	૨૧	,, ૧૦	૮	૧૯	૫-૫૧	૫-૫૫

૨૦૦૬ નું પંચાંગ.

ગુજરાતી પ્રેસ ના મોટા નવ વર્ષના પંચાંગ

કીમત. ૩,૬

મળવાનું ઠેકાણું ઓ ઓપીસ

ધર્માત્મા ગોરખજી કબનાર ગાંધીજી ૧ ૮

બાપુના પત્રો : (બારમાની બીજી ૬૫૧) સંપાદક કાકા સાહેબકા ૨ ૧

મળવાનું ઠેકાણું ઓ ઓપીસ

ફરીનાં બારીકો :—

મરીચારી	ટી. ૨-૬ રતલ
તમ્બુ	ટી. ૩-૦ રતલ
ગજ	ટી. ૪-૦ રતલ
મેથી	ટી. ૨-૬ રતલ
ડાંગર	ટી. ૩-૦ રતલ
ઘઉં	ટી. ૩-૦ રતલ
મુંગ	ટી. ૪-૦ રતલ
દીવેલ	ટી. ૪-૦ રતલ
અળસી	ટી. ૨-૬ રતલ
ધાણાસરસ	ટી. ૫-૦ રતલ
તલ	ટી. ૪-૦ રતલ

એડરેસ : ૧૬૯ વિક્ટોરીયા સ્ટ્રીટ, દરબન ફોન : ૨૮૮૪૫

પત્ર વ્યવહારથી કોઈ પણ વસ્તુનો ભાવ અગર આગમન બીના મુકવે રવાના કરીશું.

પરશુ નરસીલ એન્ડ કુ. (પી) લીમીટેડ.
દરબનની ૩૦ વર્ષની પ્રમાણી અને સંપ્રસિદ્ધ દુકાન.

આ ઓફીસથી મળતાં પુસ્તકોનું સુચિપત્ર

વી. પી. ના ઓરડરોને બિલકુલ ધ્યાન દેવામાં નહિ આવે. ઓરડર મોકલનારાઓએ ઓરડર સાથે જ અગર પોસ્ટલ ઈંસ્ટ્રકશન મોકલવા મહેરબાની કરવી.

મેનેજર, ઇન્ડિયન ઓપિનિઅન'

પુસ્તકો મળવાનું ઠેકાણું:— INDIAN OPINION, Phœnix, Natal.

ગાંધીજીનું સાહિત્ય

સત્ય ધર્મ આચરણ	૧ ૦
ગાંધીજીનો સરકાર સાથે પત્રવ્યવહાર 1922 ની સાલ બનતે બનેલો સંપૂર્ણ પત્ર વ્યવહાર	૭ ૧
ગાંધીજીના સમાચારમાં	૭ ૦
ગાંધીવાદી આર્થિક યોજના	૩ ૧
પુરુષ શ્રેષ્ઠ ગાંધીજી (સ. ચુસ્ત)	૧૨ ૧

દીનબંધુ એન્ડ્રુઝવાળાની કૃતીઓ

ગાંધી વિચાર દોહન ગાંધીજીના વિચારોને રજુઆત કરતું પુસ્તક	૨ ૧
ક્રીશ્ચન મધોકા આજ કાલ થી, પુસ્તકમાં લેવાતી મુકેલ ક્રીશ્ચનોના પ્રેમના બચાવરૂપે જે લેખો લખાયા છે તેનો સંગ્રહ	૨ ૧

ડૉ રાધાકૃષ્ણનની કૃતીઓ

તેમણે ફીલોસોફીના મહાન લેખક છે તેમના પુસ્તકો હિંદુ ધર્મ, સંસ્કૃતી વગેરે અભ્યાસ માટે છે.	
કલ્કી અથવા સંસ્કૃતીનું ભાવી	૬
તેમની વિચાર ધારા તેઓ બોલ્યા તેમના ભાષણોનો સંગ્રહ	૫ ૧
યુવાનોની સંસ્કાર ભાવના	૧ ૦

ધાર્મીક સાહિત્ય

શ્રીમદભગવત ગીતા મોટા અક્ષરોમાં સંસ્કૃતમાં	૩ ૦
ધર્મોત્માના ચરિત્રો સંતોના ચરીત્રોનો સંગ્રહ	૨ ૧
શ્રી રામકૃષ્ણદેવ આ જોતાંથી અવશ્ય મંગાવે બનેલો શ્રી, ભાષાનો શ્રી ભાષાં મુકેલો છે.	૧૦ ૦

વિદેશી સાહિત્ય

સંસ્કાર કાંસના વિખ્યાત લેખક બાલઝાકની નોવેલ	૩ ૧
બાબા લેખક કુપરી..એક રશિયન પત્નીનાં ચિત્ર દેશની નવલકથા	૧૦ ૦

મોટા નેતાઓના ચરીત્રો

કેસરીક ઝરસ્ત્રાતી	૧ ૦
બાલ્ય કથા ગાંધીજી	૦ ૧
સેમ્યુઅલ્સો આપણા ગાંધીજી કૃષ્ણસંબધાન, સીતાજી, આવી નેતાઓના ચરણ ચિંતે લખેલું છે	૭ ૧

કેસલીક ઉત્તમ નવલ કથાઓ

નારીસંપદા સુંદર વાર્તાઓનો સંગ્રહ	૧ ૧
આત્મપાણી મોટા કંઠીકારોએ નવલ કથા	૧૧ ૧
રત્નકણ દુનાઓનો ઝોબાદાર સંગ્રહ	૦ ૮
ઉષાહરણ ભા. ૧—૨ બોધ સુંદર સામાજીક નવલ કથા—બન્ને ભાગની કીમત	૧૩ ૦
ઉષાહરણ સુંદર નોવેલ	૭ ૧
ઉત્સવ નોવેલ	૮ ૦
કેસલના કેદી નોવેલ	૭ ૧
સાંકિલાના સુર	૫ ૦
ગજબના ગપ્પાષ્ટક	૬ ૦
કાંતીલાલ કાંકરીયાની નોવેલ	૭ ૦
કમ્બોજની કંઠીકારોએ નોવેલ	૧૦ ૦
કેસલેશ્વર કોલેજ લાઈફ ઉપરની નોવેલ	૮ ૧
ખાખરા બાપુ બાપુજીના જીવનને લગતું પહેલું પહેલી નોવેલ	૮ ૧
નોરમ્બ આશા નોરબની ગાંધીબાપુની રસાળ નોવેલ	૭ ૦
ચંપેલી	૧ ૧
ગોરાની વાર્તા	૬ ૦
ભણ સમાધી નોવેલ	૮ ૦
ભગતના અંદરમાં કંઠીકારોએ લખેલા	૧૦ ૦
નવ સિકંદર	૧ ૧
ભગવદીદુ નોવેલ	૫ ૦
ડિટેક્ટીવની વાર્તા નવાની વાર્તાઓનો સુંદર સંગ્રહ	૧ ૧
ચમત્કાર ચમત્કાર બે નવાની વાર્તાઓનો સંગ્રહ	૧ ૦
અમૃતપુત્ર ધારા	૮ ૧
અમૂલી વાત	૧૦ ૦
અપહરણ ગીરવેથી વાર્તાઓ	૧ ૧
છ'ગળી છતવાની નવી ચુડી	૨૫ ૧
ભીડ સાથી ભા. ૧-૨ સાથે	૧૨ ૦
અમારા આ સ્વ. ઝવેરચંદ મેઘાણી લિખે મુકેલા નેવર ભાને બનાવના પરીચ લખેલ	૧ ૧
બાપાજીએ પોતાની તસવીર આદરીએ સહીત કેવું ગોરવી-ગીતું સ્વજન	૧ ૦
ચમત્કારમાળા	૮ ૧

નવલ કથાઓ

ઉલ્કાધારે	૮ ૧
કાઠીયાવાડની ઈંટ કથાઓ	૧ ૦
કાંચ વચ	૧૦ ૧
મોહાન મોરબાઈ નવલકથા ભા. ૧-૨ સેટની	૧૧ ૦
અમૃતરો વાર્તા સંગ્રહ	૧ ૧
ચિત્રલેખા	૮ ૧
તમુના ભાગ ૧-૨-૩ વાર્તાસંગ્રહ પ્રત્યેકની	૧ ૦
વડોદરાવાસ	૦ ૧
વડોદરાવાસ ભાગ ૧-૨ બોધ બાળ નોવેલ સેટની	૧૧ ૦
શેર વહ	૧૪ ૧
વડોપાકાર	૧ ૦
નવીન બોધ	૧ ૦
નવીન ૫'ચી વાર્તા	૧ ૦
નવીનતા	૧ ૦
અવીન	૧ ૧
આબરૂદીન ભા. ૧-૨ સેટની	૧ ૦
ચિંતારણી	૧ ૦
બાપજી બબાતા	૧ ૦
અમાલ ગોરબો	૧ ૧
પુરાતન બબીતા	૧ ૦
બોધ અને પુત્ર ભા. ૧-૨ સેટની	૧૧ ૧
કુદરતા સુખની પાંખો	૧૦ ૦
ચમત્કાર	૧ ૦

નીશાળ ઉપયોગી પુસ્તકો

નુતન શૈક્ષણ માળા આ માળા માં નીચલા બંને પુસ્તકો આવે છે. એ પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન મેળવે છે.

નુતન શૈક્ષણ તાલીમ વર્ગ
" " ચોપડી ૧-૬-૨
પ્રત્યેકની કીંમત ૧ ૦

નવયુગ વાચન માળા
પુસ્તક પહેલું ૧ ૪
પુસ્તક બીજું ૨ ૦
પુસ્તક ત્રીજ ૨ ૪

સાહીત્ય કલ્લોલ
સાહિત્ય માટે વાચન વધારવા વધારવા વધારવા
પુસ્તક બીજા ૨ ૪
" ત્રીજુ ૨ ૪
બાળપોથી ૧ ૧
બાળોપયોગી ખુલાસા ૫ ૪
ઉપર બોડા ઉપલીસ શીખવા માટે
પાઠાવળી ભા. ૧-૨ પ્રત્યેકની ૬ ૦
અંકગણીતના પુસ્તકો ૨ ૦

વિદ્યાપીઠ વાચન માળા
પીઠ ચોપડી ૧ ૦
બીજ " ૨ ૪
ત્રીજી " ૧ ૧
બાળબોધ ફૂ.. ૧ ૦
પુસ્તક ૨ ૦

વાંચો લખીએ
ચોપડી ૧ ૧ ૬
" ૨ ૧ ૬
" ૩ ૧ ૬
" ૪ ૧ ૬
" ૫ ૨ ૦
" ૬ ૨ ૦
" ૭ ૨ ૦

સાહિત્ય પાઠાવલી
પુસ્તક પાંચમું ૨ ૧
" સાતમું ૨ ૪
દેશ દેશાવરમાં—ભુગોળ ૩ ૦
આપણા દેશનો ઇતીહાસ ૧ ૧

Obtainable From:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

નવલ કથાઓ

શ્રી દર્પ	૧ ૩	શુદ્ધ અને નષ્ટ	૧ ૦
સાહસીકોની સહી	૮ ૬	બે દેશ દીપક	૫ ૦
રત્ન અને પૃથ્વી	૧ ૦	પુત્ર જન્મ	૧૩ ૦
વડલો	૩ ૦	પરીષેક	૭ ૦
વિરાગનાની વાતો (૩)	૧૪ ૬	પીતાજીનો વન પ્રવેશ	૭ ૦
વનછાયા	૭ ૬	પહેલી પ્રીત	૭ ૬
ઘણો વીચાર કર્યો પછી આ વર્ષે અમે દીવાળીનો ખાસ અંક નહિ કાઢવાનો નિર્ણય ઉપર આવ્યા છીએ. તેના કારણો અનેક છે. એક કારણ એ કે અમે પોતે નાણાભીડ ખુબ ભોગવી રહ્યા છીએ અને તેને લઇને તેમજ અન્ય સંજોગોને લઇને અમારો રહાડ પણ બહુ મર્યાદિત છે. બીજું એ કે દીવાળીનો ખાસ અંક કાઢવામાં ખર્ચ સારી પેઠે થાય છે જે આજ સુધી અમે વેપારીઓ પાસેથી જાહેર ખબરો વીગેરે મેળવી પુરો કરતા હતા. આજે બેકારી બહુજ છે. વેપારીઓની સ્થિતી ગ્રુપ એરીયાઝ એક્ટ આવવાથી અરધોર થઇ છે. આથી તેઓમાં ઉત્સાહ નથી રહ્યો. તેમ છતાં પણ જાહેરખબરો તો મેળવી રહીએ. પરંતુ એ બાબતમાં અગે અગાઉ જણાવી ગયા છીએ એ કારણ થી અમારાથી તે મર્યાદિત હદ સુધી જ થઇ શકશે. અમારે સાભાર સ્વિકારવું જોઇએ કે વેપારીઓ તો એ રીતે પણ જાહેરખબરો અમને પોતાના વેપાર અર્થે નહિ પરંતુ મદદ અર્થે પણ આપતા આવ્યા છે અને અમે માંગીએ તો આપવાની ઉદારતા દાખવે. પરંતુ આજે એ રીતે મદદ મંત્રિણ જવાનો અમને ઉત્સાહ નથી. એ અમને ચીન્તા કારણ પર લઇ જાય છે. તે એ કે આજે દુનીયાનું 'વાતાવરણ જોતાં દીવાળી જેવું રહ્યું છે જ કયાં? સર્વત્ર હોળી સળગી રહી છે. લોકોના હૃદયોમાં પણ હોળી સળગી રહી છે. બાપ દીકરાનું, દીકરો બાપનું, પતિ પત્નિનું, પત્નિ પતીનું, ભાઇ ભાઇનું ખુન કરવાના ખબરોપર અખબાર ઉઘાડતાંજ પહેલી નજર પડે છે. ખુલ્લા કરી નાખવાં એ આજે સહજ થઇ પડયું છે. ચોરી લુંટફાટ પણ વધતાંજ ચાલ્યા છે. વર્ષો પુર્વે દલપતરામ કવી કહી ગયા હતા કે આપણુ, ભારત સરકારના તંત્ર હોઇ બહારનો પણ કોઇ કાન પકડવું નથી. પરંતુ આજે "ઝરીબ બીચારી બકરી" નો પણ હાસતાં ચાલતાં કાન અમળાવાય છે એટલુંજ નહિ પણ કાપી નખાય છે. ચારે તરફ અરાજકતાના ભોખમમાં હોય છે. આ સ્થિતિ તો અહિ આપણી સામેજ છે. પરંતુ જરા આગળ જોઇએ તો કોરીયામાં ખુનખાર લડાઇ ચાલી રહી છે જેમાં માનવીએ પોતાની માનવતા છોડી દીધી છે અને ધ્યાન કરતાં પણ ચઢી જાય તેવી પૃત્તિનો બની ગયો છે. દુનીયા શાંતીને માટે ઝંખે છે પરંતુ તંત્ર ચલાવનારાઓ, સિંહ, વાઘ જેમ લોહી ચાખે એટલે ખુનની બની જાય તેમ લોહીના તરસ્યા થઇ ગયા છે સત્તા નથી તેઓને સત્તાનો લોભ લાગ્યો છે, છે તેઓને મદ ચઢયો છે. પછી શાંતી કયાંથી રહ્યપાય? લોભી જીવોનો લોભ કદાપિ નહિ, મદાંધોનો મદ ઉતરે નહિ ત્યાં સુધી શાંતીની આશા રાખવી વ્યર્થ છે. વળી આપણુ પોતાના દેશ તરફ નજર કરી એ તો ત્યાં પણ કયાં શાંતી છે? હીંદ પાકીસ્તાન એ તો સહોદર ભાઇઓજ. પરંતુ હજુ તેઓને કયાં શુદ્ધી આવી છે? લડતાં કયાં પરવાર્યા છે? અને એ બધાં પાપોની સજાજ કેમ જાણે ન થઇ રહી હોય તેમ કુદરતના કોપો ઉપરાઉપરી થઇ રહ્યા છે. જ્યાં જુવો ત્યાં અકસ્માતોથી લોહો ભરવા લાગ્યા છે. રેલના અકસ્માતો, વીમાના અકસ્માતોનું રોજેરોજ વાંચીએ છીએ, સાંભળીએ છીએ, પરંતુ એથીયે ભયંકર તો ખુદ હીંદમાંજ કોમ જગાએ જળપ્રલયથી તો કોમ જગાએ જળના અભાવે લોકો મરી રહ્યા છે અને આસામમાં તો પૃથ્વી રસાતાળ કેમ થઇ જાય એ ડર એક નાની સરખી તેની ગર્જનાથી આપણને ખતારો આપ્યું છે. તેની ભયંકરતાની સીમા નથી. પરંતુ માનવી ની આજે બીનાશ કાળે બીપરીત બુદ્ધી થઇ ગઇ છે. સત્ય વસ્તુ તેનાથી જોઇ, સમજી સકાતીજ નથી. આ કરતાં બીજીય દુઃખ ઉપજાવનારું બીજું શું હોઇ શકે? આજે આપણે દીવાળી ઉજવીએ કે રોક પાળીએ? આપણા જ ઘરમાં આપણુંજ કોઇ પ્રીયજન મરણ પામ્યું હોય તો શું આપણને દીવાળી ઉજવવાનો ઉમંગ થશે? "ઘર ઘર મેં દીવાળી હૈ મેરે ઘર મેં અંધેરા" એ શું માત્ર ગાવા માટેજ છે? તેની પાછળનું રહસ્ય આપણે કાં ન સમજી એ? એ આર્તનાદ આપણા કાનમાં ન ખુંચે, આપણા હૃદયો એથી ન કંપે એવા શું આપણે બહેરા અને હૃદયહીન થઇ ગયા હોઇએ. આપણે પોતે પણ આ દેશમાં નામદર્દ બની ગયા હોઇએ એ કંઇ ઓછી દુઃખની વાત નથી. સરકાર હાથે તેવા જુલ્મો કરે, માનવંગો કરે પરંતુ તેનો સામનો કરવાની આપણામાં શકતી, હિંમત નથી. એવા નામર્દોને પરમેશ્વર શી રીતે મદદ કરે, શા રીતે અપનાવે? આ સમણી વસ્તુઓના વીચારે અમારું હૃદય પણ ખિન્ન કરી નાખ્યું છે. આપણી દીવાળી તો આજે દુઃખીઓનું દુઃખ દુર કરવામાં જોવી જોઇએ, મીઠાનો ઉકાળી અને ફટાકડાઓ ફોડી આનંદ મહાણવામાં નહિ. ખરી દીવાળીજ એ છે બીજી હોળા છે.

આથી અમે એ નીર્ણયપર આવ્યા છીએ કે દીવાળી અંકને માટે અમે જાહેરખબરો અને અન્ય મદદ માંગીએ તેને બદલે સૌની પાસેથી આસામના ધરતીકંપ સંકટ નીવારણને માટે મદદ માગીએ અને એ સબબ રકમ હીંદ મોકલી આપીએ. વધારે સમય અમે આ માગણી કમારના કરી ચુકયા છીએ પરંતુ એ કે ત્રણ વાનો રહેશે. છેવટનો પ્રત્યુત્તર અમને મળ્યો નથી. અમે તો ધારીએ કે દીવાળી ના સમયના અંકમાં તેને માટે દાન આપનારાઓનું મોટું લીસ્ટ છાપી શકીએ. આથી સાહિત્ય આકીકા, રાંકસીયા, પોરચુગીઝ ઇસ્ટ આફ્રીકાના સમણા ભાઇઓને અમે ફરી ખબર કરીએ છીએ કે 'ઇન્ડિઅન ઓપીનીઅન' પત્રે આસામ સંકટ નીવારણ ફંડ ખોલેલું છે, અને જેઓ આ ઓફીસે તેમાં દાન મોકલશે તેની પહોંચ પત્રમાં સ્વિકારવામાં આવશે અને બદલે રહણે એ નામણા મોકલી આપવામાં આવશે. જેઓએ પરચારી રકમો મોકલેલી હોય તેઓ તેની ખબરો મોકલશે તો તે પણ અમે છાપીશું કે જેથી અન્ય ભાઇઓને તેમ કરવાનો ઉત્સાહ આવે. અમે આશા રાખીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે અમારી આ વીનંતી વ્યર્થ નહિ જાય.

ગાંધી જયન્તિ

આ ભરત હીંદમાં તેમજ સમસ્ત દુનીયામાં વસતા હીંદીઓ આવતા સોમવાર અકટોબર તા. ૨ જી એ મહાત્મા ગાંધીજીની જયન્તિ ઉજવશે. ગાંધીજીના શબ્દો અનુયાયી ઓ એ દીવસથી રટીયા બારસ સુધી નો સપ્તાહ ઉજવશે. ગાંધીજી પોતા ની જયન્તી જાહેર રીતે ઉજવાય એમ ઇચ્છતા નહોતા. પરંતુ પ્રજાનો ઉજવવાનો આગ્રહ જોઇ ગાંધીજીએ તેને ચરખા જયન્તીનું નામ આપ્યું. એ ઉચીતજ હતું કેમકે ચરખો હીંદના કરોડોને અન્ન અને વસ્ત્ર આપનારો નીવડયો એટલુંજ નહિ પરંતુ પરદેશી ગુંસરીમાંથી હીંદને મુકિત આપનારો થઇ પડયો. આથી હીંદની આઝાદી ના પ્રતીક તરીકે એ સપ્તાહ ઉજવાય છે અને ઉજવાશે. ગાંધીજી ઇચ્છતા નહોતા કે તેમની જયન્તિ સામાન્ય જયન્તિઓ ઉજવાય છે તેમ ધાનધાન થઇ ઉજવાય. તેઓ કર્મમાં માનતા હતા અને ઇચ્છતા હતા કે પ્રજાએ કંઇક રચનાત્મક કાર્યથી તે ઉજવવી જોઇએ. એ વખતે સૌથી અગત્યનું કામ ઘેરઘેર ચરખો ચાલતો કરવાનું હતું એટલે એ દીવસે કાંતણનો યજ્ઞ કરવાનું કહ્યું. અકટોબર તા. ૨ જી થી રાજ થતા ચરખા જયન્તિના સપ્તાહ દરમીયાન હીંદ ભરમાં ચોવીસે કલાક સાબો. ચરખા ગુંજી રહેશે અને તેમાંથી ઉત્પન્ન થયેલું કાપડ દરિદ્ર નારાયણને અર્પણ થશે. હીંદના રાષ્ટ્રપતી ડો. રાજેન્દ્રપ્રસાદે એક અખબારી નીવેદનમાં જણાવ્યું છે કે:

> આપણા દેશમાં ગાંધી જયન્તિ, જેને મહાત્મા ગાંધીજી પોતે ચરખા જયન્તિ કહેતા હતા, તે ઉજવવામાં આવશે. ઉજવણીમાં સુતર કાંતણ, રેંટીયા પ્રચાર વગેરે કાર્યક્રમો ભાગ લઇને રાખવામાં આવે છે. આજે ચરખા અને ખાદીને જોતાં અને મેળવતાં સહાનુભુતી અને પ્રોત્સાહનની જરૂર છે. કારણ કે રાજકારણના વમળમાં ગિરધારી ખાદી એક રીતે ભુલાઇ ગઇ છે અને ગામડાં લોકો હમણાં રેંટીયાને તો ઘણા ભુલવા લાગ્યા છે. મહાત્માજી ચરખાને રચનાત્મક કાર્ય ક્રમનું કેન્દ્ર માનતા અને તે છે પણ તેમજ. તેથી આ જયન્તિના અવસર પર એને કોઇક પ્રોત્સાહન મળે તો બધા ખાદી પ્રેમીઓ રાજી થશે અને જેઓ એને પ્રોત્સાહન દેશે તેઓ પોતાનું એક કર્તવ્ય પુરું કરશે. હું

આશા રાખું છું કે, વ્યક્તિત ઉત્સાત પુર્વક વ્યવહારમાં આવશે."

સત્ય હકીકત તો એ છે કે ગરબો, જે દીનની દયનદેારી હતો. અને તેથી ગાંધીજી, જેઓ દીનના ઉદ્ધાર અર્થે જ અને તેથી દુનીયાના સઘળા પીડીતોના ઉદ્ધાર અર્થે જીવી રહ્યા હતા, તેમની પણ જીવનદેારી હતો, તેને જ માત્ર નહિ પરંતુ પુજ્ય ગાંધીજીને અને તેમના આદર્શોને પણ બાજુએ હડસેલી જુલી જવામાં આવ્યા છે. એ આદર્શો કયા હતા?—સત્ય, પ્રેમ અને અહીંસામય જીવન ગાળવાના. મહાત્મા ગાંધીજીનો વધ થયો ત્યારે સમસ્ત દુનીયાએ આંસુ ઢાળ્યા અને શોક કર્યો અને વધ કરનારને ફાંસી દેવાઇ. આજે વીચાર આવે છે કે તેમના વધને ગાંધે ખરો દેાષિત વધ કરનાર સમુદાય કે તેમના અવસાનનો શોક કરનારા સમુદાય અને ગાંધીજી શીખવી ગયા છે તેમાનું થોડું કે પણ આપણા જીવનમાં ઉતાર્યો વીના તેમની વ્યક્તિ ઉજવીને આપણે શું તેમને માન આપીએ છીએ કે તેમનું અપમાન કરીએ છીએ? આપણે આપણને સુધરેલા અને સંસ્કારી કહેવડાવીએ છીએ અને અણસુધરેલા અને અસંસ્કારીને આપણી સાથે બળવાને નાલાયક ગણી તિરસ્કારી એ છીએ. પરંતુ અજ્ઞાનતાથી અને અણસમજપણે માનવીની સામે ગુનો કરનાર કરતા જ્ઞાનપુર્વક અને જાણીને ગુનો કરનાર શું વધારે ખરાબ ન ગણાય? આપણે જેઓ વધારે જ્ઞાની હોવાનો દાવો કરીએ છીએ અને જેનો ગર્વ કરીએ છીએ તેઓના કરતાં જેઓને આપણે તુચ્છકારીએ છીએ તેઓ ઘણેજ આપણા કરતાં હજારગણા વધારે સારા છે અને જીવનની સારી વસ્તુઓનું જ્ઞાન તેમને ઘરણે પડી શીખવા ને લાયક છીએ.

બીજા કોઈના કરતાં સાઉથ આફ્રીકામાં આપણે મહાત્મા ગાંધીજીના જીવન ગાળ્યા છીએ, કેમકે તેમનો જીવનના કીંમતી વીસ વર્ષ તેમણે આપણી સેવામાં આપ્યા હતા અને આ દેશમાં આપણે કેવી રીતે રહેવું અને આપણી ઉપર થતા અન્યાયોનો કેવી રીતે સામનો કરવો એ શીખવ્યું હતું. જરા અંતરખોજ કરીને જોવું તો જોઇ શકાશે કે તેમણે આપણો નહિ પરંતુ આપણે તેમનો દ્રોહ કર્યો છે. આપત્તિ વખતે ઉપયોગ કરવાને તેઓ સત્યાગ્રહરૂપી શસ્ત્રનો આપણને વારસો આપી ગયા છે. પરંતુ એ શસ્ત્રનો ઉપયોગ કરવાને બદલે તેઓ અમુક રાજ્ય જેવાથી ગયા છે. તેઓએ કહ્યું હતું કે તેનો અસરકારક ઉપયોગ તોજ થઇ શકશે જો સત્ય, પ્રેમ અને અહીંસાના સિદ્ધાંતોનું આપણે સુરતપણે પાલન કરીશું. એ સિદ્ધાંતોનું પાલન આપણે કરીએ છીએ ખરા? કે જેને બદલે એ મહાન સિદ્ધાંતોનો નીરોધ કરનારા તીરસ્કાર, અસત્ય અને હિંસા નું સેવન કરી તેનો ભંગ કરી રહ્યા છીએ? તો પછી એ શસ્ત્રને આપણી રક્ષણ મુલ્યના કામ કરે એવી આપણે શી રીતે આશા રાખી શકીએ? અને ન કરે તો દેાષ આપણો છે, નહિ કે એ સત્યનો કે એ શસ્ત્ર આપનારનો.

મહાત્મા ગાંધીજીની વ્યક્તિપર આપણે નજરપણે એ વીચાર કરવાનો છે. ગાંધીજીના મુલ્યોજ માત્ર નહિ પરંતુ ખરી જ્યાંત શાંતી મેળવતી દોર તો માનવી માત્રને માટે જીવનનો માર્ગ કેવો દોવો જોઇએ એ તેઓ શીખવી ગયા છે તેમાંથી થોડું પણ આપણા જીવનમાં ઉતારી અમલમાં મુકવાનો પ્રયત્ન કરવાનો છે. એ આ પણે કરી શકીએ તો મહાત્મા ગાંધી જીની વ્યક્તિ ઉજવેલી સાર્થક ગણાશે.

હીંદની પરદેશ નીતી

સપ્ટેમ્બર તા. ૨૮ મીના નાસિક ખાતે મળેલી કોંગ્રેસમાં બાબજી કરતાં હીંદના વડા પ્રધાન પંડીત નેહરૂએ કહ્યું કે ચીનને રાષ્ટ્રસંઘમાં દાખલ કરવાના સવાલ પર રાષ્ટ્રસંઘનું ભાવી અવલંબેલું છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી પંડીત પંતે કોંગ્રેસની કાર્યકારીણી સમીતી સમક્ષ હીંદની પરદેશ નીતી પરના મુકેલા ઠરાવપર પંડીતજી બોલી રહ્યા હતા. એ ઠરાવ કોંગ્રેસે સર્વાનુમતે પસાર કર્યો હતો.

પંડીતજીએ કહ્યું, તમને યાદ હશે કે બે માસપર આપણે સોવીયેટ રશીયા અને યુનાઇટેડ સ્ટેટસને એક અપીલ કરી હતી. એ અપીલમાં કહ્યું નહું નહોતું.

ચીનના પ્રજાતંત્રના સંબંધમાં કેટલાક વખતેથી આપણી જે રાજ્ય નીતી ચાલતી આવેલી છે તેજ ચાલુ હતી. એ અપીલ ખુલ્લાપત કરી કોઇ તે શાંત પાડવાને અથવા કંઇ પણ સોદાની ભાવનાથી કરવામાં આવી નહોતી. સીધી સુચના કરવામાં આવી હતી કેમકે આપણે માનતા હતા, માનતા આવ્યા છીએ અને માનીએ છીએ કે આપણું આ મોટું પડોશી ચીન છે તેને રાષ્ટ્રસંઘમાં યોગ્ય પ્રતીનીધિત્વ મળે એ ઘણેક દ્રષ્ટિએ' ઘણેજ અગત્યનું હતું.

ચીનની રાષ્ટીય સરકાર માત્ર કોરમોસાની માલીક છે. કોરમોસાની સરકાર રાષ્ટ્રસંઘમાં બેસે તે સામે હાલ મને અંગત વાંધો કરીજ નથી. તેથી જરૂર મુકદેલી હકીકત પર રચાયેલી છે, પરંતુ એવા પ્રતીનીધિ ચીનના પ્રતીનીધિ તરીકે સ્વિકારવા એ હકીકતમાં બોટી વસ્તુ છે અને બને તમારા સવાલનો પરીણામ બોરો કોય અને બોટુંજ કરે તો તે પછીના તમારા સઘળાં પગલાં પણ બોટાંજ લેખાશે.

રાષ્ટ્રસંઘપર પંડીત નેહરૂ

રાષ્ટ્રસંઘની ઉત્પત્તી વીશે બોલતાં પંડીત નેહરૂએ કહ્યું, તેને મારે બીજી વધારે જરૂરવાર પ્રેસીડન્ટ રૂઝવેલ્ટ કહી ગયા. એ એક મહાન નર હતા. યુદ્ધના આખરી દીવસોમાં તેમને કાયમની શાંતી માટે અને સ્વતંત્રતા નો પીરસ થાય એવી પ્રાર્થના થઇ આવી. રાષ્ટ્રસંઘ સ્થાપવાના તે સ્વપ્ના સેવતા હતા અને તેની પાછળનો હેતુ એ હતો કે મોટા દેશો તેમાં સહકારથી કામ કરે.

ત્યાર બાદ રાષ્ટ્રસંઘ આપણું આખરું આગળ વધ્યું છે અને બને કે તેણે અનેક ભુલો કરી છે અને પણ નબળાઇઓ બતાવેલી છે છતાં તેણે સુંદર કામ કર્યું છે અને તેની ભુલો થતી હોવા છતાં અને પડતું આપણું હોવા છતાં તેની કરતી ચાલુ રહે એ અત્યંત અગત્યનું છે. પરંતુ જો મોટાં રાજ્યો એકબીજા સાથે યુદ્ધમાં ઉતરશે અથવા તેઓને રાષ્ટ્રસંઘમાંથી બોલી કાઢવામાં આવશે તો તે ચાલુ નહિ રહી શકે. કદાચ તે ચાલુ રહે પરંતુ કુદરતેજ સેવેલી ભાવના મુજબ નહિ.

એ દલીલ જો ખરી હોય તો એ પરથી અગત્યની ફરે છે કે ચીન જેવા દેશને હકીકત જોતાં તેમજ હું ઉપર જણાવી ગયો. એ કારણે રાષ્ટ્રસંઘમાં પ્રતીનીધિત્વ મળે એ અગત્યનું છે.

પંડીત નેહરૂએ કહ્યું: કોરિયા વખત પર પાલોમેન્ટમાં મેં પકીમના દેશોને બોટો કપડો આપ્યો હતો. મેં કહ્યું હતું કે તેઓ એશીયાનું માનસ સમજી શકતા નથી. સમજવાની તકલીફ લઇ લેતા નથી, અને તેની પાસેથી કામ લેવામાં જરાયે દુરદેશી વાપરતા નથી. મારાં એ નીવેદને ઘણું ધ્યાન ખેંચ્યું છે અને સેાકેાએ વીચારતા થયા છે. કેમકે તેમણે સમજે છે કે મેં જે કહ્યું હતું તે. કોરિયાના બાબતે કહ્યું પરંતુ બીજાબાબે અને આપણે સહકારથી કામ કર્યા રીતે લઇ શકાએ એ રીતે લઇ શકાએ એ રીતની સલાહ નીબાયો કહ્યું હતું.

ગ્રાહકોની નોટીસ

આ સાથે આપણા કીમતી ગ્રાહકોના આજ અંક નામે નોટીસો. તેના કારણો માટે જુઓ એ પરનો અગ્રલેખ. આપણે આજ કર્યા વિના બાકીના સમય બનશે તેટલું તે સમયને માટે સારું વાચન પુરું પાડવા પ્રયત્ન કરીશું. દીવાળી ની ભાઇબહેનોને અહીંથી અને ગ્રાહકોને મુબેરબાજોમાં રહેતા અમારી નાખવાને અહીંથી અને પત્રે ઓફીસનાં આસપાસ સંદેશ નિવારણ કન્ટને આવે વાચકોને દાન ગ્રેડકલરો અને ઉત્સાહી સુધરનેા તે ઉધરાણી ગ્રેડકલરો તો તેની પહોંચ સાભાર સ્વિકારી તે દીન ગ્રેડકલી આપી શું.

મેનેજર:

ઇન્ડિયન ઓપિનિઅન

સરદાર પટેલની જયંતી

સરદાર વલ્લભભાઇ પટેલની ૭૬ મી જન્મ જયંતી તા. ૩૧ મી ઓકટોબરે છે. આ પ્રસંગે સમસ્ત ગુજરાત તરફથી તેમને રૂા. ૨૦ લાખની થેલી અર્પણ કરવામાં આવશે. સમસ્ત ગુજરાત તરફથી બોલનારા આ સ્વાગત સમારંભમાં ગુજરાતનાં વીરીષ મંડલો ભાગ લેશે. રાષ્ટ્રપિતાની માનવકદની આખી પ્રતીમાનો અનાવરણ વીધી કરવા દેગામના સુપરાર્ધ્યે સરદાર પટેલ ને દેગામ આવવા નીમંત્રણ છે.

"મિલાપ"

આ માસીકમાં દેશ પરદેશના અનેક છાપાંઓમાંથી તારવીને સામગ્રી આપવામાં આવે છે. હાલના ધમાલીયા જીવનમાં નીરાંતે વાંચવું મુશ્કેલ બને છે તેવાઓ માટે આ માસીક રસ ભરી સામગ્રી પુરી પાડે છે.

અઠવાડીક પંચાંગ

વાર	માસ્તી ૧૮૭૦ સપ્ટેમ્બર	શાકુ ૨૦૦૧ ભાદરવા	મુસલમાન ૧૩૧૯	પારસી ૧૩૨૦ શહે. કદમી	સુર્યોદય ક.મી.	સુર્યાસ્ત ક. મા.
રવિ	૨૯	૧૬ ૩	૧૬	૨૩	૫-૩૯	૬-૩૩
સોમ	૩૦	,, ૪	૧૭	૨૮	૫-૩૮	૬-૩૧
મંગળ	૧	,, ૫	૧૮	૨૯	૫-૩૭	૬-૨૯
બુધ	૨	,, ૬	૧૯	૩૦	૫-૩૬	૬-૨૮
ગુરૂ	૩	,, ૭	૨૦	૧	૫-૩૫	૬-૨૬
શુક્ર	૪	,, ૮	૨૧	૨	૫-૩૪	૬-૨૪
શનિ	૫	,, ૯	૨૨	૩	૫-૩૩	૬-૨૩

સ્વ. જનરલ સ્મટસની ટૂંક જીવન રેખા

(ગતાંકથી ચાલુ)

જનરલ સ્મટસમાં અપૂર્વ ધીરજ હતી. એમને તેવાં સંજોગોમાં તે પોતાનું સમતોલપણું ગુમાવતા નહોતા. હારથી ડગી જતા નહોતા. નીંદાની પરવા કરતા નહોતા. એમે તેવી નિરાશાજનક સ્થિતિ જણાય તેની સામે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી હસતે વદને લડતા હતા.

પાંચ વર્ષ બાદ નેશનલીસ્ટ-લેબર સંયુક્ત પાર્ટીની સામે સામાન્ય ચૂંટણી વખતે પોતાની પાર્ટીનું કરી તેમણે નેતૃત્વ લીધું. ૧૪૮ સભ્યોમાંથી તે ૬૬ જીતી શકયા. હર્ટઝોગ વડા પ્રધાન નું કાયમનું સ્થાન ધરાવવાની સ્થિતિ પ્રવર્તી રહી હતી તેમા તે ઓપોઝીશન ના લીડર બન્યા. પક્ષો કપરા વર્યો હતાં. છતાં લાજદાપી હતાં. સેમ્યુઅલ સ્મારસ્કે લખ્યું છે કે, "સફળતા કરતાં નિષ્ફળતામાંથી માણસ વધારે ડહાપણ શીખે છે." જનરલ સ્મટસને બીયે એ બધું પડયું હતું. હારના જુલમી વાતાવરણમાં તેમનામાં વધારે માનવતાના ગુણ આવ્યા.

રાજકીય નેતા તરીકે પોતાની યુવા વયમાં બુદ્ધિમાં તે બીજાઓથી ચઢી જાતા હતા, જે વસ્તુ તે છુપાવવાની તકલીફ લેતા નહોતા. મુખ્યોને તે સહી શકતા નહિ કોઇ સાથી સાથે ભળી શકતા નહોતા આથી પોતાના સાથીઓમાં તે એકાંતવાસપ્રિય મનાતા. અને બધાની પાસેથી જો કે તે હક વફાદારીની આશા રાખતા હતા છતાં કોઈની સલાહને ગ્રાહ્યકારતા નહિ અને કોઇ પોતાનાથી વીરુદ્ધ મત દર્શાવે એ તેમને પસંદ નહોતું.

આવિ ફેરફારો બીજા નીરીક્ષકો જોઇ શકે તે પહેલાં પોતે જ પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી જોઇ શકતા હતા. કેટલાક ને એવું લાગતું કે જનરલ સ્મટસ રાજકીય ક્ષેત્રમાં ફેલાવેલી અને બધુ ફેલાવેલી જમીનમાં એક સરખાં બીજ નાખી દેતા હતા પરંતુ. જનરલ સ્મટસ બીજ નાખતા ત્યારે તેનો ફાલ કેવો થશે તેની તેમને પુર્ણ ખાત્રી જ હતી. પરદેશમાં મળતી ઉચ્ચ પદવીઓનો અસ્વિકાર કરી ધીરજથી સમય વર્તીને ચાલવામાં તેમનો સંતોષ હતો.

જગતના ફેરફારો ઉતરી

જગતમાં મોટા ફેરફારો થવાના હતા અને તેથી સાઉથ આફ્રીકામાં તેમની સ્થિતિને અસર કરશે તેની તેમને આગાઉ થી ગંધ હતી. પ્રજા ની લાગણીઓ બધુ બહાર રાજકીય વાતાવરણ બદલાવા લાગ્યું હતું. નજીવી બાબતોમાં સાંભી બાકપટોથી છાપ એવી પડતી હતી કે દેશમાં પક્ષાપક્ષી જેમની તેમ જુટવી ચાલી રહી હતી. પરંતુ વસ્તુતઃ બે મોટાં જુથો વચ્ચેનું અંતર ઓછું થયું હતું.

પરંપરાના કેટલાક ઉંડા મતભેદો દૂર થયા હતા. રાષ્ટ્રિય ધ્વજ બાબતને માટે રમખાણ થયો હતો અને તેને સાર્વજનિક માન મળી રહ્યું હતું. વેસ્ટ મીન્સ્ટરના કાયદામાં યુનીયનની કુલ સત્તાના કામદારને સ્થાન આપ્યું હતું. બહોળી રાષ્ટ્રિય ભાવના બન્ને ગોરી પ્રજાઓને એકત્ર કરી રહી હતી.

જનરલ હર્ટઝોગ ૧૯૨૯ માં જાહી પરિષદમાંથી પાછા ફર્યા ત્યારે તેમણે રાષ્ટ્રીય ઐકયને માટે મજબુત હાકલ કરી અને સાથે સાથે પોતાની પાર્ટીમાં પ્રજાસત્તાકવાદીઓ હતા તેમને ઠપકો આપ્યો હતો. હકીકતમાં સમળા જણી તા નેશનલીસ્ટોએ જાહેર કર્યું કે યુનીયનને હવે પુર્ણ સ્વતંત્રતા મળી છે અને તેથી છુટા થવાની જરૂર રહેતી નથી; કોમનવેલ્થમાં રહેવામાં ફાયદો રહેલો છે.

સ્મટસ અને હર્ટઝોગવાદીઓ વચ્ચેનો તફાવત મોટે ભાગે ધ્યેયના કરતાં ધ્યેયની સિદ્ધિની ગતીને વીષે હતો. સ્મટસની પાર્ટીને એવું લાગતું હતું કે જે વસ્તુ ભાવિષ્યમાં વિનાપ્રયત્ને મળવા રહેવાની જ છે તે ક્રમપુર્વાને ક્રમશઃ જ મેળવવાની નેશનલીસ્ટો એકદમ ધીરાઇ વ્યકત કરી રહ્યા હતા, એટલે ૧૯૨૯ પાછીની પક્ષાપક્ષીમાં માત્ર લડવા ઝઘડવાનું બાકી રહ્યું હતું. પ્રગતી કયી નહી હતી.

આ સમયનો લાભ લઇ જનરલ સ્મટસ વિજ્ઞાનના વીકાસ માટેની બ્રીટીશ એસોસીએશનની શતાબ્દિની સભાનું પ્રમુખસ્થાન લેવા ઇંગ્લાંડ ઉપડી ગયા અને યુનાઇટેડ સ્ટેટસ અને કેનેડાની મુલાકાત લીધી. પ્રત્યેક સ્થળે તેમનો પ્રેમભર્યો સત્કાર થયો.

પરંતુ જુના સવાલો શાંત થયા તેમ નવા અતિ ઝગડતના સવાલો ઉત્પન્ન થવા લાગ્યા. આખી દુનીયામાં આર્થીક મંદી ચઇ, જેની અસર યુનીયન પણ પહોંચી. નાણા મંત્રી શ્રી. હેવેઝા, જે હમેશાં બજેટમાં પ્રચન બનાવતા હતા તે હવે બોટ બતાવવા લાગ્યા.

સોનાનું ધારણ

૧૯૩૧ ના આખરમાં પાઉન્ડ સોનાના ધોરણપરથી પડયું હર્ટઝોગની સરકારે જાહેરાત કરી કે યુનીયન એવા અરાજક કાબલાને કદી નહિ અનુસરે પરંતુ ટુંકામાંજ ઇંગ્લાંડની પીછેહઠ જેવા લાગ્યું તેમ તેમ યુનીયનની નીકાસ વધવા લાગી અને તેને ઉત્તેજવાને બીજી બાજુની મોટી બોજનામો પડતી પર કારમરોને અને ખાણોને ગંભીરપણે રોકાવું પડયું.

સ્મટસે શકયીજ એટલી દલીલ કરી હતી કે સારામાં સારી નીતી પાઉન્ડને જમલે ચાલવાની - તે યુનીયનના સ્વતંત્ર ને સ્ટર્લીંગની સાથે જોડી દેવાની જ હતી, તેમની એ દલીલને વધારેને વધારે ટેકો મળવા લાગ્યો.

૧૯૩૨ ના ડીસેમ્બરમાં મી. ટીલ માન કહ્યું, કે હર્ટઝોગના પ્રધાનમંડળ માંથી નીકળી જઇ અપીલ કોર્ટના જજજ બન્યા હતા. તેમણે જજજનાં પદનું રાજીનામું આપી દીધું અને યુનીયનને સોનાના ધોરણ પરથી ઉતારવા ના પ્રચારની આગેવાની લીધી.

પછી સંડનમાં મુદ્રીનો ધોધ વધ્યો જેથી સરકારે નાણાની નીકાસપર બંધી મુકી. આથી રીઝર્વ બેંકમાં સોનું વટાવી નોટો લેવાવા લાગી અને તેનું ગાડું લાંબું ચાલી શકશે કે કેમ એ શંકા ઉઠી. ૧૯૩૨ ના ડીસેમ્બર માં સરકારે સોનું વટાવવાની જવાબ દારીમાંથી રીઝર્વ બેંકને મુકત કરી. આથી યુનીયન સોનાના ધોરણપરથી ઉતરી ગયું પરંતુ તેના ચલણને હજુ સ્ટર્લીંગની સાથે જોડવામાં આવ્યું નહોતું.

આથી અનેક નાણાકીય અને આર્થીક મુશ્કેલીઓ ઉપસ્થિત થવા લાગી. ૧૯૩૩ માં જ્યારે પાર્લામેન્ટ બેઠી ત્યારે બીન-સોનાના ધોરણપર ચલણની પુન વ્યવસ્થા કરવાને એક રાષ્ટ્રિય સરકાર સ્થાપવાની અને દેશમાંથી જતી હુંડીની નીતી નાબુદ કરવાની સ્મટસે સુચના કરી. હર્ટઝોગે એ દરખાસ્તને ફેંકી દીધી અને ધારાસભામાંએ ૧૪-ની બહુ મતીએ સરકારમાં વિશ્વાસનો ઠરાવ પસાર કર્યો..

તેમ છતાં હર્ટઝોગની પોતાની જ પાર્ટી માં હર્ટઝોગની નીતી પ્રત્યે અણગમો વધવા લાગ્યો. આથી તેણે સ્મટસ તરફ વળવાની પહલ લીધી અને મસલતો ચાલી. આખરે હર્ટઝોગની પાર્ટીએ સ્મટસની પાર્ટી સાથે જોડાઇ. હર્ટઝોગે કોએલીશન સરકારનું પ્રધાનપદ જોવાનું સ્વિકાર્યું અને સ્મટસ નાયબ વડા પ્રધાન બન્યા

આ કોએલીશન પ્રધાનમંડળ તા. ૩૧ માર્ચ ૧૯૩૩ માં હસ્તીમાં આવ્યું. સામાન્ય ચૂંટણીમાં પ્રજાની તેને માટે સંમતી માગવામાં આવી જેમાં પહેલી જ વાર યુરોપીયન સ્ત્રીઓએ પણ મતો આપ્યા પ્રજાએ પોતપોતાની પાર્ટીના ધારાસભ્યોના ભેગેલા સભ્યોને મત આપ્યો કોએલીશન પાર્ટીને મત નહિ આપનારા માત્ર બારજ સભ્યો હતા.

હિટલર સત્તામાં આવ્યો

દરમીયાનમાં જરમનીમાં હિટલર સત્તામાં આવ્યો, સાઉથ આફ્રીકા જેથી બહુ આકર્ષાયું નહિ કેમકે વીસ વર્ષ સુધી પક્ષાપક્ષી ઝઘડાઓમાં રોકાયા બાદ હર્ટઝોગ અને સ્મટસ મંત્રિ થયા હતા અને યુનીયન ઐકયને માર્ગે ચલવા લાગ્યું હતું.

કોએલીશન તો યુનીયનને મુશ્કેલ પરિસ્થિતિમાંથી યુનીયનને મુકત કરવા ને એક સમયસુચકતાનું પગલું હતું. બન્ને પાર્ટીઓએ પોતાની ઓળખ જુદી રાખી. પરંતુ બન્ને પાર્ટી ના સાધારણ લોકોમાં એ અભિપ્રાય દુર કરી એકજ પાર્ટી બનાવી દેવાની દીલચાલ ચાલી. પ્રાંતિક કોંગ્રેસોમાં એ મતલબના ઠરાવો થયા. ડો. મલાન, જેમણે કોએલીશન પ્રધાનમંડળમાં જોડાવાનો ઇનકાર કર્યો હતો, તેમણે નેશનલીસ્ટ પાર્ટીમાં દીલચાલ બીજી ગણવવાનું નેતૃત્વ લીધું. ઠપકો તેમાં તેને સામ મળ્યો. સ્મટસે આ દીલ ચાલને "રાષ્ટ્ર જન્મ"ની ઉપમા આપી અને આખરે એ સિદ્ધ થયું, જો કે ડો. મલાન અને તેમના સાથીઓ તેનાથી બીલકુલ અલગ રહ્યા.

પાર્લામેન્ટમાં આંતરની કપુજન સર કારનો વીરોધ કરનારા ડો. મલાનને ૧૬ સભ્યો મળ્યા. પરંતુ તેણે પ્રજા સત્તાકની માનણી કરી સ્વતંત્રતા કરી અને હર્ટઝોગપર ઝેર વર્ષાવવું શરૂ થયું.

કપુજન પ્રધાનમંડળમાં સ્મટસ ન્યાયમંત્રી હતા અને નવા કારભારમાં તેમણે પોતાનાં બહોળાં આંતરરાષ્ટ્રિય રાજકારણનો અનુભવ અને સપળી શક્તિ ઠાલવી. આ નવી સરકારનું કામ ઠીક ચાલવા લાગ્યું અને સાંગો સમય ટકશે એવું લાગ્યું, પરંતુ આમ્મ વીરતારોમાં ડો. મલાનના અનુયાયીઓ એ આકીકાનરોએ છુટા પડી જવાનો જેરી પ્રચાર શરૂ કર્યો અને ૧૯૩૮ ની સામાન્ય ચૂંટણીમાં તેઓનું પ્રતિનિધિત્વ વધી રહ્યું યથ ગયું.

યુરોપમાં યુદ્ધનાં વાદળ ઘેરાવા લાગ્યાં તેની અસર યુનીયનમાં પણ જણાવા લાગી. યુદ્ધ કાટી નીકળવાનું લગભગ નકકી થયું ત્યારે ડો. મલાને સાઉથ આફ્રીકાએ તટસ્થ રહેવાનો સલાહ ઉઠા યો. જનરલ હર્ટઝોગે એ સલાહ ને નીલંબ ચોગ્ય સમયે પાર્લામેન્ટ કરવી એવો આગ્રહ લીધો. પરંતુ એ સવાલે પ્રધાનમંડળમાં બંગાણ પાડવાનું શરૂ કર્યું. યુનીયનમાં જરમન મંત્રીએ હર્ટઝોગનું માનસ ફેરવ્યું અને પરીણામે યુદ્ધ જાહેર કર્યું તેને બીજે જ દીવસે હર્ટઝોગ યુનીયને તટસ્થ રહેવાનો ઠરાવ પાર્લામેન્ટ સમક્ષ મુક્યો. જનરલ સ્મટસે તેની દીલચાલ સુધારો મુકયો કે દેશના જ હિતને ખાતર યુનીયને જર્મની સાથેનો સંબંધ તોડી નાખવો જોઇએ અને દેશી તટસ્થ રહેવા નાકબુલ થવું જોઇએ. સ્મટસનો સુધારો ૬૭ વીરુદ્ધ ૬૦ મતે પસાર થયો. હર્ટઝોગે રાજી નામુ આપ્યું પરંતુ ગવરનર-જનરલે સામાન્ય ચૂંટણીની તેમની માગણી નહિ સ્વિકારી અને જનરલ સ્મટસને પ્રધાનમંડળ રચવા બોલાવ્યા. જનરલ સ્મટસ વડા પ્રધાન અને ડરહેમ અને સંરક્ષણ ખાતાના પ્રધાન બન્યા. જવર-

નરજનરલ એ વખતે સર ચેહાક ડંકન હતા.

લગભગ ચાર વર્ષ બાદ મુદ્દતના સવાલપર સામાન્ય ચુંટણી થઈ, તેથી ધારાસભામાં રમટસને ટેકો આપનારા ૧૦૭ સભ્યો થયા અને તેની વીરૂદ્ધ ફક્ત ૪૨ થયા, યુનાઇટેડ પાર્ટીને ૮૯ બેઠકો મળી. બીજા સઘળી પાર્ટીઓ પર ૨૮ ની બહુમતી મળી, લગભગ ૭૦ વર્ષની વયે જનરલ રમટસ બીજી વાર મુનીયનના વડા પ્રધાન બન્યા.

(અપુર)

મરણ નોંધ

શ્રી. બંધુ ગંગાદીનનું અવસાન

અમને નોંધ લેતાં અત્યંત ખેદ થાય છે કે રમીંગ્સ, ફ્રાંસવાલના બંધુ ગંગાદીનનું સપ્ટેમ્બર તા. ૧૩ મીનાં લાંબી મુદતની માંદગી બાદ અવસાન થયું છે. તેમના અવસાનથી સાઉથ આફ્રિકાની હીંદી કોમના મહાત્મા ગાંધીજીના વખતના ઐતિહાસીક જુતકાળની સાથે આપણને જોડનારી સાંકળના છુટા છવાયા રહેલા મણકામાં નો એક તુટી પડયો છે. ગાંધીજીના હાથ નીચે કામ કરી રહેલા બહાદુર સૈનીકોમાંના ભાઇ બંધુ ગંગાદીન એક હતા. રમર્ંસ્થ ૧૮૯૫ ની સાલમાં ફ્રાંસવાલમાં હતા. ૧૯૧૦ માં જરમીસ્ટનમાં જનરલ સ્મીટસનો વેપાર રહાયો હતો. ત્યાર બાદ તેમણે રમીંગ્સમાં રમાવી મુકામ કર્યું અને બી એન. ગંગાદીન એન્ડ સન્સ ના નામથી વેપાર કરી રહ્યા હતા. આજે વેપાર તેમના ચાર સુપુત્રો આબોશીયો ચલાવી રહ્યા છે. ભાઇ બંધુ રમીંગ્સમાં એક અગ્રગણ્ય વ્યક્તિ હતા અને કોમના સઘળા વર્ગોનું માન સંપાદન કર્યું હતું. કોમની રાજકીય, સામાજીક, ધાર્મીક અને કેળવણી વીષયક સઘળી ચળવળ પ્રવૃત્તિઓ સાથે તેમનું નામ સંકળાયું હતું અને તેમાં આગળ પડતો ભાગ લેતા હતા. રમીંગ્સમાં વેદ ધર્મ સભા અને મંદીર ના તે રમોપક અને પ્રમુખ હતા જ્યારે જ્યાં જ્યાં રહેતા હતા ત્યાં એવી સંસ્થાઓ સ્થાપવામા ત અંગભુત થયા હતા. પ્રીમેકના પક્ષા ખરા ઉપ્યુટેશનોમાં એને તેની અનેક કોન્વરન્સોમાં તે હંમેશા રમીંગ્સના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ લેતા હતા. રમીંગ્સમાં એક સરકારી હીંદી શાળા સ્થાપવામાં તેઓ અંગભુત હતા. અને જરમીસ્ટનમાં હતા ત્યારે ત્યાં પણ તેમણે દેશી ભાષાના શિક્ષણ માટે નીશાળ સ્થાપવામાં આગળ પડતો ભાગ લીધો હતો. રમત ગમતમાં પણ તેઓ ઉંડો રસ લેતા હતા અને ઘરદર્ં ટીપીકલ ઇન્ડિયન કુટુંબોય એસોસીએશનના પેટ્રન હતા. રમીંગ્સ ની ઇન્ટરરેસ કોર્ટને તેમણે ટ્રોફી લેટ આપી હતી. પેનલીપ (રમીંગ્સ) ખાતે બીન-યુરોપીયનો માટે એક દવાખાનું બોલવામાં રમર્ંસ્થે મારી રકમ દાન કરી હતી જેની કે વખતના તંદુરસ્તી ખાતાના પ્રધાન મા. એચ. ■. લેરેન્સે પ્રસંશા કરી હતી. ૧૯૩૬ માં બાપુએ સ્વદેશ યાત્રા કરી હતી ત્યાં તેમને હરીપુરાની કોંગ્રેસની ઐતિહાસિક બેઠકમાં હાજરી આપવાનો અપુર્વ લાભ મળ્યો હતો અને કાશી વીગેરે પવિત્ર રમર્ંસ્થાની યાત્રા કરવાનો પણ લાભ મળ્યો હતો. સૌથી વીશેષ લાભ તો ઘણે વર્ષે ગાંધીજીના દર્શનનો મળ્યો જેથી તેમને ઘણો આત્મ સંતોષ થયો હતો. ભાઇ બંધુનું વ્યક્તિત્વ એટલું આકર્ષક હતું કે તેમના સમાગમમાં આવનારા સૌના હૃદયો તે જીતી લેતા હતા. તેમના હૃદય અને મનના એ ઉચ્ચ ગુણોની છાપ બેઠકો ના મનમાંથી કદી ભુંસાશે નહિ. રમર્ંસ્થના ધર્મપત્નિ એક વર્ષ અગાઉ રમર્ંસ્થાસી થયાં છે. રમર્ંસ્થ પોતાની પાછળ પણ સુપુત્રો એક સુપુત્રી અને અનેક પૌત્રો પૌત્રીઓ અને બહોળાં કુટુમ્બને શોક કરતાં મુકી ગયાં છે. એઓ સઘળા પ્રત્યે અમે હાર્દીક દીલસોજી દરાવીએ છીએ. સ્વર્ગસ્થની દફન ક્રીયા જોહાનીસબર્ગ ની રમશાનભુમીમાં થઇ હતી. તે પહેલાં ગાંધી હોલમાં પ્રાર્થના થઇ હતી અને રમશાનભુમીમાં કોમના નેતાઓ તરફથી રમર્ંસ્થને અંજલી આપનારાં વીવેચનો થયાં હતાં. રમર્ંસ્થને ઇશ્વર ચિરશાંતી બક્ષે.

રમર્ંસ્થ બાઇ બંધુ ગંગાદીનના પુત્રો તેઓને ઘણેશા મહાન બોઅરમાં જે ભાઇઓએ દિલસોજીના સંદેશાઓ મોકલ્યા હતા તેમજ બનતે હાજર થઇ દીલસોજી આપી હતા અને દફનક્રીયા માં સહાય આપી હતી ત સદર્નો તેઓની પોતાની તથા તેઓના કુટુમ્બીજનોની વતી આ પત્રદ્વારા ઉંડો આભાર માને છે.

રેંટીઆ બારસ

(લેખક: બાલુભાઇ પીલ્લે)

રેંટીઆ બારસ માને આંપી જયંતી દરવર્ષે આવે છે. આપણી આ ગળ શ્રી વિશ્વબંધુ 'બીજુતીના' પુણ્ય રમરણોની પરંપરા પ્રજવલાવતી આવતી જ રહે છે.

આ કળી યુગમાં હીંદમાં તેમજ હીંદ બહાર બાપુએ નીતી, પ્રેમ, સદ્ય આર અને સત્ય-અહીંસાનું અસ્તીત્વ માત્ર દર્શન કરાવ્યું છે. કરોડો જનનાં ખીતરમાં એમની પ્રેમળ જ્યોતિ પ્રથી પ્રગટી અને અંધકારોના ઘરોમાં અજવાળા પડતા. એથી જ દુર દુરના મુલ્કોમાં બાપુનું રટણ થતું. એમનું નામ સ્મરણ માત્રથી બધાંનાં જીવનમાં તેજ ઝળકી ઉઠતું.

મહાત્માઓનો અસ્ત એ એક યુગના અસ્ત જેવો ઇતિહાસમાં એક મહાન પ્રસંગ છે.

અંગત મહત્વાકાંક્ષા અને દાંભિકતા એ વર્તમાન રાજદારીઓના માર્ગદર્શક સીદ્ધાંતો છે. પ્રેમની જગ્યાએ પશુ બળનું સર્વત્રાભ્ય સ્થપાયું છે. આવી ઘેરી અનેરી દુનીયામાં મહાત્માઓ જન્મ્યા હતા. અને પોતાનું જીવન માર્યું હતું.

રાજકારણમાં પડયા છતાં, પ્રચંડ સામ્રાજ્ય સામે બળવો પુકારવામાં તેઓ બાહોશ હતા. છતાં એ બધી ગડમથલોમાં સત્યનો પુજારીને કદી દુર થયા દીધો ન હતો. લોહ કીલીને કારણે એમણે કદી સત્યને લેશ માત્ર પણ ઝાંખપ આવવા દીધી ન હતી. ધમકીને કદી ભુલ્યા ન હતા. નીતીના પંથથી લેશ માત્ર પણ ચળ્યા ન હતા.

પૂ. બાપુએ સહિષ્ણુતા, સ્વાર્થ ત્યાગ, અને જાતુ પ્રેમના જે બીજ વાવેલાં છે તેને ભવિષ્યમાં વીપુલપ્રમાણમાં ફળશે, અને તેમના નામનું નીરંતર ગુણગાન ચાલશે એમાં સંદેહ નથી.

રેંટીઆને ગાંધીજીએ એક વીશિષ્ટ પ્રકારનું અને અનેરું મહત્વ આપ્યું છે. કારણ રેંટીઓ એ બધી પ્રવૃત્તિ ઓનું કેન્દ્ર છે. સ્વદેશરાજસ્વદેશનું, અહીંસા અને બાપુ પ્રતિની ભક્તિનું બધુ સરળ અને અક્ષરકારક પ્રતીક છે. પ્રજાનું કલ્યાણ આખરે તો રેંટીઆની ઉપાસનામાંજ છે અને રહ્યું છે. રેંટી આમાંથી નીકળતો સુતરનો તાંતણો કરોડોને અનેક દોરીથી બાંધે છે. એ તાંતણાનો એક તાર કદાચ તુટશે. પેણ, પણ કરોડો હાથોએ જોડાએલ અને સમજણપુર્વક કાંતેલ કરોડો અતુટ તાંતણા જેવા થઇને એની દોરી બનશે કે જે, ગમે તેટલી તણાય તો પણ તુટે નહિ એવી નીવડશે હીંદનો સંપ અતુટ રહેશે, દેશ પરત્વેની ભક્તિ કરવા કાજે પુજનીય શ્રી સુતરની માફક અહર્નિશ પ્રવાહિત રહેશે.

આ બાંધી જયંતી ખરા અર્થમાં ઉજવેલી કહ્યારે ગણાશે કે જ્યારે આપણે આપણામાં તેમનો અમર સદેશો અને સીદ્ધાંતો ઓતપ્રોત કરી શકીશું. બાંધીજીએ પોતે કહ્યું છે કે: "હું તો કોઇ ને મારા અનુયાયી ગણતો નથી. મારા વીચાર જેને પસંદ પડે તે તેના અનુયાયી, એ વીચારની વીરૂદ્ધ વર્તન કરનાર ન મારા કે ન મારા વીચારના અનુયાયી ગણાય."

બાંધીજી આજે સદેહે નથી. પરંતુ તેમણે નીર્દેશેલો સત્યનેર માર્ગ સમસ્ત માનવજાતીને કલ્યાણના પંથે દોરી જશે. એવા આ મહાન ઋષિ, ધર્મદ્રષ્ટા અને અવતારીક કાળના વીરલ યુગપ્રવર્તકને આ અવસરે કોટી કોટી વંદન હો!

વિવિધ

યુનો સમક્ષ હીંદનો કેસ

યુનોની જનરલ એસેમ્બલીની સ્પીપ રીંગ કમીટીએ સાઉથ આફ્રીકાના હીંદીઓ પ્રત્યેની વર્તણુક સામેની હીંદ સરકારની ફરિયાદ આલુ એકકના એજેન્ડાપર મુકવાનું વિચારનારોને ઠરાવ ૨૧ વીરૂદ્ધ ૬ મતે પસાર કર્યો છે. ઓસ્ટ્રેલીયાએ તેનો વીરોધ કર્યો હતો અને બ્રીટન અને વેનેઝયુએલા તટસ્થ રહ્યાં હતા. યુનાઇટેડ સ્ટેટસ્, ફ્રાંસ, રશીયા, ચીન, ક્રોલ્બીયા, નેકર લેન્ડઝ, સાયામ, ગ્રેટા સ્લોવેકીયા, ઇરાન અને કમ્બાએ હીંદના પક્ષમાં મત આપ્યા હતા. સાઉથ આફ્રીકા સ્ટીયરીંગ કમીટીનું સભ્ય નથી પરંતુ યુનીયનનાં ડેલીગેશનના લીડર મી. જી. પી. જુસ્ટને નીવેદન કરવાની છુટ આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે આગલા ચાર પ્રસંગોએ સાઉથ આફ્રીકાનાં ડેલીગેશને એ સ્થિતિ લીધી હતી કે કોઇ પણ દેશની આંતરીક બાબતમાં વચ્ચે પડવાની જનરલ એસેમ્બલીને સત્તા નથી. મી. જુસ્ટે પોતાની સરકારની વતી વેપો નોંધા વ્યો હતો. ઓસ્ટ્રેલીયા વતી મી. પાસ્કી સ્પેન્સરે કહ્યું કે એક દેશની આનગી બાબતોમાં માથું મારવાની યુનાઇટેડ નેશન્સની વલણ વધતી જતી જણાય છે. સ્ટીયરીંગ કમીટીએ સાઉથ-વેસ્ટ આફ્રિકાપર આંતરરાષ્ટ્રિય અદાલતે આપેલા ચુકાદાની બાબત પણ એકે નકારપર મુકવાનું સ્વીકાર્યું હતું.

'ઇન્ડિયન ઓપીનીયન'

અંક સ્ટાનલે પણ ઉલ્લેખ ઓફીસમાં આવી ગયો છે.

ચ/ઉ માં પોસ્ટેજ સાથે અમારી ગ્રાહકોથી મળશે.

c/o 'Indian Opinion'
P. Bag, Phoenix.

શું ગાંધીજી જુનવાણી હતા?

(ગતાંકથી ચાલુ)

૧૯૨૮ માં "યંગ ઇન્ડિયા"માં તેમણે લખ્યું: "હિંદનું આર્થિક બધારણ એવું હોવું જોઇએ કે કોઇને રોટલા અને કપડાં વીના હેરાન થવું પડે નહીં.... પોતાનું ખર્ચ કાઢી શકે એ મારે દરેકને પુરતું કામ મળવું જોઇએ. અને આ આદર્શની સાર્વત્રીક સિદ્ધિ ત્યારે જ થઇ શકે જ્યારે જીવનની પ્રાથમીક જરૂરીયાતોના ઉત્પાદન નાં સાધનો લોકોના અંકુશ તળે રહે."

૧૯૪૦ માં, તેમણે હરિજન માં લખ્યું: "ગામડાના ઉદ્યોગોના સાથે વીજળી, વહાણ-બાંધકામ, લોઢા નું કામકાજ, યંત્રો બનાવવાં અને એવા બધા હોઇ શકે એની હું કલ્પના જરૂર કરું છું. પરંતુ પસંદગીનો ક્રમ ઉલટો થઇ જશે.... જ્યારે કેન્દ્રિત ઉદ્યોગોની રાજ્ય યોજના કરશે - ત્યારે જીવનની જરૂરીયાતોનું કેન્દ્રીકરણ સદા લોકોના ઉત્કર્ષને અનુકુળ હશે, એવી સમાજવાદી માન્યતા સાથે હું સહમત નથી." (હવે જેને ડીસેન્ટ્રલીઝમ (વિકેન્દ્રિતાવાદ) કહે છે તેનાથી સમાજવાદી વલણમાં આ બાબતમાં ભારે ફેર પડયો છે તે આનંદની વાત છે.)

આ લાંબું અવતરણ આપવા માટે મને સંકોચ થતો નથી. મેં આ અવતરણ ટાંકયું છે કારણ કે ગાંધીજી એ પોતે વારંવાર સ્પષ્ટ કર્યું છે કે તેઓ ભૂતકાળમાં પાછા જવા ઇચ્છતા નથી. છતાં એક વાર જે ગપ ચાલી છે તે હજુ ચાલુ જ રહી છે, અને એ એકલા સમાજવાદી મંડળોમાં જ નહીં, કોંગ્રેસજનોમાં અને સામાન્ય જનતામાં પણ ફેલાયેલી છે. હકીકત એમ છે કે ઉપરછોટીયા લોકોએ જુના વખતમાં લોકોને કાપડ પેદા કરવા માટે જે જુનો ચરખો વાપરવા ની ફરજ પડતી તેની અને આ ચરખા ની સમાનતાથી ઊતરાઇ જાય છે. આજે ચરખો, સાળ કે અમે તે જુનું યંત્ર કે ઓજાર ખાદી કે બીજી કોઇ ચીજના ઉત્પાદનમાં વપરાય છે તે, સંગઠનપુર્વક મીલ અને કારખાનાનાં મોટાં કેન્દ્રીકૃત યંત્રોને ઊભાં કરવામાં આવ્યાં છે; તેની પાછળ જે હેતુ છે તે નવો અને ક્રાન્તિકારક છે.

ગાંધીજીનો ઉદ્દેશ સમાન, લોકશાહી, શોષણથી મુકત એવી સમાજવ્યવસ્થાની સ્થાપના કરવાનો હતો. હૃદયમાં પુરતી પ્રેરણા વિનાનાં ચેતરોવાળા લાખો બેકારો અને જમીન વીનાના મજુરોના સદા વધતા જતા સૈન્યની અપંકર ઘર કરી બેઠેલી બેકારી (કે અડધી રોજી) નીવારવા એનો ઉપયોગ કરાયો હતો. ચરખો, સાળ કે સુથાર કે લુહારનાં ઓજારોનો આ હેતુ માટે જુના વખત માં ઉપયોગ કરાયો હતો? કહેવાની કોઇ જરૂર હોય, પણ આ કાપવામાં વપરાતી કુહાડી અને ગીલોટીન (માણસોનાં માથા ઉડાવવા માટે વપરાતી) કુહાડી વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. આધુનીક સંજોગો માં ગૃહ-ઉદ્યોગોને પુનર્જીવિત કરવા, અને શકય હોય ત્યારે સૌ કોઇને યાંત્રિક શક્તિ અપાતી હોય અને તે લાંબા અંતર સુધી નીયંત્રિત રીતે ચોક્ક પ્રમાણમાં આપી શકાય એમ હોય (જેમ કે વીજળી) તેથી ઉત્પાદનશક્તિ માં વધારો કરવાના ઉદ્દેશથી તેનો ઉપયોગ ન કરવો અને માત્ર પુરાણા ગૃહઉદ્યોગોને પુરાણી હાલે જ ચલાવવા નો આગ્રહ રાખે એવું ગાંધયાપણું મગજ દેખાડવાનો હોય કદી ગાંધીજી એ કર્યો નથી.

આપણે એ ન ભૂલીએ કે કરકસરતા ની વૃત્તિ ઘણી વાર દેખાવે આધુનીક લાગતી વસ્તુઓ અને સંસ્થાઓમાં રહી હોય છે. પ્રગતિશીલ અને વૈજ્ઞાનીક વૃત્તિ આપણી પાસેથી નવા સિદ્ધાંતો, સુચનાઓ અને યોજનાઓની તપાસ કરવા અને તેનું પરિક્ષણ કરવાની સદાની તૈયારી માગે છે. એ જનતાને જરૂરી સમજણ એવાં જુનાં રૂપ અને નામોનો ઉપયોગ કરે છે; એટલા જ કારણે આપણે ક્રાન્તિકારક સુધારાની યોજના કરાવી દઇ શકીએ નહીં. આ નથી જીવન પ્રત્યેની વૈજ્ઞાનીક વૃત્તિ કે નથી ક્રાન્તિકારક દૃષ્ટિ. નૈતિક અને આધ્યાત્મિક સુધારકની પેઠે ક્રાન્તિકારી પણ નૈતિક સાધનો, વીચાર અને વર્તનની પ્રણાલિકામાં કોઇ ફેરફારો સુચવાયા હોય તો તેના શબ્દો અને બાહ્ય રૂપોને ન વળગતાં તેના મર્મ સુધી પહોંચવાની કોશીશ કરે છે. આધુનીકતાનો ખ્યાલ હોય તે દરેક વસ્તુ પ્રગતિકારક કે ક્રાન્તિકારક છે એમ માનવું એ બાલીશતા છે. બધું જોતાં જો એ આધુનીકતા ક્રાન્તિકારક ફળતા સબ્યો જે જમાનામાં જન્મ્યા હોય તે જ વીચાર અને વર્તનના ઢાંચા નીચે ઊછર્યા હોય તો એ અત્યંત ઊતરતી કોટીનું પ્રતિબાધાતી બધા બને છે. ઓગણીસમા સૈકામાં વરાળ એક નવી અને ક્રાન્તિકારક શોધ હતી; આપણા પશ્ચાત્કારી આર્થિક અને ઔદ્યોગીક વીચારો અને વહેવારો એ વરાળના યુગના છે. કેન્દ્રીકૃત મિલો અને કારખાનાંમાં જ વરાળ સૌથી સારી રીતે કામ આપી શકે. જ્યારે વીજળી ની શક્તિ મળે છે અને બધાં મોટાં યંત્રોના બાગો એકધારા ખની શકે છે, ત્યારે આર્થિક, રાજકીય અને નૈતિક દૃષ્ટિએ વરાળની શક્તિનો જ ઉત્પાદન માટે બધા પ્રકારની બધી જ જરૂર વીનાની કૃત્રીમ મધ્યમ. જ્યારે આ કૃત્રીમતા વીચારહીન આંધળીયાપણું બને ત્યારે એને પ્રતિબાધતી કહેવી જોઇએ.

ગાંધ વસ્તીવાળા દેશમાં જ્યાં વસ્તી વધતી જતી હોય ત્યાં ઉદ્યોગનું વીકેન્દ્રીકરણ એકાર માણસોને કામ આપે, ઉત્પાદન વધારે અને એમ દેશની સંપત્તિ વધારે: એથી આર્થીક લાભ થાય એટલું જ નહીં પણ એની સમાજ, રાજકારણ અને નીતીની દૃષ્ટિએ પણ કીમત છે. એ બધી હકીકતોમાં હું ઉંડે ઉતરવાનો અહીં અમારો ઉદ્દેશ નથી. અહીં એટલું દર્શાવવું જ પુરતું ■ કે એને ઉપલક રીતે 'જીવનની જુનવાણી રીતો' પ્રત્યે ગાંધીજીની પ્રાણાયતી કહે છે તે વાસ્તવમાં તેમ નથી; સીવાય કે આપણે ગાંધીજીએ વાસ્તવમાં જે કહ્યું અને જે માટે કામ કર્યું તેની અવગણના કરીએ કે જાણીજુજીને તેને ખોટી રીતે રજુ કરીએ.

રાજકીય વ્યવસ્થા

એ સારી પેઠે જાણીતી હકીકત છે કે રાજકારણમાં ગાંધીજી સ્થાનીક બાબતોનો પુરેપુરો વહીવટ કરવાની સત્તાવાળી અર્ધ સ્વતંત્ર પ્રજાસત્તાક (પંચાયતી) રાજ્યો ચાહતા હતા; આ રહ્યા તેમના શબ્દો:

"ગ્રામ સ્વરાજનો મારો બ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપુર્ણ પ્રજાસત્તાક હોવું જોઇએ. પોતાના જીવનની અત્યંત મહત્વની જરૂરીયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશી ઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતો માં સહકાર અનીવાર્ય હશે તે બધાં કામોમાં પડોશીઓ સાથે પરસ્પર સહકારથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરીયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવા ની તેની પહેલી ફરજ બજાવી.... દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નીશાળ અને સભામૃહ બનાવશે. ગામ ની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એની જોગવાઇ કરવામાં આવશે.... બની શકે ત્યાં સુધી દરેક વ્યવસ્થા સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ગોઠવશે.... ગ્રામોદ્યોગ સીવાય બીજા કોઇ ઉદ્યોગો ગામની હરીફાઇમાં આવશે નહીં. ગામડાંને પોતાનાં નાટકઘર, સભાગૃહ વગેરે બનાવવા માગતા હતા; વળી તેઓ સમાજમાં વ્યક્તિના મહત્ત્વ પર ભાર મુકતા હતા. આથી જ તો તેઓ ઘણી વાર તાત્ત્વિક અરાજકતાવાદી પણ કહેવાયા છે. વળી તેઓ દરેક ધર્મ માટે સંપુર્ણ સ્વતંત્રતા અને અધિષ્ઠાયતા ઇચ્છતા. આ બધું જોતાં તેઓ સંસ્કૃતીક વિવિધતામાં માનતા હતા એ વીષે કોઇ જોયે બાતરી લાગ્યા વીના રહે નહીં; અને અહીંસાના પુજારી તરીકે તેઓ બીજું કેમ કરી શકે? હું ધારું છું કે માનવજીવન અને પ્રવૃત્તિનાં સર્વ ક્ષેત્રો માં સમાજવાદીઓ જેને 'વીવીધતાવાદ' પ્લુરલીઝમ કહે છે તે આ છે. આ વિવિધતાવાદ પરંપરાનાં સ્થિર મુલ્યો પર સ્થાયેલી ક્રાંતીમય એકતાની રચનાના કરે છે. આમાંથી જે પ્રતીત થાય છે તે એ કે ઇષ્ટ ધ્યેયની સિદ્ધિ માટે સાધનની શુદ્ધિ રાખવી જોઇએ.

જીવતરામ કૃપાલાની
—'હરિજનબંધુ'.

શ્રી. ફ્રાંસવાલ દરજી મંડળ (જોહાનીસબર્ગ)

ઉપરોકત મંડળની જાહેર સભા રવીવાર તા. ૧૫-૧૦-૫૦ ના રોજ બપોરે બે વાગે મંડળના હોલમાં (નં ૨૪, ૧૨ મી સ્ટ્રીટ, ફોર્ડસ્ડોર્પ) નીચેના કામકાજ માટે મળશે. કામકાજ: (૧) મીનીટસ (૨) વર્ષ દરમ્યાન થયેલાં કામકાજ (રાહત સખીતી વિગેરે) નો અહેવાલ અને હિસાબ (૩) મુલતકાલવ નો અહેવાલ અને હીસાબ (૪) કાર્ય વાહકોની ચુંટણી (૫) પરચુરણ.

આ અતી મહત્વની સભામાં સ્થાનીક, રીજ્યોનલ કમીટીઓના અને કેંદ્રીના સર્વ જાતી બાઇઓને વેળાસર પધારવા આગ્રહભરી વિનંતી છે.

વસંતભાઇ નાગરજી
પ્રમુખ
છોટુભાઇ છીબાભાઇ
અંબાલાલ ગોંડાભાઇ
મંત્રીઓ
શ્રી. ફ્રાંસવાલ દરજી મંડળ.

કુદરતી ઉપચારો

(લેખક : શ્રી. રોબર્ટ લૉરે-સ એકરીબ્લન)

[૪૦ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગનાં શ્રી. રોબર્ટ લૉરે-સ એકરીબ્લનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઇચ્છતા હોય તો તેનો જવાબ શ્રી. એકરીબ્લન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

એસ્ટ્રીક કે કબ્યુઓડેનલ અલ્સર–પેટમાં ગુમડું થયું કે ચાંદી પડવી–ગ્રંથિ થવું

ઘણાખરા સામાન્ય રીતે આ રોગને માટે સફેદ લોટની વસ્તુઓ અને દુધ વીગેરે લેવાનું કહે છે અને બીજા ઓષ્ટ મેગ્નેશીયા જેવી સફેદ દવાઓના બટકા આપે છે. અથવા પેટની અંદરનું એસીડ દુર કરવાને કાંઈક પાવડર આપે છે. અને છેવટે પછી ચાકની ક્રીમ કરવાનું કહે છે.

આ રોગ થવાનું મુળ કારણ પેટમાં એસીડ વધી જવાનું છે. દાક્તરો એ એસીડ દુર કરવાને બાય કાર્બનેટ ઓફ સોડા વીગેરે વસ્તુઓ આપે છે. એથી એસીડ દુર થાય છે પણ પેટના ઉપર એસીડ જતાવવાનો બધુ બોજો આવી પડે છે. કેમકે એસીડ થવાનું કારણ જેથી દુર થતું નથી.

ત્યારે પ્રથમ તો જોવાનું એ છે કે એસીડ શા કારણથી થાય છે? તેના અનેક કારણો હોય છે. મુખ્ય કારણો માંનું એક પણ સારૂં તે કરતાં વધારે ખોરાક લેવાનું હોય છે; કબજીયત જે તે વસ્તુ બાંધા કરવાનું હોય છે; દાખલા તરીકે રાતે જાગ કરનારાઓ જેઓ બપોરાતે ખાતા હોય છે તેઓને મણે ભાગે પેટના રોગો થાય છે. ઘણી જેઓ સાને જોગ વીશ્વાસ, નાચ રંગ કરતા હોય છે અને બપોરાતે જાતજાતની વાની ઓ ઉડાવતા હોય છે તેઓને પણ થાય છે. ઓફીસમાં બેસી કામ કરનારાઓ જેઓ બહુ ચીંતા કરે છે અને બાવાને વખતે પણ નીરાંતે ખાતા નથી પરંતુ ખાતી વખતે મગજ બીજી વસ્તુઓમાંજ હોય છે તેઓ પણ તેના ભોગ થઈ પડે છે.

બાપણે માનસિક કામ કરતા હોઇએ ત્યારે બધું લોહી મગજપર જાય છે. આપણે ખાતા હોઇએ ત્યારે પેટને ખુબ લોહીની જરૂર પડે છે જેમાંથી પાચનના રસો ઉત્પન્ન કરવાને પ્રવાહીઓ ખેંચી શકે. એટલેજ બારે ખોરાક લીધા પછી આપણને ઉંઘ આવે છે. લોહી મગજમાંથી પેટમાં જતું હોય છે. પરંતુ પેટને પચાવવાને ખોરાક બાકાય રહ્યો હોય તે વખતે જો આપણું મન કામ કર્યા કરતું હોય તો પણું બધું લોહી મગજપર જતું હોય છે અને પેટને પોતાનું કામ કરવા પુરતું મળતું નથી.

બાપ સીવાય બસ અને મોટરી કાંઈ નારાઓને પણ પેટના રોગો થાય છે. તેઓ કલાકો સુધી બીલકુલ બેઠેલા હોય છે અને ટ્રાફીકની સંભાળ લેતા માં ઘણો માનસિક શ્રમ ઉઠાવવો પડે છે.

સામાન્ય કારણ તો ઓછી ત્વરાનો ખોરાક લેવાનું જ હોય છે. અને તેમાંના ફ્રાઈંગપેનને માનવીને માટે પાપ સમાન ગણવામાં આવ્યું છે કારણ તળેલી વસ્તુઓ પચાવવી ઘણી મુશ્કેલ છે અને તેથી કબજીયાત થાય છે અને પેટમાં એસીડ થાય છે. દુધ ઓછાં અને મીઠાઇઓ વધુ પ્રમાણમાં ખાવા માં આવે વીટામીન વાળી વસ્તુઓ ઓછી અને રટાર્ચ વાળી વસ્તુઓ વધારે ખાવામાં આવે એ પણ તેનું કારણ હોય છે. વધુ લોકોને કબજીયાત થવાનું કારણ એસીડ્યુમીનીપમના વાસણમાં ખોરાક રંધાય છે એ પણ હોય છે. અને ખાવામાં આવતા ખોરાકમાં કુદરતી સોડા નાખવાનો રીવાજ પણ તેનું એક કારણ હોય છે. ખોરાકમાં બધું મીઠું નાખવું એ પણ નુકસાનકારક છે. અંતમાં દવાઓ પણી લીધા કરવાની ટેવ પણ ઘણી નુકસાનકારક છે. ઘેટલાક લોકો તો પોતાના પેટને દવાઓનો ડોકાર બનાવી દે છે.

જેને કબજીયાત થઇ હોય અથવા પેટના રોગો હોય તેને માટે સારામાં સારો ઇલાજ એ છે કે તેણે ઉપવાસ કરી પેટને સારી પેઠે આરામ આપવો. ઉપવાસ કરતી વખતે પેટ સાફ રાખ વા બરોબર કાળજી લેવાની જોઇએ. તે પછી જે વસ્તુઓ ખાવાથી રોગ થયો હોય એ વસ્તુઓ ખાવી નહિ જોઇએ, ખાવાના વખતની વચ્ચે ખોરાક લેવો નહિ જોઇએ અને ઉતા વળે ખાવું નહિ જોઇએ અને ચીંતા માં કે. ગુસ્સામાં કે અથવા ચીડિયા ા ત્યારે ખાવું નહિ જોઇએ.

ઘાતીમાં સાધારણ બળતરો થતી હોય અથવા પેટમાં એસીડ થયું હોય તો સારામાં સારો ઇલાજ લીંબુ કે એવા કોઇ ખાટાં ફળનો રસ લેવો એ છે. દવાથી એસીડને બાળી નાખવાને બદલે પેટમાં વધુ એસીડ નાખ્યું જોઇએ એ. તો પેટ સમજશે કે હવે વધારે એસીડ થયું અને તેમાં ઉમેરો કરવું તે અટકાવે. આ સામાન્ય સમજની વાત છે. જેઓ સમજે છે તેઓ એક રોકા થયા સહજતાથી તેમ કરતા આવેલા છે. તેમ છતાં રપેસ્પસ્ટીરેટ કે પ્રકપીતામ વાળાઓ જે વીષ કરવું જ લાયકના હોય તેવું માલુમ પડ્યું નથી.

લોકો રોગનું મુળ કાઢી નાખી તુરત સાજા કરી દેનારા સાદા ઇલાજો લેવા ને બદલે નહિ સમજી શકાય તેવા મોટા અને ખર્ચાળ ઇલાજો કરવાનું પસંદ કરે છે. આવી મુર્ખાઇ ભરેલી વર્તણુંક દવાના કારખાના વાળાઓને પૈસા પેદા કરવાનું રેકોજન આપે છે. પરીણામે જેની બરાબર દવાઓ પણ રોગને કાઢી શકતી નથી પણ બીજા રોગો પેદા કરે છે. બધા લોકોને મુળ દરદ સારૂં થઇ ગયું હોય છે પરંતુ તેની દવાઓની ભારી અસરોથી પીડાય છે. જ્યારે સાદા અને સરળ ઇલાજો થી તેઓને સાવ આરામ થઇ જાય છે.

બધા દાખલાઓમાં પેટનાં અલ્સર સારી કસરતથી સારાં થઇ ગયાં છે. તેવી એક બાઈને અઠકાય ત્યાં સુધી વાંકા વળી પાછા સીધા થઇ જાવું જેટલું પાછળ લઇ જાય શકાય તેટલું પાછળ લઇ જવાની છે. આથી પેટ ના આંતરડાં બેચાય છે અને કોઇ પણ ફોલ્લીમાં એસીડ થતું હોય અથવા અનાજ સડતું હોય તે સાફ થઇ જાય છે. બેચક બધાને એથી સારૂં થઇ જાય વસ્તું નથી પરંતુ બધા દાખલાઓમાં તે મદદરૂપ થઇ પડે છે.

દાક્તરો પેટના ગુમડાને બસારો. નહિ સાગે તેવી સફેદ રોટી અને દુધ જેવી વસ્તુ ખાવાનું કહે છે. પરંતુ એ કબજીયાત કરનારી વસ્તુ છે. અને બીજા લોટમાં વીટામીન્સ અને બોધતા સારો હોતા નથી. લોટીમાં તે એસીડ ઉત્પન્ન કરનારી પણ હોય છે. દરદીને ખાસ જરૂર પુરી, દુધ અને તાજાં શાકભાજીની હોય છે તે બરોબર પકા વેલાં હોવાં જોઇએ અથવા કાચાં હોવાં જોઇએ. દાખલા તરીકે એપલમાં "પેકટીન" નામનો પદાર્થ છે. પહેલાં વીશ્વયુદ્ધમાં અલ્સરને માટે પેકટીન અકસીર ઇલાજ હોવાની શોધ થઇ હતી. જેનેવામાં જ્યાં એપલનો જેતી ચોટા પાપાપર થાય છે, ત્યાં "પેકટીન" ચોટા પ્રમાણમાં થતું હતું અને બસ સર. અને બીજા યુદ્ધ દરમીયાન બગેલા યા પાકેલા હોય તેના ઉપર તેનો ઉપ યોગ થતો હતો. એ વસ્તુમાં પૈસો બહુ પ્રાપ્ત થઇ શકતો નહોતો તેથી તે બુલાઇ ગઇ. પરંતુ અલ્સરના દરદી ઓ "પુષ્કળ એપલ ખાઇ શકે છે. તેને ખમણીને કાચા અથવા બફીમાં રોજીને ખાઇ શકાય. મારો સંપીદા પરના લેખમાં જણાવ્યું છે તેમ "કાચા એપલ અને ઓરેન્જ ખાઇ શકાય. કાચા એપલ ખમણી તેમાં મધ, લીંબુનો રસ અને રાંધ્યા વગર રોલ્ડ ઓટસ નાખીને ખાઇ શકાય. કાચું ઓટમીલ ઘાઝોને રૂઝવવા માટે સારૂં ઔષધ છે તેથી આ બીજાનું કબજીયાતકારક છે.

અલ્સર બહુ હેરાન કરતું હોય તેવા દાખલામાં સંપીદા પરના લેખમાં જણાવ્યા મુજબ ગાજરનો રસ લેવો. કાયદાકારક થાય છે. એસ્ટ્રીક અલ્સર ને માટે નીચે પ્રમાણેના ગાજરના રસ સારા ગણાય: (૧) ગાજર અને બીટ નો રસ, (૨) એકલાં ગાજરનો રસ, (૩) ગાજર, બીટરૂટ અને કાકડીના રસનું મીશ્રણ. આ પ્રત્યેકને એક પાઇંટ જેટલો રસ રોજ લેવો જોઇએ, તાજા તાજા અને રાંધ્યા વગરના શાક નો જ રસ હોવો જોઇએ. અને તે દરેજ તાજોજ બનાવવો જોઇએ. આ રસમાં કંઇ લાવવાનો અનુભવ ગુણ છે અને તે સાથે સરીને સાફ પણ કરે છે.

આ સાથે કુદરતી ઉપચારના નીષ્ણાતની અથવા હોમીયોપથીની દવા કરવી પણ લાભદાયી થઇ પડે છે. હોમીયોપથીના દાક્તર રોગનો નહિ પરંતુ દરદીનો ઇલાજ કરે છે. દાખલા તરીકે પાંચ છ દરદીઓ એકજ રોગ થી પીડાતા હોય છતાં પ્રત્યેકને તેની અસર જુદી થતી હોય. એક એસ્ટ્રીક અલ્સરના દરદીને ખાતી વખતેજ ખુબ દરદ થતું હોય, બીજાને ખાધા બાદ એક કલાક પછી થતું હોય. વળી ત્રીજાને પેટમાં આંકડી આવતી હોય અને વાયુ થતો હોય. ચોથાથી માંડણ કે ચરબી વાળા પદાર્થો સાથ શકતા નહિ હોય અને સ્વભાવે નરમ અને માયાળુ હોય જ્યારે પાંચમાંને ઓચાજ પદાર્થોની તલપ હોય અને સ્વભાવે ક્રુર હોય. દાક્તર તો એ બધા દરદી ઓને એકજ રોગ હોવાથી એકજ દવા આપશે. પરંતુ હોમીયોપથીના દાક્તર પ્રત્યેકનેજ તેની પ્રકૃતિ મુજબ જુદો ઇલાજ કરશે. આ વસ્તુ વધારે મુશ્કેલ છે પરંતુ કુદરત અને કુદરતના કાયદા ને વધારે અનુસાર છે, જેથીજ હોમી યોપથીના દાક્તરો બધા રોગોના ઇલાજમાં વધારે સફળ થાય છે.

ગમતીના લોચાઓ હબસાર માંપીજ.

ખાસુના પત્રોઃ (આગળની ગેલ તપર) ઈંપાઇક મકો મકેલકર ૨ ૧ બળાનું ઠેકાણું આ ઓફીસ

હિંદનો પત્ર

(અમારા ખાસ અખબારી તરફથી)

વડોદરા, સપ્ટેમ્બર ૧૧, ૧૯૫૦.

આસામનો કુદરતી પ્રકોપ

તા. ૬ઠ્ઠીએ રાત્રે જવાહરલાલજીએ આસામના પોતાના પ્રવાસ દરમીયાન જોયેલી દુર્ઘટનાનું વર્ણન રેડીયો પરથી આપ્યું હતું. આસામ ગવર્નરે ફાળા માટે ઉદાર હાથે આપવા પ્રજાને વીનંતી કરી હતી, અને દરેક રાજ્યની સરકારની અનાજપ્રાપ્તિ મોજણાઓનો અમલ કડક બનાવવા જણાવ્યું હતું. તેમણે કહ્યું: "આસામને થયેલા નુકસાનનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. માણસોની જનહાનિ કદાચ એક હજાર થી વધારે નહીં હોય. તેમાંનાં મોટા ભાગનાં માણસો એકબે ધસી પડવાથી દબાઈ ગયા હતા અગર ઓચિંતા પુર માં ઘસડાઈ ગયા હતા. કુલ ઘણા મોટા પ્રદેશો પુરગ્રસ્ત છે ને ત્યાં પહોંચવાનું ઘણું મુશ્કેલ છે. લાંબી પહાડી જાતિઓને અસર થઈ નથી એમ કહેવાય છે. જનજીવન અને બાંધ–કામોની નુકસાની ઘણી ભારે છે."

ટોરિયાનો સવાલ

તા. ૧૧ મીએ વૉશીંગ્ટન (અમેરીકા) ના એક અઠવાડીક અખબારમાં પંડીત નેહરુની એક મુલાકાત પ્રસિદ્ધ થઈ છે. તેમાં તેમણે કહ્યું છે કે "કોરિયાના પ્રશ્નનો શાંતિમય ઉકેલ લાવવા માટેની કોઈ પણ પધ્ધતિ–પાછી ભલે તે સંયુક્ત રાષ્ટ્રોની Uniting સમીતી સમક્ષની હોય કે તેની બહારની હોય–તો પણ તેને સ્વીકાર્ય બનાવી જોઈએ. શાંતી માટેના પ્રયાસો પહેલાં લશ્કરી વીજય હાંસલ કરવો કંઈ અનીવાર્ય નથી. જાપાનમાં બધે રહ્યો વધુ કડવાશ અને બિકકાર ફેલાવ તે પહેલાં શાંતિમય ઉકેલ ના પ્રયાસોને પહેલી પસંદગી આપવી જોઈએ." વળી તેમણે કહ્યું: પશ્ચિમી સત્તાઓએ ચીનીયાને સમજાવીને તેનો સાથ લેવાના પ્રયાસ કરવા જોઈએ. અમેરીકા યુધ્ધ ખરાદથી મદદ આપે તો તેનો સ્વીકાર કરવામાં વાંધો ન હોઇ શકે. પણ ચીનીયાને લડતા નીર્ણયો ચિનીયાનાં સ્વતંત્ર-રાષ્ટ્રો સાથે મંત્રણા કર્યા પછી જ લેવા જોઈએ."

ફ્રાસમ રઝવીને સજા

દક્ષીણ હૈદરાબાદમાં ખાસ અદાલતે હૈદરાબાદના રઝાકારોના અગ્રાણી ૪૪ વરસની વયના આગેવાન કાસમ રઝવી ને ઉપરું રેનિક 'ઈમરોઝ'ના તંત્રી શોએબ ઉલ્લા ખાનના ખુનનું કાવતરું કરવાનો તેમજ ખુનમાં મદદ કરવાના આરોપો સર દરેક ગુના માટે જીંદગીકરની સખત કેદની સજા ફરમાવી છે. બીલીનગર ખાતે કેસને અંગે એજ અદાલેત કાસમ રઝવી અને બીજા ચાર આરોપીઓને સાત સાત વરસની સખત કેદની સજા ફરમાવી છે. બીજા તરફ હૈદરાબાદ વડે હીંસા કરવાના, પોલીસ પાસેના પુરાવા નાશ કરવાના, અને બેરકાયદે સંસ્થાના સભ્ય હોવાના આરોપો કાસમ રઝવી પર મુકાયા હતા. તેને બાર માટે સાત વરસની અને બીજા બે ગુના માટે બબ્બે વરસ ની કેદની સજા ફરમાવાઇ છે. છેલ્લા અહેવાલ છે કે તેણે આ ચુકાદા સામે અપીલ નોંધાવવા મામલી કરી હતી કે ના મંજુર થઇ છે.

પાકીસ્તાનની સરહદે

નવી દિલ્હીનો એક સંદેશો જણાવે છે કે "અખબાર ક્રોનીકલના હેવાલ અનુસાર પખ્તુનિસ્તાન—પાકીસ્તાન અને અફઘાનીસ્તાન વચ્ચેના પહાડી પ્રદેશ–માં પખ્તુન અને પાકીસ્તાની ઓ બંને હરોળ તરફથી મોટા પાયા પર નાં લડાયક પગલાં ચાર થઇ ગયાં છે. તાજેતરમાં પાકીસ્તાનના વીમાની દળે એક જગાએ બરાબેલી બઝીરા અને મહસુદોની ટુકડી પર બોંબ વર્ષા કરી હતી. ૧૭૨૧ પીએરાઇ ગયા હોવા છતાં પાકીસ્તાનનાં વીમાનોએ પખ્તુન વીસ્તારમાં બોંબ વર્ષા કરી સંખ્યાબંધ લોકોને ઘાયલ કર્યા હતા. પખ્તુનો પરના બીજા એક જગીન પરના અને હવાઇ હલ્લા માં પાકીસ્તાનના એક બખ્તરી વડા, પાંચ અધિકારીઓ અને સૂબેદાર અંધ ટુકડીઓ ખતમ થઇ ગઇ હતી."

રાષ્ટ્રપતિની વીનંતી

રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે, દિલ્હી નાં વેપારી મંડળોના માનપત્રનો જવાબ આપતાં, જનતાને અને ખાસ કરીને વેપારીઓને કાળા બજારિયાં તેમજ અન્ય સમાજ વીરોધી તત્વો સામે દેશમાં મજબુત લોકમત પેદા કરવાની અને નફાખોરી ડામવા સરકારને સંપુર્ણ સહકાર આપવાની વીનંતી કરી હતી. તેમણે વેપારીઓને બુલકાળનો, જુરસો અને આઝાદી જંગ વેળાની સ્વાર્પણ ની તમન્ના દાખવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું: "આજે પ્રત્યેક બી અમલા પુરવે પોતાની ફરજ બજાવવાની છે. તમારી નીષ્પ્રમતા માટે સરકાર ઉપર દોષનો ટોપલો ઢોળી છટકવા જઇ શકાય નહિં, પ્રત્યેક પોતાની ત્રુટિઓ નાં પરિણામો ભોગવવાં પડશે."

આર્થીક પ્રશ્ન

કોંગ્રેસના અધિવેશનને લક્ષમાં રાખી ને પંડીત નેહરુએ એક નીવેદન પ્રસિદ્ધ કર્યું હતું. તેમાં જણાવ્યું હતું કે "આપણે અરેખર કયાં છીએ અને આપણી શી નીતીઓ છે તે કોંગ્રેસે જાહેર કરવી અને પ્રત્યેક કોંગ્રેસીએ તે જાણવી જરૂરી છે. આ પણા પ્રશ્નોમાં સૌથી મહત્વનો પ્રશ્ન આર્થીક નીતીનો છે. હું એવેર સ્પષ્ટ અભિપ્રાય ધરાવું છું કે આપણા તંત્રને "સમાજવાદકારી રાજ્ય" નું નામ આપવા માં આવ્યું છે, અને આપણું લક્ષ્ય તે હોવું જોઇએ. રૂઢાપ્રિત હિતોને કારણે આપણે આપણા ધ્યેયથી ચલિત થઇ શકીએ નહીં, દરેક પગલાંનો વીચાર સામવર્ગનું બળ કરવાના દષ્ટિબીંદુથી થવો જોઇએ. આ પ્રશ્નને આજે તે વાસ્તવિક રીતે હાથ ધરવાનો હોય, પરંતુ તે પગલું સુયોજીત હોવું જોઇએ; અને તેથી તે કુદરતી રીતે નિયોજીત અને વરોઓછે આવે. નીમંત્રિત અર્થ કારણ તરફ દોરી જાય છે. આપણે આદર્શવાદી બનવું જોઇએ, પણ તે સાથે આપણે વાસ્તવિકતાના સંપર્કમાં હોવું જરૂરી છે. આપણા અર્થતંત્રના સમગ્ર બખ્તરમાં ભારે ઉથલપાથલ થાય અથવા એકાએક ફેરફારો થાય એવું આપણે ઇચ્છતા નથી; કેમકે તેથી અનિવાર્ય રીતે ગુંચવણો ઉભી થશે, અને લાંબા કાળ સુધી અડચણે ભાલે આપણી પ્રગતિમાં અંકુશ આવશે. આથી અનિવાર્યપણે આપણે હાલમાં મિશ્ર અર્થકારણ તરફ દોરાવું જોઇએ.

આપણી નીતી ગમે તે હોય, પરંતુ એનેર પાયો ખેતી ને ઉદ્યોગનું ઉત્પાદન વધારવામાં રહેલો છે."

ટ્રોમબાદનાં જોખમ

ટ્રોમ્બા પ્રશ્ન વીષે તેમણે કહ્યું છે: "૮મા એપ્રીલ ૧૯૫૦ ને રોજ થએલી ભારત–પાક સમજુતી નીર્ણયોના સમુહ કરતાં કંઇક વધુ હતી. એમાં નવી ભાવના ને નવો માર્ગ ચુર્ત થતાં હતાં. આપણે વારંવાર જણેર કર્યું છે કે આપણું રાજ્ય બીન સાંપ્રદાયિક છે. જે આધુનીક રાજ્ય પ્રગતિશીલ હોવા નો દાવો કરતું હોય તે બીન સાંપ્રદાયિક હોવું જ પડે. આપણે બહુમતી પ્રત્યે જેવો વર્તાવ રાખીએ છીએ તેવો જ લઘુમતીઓ પ્રત્યે રાખીએ. પાકીસ્તાન તેમ કરે યા ન કરે, પણ બિન જિન કોમો કે ધાર્મીક જમાતો વચ્ચે આપણે નિષ્પક્ષપણે વર્તવું રહ્યું, અને એ અંગે ભય અને શંકા દાળવાં રહ્યાં. આ માટેની જવાબદારી લઘુમતી કરતાં બહુમતીપર વધારે રહે છે."

કોંગ્રેસની શુદ્ધિ

"અને લાગે છે કે કોંગ્રેસમાં જે બદી પેઠી છે એનું કારણ સત્તા લાલસા અને જાહેર સંસ્થાઓની ચુંટણીમાં જીતવાની વૃત્તિ છે. આપણે જે ચુંટણી કાર્ય અને પાર્લામેન્ટરી પ્રવૃત્તિને કોંગ્રેસના જુનીપાટી કામથી જુદી પાડી શકયા હોત તો હાલની મોટા ભાગની મુશ્કેલી પેદા ન થઇ હોત, અને કોંગ્રેસમાં આજે જે મોટો ચેપી રોગ થયો છે તે ટાળી શકાયો હોત. સામાન્ય ઉમેદવારોની નીમણુંક કરવાનું કામ કોંગ્રેસ સમિતિ ઓના રાબેતા મુજબના કાર્યથી અલગ કરી દેવું જોઇએ. જો આમ કરવામાં આવે તો મને લાગે છે કે હાલની પરિસ્થિતિમાં પણ કોંગ્રેસની તંદુરસ્તી ફરી પ્રાપ્ત કરી શકાય."

કાશ્મીરને હાનિ

જમ્મુ અને કાશ્મીર રાજ્યના કેટલાક ભાગો ૪૭ માં તાબેદારાળાઓએ આ ક્રમણ કર્યું હતું, તેને પરિણામે જન માલની થયેલી નુકસાનીનો અંદાજ કાઢતો કાશ્મીર સરકારનાં પુનર્વસવાટ ખાતાનો હેવાલ જણાવે છે કે પુંચના ખોરાકે આરામુલ્લા, બારામુલ્લા, તહેસીલ ખાસ, અને ઉરીના વીસ્તારોમાં આશરે ૪૨,૧૬૬ માણસોને નિરાધાર અને પરબારણીઓનાં બનાવ્યાં હતાં. આ નિર્વાસિતોના મોટા ભાગનો પુનર્વસવાટ કરાવવામાં આવ્યો છે; અને હવે માત્ર ૩,૬૦૦ નિર્વાસિતોનો જ પુનર્વસવાટ કરાવવો બાકી છે. આ વીસ્તારોમાં મકાનોની નુકસાની રૂા. ૬૧,૧૬,૫૬૫ ની થઈ છે, તેમજ બીજી જંગમ મીલકતની નુકસાની રૂા. ૬૨,૭૭,૬૨૧ ની થઇ છે. ઢોરઢાંખરની ખુવારીનો અંદાજ રૂા. ૪,૬૭,૩૬૫ નો છે. આ વીસ્તારપર થયેલા આક્રમણમાં ૨૭૩ હીંદુ, ૬૪૩ મુસ્લીમ, અને ૭ ક્રિસ્તી ઓના જાન ગયા હતા.

સૌરાષ્ટ્રમાં નવાં ખનિજો

સૌરાષ્ટ્રમાં નવાં ખનિજો મેળવવાની જે શોધ સૌરાષ્ટ્ર સરકાર તેમજ ભારત સંયુક્ત પ્રયાસથી ચાલી રહી છે તેનાં કેટલાંક પરિણામો જણાવા મળ્યાં છે. જામનગરમાં ક્રોમાઇટની પશ્ચિમે ચાર માઇલ પર મળી આવેલો ગેરનો જથ્થો મોજુદ માલસમાં પથરાયેલો છે. આ જગીન બાર ફુટ ઉંડે સુધી ગેર આપશે. જગીન ઉપરથી જ લેવામાં આવે તોયે આ જથ્થો લગભગ એક કરોડ ટન થવા જાય છે. જામનગરમાં ભાટિયા નજીક હરસોઇ (ઉત્તરમ) પણ પ્રમાણુ માં મળી આવ્યો છે. કુલ ૩૩,૩૬,૦૦૦ ટન હરસોઇ અને ચોકબી માટીવાળું મીશ્રણ મળવાનો અંદાજ છે. ક્રોમાઇટ, વોલાસ્ટોનેટ, મેગ્નેસી, થાન વીસ્તારો માંથી મળતી માટીમાંથી ઈંટો, બરણી ઓ ધડા વગેરે બનાવવાનો ઉદ્યોગ પ્રાથ વીકસી શકશે. સૌરાષ્ટ્રના દક્ષિણ અને પશ્ચિમ કાંઠાના વીસ્તારમાં પોત બંદરી પાણા સીમેન્ટ બનાવવાના કામ માં આવશે.

કસ્તુરબા ગ્રામ

કસ્તુરબા સ્મારક ટ્રસ્ટ તરફથી એક કસ્તુરબા ગ્રામ સ્થાપવાનું નક્કી કરવા માં આવ્યું છે. આ ગ્રામ સ્થાપવાનું કાર્ય ઇન્દોર પાસે એક ગામડામાં પુરજોર શરૂ થનાર છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે ૨ જી ઓકટોબર એટલે બાપુ જયંતીને દીવસ તેને

શીસારોપણ વીધી કરવામાં આવશે કે જેમાં બેનોને શીક્ષણ આપવામાં અવશે અને તે દ્વારા તેઓ સમાજ સેવા કરતા કરતા પોતાની રોજી પણ મેળવી શકશે.

અખબરપત્રો

પોર્ટ એલીઝાબેથ મહીલા મંડળ

ઉપરોક્ત મંડળના આશ્રયે શ્રાવણ માસ ખુબ ધામીક રીતે ઉજવવામાં આવ્યો હતો. પુરું મહીનો હવન, ભજન વિગેરેથી ગુજરાતી હોલમાં ઉજવવામાં આવ્યો હતો. તેમજ રક્ષા બંધનનો દીન બેનોએ ભાઇઓને રક્ષાબાંધી ખુબ ઉત્સાહથી ઉજવ્યો હતો. જન્માષ્ટમીનો ઉત્સવ પણ મહીલા મંડળ તરફથી ઉજવવામાં આવ્યો હતો અને તે દીને "શ્રી કૃષ્ણ જન્મ" નામની નાનકડી નાટીકા કે જે અમેના શિક્ષક શ્રી. બાબુભાઇ પટેલે લખી હતી તે ભજવવામાં આવી હતી. દાન ધર્મ પણ તે મહીનામાં કરવામાં આવ્યા હતાં. આ સંસ્થાના પ્રમુખ શ્રીમતી મધુબેન નગીનભાઇ આમલી અને મંત્રીઓ સવીતાબેન જગજીવન બાંસદા તથા તારાબેન અમૃતલાલ કુલ્લભભાઇએ ખુબ ઉત્સાહથી કામ પુર્યું કર્યું હતું.

આયન ક્રીકેટ કલબ

પોર્ટ એલીઝાબેથની આર્યન ક્રીકેટ કલબની ૨૦ મી વાર્ષીક જનરલ મીટીંગ ગુજરાતી હોલમાં શ્રી. બેચરભાઇના પ્રમુખપણા હેઠળ મળી હતી મંત્રી શ્રી. રમણલાલ બાબુભાઇ તરફથી ગત વર્ષના કામનો સુંદર રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો, અને બલવંતભાઇ પ્રાણજીવન બગવાન તરફથી આભારવશનો હિસાબ રજુ થતાં બને સર્વાનુમતે પસાર થયા હતા. બાદ સીઝન ૧૯૫૦-૧૯૫૧ ના કાર્યવાહકો નીચે મુજબ નીમણુક થયા હતાં :

લાઇફ પેટ્રન : જગજીવનદાસ ધુપ,

પેટ્રનો : નરોતમભાઇ બાંસદા, પરશુ ભાઇ મકનજી, ઠાકોરભાઇ દલીર, બાબુભાઇ દાજી અને તુલસીદાસ બગવાન.

પ્રમુખ : મેચુભાઇ રણછોડજી. ઉપ-પ્રમુખ : જગજીવનદાસ રતનજી, મંત્રી : રમણલાલ બાબુ, બલવંતભાઇ પ્રાણજીવન બગવાન, ઓડીટર્સ : નગીન દાસ આમલી, રણછોડભાઇ : દયારામ કુલ્લભભાઇ, કેપ્ટન : નગીનદાસ આમલી, વાઇસ કેપ્ટન : જીવનલાલ જીવણજી.

સીલેકશન કમીટી : નગીનદાસ આમલી, જીવનલાલ જીવણજી અને રમણલાલ બાબુભાઇ. ઇનર્સ પ્રોવીન્સ ઇન્ટર્સ ક્રિકેટ ચુનીયનના કેપ્ટનો : પ્રાણજીવનદાસ બગવાન, ઇશ્વરલાલ નરોતમ અને અમૃતલાલ કુલ્લભ ભાઇ

ઉપરોક્ત કલબના સભ્યો અને બીજા બીભાગો જેવા કે ટેનીસ વીગેરે રમતોમાં ઉત્સાહ હોવાથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું કે હવે પછી. આર્યન ક્રિકેટ કલબ ને આર્યન સ્પોર્ટસ કલબ તરીકે ઓળખવામાં આવશે.

ક્રીકેટની રમત માટે ગ્રાઉંડ લઇ હતી. અને તે બીભાગમાં ટીમ રજુ કરવા આવતી. મીટીંગ બાદ મુલતવી રાખવા માં આવ્યું હતું.

ફમેશાં

ઓકસેલસીયર સબસ્કીપશન સર્વીસ કેન્ટોનમેન્ટ, અમદાવાદ, હીંદની હીંદના પત્રો હોય ત્યાંનો મુકક નકલના એજન્ટોને ખાત્રી આપીશું
કેસલાઇ બાબુભાઇનો ગુજરાતી પત્રોના દર.

	દૈનિક માસિક સપ્તાહિક	મુદ્દત રૂ.	પા.	વાર્ષીક રૂ.		દૈનિક માસિક સપ્તાહિક	મુદ્દત રૂ.	પા.	વાર્ષીક રૂ.
અખંડ આનંદ	મા.	૨	૦	૧૫	કુટુંબજીવન	સ.		૬	૨૦
આનંદ	સ.		૮	૧૫	પ્રતીક્ષા	મા.	૧	૦	૧૨
આરોગ્યધન	મા.		૬	૮	પુષ્પા	મા.		૮	૭
ઇન્દુપ્રભા	સ.		૮	૨૫	પ્રજાબંધુ	સ.		૬	૨૭
ગાંધી	મા.		૮	૮	પ્રવાસી	સ.		૮	૩૬
ચિત્રમ	સ.		૭	૨૫	ફેરબા	મા.	૧	૬	૧૨
ભવિષ્યનાણી	મા.	૧	૬	૧૫	ફૂલપોખા	સ.		૮	૩૬
ચેતન	મા.	૧	૬	૧૬	રમાકુલ	મા.	૧	૦	૧૨
ચિત્રપટ	સ.		૮	૩૬	રવીવાર	સ.		૮	૨૬
છાયા	સ.		૮	૩૬	સાંજવર્તમાન	મા.	૧	૦	૧૨
ચિત્રલેખા	સ.		૮	૩૬	સંદેશ	મા.	૧	૩	૧૪
ચિત્રભારતી	સ.		૮	૩૬	સમીક્ષા	મા.		૮	૮
હીંદુસ્તાન	દ.		૩	૧૫	શ્રી છગન	મા.	૧	૬	૧૩
જય ભારત	દ.		૩	૧૫	શારદા	મા.	૧	૦	૧૫
કુમાર	મા.	૧	૧	૧૫	સુદર્શન	મા.	૧	૧	૧૮
ગ્રામસેવક	મા.	૧	૦	૧૨	હસમીર	મા.		૧	૮
મંગલમ	મા.	૨	૦	૨૦	હર્ષ-નવજીવન	મા.	૨	૦	૨૪
મહિલા જગત	સ.		૧.	૧૨	હમ્મીર		૨	૦	૧૨
મનોરંજન	મા.	૧	૩	૧૫	ગીરમીરાણી	સ.		૪	૧૫
યોગ્યધન	સ.		૬	૩૦	ગુજરાતમિત્ર	દ.		૩	૮૫
નવચેતન	મા.	૧	૬	૧૫	વેણી	સ.		૮	૩૬
પ્રજાબંધુ	સ.		૪	૧૫	સુજાતા	સ.		૬	૨૦

આ દરો પ્રાકથના છે અને તેમાં ગમે તે વખતે ફેરફારો થાય
બંક ડ્રાફટ અથવા બીટી પોસ્ટરેસ્ટ ઓર્ડરથી અગેાઉ રકમ સાથે તમારો ઓર્ડર મોકલો.
EXCELSIOR SUBSCRIPTION SERVICE
9 Contonment : AHMEDABAD-3 INDIA.
ઉપલું અથવા બીજા કોઇ પણ પત્રો માટેના ઓર્ડરોને તુરતજ ધ્યાન આપવામાં આવશે.
હીંદના સઘળા પત્રો માટેના સબસ્ક્રીપ્શનના સસ્તામાં સસ્તા એજન્ટો

કન્ટ્રીના ગ્રાહકો :—

દેશી ચમુન્ન ૧ માસ
રૂ. ૮ ૬ રતલ

ઓફીસ : ૧૨૯ બિકટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન : ૨૪૮૭૫

ચાનો મસાલો, કફેઇ અને કાજાં મરી, એલચી, ગંગેારા, કામકા, આંબા હળદ મેાલાગજ, મંજરેલ, માંહુફલ, હીરાજોર, નાની અને મેાટી પાનબળ, હરડે, પીપર, ચાની-કલાલા, ચકમારીયો, ઉંધપોર, સીંધેા, મરદાન્સીંગ, મુધા, સંચેરો, કમળી, સેાનામખી, હેાલાનુ પીઆ,—સાજુગેાપા—તે સિવાય, તમારા ઘરની સાંપીદ્રવની ઉપાધી ઓછીવત્તા માટે હમારા ઉપર લખેા :—

પરશુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

બાળ ઉપયોગી સાહીત્ય

તમારા બાળકોને સુંદર પુસ્તકો આપી તેમના જ્ઞાનમાં વધારો કરો.

પાંચ ચરીત્રોનો સેટ

આમાં પાંચ પ્રતીષ્ઠામીક મહાન નરોના ચરીત્રો છે.

કીંમત ૧૩/-

બાલ સમાચાર	૪ ૦
૬૪ માસીના સદી	૧ ૬

શિશુમંથાવલી

સેટ પહેલાનાં ૬-પુસ્તકો	૬૨ ૬
સેટ બીજાનો	૬૬ ૦

ફીરોઝ ગ્રંથાવલી

૭ પુસ્તકો નો સુંદર વાર્તાઓનો સેટનો	૧૪ ૬

પ્રસંશના પાત્રો બધેથા

બાળકોને માટે રમુજી પુસ્તક

કીંમત	૨ ૦
કાંઇ પણેમા	૧ ૬
સેલરેટીસની સફર	૪ ૦
પુષ્કિનો બાદશાહ	૫ ૩
ભુખ અને કેસરી	૫ ૬
કેટલાંક પક્ષિઓ	૧ ૬
બામબેલ ક્યાંગો	૩ ૬

ચરિત્ર રત્નોનો સેટ ભાગ ૧ ૨ એમાં પ્રથમ સેટમાં પાંચ પાંચ પુસ્તકો છે. પ્રત્યેક સેટની. ૭ ૦

કોયડા સમ્રાટ	૨ ૦

૧૦ થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૩ પુસ્તકોનો સેટ.

કીમંત પા. ૧-૦-૦

Both celebrate their birthdays. Sardar Patel celebrated his 76th birthday on October 31. Pandit Nehru celebrates his 61st birthday on November 14.

પંડીત જવાહરલાલ નેહરૂ અને સરદાર વલ્લભભાઇ પટેલ

સરદાર વલ્લભભાઇ પટેલની અઠોતેરમી તા. ૩૧મીના ૭૭મી વર્ષગાંઠ ઉજવાઇ.

"Temporary failure has little significance when the aim is high and the struggle bound to be a long one; it is but the incentive to further effort. Often it teaches us more than a victory easily won and becomes a prelude to a great success. But we profit by it only if we learn its lesson and search our minds for an explanation of that failure."

—Pandit Nehru.

"અમારું ધ્યેય ઊંચું હોય તો અકસ્માતની નીષ્ફળતાનું કશું મહત્વ નથી. લડત જો લાંબી ચાલવાની હોય, જેથી પ્રયત્નને પણ વેગ મળવો જોઇએ, સહેલાઈથી પ્રાપ્ત થયેલા વિજયના કરતા તેનાથી વધારે શીખવાનું મળે છે અને વધારે ફળદાયી પરીણામ તરફ તે દોરી જાય છે તેનો ફાયદો તેનો પાઠ આપણે શીખીએ અને નિષ્ફળતાના કારણનો સારૂ આપણું અંતર વલોવીએ."

પંડિત નેહરૂ.

The above photo by courtesy of Mr. Jaswant Mehta.

પંડીત નેહરૂની ચૌદમી નવેમ્બર તા. ૧૪મીના ૬૧ મી વર્ષગાંઠ ઉજવાશે.

"Age has not diminished the passion which I bear to see my country great and to ensure that the foundations of our freedom are well and securely laid. Bodily infirmity has not diminished my ardour to exert my utmost for the peace, prosperity and advancement of my Motherland. But the bird of time has a little way to fly and lo, it is, on the wing. With all sincerity and earnestness at my command and claiming the privilege of age, therefore, I appeal to my fellow-countrymen to reflect on what they see in and around themselves and, with the strength and faith that comes with self-introspection, sustain the hope and confidence which an old servant of theirs still has in the future of his country."

—Sardar Vallabhbhai Patel.

"મારપણે મારો દેશ મહાન બનેલો જોવાની અને આપણી આઝાદીનો પાયો મજબુત નંખાય તેની ખાત્રી કરવાની મારી ધગશને ઘડપણ આડે આવી નથી. મારી શારીરીક લાચારીએ મારી મારભૂમીની શાંતી, આબાદી અને પ્રગતીને માટે મારે બનતું કરવાનો મારો ઉત્સાહ કમી કર્યો નથી. પરંતુ સમયરૂપી પક્ષી હવે ઉડવાને પાંખો ફફડાવી રહ્યું છે. મારી પાસે હજુ થોડા બાકી રહેલા આયુષ્યમાંથી ખરા દિલથી મારા કબજેસ થયેલાઓને હું અપીલ કરૂં છું કે તેઓએ પોતાની આજુબાજુ જોઇ કરવી જોઇએ અને આપણા દેશના બારણે ઉભેલા એક જુના સેવક હજુ પણ જે ખાત્રી ધરાવી રહ્યો છે તે બંદોબસ્તથી પ્રાપ્ત થતી શક્તી અને શ્રધ્ધાથી તેઓએ વિચારવા જોઇએ."

સરદાર પટેલ.

ઇન્ડિયન ઓપિનિઅન.

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું. ૧

પુસ્તક ૪૮ મું—અંક ૪૪ | શુક્રવાર તા. ૭ નવેમ્બર, ૧૯૫૦. | છૂટક નકલ-પેની.૪

"ઇન્ડિયન ઓપિનિઅન"

શુક્રવાર તા. ૭ નવેમ્બર, ૧૯૫૦

દીવાળી અને નવું વર્ષ

શુક્રવાર નવેમ્બર તા. ૯ મી ના હીંદુ આલમ દીવાળી નો પવિત્ર તહેવાર ઉજવશે. ક્રીસ્ટમસનો તહેવાર જેટલો ખ્રીસ્તીઓને છે તેટલોજ દીવાળીનો તહેવાર હીંદુઓને મહાન અને પવીત્ર છે. પોતાની અનહદ તુમાખી અને સત્તા ના મદથી માનવજાતીને રંજાડી રહેલા અને ઈશ્વરનો પણ વીરોધ કરનારા એ યુગના મહાનમાં મહાન રાક્ષસ રાવણનો સંહાર કરી વીજયી શ્રી રામચંદ્રજી અયોધ્યા નગરીના પોતાના રાજ્યમાં પોતાનું સીંહાસન લેવા પાછા વળે ■ તેનો અપાર આનંદ સર્વત્ર દીપોત્સવથી ઉજવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એ પ્રસંગ સુરોએ અસુરોપર મેળવેલા વીજયનો છે. વળી એજ પ્રસંગે જુનું વર્ષ અસ્ત પામે છે અને બીજે દીવસે નવાં વર્ષનો ઉદય થાય છે. આથી આ પ્રસંગ વધારે જ પવિત્ર છે. આ પ્રસંગે હીંદુઓ વીતી ગયેલાં વર્ષમાં તેઓએ કરેલાં કામનું સરવૈયું કાઢશે અને થયેલા નફા તોટાનો હિસાબ કરશે અને નવી આશાઓ અને નવા નિશ્ચયોથી નવાં વર્ષને માટે નવું પાનું ફેરવશે.

વ્યતીત થએલાં વર્ષપર ઉડતી નજર ફેરવતાં આપણે જોઈએ છીએ કે આર્થીક દ્રષ્ટીએ એ વર્ષ ખાસ કરી સાઉથ આફ્રિકાના હીંદુઓ માટે એકંદર ખરાબ નથી નીવડયું. સુખ અને દુઃખની મીશ્ર લાગણી ઓ આપનારૂં નીવડયું છે. કોઇ રીતે ગંભીર આફતજનક નથી નીવડયું, સીવાય કે હાલની સરકાર તરફથી જુલમી કાયદાઓ પસાર થયા છે, જે અમલ નાં મુકવામાં આવશે ત્યારે કદાચ સ્થિતિ રાવણના વખતમાં હતી તેવી થઇ પડવા દહેશત રહે છે. ઈશ્વરે આપણાપર દયા કરેલી છે તેને માટે આપણે સંતોષ માનીએ અને ઈશ્વરનો પાડ માનીએ.

સવાલ આપણી જાતને આપણે એ પુછવાનો છે કે ગત વર્ષ દરમીયાન આપણે નૈતીક અને આધ્યાત્મિક પ્રગતી કેટલી કરી છે? એ પ્રશ્ન આપણને શોભાવે છે- અને ઉંડા વીચારમાં નાખી દે છે. તેનો જવાબ તુરતમાં આપી શકાતો નથી. આપણે કબુલ કરવું પડશે કે તેના ટકોરીમાં આપણા માં ઉણપ જોવામાં આવે છે. હકીકતમાં વીચાર કરતાં માલુમ પડશે કે હીંદુઓની કે કોઈ પણ અમુક વર્ગની જ નહિ પરંતુ આખી દુનીયાની પ્રગતીનો આધાર તેણે મેળવેલી આર્થીક શક્તિ ઉપર જેટલો નથી રહી જેટલો તેની નૈતીક અને આધ્યાત્મિક શક્તિપર રહેલો છે. એ દ્રષ્ટિએ જોતાં આપણે નાદારની અણીએ જઈ પહોંચેલા જણાઇ છીએ. આપણે નમ્રપણે સ્વીકારી લેવું પડશે કે અહીં તેમજ દુનીયાના અન્ય ભાગોમાં પ્રવર્તી રહેલાં અનિષ્ટોને માટે માનવી ઓના એક ભાગ તરીકે બીજા કોઈના જેટલાજ આપણે પણ જવાબદાર છીએ. જેટલે અંશે આપણે આપણા પોતાનામાં ઘર કરી રહેલી વેરઝેરની અને તિરસ્કારોની વૃત્તિઓપર વીજય નથી મેળવી શકયા તેટલે અંશે આ દેશમાં હાલની સરકાર તરફથી થઇ રહેલાં અનિષ્ટોના તેમજ દોરીયામાં રેડાઇ રહેલાં લોહીના પાપના આપણે પણ ભાગી બનીએ છીએ.

આપણી પોતાની સરહદની બહાર આપણી માતૃભુમી તરફ નજર કરતાં આપણે જોઇએ છીએ કે આપણા આદરણીય નેતાઓએ એ દેશની આર્થીક આબાદી કરવા માં આશ્ચર્યજનક પ્રગતી કરેલી છે. તેમ નૈતીક અને આધ્યાત્મિક પ્રગતીના સંબંધમાં પણ તેઓએ સારા પ્રમાણમાં સીદ્ધિ પ્રાપ્ત કરેલી હોવાનો દાવો કરી શકે છે. દેશમાંથી દારૂ, જુગાર અને અસ્પૃશ્યતાની બદી ઝડપથી નાબુદ થઈ રહી છે. કાયદાથી તેનાપર પ્રતિબંધ મુકાયો છે- તેની વીરૂદ્ધ સાઉથ આફ્રીકામાં તેને કાયદાથી મંજુર કરવા માં આવી છે! પરંતુ કાયદાથી બંધી થએલી હોવા છતાં એમ કહી નહી શકાય કે લોકોએ પોતાની જાતમાંથી તેનો બધ્યા ભાગ કરી નાખ્યો છે. વળી પાકીસ્તાન અને હીંદ વચ્ચેનો સંબંધ હજુ કઠવાયાજ કરેલો ચાલુ જ છે અને કાશ્મીરમાં સ્થિતિ શાંત પડી નથી. આ સઘળી ખેદજનક વસ્તુઓ છે. પછી આ પણે જોઇએ છીએ કે ધરતીકંપો અને પુરોના કુદરતી કોપો હીંદ પર સૌથી વીશેષ પ્રમાણમાં ઉતરી પડયા છે. આ સઘળાંથી આપણાં હૃદયો ખિન્ન થવાં જોઈએ અને આપણામાં નમ્રતા આવવી જોઇએ, અને આપણા અંતરને પુછવું જોઇએ કે આ સઘળું ઈશ્વરમાં આપણી શ્રદ્ધાની અને તેના આ દેશોનું યોગ્ય રીતે પાલન કરવા માં આપણી ખામી સુચવનારૂં નથી શું?

આપણે જોઓ શુદ્ધ માત્રનો અંત જોવા ચાહીએ છીએ અને દુનીયામાં ક્ષણંત શાંતી સ્થપાએલી જોવા વાંચછીએ છીએ, તેઓએ વ્યક્તિગત રીતે તેને માટે મહેનત કરવાની છે. આ મહાન પવિત્ર પ્રસંગે મારકસ ઓરેલીયસના સુવર્ણ શબ્દોનું આપણે મનન કરીએ અને તેને આપણા હૃદયમાં અંકિત કરવાનો પ્રમાણીક પ્રયત્ન કરીએ એ શુભ આશાએ એ શબ્દો વાચકો સમક્ષ રજુ કરી દીવાળીના અભિનંદન આપીએ છીએ અને નવું વર્ષ સૌને સુખદાયી નીવડો એવી પ્રભુ પ્રત્યે હાર્દીક પ્રાર્થના કરીએ છીએ.

"આજ કદાચ મારે કંઇક ઉપદ્રવનો સામનો કરવો પડે; ચોર હીંસા કદાચ મારી સન્મુખ આવી ઉભે, કૃતઘ્ન, વીશ્વાસ ઘાતી, કપોળ, ચારીત્રહીન મનુષ્યોને મળવું પડે. આવા લોકોના બધા અપરાધો તેમનું અજ્ઞાન છે. સાર કે નરસું સમજવાની તેઓનામાં શક્તી નથી. પરંતુ કે તો જાણું છું કે શું સાર છે અને શું નરસું. હું સારામાં સૌન્દર્ય અને બુરામાં કુરૂપતા જોઉં છું. કદાચ જો કોઇ મારી સાથે ખરાબ વર્તન રાખે તો પણ હું એમ સમજું છું કે તે મારા સ્વજન છે. હા! શારીરક સંબંધે તે સ્વજન નથી પણ આધ્યાત્મિક દ્રષ્ટીએ જોતાં તે મારા ભાઈ કે બેન છે. પરમાત્માનો અંશ આપણા બધામાં છે. આ સત્યને આપણે જો સારી રીતે સમજી, જઇએ તો આપણને કોઇ પણ નુકસાન કરી શકશે નહીં. મારા સીવાય મારૂં કોણ બગાડી શકે? જ્યારે અવીવેકી વર્તન બતાવનાર જો આપણો ભાઇબંધ છે એમ સમજીએ તો પછી તેના ઉપર ગુસ્સો યા તેનું બુરૂ આપણે કેમ કરી શકે? આ સુંદર દુનીયામાં આપણે બધા એકસંપથી હળીમળીને આ નંદનવનમાં રહેવાનેજ સરજાયા છીએ. હાથ અને પગ, આંખોની બન્ને પાપણો, ઉપર નીચેના દાંતો જેમ એક બીજાને સહયોગ આપે છે, તેમજ મનુષ્યે પણ એક બીજાને સહયોગ આપવો જોઇએ. આ પોતાના કર્તવ્યને ભુલી જવું અને તેની વીરૂદ્ધ ચાલવું એ અનર્થ કર્તા છે. ઉપર ઉપરથી વ્યવહાર સારો રાખીને અંતરમાં જે દ્વેષ દ્રેષ અને ઇર્ષા રાખે છે તેમનું આ વરવું પણ અનર્થ કર્તાજ છે. આપણે આપણો વ્યવહાર સુધારીએ.

દીવાળી અને બેસતાં વર્ષના બાપુના આશિર્વાદ

(મગનલાલની તાપણીના મોઢાં પુસ્તકમાંથી)

"આજે દીવાળી છે. નવું વર્ષ તમને ફળો. તમારી ઘુણેચ્છા... ઓ ઘર આવો, ને તમારા બધાના ચારિત્રની પુંજીમાં વધારો થાઓ એમ ઇચ્છું છું. એ ખરી લક્ષ્મી છે, તેનું પુજન કરવામાં જ કલ્યાણ છે, એ સત્ય તમને વધારે ને વધારે સ્ફુરો એમ માગું છું.

આજને માંગલિક પ્રસંગે તમને હું શું આપું? જેની તમારામાં, મારામાં, બધામાં, ખામી છે, તે આપવાનો પ્રયત્ન કરું છું. તે મળ્યું તો બધું મળ્યું. જેનામાં હોય તેજ આપી શકે. એ ન્યાયે તે હું આપું શું? પણ આપણે સાથે માગીએ.

" જો કે હું મનુષ્ય અને દેવની વાણીએ બોલું, પણ મારા માં પ્રેમ ન હોય તો હું ટાલ કે ખાલી ઘડા સમાન છું. જો કે હું ભવિષ્ય ભાખી શકું, મને બધું જ્ઞાન હોય, મારામાં પર્વતો ઓસેડી શકવાની શ્રદ્ધા હોય, પણ પ્રેમ ન હોય, તો હું તૃણવત છું. જો કે હું મારું બધું ગરીબોને આપવા સારૂ આપી દઉં, મારું શરીર બાળી મુકું, પણ મારામાં પ્રેમ ન હોય, તો મારા કાર્યમાં કશો લાભ ન હોય.

"પ્રેમ બહુ સહન કરે છે, જ્યાં પ્રેમ છે ત્યાં દયા છે. પ્રેમ માં દ્વેષને અવકાશજ નથી, પ્રેમમાં અહંભાવ નથી, પ્રેમમાં મદ નથી, પ્રેમમાં અયોગ્યતા નથી, પ્રેમ સ્વાર્થી નથી, પ્રેમ ચટ ચીડાતો નથી, પ્રેમને દુષ્ટ વીચારો આવતા નથી, પ્રેમ અન્યાયથી રાચતો નથી, પ્રેમ સત્યથી જ રાજી રહે છે, પ્રેમ બધું સહન કરે છે, બધું માને છે, પ્રેમ આશામય છે, બધું સાંખી લે છે. પ્રેમ કદી નીષ્ફળ થતો નથી. પણ ભવિષ્યવાણી મિથ્યા થાય છે, વાચા બંધ થાય છે, જ્ઞાનનો નાશ થાય છે.

"જ્યારે હું બાળક હતો ત્યારે બાળકની જેમ બોલતો, બાળક ના જેટલી મારી સમજ હતી, અને બાળકની જેમ વીચારતો. જ્યારે હું મોટો થયો ત્યારે મેં બાળપણ છોડી દીધું. હાલ તો આપણને પડદાનું આચ્છાદન હોવાથી ઝાંખું ભાળીએ છીએ, પછી તો આપણે સમક્ષ ઉભી જોઈ શકીશું. હાલ તો મને મોડું જ્ઞાન છે. પછી જેમ હું ઓળખાઉં તેમ ઓળખીશ. છેવટમાં. શ્રદ્ધા, આશા, અને પ્રેમ આ ત્રણ વસ્તુઓ સ્થાયી છે. તેમાંયે પ્રેમ શ્રેષ્ઠ છે."

આ વાંચજો, વીચારજો, ફરી વાંચજો. તેનું અંગ્રેજી વાંચીને તેનું હીંદી કરજો. મરડી મચડી પડીજર તો પ્રેમની ઝાંખી ખુબ કરી લેજો. મીરાંને પ્રેમની કટારી ખુબ લાગી હતી તેવી કટારી આપણને પણ હાય લાગે ને ને લોકવાનું ગાંડ આપણામાં આવે તો આપણે દુનીયાને હલમલાવીએ. પણ હજો હજો તે વસ્તુ મારા માં છે છતાં તેની ખોટ તો અનુભવ્યા કરું છું. ઉંણપ બહુ છે. અધુરા ઘડા જેવો કેટલે ઠેકાણે થઈ ગયો છું. કોલેજ પ્રેમથી જોઈએ મને રોકતા હતા તેઓને સારૂ મને અવકાશ નહોતો. તેથી મન માં ને મનમાં બળ્યા કરતો હતો. આ કાંઈ પ્રેમની નીશાની નથી. એ તો અધુરો ઘડો બોલકાયો. તમને નવું વર્ષ ફળો. તમારી શારીરીક, માનસિક, આધ્યાત્મિક, વિભુતીઓ વધીને તે બધું તમે હીંદને ચરણે પ્રેમભાવે મુકો, એ મારી ઇચ્છા, એજ આશીષ.

ગાંધીજીની પ્રાર્થના અને તેનો અર્થ

શ્રીમતી સુશીલા ગોંધી

ગાંધીજીના આશ્રમમાં અને તેમના સિદ્ધાંતમાં માનનારાઓની જે એક પ્રાર્થના છે જેમાં બૌદ્ધધર્મ, ઇસ્લામ ધર્મ, જરથોસ્ત ધર્મ અને હિંદુ ધર્મ, એમ ચારે ધર્મના ચુંટી કાઢેલા શ્લોકોનો સમાવેશ છે તેને માટે મેં "ગાંધી પ્રાર્થના" શબ્દ વાપર્યો છે. આ મીશ્રણ કેમ અને કેવી રીતે બનવા પામ્યું તેનો હું થોડોક ખ્યાલ આ લેખમાં આપવા ઇચ્છું છું. આ પ્રાર્થના પાછળ ગાંધીજીની પોતાની ભાવનાનો ઇતીહાસ પણ છે.

પહેલાં ઇતીહાસ આપું પછી સિદ્ધાંત. ગાંધીજી જ્યારે આ દેશમાં હતાં અને જ્યારે દિનીકસ સંસ્થામાં સર્વધર્મી ઓનો સમાવેશ થયો હતો ત્યારે પણ જે પ્રાર્થનાઓ થતી તેમાં કયારેક ક્રીશ્ચિયન, કયારેક મુસ્લીમ, કયારેક જરથોસ્ત પ્રાર્થનાઓ ગીતાજીના શ્લોકો ઉપરાંત થતી. ત્યાર પછી સાબરમતી આશ્રમમાં અને સેવાગ્રામ આશ્રમમાં સ્વ૦ કામમસાહેબ તેમજ સ્વ૦ અબ્બાસ તૈયબજી અને બીજા પણ કેટલાક મુસ્લીમ સાથીઓ પ્રાર્થનામાં આમેલ થતા અને તેને લઇ ઇસ્લામી પ્રાર્થનાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી ડો૦ ગીલ્ડર કે જેઓ પારસી છે અને ગાંધીજીની સાથે આગાખાન મહેલમાં ગીરફતાર થયા હતા, તે વખતે ગાંધીજીએ ઉપવાસ કર્યો હતા તેના પારણા વખતે જરથોસ્ત ધર્મનો એક શ્લોક તેમણે પ્રાર્થનામાં ઉમેર્યો હતો. બૌદ્ધધર્મની ફકત એક ગીરજ છે. એક જપનીસ સાધુ સેવાગ્રામ આશ્રમમાં રહેતા અને હમેશા સાંજની વખતે હાથમાં નાનું જપનીસ દેરાસર લઇ "નમ્યો...ફ્રો...રેં...ગે કયો" બોલતા બોલતા આશ્રમની જમીનપર અને તેની આજુબાજુ ફરતા અને પ્રાર્થના વખતે પણ તેઓ પહેલાં આ વાકય બોલતા. બીજા મહાયુદ્ધ વખતે જપનીસોને પકડવામાં આવ્યાં ત્યારે તેઓને પણ આશ્રમમાંથી પકડી લઇ જવામાં આવ્યા અને તેમના સ્મરણ ખાતર આજે પણ આશ્રમની પ્રાર્થના પહેલાં એ ગવાય છે. આ છે ઇતીહાસ.

હવે તેનો સિદ્ધાંત તપાસીએ. ગાંધીજીની આવી બીજ પ્રાર્થના પાછળ ફકત વ્યકતીઓને સંતોષવાનો હેતુ નહોતો. ગાંધીજીએ અગીયાર નીયમો આદર્શરૂપે આપણી સામે મુકયા છે. એ તેમના સિદ્ધાંતોમાંના કેટલાક પુરાવૃત્તકાળથી હિંદુધર્મના છે અને બીજા દેશકાળને અનુકુળ ફેરફાર કે વધારો કરી તે નીયમો બહારથી કે સન્યાસી પ્રત્યેક પાળે એમ તેઓ ઇચ્છતા હતા. એ નીયમો નીચે મુજબ છે અને તે પણ શ્લોકરૂપે નીયમીત પ્રાર્થના બાદ આશ્રમમાં યાદ કરવા બોલાય છે.

(૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય (ચોરી નહી કરવી), (૪) બ્રહ્મચર્ય (૫) અસ્વાદ, (૬) શરીરશ્રમ, (૭) અસ્વાદ, (સ્વાદ ઉપર કાબુ રાખવો) (૮) નીર્ભયતા, (૯) સર્વધર્મસમભાવ (૧૦) સ્વદેશી, (૧૧) અસ્પૃશ્યતા.

આ અગીયાર નીયમો. તેમાંનો નવમો નીયમ સર્વધર્મ સમભાવ કેળવવા તેઓએ ઉપરની પ્રાર્થના રચી હતી. તેઓ માનતા અને ઘણા માને છે કે, ઇશ્વર એકજ છે અને તેને અનેક નામો આપી શકતો રાચે છે. આ સત્ય હોય તો આપણી ધર્મની સંકુચીતતા દુર થવી જોઇએ અને ગમે તે ધર્મના ઉપાસકોએ ગમે તે ભાષામાં ઇશ્વરનામના અર્થમાં વાચના કરી હોય કે તેના ગુણગાન ગાયા હોય તો તે ગાવામાં આપણે સંકોચ ન રાખવો અને સંપ્રદાયના વાડાઓને નાબુદ કરવા પડે. ગાંધીજીએ જોયું કે હિંદુ ધર્મમાં અનેક દેવ દેવીઓ છે, અનેક પંથો છે. એ પણ જોયું કે, સંપ્રદાય ના નાના નાના વાડાઓ પોતાના સંપ્રદાય કરતાં બીજાના સંપ્રદાયને હાસ્યપાત્ર ગણે છે. પોતાના ઇષ્ટ દેવ સિવાય બીજા દેવ દેવીઓના ભજને કે નામ લેવું એ પાપ માને છે. તુલસીદાસજીના ચિત્રપટમાં આપણે જોયું છે કે શીવમાર્ગીને વૈષ્ણવમાર્ગી ના દેવ દેવીઓના નામ પણ કેટલા પાપમય લાગે છે. આ કાંઈ ચીત્રપટ

દીવાળી

(રચનાર મંગળભાઇ પરેલ, આચાર્ય હીંદુ શાળા, જુહુરોડ)

ગરબો

આવી આવી પાછી આવી, નવી આશા સહુને લાવી, આવી દીવાળી.
હે...આવી દીવાળી, ભાળે સૌનો દી-વાળે.

ઉષા હસે ચેતનવંતી, નવરંગી ચીર ધારી.
દીપાવલીનો ઉત્સવ, એને હાથે આલે ભારી;
વિધવિધ-રંગી રંગોળીથી, મંગલ આંગણ શોભાવે,
તાર-દીવડે ઝબકારે, નવરંગી આતશબાજી ઉપરે;
હે...ઉષા ચેતનવંતી, ભાળે નવલાં ચેતન ભરતી.

રંગ રંગની વાદળીઓ, દોડે દીવાળી સન્માને,
પંખી હર્ષે કિલ્લોલ કરતાં, ઉડતાં મનહર તાને;
તાલ-લતા ઉભાં છે ઘરને, ફુલડાં નવરંગ ધરવાને,
વીતર ઉભાં હરિયાળાં, નવ-ધાને અર્ઘ ધરવાને;
હે...રંગી વાદળીઓ, ભાળે અંતર રંગ ભરી.

દીવાળી તુજ દર્શન પૂજન બહુ બહુ યે કામાં,
આશા-દીવડા પ્રગટાવીને, કંઇ કંઇ વ્રત લીધાં;
ધારેવારે નિરાશ થઇને, આશાવાદી થાઇએ,
માનવ-જીવન કુરબી, પુજન નવ-આશે કરીએ;
હે...આવી દીવાળી, ભાળ સૌનો દી-વાળી.

મલમલતાં ફુલડાંની તોરણ, બારણીયે શોભાનો,
કલા ઉતારી રંગોળીમાં, આંગણીયાં સહુ સારે;
રંગી-દીવડા પેટાવો, નવરંગ પ્રકાશ ફેલાવો,
રંગી રંગે ઝરને રંગી, જીવનમાં રંગ રેલાવો;
હે...ફુલડાં મલમલતાં, ભાળે જીવન સુગંધ ભરી.

દીવડો દીવડો પેટાવીને, કરીએ દીપક માળા,
દીપમાળાના નજરા તેજે, કરીએ અંતર અજવાળાં,
નીર્ભય અંતરથી સહીએ, રત માનવ-સેવાનાં,
વેર, ઝેર ને ભેદો ભુલી, કરીએ જીવન ઉજમાળાં;
હે...આશાના દીવડા, ભાળે અમ અંતરને અજવાળી
હે...મંગલ દીવાળી, સો સો વર્ષન દેજે દીવાળી.

ઇસ્લામ ધર્મનો જે મંત્ર છે તેનો અર્થ એ થાય છે કે,

"હું પાપાત્મા સૈતાનથી બચવા પર માલમાને શરણે જાઉં છું."

"ઇશ્વર એક છે, એ સનાતન છે નીરાલંબ છે, અજ છે, અદ્વીતીય છે, એ સૌને ઉત્પન્ન કરે છે અને એને કોઇ ઉત્પન્ન નથી કરતું.

"પ્રભો તારા નામેજ હું બધાં પ્રેમોની શરૂવાત કરું છું. તું દયાનો સાગર છે, તું દયાળુ છે, તું સારી દુનીયાનો સર્જનહાર છે, તું નાથ છે. અમે તારીજ પ્રાર્થના કરીએ છીએ અને મદદ માગીએ છીએ. તુંજ અંતમાં ન્યાય કરશે. તું અમને સીધો માર્ગ બતાવ-એવા લોકોનો માર્ગ કે જેઓ તારી કૃપાદૃષ્ટીના પાત્ર બન્યા છે. એવાઓનો નહી કે જેઓ તારી અકૃપાને પાત્ર બન્યા છે અને માર્ગ ભુલ્યા છે."

જરથોસ્તી (પારસી) મંત્રનો અર્થ

"હે હોરમઝદ! (ભગવાન) તું મને સર્વોત્તમ ધર્મના આદેશો તથા કામો પીથે કરું કે જેથી હું ખરેખર શુધ્ધ દીલથી તથા ખરા માર્ગથી તારી કીર્તીના ગુણગાન કરી તારું કરજ ફેડું અને તેના બદલામાં તારી સત્તા નીચે તથા તારી મરજી મુજબ, એ હોરમઝદ! (હે પ્રભુ) મારાં જીવન ને તું તાજું કર અને મને સ્વર્ગનું સુખ અને શાંતી બક્ષ."

હિંદુ ધર્મના શ્લોકો તો ગીતાજીમાંથી અને ઉપનીષદમાંથી ચુંટેલા છે. તેનો ટુંકમાં એ અર્થ છે કે માણસે કેવા બનવું જોઇએ, એટલે કે આપણે કેવા બનવાનો આદર્શ સેવવો જોઇએ એ આ પ્રાર્થનામાં છે.

હવે આ આદર્શને અનુરૂપ બનવું એ આપણે માટે શકય છે કે નહી એ આપણે પોતાની આત્મામાં ડોકીયું કરે આ વાકય પણ "આપણે કાંઇ મહાત્મા ગાંધી નથી," એમ કહી સંકેલી લેવું કે પછી આપણે એ દ્રષ્ટીથી વીચાર કરીયું કે આપણે મનુષ્ય છીએ અને મનુષ્ય તરીકે મુકતીના અને સિદ્ધિના માર્ગે ધર્મથી આગળ વધી નિર્મલ ધ્યેયે પહોંચવું એ હિંદુધર્મજ નહી પણ પ્રત્યેક ધર્મનો મુદ્દામ છે અને તે પણ એ ધ્યેયે પહોંચવા પ્રયત્ન કરીશ ભલે તે મુશ્કેલ હોય પણ અશકય નથી.

આપણે ગાંધી યુગના છીએ. આપણે એ દાવો છે કે આપણે ગાંધી દેશ નાજ નહી પણ તેમનાજ પ્રાંતના અરે વા તેમનીજ જાતીના છીએ. (અહી જાતીનો અર્થ ગુજરાતી કરૂ છું.) તો પછી આપણી ફીલોસોફ્રી એ થઇ કે તેમના વીચારોને આપણે સ્વાર્થ બાજુએ મુકી અમલમાં મુકવા અને મુકાવવા. જુદા જુદા પંથ ના લોકો જે પંથના તેઓ અનુયાયી

ઢાય તેને અનુસરે છે. હનુમાન હને પ્રેમ જંગલી પુરો હનુમાનજીને અર્પણ કરામ છે. શ્રીકૃષ્ણ, શ્રીનાથજી, મહાવીર સ્વામી, આદી પુરૂષોત્તમોને પણ તેમના અનુયાયી તેમને પ્રેમ ઢોય તે જીવનમાં ઉતારી બતવા તેમને ખરી તેમની ભક્તી અને પ્રેમ પ્રદર્શીત કરે છે. ત્યારે શું ગાંધી પ્રેમીઓની એ ફરજ નથી કે ગાંધીજીને પ્રેમ વસ્તુ કરવીર ઓળામાં આવું તેમની જન્મતીથી અથવા બીજા કોઇ તેમને અંગ્રેજાજ પ્રેસંગોએ ને કરવી શું ઉચીત નથી?

એ ગાદલું પણ આપણે ન કરી શકીએ તો શું આપણે ગાંધી પ્રેમી કહ્યાવા યોગ્ય છીએ ખરાર આનો વીચાર આપણેજ કરવાનો છે અને આપણાજ હદય પાસે તેનો જવાબ માંગવાનો છે. આપણી ધર્મ સંકુચીતતાને લીધે, જે બાપકર્મ કોઇ પણ ચિધર્મીઓ, કે જેમના ધર્મનો કુલડો આપણેજ રાખ્યો છે, આપણા પુર્વજોના કીર્તીગાન ગાઇ આપણી છાતી ફુલી સમાતી નથી, પણ જે દાખલા આપણને આપણા ઇતીહાસમાં આદર્શરૂપે મળે છે તેવા દાખલા આજે અમેરીકામાં બની રહ્યા છે. આ નીચે રહ્યો તેનો એક દાખલોઃ

ફકત ગાદલુંજ બાકી છુરી જાયએ બીજે કે, "ગાંધીજી બધા નથી થઇ શકતા"

અહીં એકાદ બે નાના દાખલા આપી આ લેખ પુર્ણ કરું. ગાંધીજી ની "સર્વધર્મ" સમભાવનાને માનને શ્રીમતી રેહાના તાયબજી, કે જેઓ એક મુસ્લ્મ ધરસ્લામી બેન છે, તેઓ કુમ્બના મીતો રહે છે અને ગાય છે. ગાંધીજીના આદેશથી બધા હીંદુ ઓએ કુરાનનો અભ્યાસ કર્યો છે અને બધા મુસ્લીમોએ હીંદુ ધર્મ પુસ્કોનો અભ્યાસ કર્યો છે. અને તેઓ હીંદુ-મુસ્લીમોના ધર્મ ઝઘડા ઓના સંકુચીત માનસથી વાકેફ બની ઉદાર દીલે માનવધર્મ ફેલાવવા પ્રયત્ન કરે ■ અને તેઓ બધા મહાત્મા નથી અને નથી તેમને દુનીયા ઓળખતી.

બીજો એક દાખલો સદ્ગર્તનનો એક અમેરીકન એકુત બેનનો છે.

આ અંકમાંના વિષયો

સંપાદક

આ અંકમાં અમે મોટે ભાગે ગાંધીજીનું સાહિત્ય આપ્યું છે. મહાદેવભાઈની ડાયરીનું પુસ્તક ચોથું હમણાજ પ્રસીદ્ધ કરવામાં આવ્યું છે તેનું અમે તારવણ કર્યું છે અને એ તારવણમાંથી સંપાદક શ્રી. નરહરી પરીખ અને પ્રકાશક 'નવજીવન' કાર્યાલયના આભાર સાથે અમે તે 'ઇન્ડિયન ઓપિનિઅન'ના વાચક સમક્ષ રજુ કર્યું છે. અમારી ખાત્રી છે કે સૌને તે રસીક સાથે અતિ બોધદાયક થઇ પડશે. શેરોના પુસ્તક "કાયદો સામે પવાની ફરજ"નો અનુવાદ 'ઇન્ડિયન ઓપિનિઅન' માં ૧૯૦૭ ની સાલમાં પ્રકાશિત થયો હતો. જે આજે સાહિત્ય આદ્રિકાના હીંદીઓને માટે સમયસરનો છે. તેનું જેટલું મનન થાય તેટલું ઓછું છે. એજ રીતે ગાંધીજી એક અહીંસાવાદી થઇ હિંસક યુદ્ધમાં રંગરૂટો બેસા કરવાનું કામ કઇ રીતે કરી શકે તેનો પણ ગાંધીજીનો ખુલાસો ઘણોજ બોધદાયક છે. આ ઉપરાંત બીજી અનેક સુંદર વસ્તુઓ આ અંકમાં છે કે જે સંગ્રહવા લાયક છે. અમારી ખાસ ભલામણ છે કે વાચકે આ અંક વાંચીને નાખી નહિ દેતાં સંગ્રહી રાખવો જોઇએ.

ધર્મોને આપણે તીરસ્કારીએ છીએ, તેઓ નહોતા કરી શકયા, તે આપણા ધર્મોધોએ કરી આપણી પાસેથી એક મહાન સંતને ખુંચવી લીધા. છતાં શું આપણને હજી બોધ નથી મળ્યો કે આવી ઓટી ધર્મભાવના રાખી માનવ જાતીને, હીંદુ ધર્મને, બલકે ફકત હીંદુ ધર્મનેજ નહીં પણ માનવધર્મને લેખમાં નાખીયું?

ગાંધીજીએ આપણી પાસે તેમની જેમ લંગોટ પહેરી સન્યાસી બની જીવન જીવવાની કદી આશા નથી રાખી. પ્રત્યેક ધર્મમાં સન્યાસીના અને ગૃહસ્થીના નીયમો જુદા હોય છે. દીન દીવાલે, જીવન જીવવાની રીતો જુદી હોય છે. તેજીજ રીતે ગાંધીજી એ પણ આપણી પાસે આશા રાખી છે. પણ આપણે વધુ વીચાર ન કરતાં

એક અમેરીકન એકુત બેન એક દોઢ વર્ષપર એક મોતીની માળા લાવી હતી. તે માળા તુટી ગઇ તેને સંધાવવા આપતાં ઝવેરીએ કહ્યું—જેની પાસેથી જો માળા વેચાતી લીધી હતી —કે આમાં એક મોતી બોગાય છે અને તે મોતી તથા સંધાવવાના રૂા. ૬૦૦ પડશે. એકુત બેન વીચારમાં પડી કે જે સાડા ચાર રૂપીયાની લીધી હતી તે માળાના એક મોતી અને સંધાવવાના ચારસો રૂપીયા!

ઝવેરી પાસે તેને પોતાનો સંગ્રહ કર્યો અને કારણ પુછયું. ઝવેરીએ કહ્યું એ આ માળા સાચા મોતીની છે. સુરતમાં અમારા માણસે તમને નકલી મોતીની સસ્તી સસ્તામાં વેચી હતી. અમને ખબર પડતાં અમે તે માણસ ને કાયમથી બરતરફ કર્યો પણ તમે તો તે વેચાતી લીધી હતી એટલે હવે આ માળા તમારી ગણાય. પણ એક મોતી નવું ઉમેરવાજ તેના રૂા. ૨૫૦ થાય. એકુત બીબી તે માળા દુકાન દારને આપી અને તેના બદલામાં માગી લીધું કે જે બાઇને બરતરફ કર્યો છે તેને પાછો બોકરીએ રાખવો.

આ સમાચાર સાચા છે. આ બી નથી મહાત્મા ગાંધી કે નથી સંત અને નથી ને બેપારી સંત કે ગાંધી જી. પણ છતાં ધર્મ તેણે આચારી બતાવ્યો.

અંતમાં ઇસ્લામી મંત્રમાં જે ઇશ્વર પાસે સત્ય માર્ગની યાચના છે કે "હે ઇશ્વર તારી કૃપાના પાત્રોનો સાચો માર્ગ અમને બતાવ" એ નવા વર્ષે યાચના કરી આપણા મન વર્ષના નવા તોટાના સરવાળામાં નફો કરવા એક ડગ આગળ ચણીએ.

ચાળીસ વરસ પુર્વે

[૧૯૧૬ ની સાલની 'ઇન્ડિયન ઓપીનીઅન'ની ફાઇલ ઉથલાવતાં નીચેનો હેવાલ મળી આવ્યો જે કરનના હીંદીઓને જ નહિ પરંતુ સૌ ને રસીક થઇ પડશે એમ સમજી અહીં ફરી ઉતારીએ છીએ:]

એક ખબરપત્રી લખે છે કે: કરબન માં દીવાળીનો ઉત્સવ અતિશય વધુને વધુ ઉજવાતો દેખાય છે. હીંદુ બાઇઓ એ પોતાના મકાનો વાળટા, તોરણ અને દીવાલગીરીથી શણગારેલાં હતાં. જેમાં મુખ્ય એસર્સ મકનજી એન્ડ સન્સ, જે. બી. મદેતા, એમ. એમ. દોલ એ. બી. ઇ.સરજ, બી. કે. પરેખ પી. વી. સંઘવી વિ.રે હતા. આગેવાનો એ અથેનત લઇ દીવાળી ઉત્સવને માટે જાહેર ખબર કઢાડી મીટીંગ બોલાવી હતી, જે વખતે હવન વગેરે કીયા થઇ હતી, અને મીઠાઇ તથા પા સર્વને આપવામાં આવ્યાં હતાં. ડેપોરોડ વાળા મંદીરને પણ પ્રત્ન પતાકા બત્તી થી શણગારવામાં આવ્યું હતું અને રાત્રે લક્ષ્મીપુજન થયું હતું. પછી ત્યાં ની નીશાળના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનું કામ શરૂ થયું હતું. શરૂમાં વંદેમાતરમનું ગીત સામુદાય ગાવામાં આવ્યું હતું. કેટમારતરે નીશાળનો રીપોર્ટ સંભળાવ્યો હતો. તે પછી વિદ્યાર્થીઓમાં ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. કેટલીક જગ્યાએ ખુરાકી માનવાનો બાકર કેળવાયો ગેહવી સર્વ બાઇઓને સંભળાવવામાં આવતા હતા. કેટલાક નાના બાળકો પણ થયા હતા. તે દિવસે હીંદુ વેપારીઓએ બાસ દુકાનો બંધ રાખી હતી. લોકો આનંદમાં એક બીજાને ભેટતા હતા. બેસતા વરસની ખુશાલીમાં સુરત હીંદુ એસોસીએશનની તથા કાઠીયાવાડ આર્ય મંડળના વાર્ષીક ઉત્સવની બાસ મીટીંગો બોલાવવામાં આવી હતી. જેમાં સૌ બાઇઓને મીઠાઇ, ચા તથા ફરટ આપવામાં આવ્યાં હતાં. બન્ને દિવસોએ રાત્રીના પણ સારે રોશની માં આવ્યું હતું.

જોહન્સમમાં દીવાળીના તહેવારને લીધે થા. ગોપાલકાસ મંદીરમા સાંજના ૭ વાગેથી બાસપાસના શહેરોમાંથી માણસોની હાજરી જણાવા માંડી હતી. અને બહુ માણસો ભેગા થયા હતા સાંજના આનરમાટ ગોઠવામાં આવી હતી. બાદ ભજન મંડળી આવી હતી તેણે રાતના ૧ વાગતા સુધી ભજન કીરતન હારમોનીયની સાથે કર્યાં હતાં. તુલસીદાસ રામાયણના ઉત્તરકાંડમાંથી પાઠ વાંચી સંભળાવાયો હતો. મંદીર માં દીપમાળ રોશનાતી હતી. સરવે આવનાર બાઇઓને સારું ભોજન આપવામાં આવ્યું હતું.

અમારો બાસ અંક

(પ્રકાશક)

દીવાળીના અભિનંદન અને નવાં વર્ષની શુભેચ્છાઓ સાથે દીવાળીનો બાસ બાસ અંક વાચક ને ભેટ આપતાં પ્રકાશકોને ઘણોજ આનંદ થાય છે. અમે જણાવી ગયા હતા કે આ વર્ષે અમારો બાસ અંક પ્રસિદ્ધ કરવાનો અમારો ઇરાદો નથી પરંતુ વાચકો સમક્ષ રસીક અને બોધપ્રદ વાંચન મુકવાની અમે આશા રાખીએ છીએ. તેમ છતાં અમારા માહકો અને મીત્રો સમક્ષ દીવાળી અને નવાં વર્ષની અમારી બસ ભેટ તરીકે આ બહાર પાડી શકયા છીએ એ અમારો હર્ષનો સ્ટદાર, જેણે સ્વેચ્છાએ ઉત્સાહથી પરીશ્રમ ઉઠાવેલો છે, તેના સહકાર અને મદદને અને દયાળુ પ્રભુએ આપેલી સહાયતાનેજ આભારી છે. અમે આશા રાખીએ છીએ કે પ્રેમભાવથી કરેલી મહેનતનું એક પ્રતીક ગણી તેમાં જે કંઇ પણ ખામીઓ જોવામાં આવે તે વાંચકો દરગુજર કરશે. આ ઉપરાંત દેશદેશાવરના હજારો બલસારા કામોમાં 'ઇન્ડિયન ઓપિનિઅન' ની પ્રગતીમાં સહાય રસ લઇ રહ્યા છે તેમના તેમજ આ અંકમાં જે જે બાઇ બહેનોએ સેવા અને દાનો મોકલેલાં છે તેમનો પણ આભારી છીએ.

સત્યાગ્રહી કોને કહીએ?

૧૯૧૭ નીજ 'ઇન્ડિયન ઓપિ-નિયન'ની ૬૫મ ઉપસાવતાં તેમાં અનેક વસ્તુઓ છે જેમાંથી રસના ઘૂંટડા પીવા મળે છે. જે અમે એક લાજ પીએ જે કરતાં વાચકને પણ પાઈએ તો ખોટું નહિ એવી આ રહી તેમાંથી બીને એક હૃદયસ્પર્શી પ્રસંગ. ઉપલાં મથાળાં હેઠળ લેખ છપાયો છે.

"શ્રી. વલ્લભ પીરભાઇ જે હમેશાં સત્યાગ્રહીની બરદાસ કર્યા કરે છે તે સખી જણાવે છે: શ્રી મેદ જે રોજ પકડાયા તેજ રોજ તેમને ૩ કાગળ મળ્યા હતા. તે વાંચીને તુરત ચોલ્ફસરસ્ટ્રીટમાં જઇ શ્રી. મુલ્લાની દુકાન ઉપર સ્નાન કરવા બેસી ગયા અને પછી પકડાવા સારૂ ગયા. પણ કરીને શ્રી. મેદની બેન ઘણુ બચ્ચાંઓ મુકીને મુજરી ગયાં છે. જો મારી પાસે એ કાગળ આવ્યો હત તો શ્રી. મેદને હું નહિ જવા દેત. પણ બેર સત્યાગ્રહીઓને ખુશી તથા ગર્વ બેજ સરખાં છે." શ્રી. વલ્લભ પીરભાઇ જો પોતાને બદલ હત તો શ્રી. મેદને રોકત એ તેમને શોભાવનારી વાત છે. પોતાની બહેનના મરણના સમાચાર મળતાં છતાં જરાપણ રોકાઇ જવાનો વીચાર ન કરતાં પોતે કરજ સમજી જેલમાં ચાલ્યા ગયા તેમાં શ્રી. મેદે પોતે ખરા સત્યાગ્રહી છે એની વીરોચિત સાબીતી આપી છે. શ્રી. મેદ એ બહુ દુઃખ વેઠેલાં ને બરાબર ઓળખેલા સત્યા-ગ્રહીઓમાંના એક છે. તેણે જેલના દુઃખ પોતાને પોષ લીધાં છે. તેમને અમે કેટલી મુબારકબાદી આપીએ તેટલી ઓછી છે. શ્રી. મુરે-હરાજ મેદે હોમને ઉજ્વળ કરી છે. અમે અભાઇ બતાવી ગયા છીએ કે સત્યને ખાતર જે માણસ બધું ખોઇ—જીવન જવા દે, માલ જતો કરે, જમીન હરરાજ થવા દે, સગા ખોઇ, મરબાપ ખોઇ, દીકરા ખોઇ, બી ખોઇ, પોતાનો ખારો ખાન જતો કરે—તેજ સત્યાગ્રહી. આમ જે સત્યને ખાતર જતું કરે છે તે બધું મેળવે છે. પ્રહલાદે સત્યને ખાતર પોતા ના બાપના હુકમનો અનાદર કર્યો તેમાં તેણે સત્યાગ્રહ જાણ્યું એટલું જ નહિ પણ દીકરા તરીકેની પોતાની ફરજ 'બુદ્ધાં બાલથી—સત્યાગ્રહી બની પોતાનો તેમજ બાપનો, ઉદ્ધાર કર્યો. પ્રહલાદના જેવી દ્રઢતા ન હોય તેનાથી સત્યાગ્રહની ટેક છેવટ સુધી જળવાય જ નહિ.

સત્યાગ્રહનો ખરો અર્થ

"હું જોઉ છું કે મોટો ભાગને બરા વર્તે છે, બાથી સાચું નથી બોલતા. સરકારને ઉતરે છે ને પોતાને ઉતરે છે. નાનામાં નાનો અમલદાર મોટા પ્રધાનપની લાજ કુંટી શકે છે. આ સ્થિતીમાંથી મુક્તી મેળવવી એ "બધા આગેવાનોનો ધર્મ સમજું છું. અમલ-દાર વર્ગ પ્રજાને સાંઇતા નથી. પોતાના કામને બરી દ્રષ્ટિએ જુએ છે. તેની સામે તજ બવાય એમ તેઓ માને છે. આ ભાન્યતામાંથી તેઓને મુક્ત કરવામાં તેઓનો સેવા છે અને તેથી રાજ્યની સેવા છે. એટલે જ્યાં ત્યાં લોકોને બાથી અન્યાયને વશ થતા જોઉ છું ત્યાં ત્યાં લોકોને સલાહ આપું છું કે જબરીથી મુકાયેલા દુઃખોમાંથી છુટવાનો રસ્તો સાનપુર્વક દુઃખ વેઠવું એ છે. આ સત્યાગ્રહ છે. દુઃખોમાંથી છુટવાને દુઃખદેવું એ દુરાગ્રહ છે, પશુ બળ છે. બળદને દુઃખ બાપ ત્યારે તે લાત કે પાડુ મારે છે. મનુષ્યને દુઃખ બાપ ત્યારે તેણે આત્મ બળ વાપરી. દુઃખનું નીવારણ કરતાં દુઃખ વહોરી લેવું."

ચુડી ને ચાંદલો

(રચનાર: કુમારી દ્રૌપદી તથા કુમારી રૂક્ષ્મણી લક્ષ્મણ)

મારી આંખ પાસે માણુ અમર રાખજે 'મા'
મારો ચુડી ને ચાંદલો.
હું લગીને પાયે લાણું અમર રાખજે 'મા'
મારો ચુડી ને ચાંદલો...મારી.
સુરજ ચાંદલીયો તારા, એ તારા તેજ કુવારા
એ અજવાળે કાયમ, અમર રાખજે 'મા'
મારો ચુડી ને ચાંદલો...મારી.
કુમ કુમ પગલે પધરાવું, છુમ છુમ નાચું હું ગાવું
આતમ આસન બીછાવું, અમર રાખજે 'મા'
મારો ચુડીને ચાંદલો...મારી.
તું આદી અનાદી શક્તિ, સર્જન પાલન તું મુક્તિ
હે ભક્તિમાં આસક્તિ, અમર રાખજે 'મા'
મારો ચુડી ને ચાંદલો...મારી.
'મા' તુજ પાસે માણું, ને સારે હું શું આપુ,
શોહાગ આપ માણુ છું, અમર રાખજે 'મા'
મારો ચુડી ને ચાંદલો...મારી.

ગાંધીજીનાં વચનામૃત

નિરબ્રહ્મ કે બલરામ

"આશ્રમમાં એક ભજન ગવાય છે તેની પહેલી લીટી છે: "નિર્બલ કે બલ રામ." માણસ બલિષ્ઠાની બધને ઇશ્વરની સહાયતા નથી માંગી શકતો પણ પોતાનું દીનપણું સ્વિકારી તેજ માંગી શકે છે. આપણે કેટલાં તુચ્છ છીએ. કેવળ સ્વાર્થથી ભરેલા છીએ, કેવા વીકારો આપણને ગુલામ કરે છે."

સંસાર કેવો છે

"આ સંસાર કેવો છે તેનો ખ્યાલ તમને આવી ગયો છે કે કેમ એ હું બધતો નથી. પણ મને તો ક્ષણે ક્ષણે તેનું સુક્ષ્મ દર્શન થયાં કરે છે. અને જે પ્રમાણે તેને ઝાંખીમુનીએ એ ગાયો છે તેવો તાદ્રશ હું જોઉ છું. અને તે એટલી સુક્ષ્મતાથી કું જોઉ છું કે મને એમાં જરાયે રસ આવતો નથી. શરીર છે ત્યાં સુધી પ્રવૃત્તિ તો હોય જ, એટલે શુદ્ધમાં શુદ્ધ પ્રવૃત્તિ માં રહી શકાય તેને સારૂ જોયલો સંયમ પાળવામાં અને આનંદની લહેરોજ આવે છે એમ કહેવામાં જરા પણ અતીશયોક્તિ નથી. આ વાત જેટલે દરજ્જે સમજી શકાય અને તેનો અમલ થઇ શકે તેટલે દરજ્જે માણસ ખરું સુખ મેળવી શકે છે."

* * *

સમાજમાં જવાબદારી વીરલ આવે છે એમ માનવાનું કારણ નથી. સમાજની બહાર રહીને પણ તે બળ આપણે કેળવી શકીએ છીએ. સમાજ એ બધા સાધનોમાંનું એક બળવાન સાધન છે પણ જેનું એ બળવાન છે તેનું કેવીલ પણ છે નિર્દોષ રીતે આપણે નાશ બની શકીએ છીએ. શરીર સાથે જે યુદ્ધ થઇ રહ્યાં છે તેમાંથી બ્રહ્માંડ અનાત્મા સાથે જે યુદ્ધ કરવાનું છે તે કરવાની શક્તિ આપણે પ્રાપ્ત કરી શકીએ તો તેમાંથી વીરતા આવે છે."

* * *

"જેમ આપણે કોદાળીઓના સાથે કામ કરીએ છીએ તેમ આપણી સાથે કોઇ બહા બ્યક્તિ કેમ જાણે કામ કરતો ન હોય એમ લાગે છે. એક પોળાની ઉપર કરતી કોદાળીઓ કેટલી નાની છે એના કરતાં પ્રમાણમાં આ પોળા ઉપર આપણે બહુ બધારે નાના લાગીએ અને કોદાળીઓની જેમ આપણે પણ ખસ્યા કરીએ છીએ. કામ કરીએ છીએ. આનંદ વીચારો આવતાં છતાં આપણાં કર્તવ્ય વીષે મને એક શબ્દ બદલ પણ શંકા આવતી નથી. આપણે પ્રવૃત્તિ રહીત રહી શકતા નથી એટલે આપણું કર્તવ્ય યાદગાર્થે વૃત્તિ અરે જ હોય શકે એવી પ્રવૃત્તિ કરનાર માણસ પરમ શાંતી અનુભવી શકે છે."

* * *

"મોટે ભાગે આપણે બૂંદાની સાથે બૂંડા બધીએ છીએ; તેથી અનીષ્ટ નીંદામણની બાદ્દ બધ્યા કરે છે. આપણે માટે અસલ કામદો તો 'અનિષ્ટ તેનો વીરોધ અનીષ્ટથી ન કરો' એ છે. આ દુનીયામાં આપણે બે વૃત્તિઓ સાથે આવીએ છીએ. એક પશુની અને બીજી મનુષ્યની અથવા આસુરી અને દૈવની. દૈવી વૃત્તિ એ આસુરી વૃત્તિ ઉપર સતત વીજય મેળવવાનો છે."

* * *

"હીંદુસ્તાન પોતાની રાષ્ટ્રીય સ્વરૂપતા અને શાંતી પાછી મેળવશે ત્યારે આ મોકો જરૂર ભૂતકાળની વસ્તુ બની રહેશે. તે વખતે આપણી રાણીઓ પહેલાં જેમ કરતી તેમ ઉંચા આંકડું બારીકમાં બારીક સુતર કાંતતી થઇ જશે."

* * *

"સામાન્ય વસ્તુ સમજની સાથે ચાલવાની ટેવ છે. પણ આપણે તો સતત આપણી સામેની વસ્તુઓને તપાસતા અને એમાંથી પસંદ કરતા રહેવાનું છે. આપણે હમેશાં સમજના વર્તુળમાં જ તપાસવું. આપણે તો અણીબ્બની આઝાદી કરવી જોઇએ. માણસ જો જોઇજાન હોય તો દોડવા દોડતો પણ જોખ શકે એમ છે કે ભવીષ્ય હાથ ઉઘોગોનું છે. કોઇ પણ રીતે બહેનોને કાંતવા વણવાનું પ્રોત્સાહન આપશો. તેથી તમે કંઇ ગુમાવવાના નથી. નાગાને ઢાંકવામાં તેઓ મદદરૂપ થશે."

* * *

"આ સંધ્યાના કાળમાં છીએ. અને અંતે રાત્રી આવશે કે અરુણોદય થશે તેની કોઇને ખબર નથી. અરુણોદય ત્યારેજ જોશો કે જો તમે સત્યને પળગી રહી, દેશ સમક્ષ સત્યને મુકશો અને સત્યને માટે ગમે તેટલા ભોગ આપશો."

* * *

"પૈસાના ભુખ્યા કરતાં માનનો ભૂખ્યો માણસ વધારે કુટતા કરે છે, પ્રજાને વધારે નુકસાનકારક છે."

* * *

"અહીંસા કોને કહેવાય? જે હીંસા કરી નથી જાણતો તે અહીંસા શું પાળશે? મુંગે ગૌરવની ખુબી શું સમજશે!"

* * *

"બાંધણ ન પડવાને સારૂ સંયમની જરૂર છે. પુરતી કસરત ને જોઇએ તેટલોજ ખોરાક—એ બે વાત બળવી એ તો તબીયત બગડવીજ ન જોઇએ."

'ઇન્ડિઅન ઓપિનિઅન' આસામ સંકટ નીવારણ ફંડ

આ ફંડમાં મળેલી બધુ રકમોની પીંજત પીંજતવાર રજીસ્ટર સંકોચને લીધે આ અંકમાં આપી શકાતા નથી. તેનો કુલ સરવાળો અહીં આપીએ છીએ. પીંજતવાર લીસ્ટ આવતા અંકમાં જાહેર થશે.

	પા.	શી.	પે.
આગલા અંકમાં સિત્તેરાંક આવેલી રકમ	૧૨૭	૬	૦
મિસ્ટર સંડન શી. ડાલાખાડ પ્લી. પોલ તરફથી ઉઘરાવાયેલી રકમ	૧૨૬	૩	૬
વસુમકરીબાઈ શેનોનો ફાળો—મસ્તે સી કંમલચેન મોરેશિયા.	૧૧૫	૬	૦
બાકી રહેલી આવેલી રકમો	૩૧	૮	૦
બાળકોનો ફાળો જેની પીંજત નીચે આપીએ છીએ	૪	૧	૦
કુલ	૪૦૪	૪	૬

બાળકોનું આસામ ફંડ

બાળકોને અમે વીનંતી કરી હતી તેના જવાબમાં નીચેના બાળકોએ પોતાનો ફાળો મોકલ્યો છે.

	પા.	શી.	પે.
બે બાળકો (બે નાની બેનો) (ટુટાકડા જતા કરી)	૧	૦	૦
કુમારી મણી મારણ લાલા (સ્ટીઅર રેનેક ટ્રાંસવાલ) (મીઠાઈ વેચાતી લેવાનું જતું કરી)	૧	૧	૦
ભગવતી કાલાભાઈ (જોહાનિ.)	૧	૦	૦
હસીના વસનજી નરસીજી (વાર્ધનખર્ડ કેમરહાઉન) (ટ્રામકડાની શી. ૧૰ અને પોતાની બચત)	૧	૦	૦
કુલ	૪	૧	૦

ગાંધીજીનાં વચનામૃત

તમે પોતે ઉપર કહો તે બાબત પાળો, પણ પોતાને તો હદ, હદ અને સ્વચ્છ રાખજો. પોતે તે તમારું શરીર છે, ચારિત્ર છે, ભાત તો તમે ચીવાની—મણીપત્ત, બારા, ચીવાનની પાડી શકો છો. પણ પોતને શુદ્ધ રાખવામાં એ કશું કામ ન આવે. પોતાને તમે તમારા સંયમથી, સદ્‌વીચારથી, સત્યમયી અને સદ્‌વાચનથી જ પાકું રાખી શકો.

* * *

જો કોઈ બળતે બહલે આત્મબળને, ઓહલે કે પ્રેમબળને લોકપ્રિય કરી શકવામાં હું અકાલ થાઉ તો હું બતાવું છું કે હું હીંદુસ્તાનને એવું બનાવી શકું જે, આખા જગતની તેની ઉપર કરવી નજર થાય તો તેની સામે પણ જુવી શકે. તેવી કરકમેલ કષ્ટ સહન કરવાનો આ સનાતન નીયમ મારા જીવનમાં વણવાને હું મારા આત્માને કરવા કરીશ, અને જે નીયમનો સ્વીકાર કરવા બીજાઓને નોતર્યા કરીશ. બીજી કોઈ પ્રવૃત્તિમાં હું ભાગ લેતો દેખાઉ, તો તેનો હેતુ પણ આજ સનાતન નીયમની અધિકાધિક પ્રેરણા કરવાનો છે.

* * *

જગતમાં કોઈ પારકાને સુધારી શકતું જ નથી. બધો સુધારવાનું છે. બળવા થઈ જાઓ, ઓહલે બળવા રહીને જ તમે પ્રભાવ પાડો. બધુક વાળો તો તમારી સામે કડી નજર રાખી રહો. તમારી બાજણ બધુક ગણવી. કે વસ્તુઓ વીષે જોવાતાં સામો માણસ કામાય ત્યારેજ તમારો પ્રભાવ પડયો કહેવાય. બતીજ શુદ્ધ વાતાવરણમાં જ રહેવાં શીખો.

* * *

પોતાને જોવાલીજ સુધારો કરવાનો! બીજાને નહિ કરવાની બાબત સુધારકોને રેવ પડી જાય છે. હવે આપણી બાજણીજ કરવાં આપણને મુશ્કેલી આવે છે.

છાપનારાઓનો માલાપપર હક

જોકરાંઓનો માલાપ ઉપર બારે હક છે. તેની માલાપની પાસે હમેશાં દીન કરાયાં રહે છે. માલાપની મુલ તેઓને ચીમલાવી દે છે. આપણા લોકોએ માલાપને પરમેશ્વરની ઉપમા આપી છે. એની બબાબારી ઉંચ્ચા હો એમાં માલાપ દુનિયામાં હલન બન્નતાં નથી. માલાપનો અતિ રસુલ તાંતો બારકો ઉકરાંઓમાં ઉતરે છે. અને એમ ઉતરોતર સ્વાર્થબ્ધ ઉદ્‌ગિરો ઉત્પન્ન થયા કરે છે.

શુદ્ધ ધર્મ અને કુદી ધર્મ

"શુદ્ધ ધર્મ અબલીત છે. કુદી ધર્મ લાંબે કરીને બારણાં રહો છે. મનુસ્મૃતી માં કહેલાં કરકાંક વચનો પ્રમાણે બતારે બાપણે ચાલીએ તેા કેવા બનીતી થાય."

'ઇન્ડીઅન ઓપિનિઅન'ના ગ્રાહકોને અપીલ

આ બાજ અંક ગ્રાહકો સમક્ષ રજુ કરતાં અમને બારી ચૌદ બધું થયો છે. ગ્રાહકોને તે પસંદ પડશે જ અવી અમારી પાકી છે. તો અમારાં આ સાહસની કદર કરી કું કેમેા. પોતાના બરેલાં લવા બધો વખત ઠીક કરવે મોકલી નહિ આપેા અને તે માટે બે દરેક ગ્રાહક આ અંકની પુરક નકલની અમે જે કી. ૧ કીંમત રાખી છે તે મોકલી આપવા કૃપા કરે તો અમારી ઉપરનો આર્થિક બોજો તેટલા બધો હળવો કરશો.

આ મેળમાં આવેલાં અખારો તથા પુસ્તકો

મારી કાયદા હવા રાજેન્દ્ર પ્રસાદ	૧	૦	૦
દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો ઇતીહાસ	૩	૧	
મારી કાયદા હવા જવાહરલાલજી	૧૫	૦	
મહાદેવ દેસાઇની ડાયરી ભાગ પહેલો	૧૦	૦	
,, બીજો	૧૨	૦	
,, ત્રીજો	૧૧	૧	
,, ચેાથો	૮	૬	
મહાદેવ દેસાઇનું પુર્ણચરીત્ર	૨	૪	
સરદારના ભાષણોનો સંગ્રહ	૧૨	૦	
કેળવણીનો પીનાલ કી. ૬. મ.	૪	૦	
ગાંધીજીની સક્ષિપ્ત આત્મ કથા	૨	૬	
બાપાની કેળવણી (ગાંધીજી)	૪	૦	
બ્રમતા તકેદારો કાકાસાહેબ	૪	૧	
મેારો મેારણી ટ્રેન	૧	૨	૦

ભુલ સુધારો

અમારા તા. ૧૩-૧૦-૭૦ ના 'ઇન્ડીઅન ઓપીનીઅન'ના અંકમાં ભુલ થી મેલ બધાયું હતું કે "નેતાંદ્ર રેડેકીયા ઇન્ડીઅન એસેાસીએશન ગુમસતા મંડળ લોની છે." બાબાં બે જુદી સંસ્થાઓના હેદારોનો ગુમરાહ મેલ થઈ ગયેા છે. ગુમસતા મંડળ છે તે સંસ્થા નોર્થન રિડેકીયા ઇન્ડીઅન એસોસીએશનથી ફુલીજન છે. અમારે ઉપરની સંસ્થા બાબતે માટે દિલગીરી છે. આલ્ફ્રેડ ડુંબ નોર્થન રેડેકીયા ઇન્ડીઅન એસોસીએશન ઉમરાવી રહી છે.

નૂતન વર્ષ !

(રચનારઃ પ્રભુશંકર ભિખુલાલ પરમાર ગુમસતો)

વસંતતિલકા છંદ

■ ઉંચા નભ પટે પ્રભાત રહ્યું,
સોહે કુમકું રંગથી અભિરામ ઘણા.
નિઃસીમ શાન્તિ અવનિ અભિષેક કીરણે,
કેલાસ ને ગહન શહિત અરેજ હરે.
આવે રવિ ગીરણના અંધારાને લે,
આવે અભિનવ હો પ્રભાતો પ્રભાતે,
બધુત્વ ભાનહરે વહ્યે સદાયે,
પામુ પ્રમોદ તુજને ચુમિ મુકત આજે.

કેન્દ્રોના ગ્રાહકોઃ—
તુરેર થી રાજ નં ૧...../૨/૬
તુરેર થી રાજ નં ૨...../૨/૬
બેરકેસઃ ૨૬૬ ચિકરેલીયા મકીટ, ડાલાખ ફ્રેલ: ૧૪૮૧૬
આલ્ફ્રે...રી. ૨-૬ રેલ
મેમ...રી. ૨-૧ રેલ
તુરેર...રી. ૨-૩ રેલ
વ્હા...રી. ૨-૬ રેલ
આલ્ફ્રે..... ૪ પેની રેલ
મેમ..... ૨૬ પેની રેલ
તુરેર..... ૪ પેની રેલ
વાહની રાજ...રી. ૨-૬ રેલ
વ્હા રાજ...રી. ૨-૩ રેલ
આગ રાજ...રી. ૨-૩ રેલ
મેમ રાજ નં ૧...રી. ૨-૬ રેલ
મેમ રાજ નં ૨...રી. ૨-૬ રેલ
મકાર્ડ મોકિના
ઉમરા...રી. ૩૭
મોલ મોકિના
ઉમરા...રી. ૨૨-૬
પરશુ નારણજી એન્ડ કું. (પી) લીમીટેડ
૧૨૦૦ની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.
અને તાજે રેલ માલું આમદનીકાર મોકે: રી. ૨-૬ પાર

દીવાળી કે હોળી ?

ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢાળા ને ઢોળા!
પાડોશીએ પકવાન બનાવ્યાં,
    બાપજી દુઃખ ને ધી,
હું પકવાન કર્યાંથી બનાવું,
    ના મળે ઓસડ ધી ?
ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢોળા ને ઢોળા!
ઠેર ઠેર દીવડા ચેત્યા,
    સઘળે ઝગમગાટ;
આવા નથી મારે તેલ સગારે,
    દીની બનાવું વાટ ?
ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢોળા ને ઢોળા!
રંગ બેરંગી ભીતો રંગાવી,
    આંગણે પાડી ભાત;
કુંપડી મારી ઢંગ વિનાની,
    દીવસ ને સમરાત.
ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢોળા ને ઢોળા!
અંગ અલંકાર દીપતાં રહે,
    મુખડાં સૌ ભલકાય;
અંગપર પટકુળ ના મારે,
    ઝોકરાં સૌ કરમાય:
ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢોળા ને ઢોળા!
દીકરા મારા દેખી ધરાયે,
    રહે સંતોષી સદાય;
સુખ ન ભળે દુઃખ ના ભળે,
    આવી મળે તે ખાય.
ઘેર ઘેર આવી દીવાળી,
    મારે રહી ઢોળા ને ઢોળા.

અ.

મીત્રો અને હીતેચ્છુઓને મોર્ડન સીલ્ક ઈમ્પોરીયમ

નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે.

મી. મોર્ડન સીલ્ક ઇમ્પોરીયમ
(સી. એલ. પટેલ)
બોક્સ ૧૭૭
ન્ડોલા. નોર્થ. રોડેશીયા.

વેચવાના પુસ્તકો

અદ્ભુત ભારત ચિત્ર-આલબમ	૭ ૬
અજન્તા કલા મંદિર ચિત્ર આલબમ	૫ ૬
ચિત્રકાર રવિશંકર પરીખ કૃત ચીત્ર સાધના	૫ ૦
સુંદર ચીત્ર સંગ્રહ તમારા ઘરને ચિત્રોથી સણગારો હોલના પ્રબન્ધ	
ચિત્રકારોના ૩૦ ચિત્રના સંગ્રહની કીમત	૯ ૦
મળવાનું ઠેકાણું આ ઓફીસ	



B. I. S. N. Co. Ltd.

Announce the re-introduction of direct calls at Karachi. S.S. Kampala sails from Lourenco Marques on Dec. 12.

Passengers must conform with the Vaccination and Yellow Fever innoculation requirements and obtain certificates from their nearest District Surgeon. Innoculation by and certificates from private Medical Practitioners will not be accepted.

FARES : DURBAN TO BOMBAY

First Class	single	without	food	£66—0—0
Second "	"	"	"	45—0—0
Inter-Class	"	"	"	30—0—0
Unberthed (Deck)	without	food		18—15—0

Muslim Special Food £10—17—6 Ordinary Food £4—15—0
Hindu Special Food £10—0—0 Ordinary Food £4—2—0

Bookings for 1st, 2nd, Inter-Class and Unberthed (Deck) can be effected by communication with us by telegram or letters.

For further particulars apply to—

SHAIK HIMED & SONS [PTY] LTD.

390 PINE STREET, P.O. Box 20432, DURBAN.
Note:—Emergency Phone: 63624

ફરનીચર! ફરનીચર! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઈનીંગરૂમ સુટ, ચેસ્ટવીથ, કોચેઝ ચેસ્ટ ઓફ ડ્રોઅર્સ ડેસ્ક, બુક કેસ, ટેબલ, તથા બીજાના આવે બનીને તૈયાર રહેશે. અને પધારી લાભ લેવા ચુકશો નહિ.

—બોકસ, ટેબલ અને કીચન ટ્રેસર—

જે કમાની ઇમરેન્સ નીચે તઈયાર થાય છે. તેનો રસોઇ હમેશ તઈયાર રહે છે. માત્ર ૧૦ દા. આપેના ઓર્ડર લીધે મંગાવો અને વેપાર આબાદ બનાવો.

L. MISTRY

51 BREE STREET, BURGERSDORP. J'BURG
PHONE 33-4691. BOX 2525.

ચોખ્ખું મધ

ચાલતી સીઝનનું ઓરેંજના ફુલનું મધ અમારે ત્યાં આવતું રહ્યું છે. એ મધ આપણા દેશમાં તેમજ બીજા દેશોમાં પણ વખણાએલું છે. મંગાવી ખાત્રી કરવા ભલામણ કરીશું.

ભાવના ભાવો :

૧ રતલ શી. ૬—૬ ૨½ રતલ શી. ૧—૬.

ઓર્ડર સાથે પૈસા મોકલવા ભલામણ કરીશું.

ઓર્ડરેસ :

M. I. Gardee & Sons (Pty) Ltd.


P. O. Box 21,
White River Station, E. Transvaal.

OFFICIALS OF THE NATAL INDIAN CANE GROWERS ASSOCIATION
(1942)



TOP ROW: Left to Right: C. R. Moonsamy, G. R. Beljanahan, S. R. Maharaj, John Bodasingh, V. Subban, S. R. Joshua, M. Appalraju.
MIDDLE ROW: M. K. Govender, Shaikh Mohideen, G. Ramlakan, P. R. Singh, H. Bodasingh, M. Ramlakan, N. P. Naidoo, J. B. Stephens.
SEATED: S. V. Naidoo (Vice-President), S. Rangsingh (Vice-President), Advocate A. Christopher (Legal Adviser), D. D. Lalla (Secretary), N. Bodasingh (President), T. P. Sam, (Treasurer), S. Ramportal (Vice-President), R. Pacmeswar (Vice-President), S. Ramgobin (Vice-President.)

OFFICIALS OF THE NATAL INDIAN CANE GROWERS ASSOCIATION
(1948-1949)



TOP ROW: Left to Right: S. Maiboo, S. Bala, R. Ramlakan, S. Pillay, H. Ramharan, A. N. Maharaj
MIDDLE ROW: K. Parai, S. Valoo, S. R. Maharaj, John P. Lutchmansingh, M. K. Govender, P. R. Singh, H. Makhansingh, M. Yusuf, J. B. Stephens.
SEATED: S. Ramportai (Vice-President), S. V Naidoo (Vice-President), A. Christopher (Legal Adviser), H. Bodasingh (President), D. D. Lalla (Secretary), T. P. Sam (Treasurer), S. Ramgobin (Vice-President).

અહિંસા ધર્મિથી હિંસા કેમ ઉપદેશી શકાય?

ગાંધીજીએ જ્યારે અરજીમાં પોતાનું નામ આપ્યું હતું અને અરજીનું કામ પણ પોતે કરવા બહાર પડ્યા હતા, ત્યારે ઉપરોક્ત પ્રશ્ન પણ ઉપસ્થિત થયો તેના જવાબમાં ગાંધીજીએ લખ્યું હતું:

મારું નામ જે અરજદાર અરજીમાં આપ્યું તે વખતે... જણાવ્યું હતું કે હું દુશ્મનને કે મિત્રને ક્રોધને મારવાનો નથી. પણ જે લોકોને કાયદાનો ભય નથી, પણ, હતો કાયરતાને લીધે હતો, અંગ્રેજો પ્રત્યેના દ્વેષને લીધે લડવા તૈયાર થતા નથી તેમના પ્રત્યે મારી શી ફરજ છે? તેમને મારે એમ ન કહેવું જોઈએ, "મારો માર્ગ તમે સ્વિકારો તો એ બહુ સારી વાત છે પણ મારો માર્ગ ન સ્વિકારતા હો તો તમારે તમારું કાયરપણું અથવા દ્વેષ જે હોય તે છોડી દેવાં જોઈએ અને લડવું જોઈએ?" જે માણસ મારવાની શક્તિ ધરાવતો નથી તેને તમે અહિંસા શીખવી શકો નહિ. મુંગા માણસને મૌનની ખુબી અને મૌનના લાભ તમે સમજાવી શકો નહિ. જો કે હું જાણું છું કે મૌન એ ઉત્તમ વસ્તુ છે છતાં મુંગા માણસને વાચા મળે તે માટે જે ઉપાય લેવા પડે તે લેતાં મારે અચકાવું જોઈએ નહિ. હું તો રાજ્યતંત્ર માત્રમાં માનતો નથી. પણ બનસ્પી રાજ્ય હોય તેના કરતાં કદાચ પાર્લામેન્ટરી રાજ્ય વધારે સારું હોય. હોંસિક (સરકારી) માણસોને તેમની હોંસા ખોળામાં ખોળી નુકસાનકારક રીતે કરવાનું શીખવીને, તે શીખવવાની ક્રિયામાં જ અહિંસાના સદ્ગુણ સમજાવવા માં કદાચ હું સફળ થાઉં. આ રીતે જ અહિંસા અથવા સત્યાગ્રહના સિદ્ધાંત નો હું વધારે સારી રીતે પ્રચાર કરી શકું.

* * *

...તમે કહો છો કે "હોંદીઓએ જેમ ખાતી તરીકે ભૂતકાળમાં પુરા જ્ઞાનપૂર્વક હોંસાનો ત્યાગ કર્યો હતો અને જ્ઞાનપૂર્વક માનવતાના પક્ષે ઉભા રહેવાનું પસંદ કર્યું હતું." આ વસ્તુ શું ઐતિહાસીક દ્રષ્ટિએ સારી છે? અને તો ૨૬ ભારતમાં કે રામાયણમાં અથવા તો મારા પ્રિય તુલસીદાસમાં, જે આધ્યાત્મિક દ્રષ્ટિએ વાલ્મીકી કરતાં ઘણું ચડી જાય એવું છે, તે કથામાં આ વસ્તુનાં નામનીશાન જણાતાં નથી. અત્યારે હું આ મન્થનોના આધ્યાત્મિક અર્થોનો વીચાર કરતો નથી. જેમાં અનાદીકાળ પુરાણોને જરૂર બોહીતરસ્યા, મેરથી ભરેલા અને દુશ્મન પ્રત્યે દયાહીન જોવા વર્ણવ્યા છે. દુશ્મનનો પરાજય કરવા માટે તેમણે યુક્તિ પ્રયુક્તિઓનો પણ આશ્રય લીધો છે. એ મંથનમાં યુધ્ધોના વર્ણનો અત્યાર કરતાં ઓછાં અલંકારપૂર્ણ નથી. માનવી કલ્પના કરી શકે એવા વીનાશનાં સમર્થ શસ્ત્રોથી યોદ્ધાઓને સજ્જ કરેલા છે. રામની કીર્તી ગાવાને તુલસીદાસે જે પહેલું ભજન બનાવ્યું છે તેમાં દુશ્મનનો નાશ કરવાની તેમની શક્તિને પ્રથમ સ્થાન આપ્યું છે. સાર પછી મુસલમાન કાળ બેઠા. તે કાળમાં હોંદુ ઓ મુસલમાનો કરતાં સત્યને માટે ઓછા તત્પર નહોતા. માત્ર તેઓ સંગઠીત નહોતા. શરીરે પણ કાંઈક નબળા પડયા હતા અને અંદર અંદર ના કલહથી જીવનભિત્ત થઇ ગયા હતા. આ સ્થીતીને લીધે તમે જે ત્યાગનું આરોપણ કરો છો એવો ત્યાગ કરવા નું મનુસ્મૃતીમાં કહ્યું નથી. ભૂતમાત્ર પ્રત્યે દયાના સીદ્ધાંત તરીકે બૌદ્ધ ધર્મ નો વીચાર કરીએ તો તે પુરેપુરો નીષ્ફળ નીવડયો છે. દંતકથાઓ જો સાચી હોય તો મહાન શંકરાચાર્યે હીંદુસ્તાનમાંથી બૌદ્ધ ધર્મને હાંકી કાઢવા માટે અત્યપૂર્ણ યાતનાપણું વાપરતાં આંચકો આણ્યો નહોતો, અને તે સફળ થયા! પછીનો ઈતીહાસ કાળ લો, પ્રજાનું કરજ્જાત નિઃશસ્ત્રી કરણ થયું છે પણ હિંસામાંથી મારવાની ઈચ્છા જરાય ગઇ નથી. જમ્બોમાં પણ આ સીદ્ધાંત તદ્દન નીષ્ફળ નીવડયો છે. એ લોકોમાં જોઈને દેખીને ડરવાનો વહેમ ભારે છે. પણ દુશ્મનના જાન માટે કોઇ પણ હુરોપીયનના જોરથી ઓછી પરવા તેને છે. મારા કહેવાનો અર્થ એ છે કે દુશ્મનના વીનાશથી આ પ્રથ્વી ઉપરના ખીજ ક્રોધ લોકોને જેટલો આનંદ થાય તેટલો જ જમ્બોને પણ થાય. હીંદુસ્તાનને માટે વધારે માં વધારે કહી શકાય તો તે એટલુજ કે અહીં કેટલીક વ્યક્તિઓએ ખીજ દ્વેષ કરતાં અહિંસાના સીદ્ધાંતને જોર પ્રિય બનાવવા માટે વધારે વધારે પ્રયાસો પણ સફળતા સાથે કર્યા છે. પણ તે ઉપરથી એવો મત બાંધવાને કારણ નથી કે લોકોમાં અહિંસાના સીદ્ધાંતે ઉંડાં મુળ પકડ્યા છે.

* * *

બીજું તમે કહો છો કે "મારો મુદ્દો એ છે કે અહિંસા એ હોંદીઓની, જેની એમને અસર ન હોય એવી, એક વૃત્તિ થઇ ગઇ છે, જે ક્રોધ પણ વખતે જાગ્રત કરી શકાય, જેમ તમારા દાખલામાં તમે કરી બતાવ્યું છે તેમ" હું કબુલ કરું છું કે આ સાચું હોય પણ હું જોઉં છું કે મેં કર્યું કરી બતાવ્યું નથી. આફ્રીકામાં જ્યારે મીત્રોએ કહ્યું કે 'પેસીવ રીઝીસ્ટન્સ' હોંદી લોકો નબળાના હથીયાર તરીકે ઉપાડયું છે ત્યારે હું એને અત્યારે જરાયે ચલુતો હતો અને તેમના પ્રત્યે હસતો હતો. પણ એમ કહેનારા સાચા હતા અને હું ખોટો હતો. મારા ઝોકલાને લીધે અને બીજા મોટા સાથીઓને લીધે એમ કહી શકાય કે તે સમયનું હથીયાર હતું અને સત્યાગ્રહ તરીકે વર્ણવી શકાય એમ હતું. પણ મોટા ભાગના લોકો માટે તો ■ કેવળ શુદ્ધ 'પેસીવ રીઝીસ્ટન્સ' હતું. એનો આશ્રય તેમણે જેટલાજ માટે લીધો હતો કારણ હોંસાનો માર્ગ લેવાની તેમનામાં તાકાત નહોતી. આ શોધનો અનુભવ મને બોઅરમાં વારંવાર થયો. અહીંના લોકો પ્રમાણે માં વધારે મુક્ત હોવાથી મારી સાથે કહેતા સહકાર રાખ્યા વીના વાત કરે છે અને મને સાફ કહે છે કે આ ઉપાય તેમણે જેટલાજ માટે સ્વીકાર્યો છે કે બીજો માર્ગ અખત્યાર કરવાની તેમના માં તાકાત નથી. એ બીજા માર્ગને મારા કરતાં તેઓ ઘણો વધારે અહાદુરીભર્યો ગણે છે. મને ખબર છે કે ઝંઝીબારના લોકો અથવા તો બોઅરના લોકો નીર્બળપણે હાંસીને માટે ચડી જાય નહિ. અથવા તો ઝોળીઓની સામે ઉભા રહી શકે નહિ. અને જેટલા જોખમની સામે એમ પણ કહી શકે નહિ કે અમે ગણેસુધ નહિ કરીએ અથવા તો તમારે માટે કામ નહિ કરીએ. એ વસ્તુ એમનામાં અને દેખાઇજ નથી. જેટલે મારી ઇચ્છા એ છે કે જ્યાં સુધી પોતાનું રક્ષણ કરવાની તાકાત તેમનામાં નથી ત્યાં સુધી તેમણે નબળી વૃત્તિ તેઓ જેળવી શકશે નહિ. અહીંસાનો પાઠ તો એ માણસે આપવાનો છે જેનું જીવન જુરસાથી તરબરતું હોય અને જે પોતાના વીરોધીની સામે છાતી કાઢીને ટટ્ટાર ઉભો રહી શકે એમ દેખે. મને લાગે છે કે અહીંસા પુરેપુરી સમજવા માટે અને બરાબર પચાવવા માટે શારીરીક કેળવણીનો પુરો વીકાસ થવો જોઇએ. દોષો એ અનીવાર્ય છે.

* * *

હું તમારી સાથે સંમત નથી થતો કે હીંદુસ્તાન પોતાના નૈતિક બળથી પશ્ચીમમાંથી અથવા તો પુર્વમાંથી, ઉત્તરમાંથી અથવા તો દક્ષિણમાંથી અમે જોઇશું ત્યારે. ઉતરી આવે તેમને પોતાના કીનારા ઉપરથી પાછા હઠાવી શકે. સવાલ એ છે કે આવું નૈતિક બળ એ શી રીતે બીલ્વી શકે? આ નૈતિક બળના બહેતા સીદ્ધાંતો પણ એ સમજી શકે તે પહેલાં એવો શરીર બળવાન બનવું જોઇશે ખરું? આજે કરોડો માણસો દરોજ પ્રાતઃકાલે જન્મનિર્બંધતાના નામની આ પ્રમાણે ટેકડી કરે છે.

તદ્ અહં નીષ્કલમહં ન મે દુઃખ સંભવઃ

એ નીષ્કલ બ્રહ્મ હું છું, પંચમહાભૂત થી બનેલો આ દેહ તે હું નથી.

પ્રાતઃ સ્મારામી હૃદિ સંસ્ફુરદાત્મતત્વમ્

હું દરોજ સવારે મારા હૃદયમાં રહેલા આત્મતત્વનું સ્મરણ કરું છું.

વાચો વિભાન્તિ નિખીલા યદનુગ્રહેણ યન્નેતિ નેતિ વચનૈ નિગમા અવોચુઃ

જેના અનુગ્રહથી તમારા પ્રકારની વાણી પ્રગટ થાય છે, વેદ પણ જેનું વર્ણન નેતિ નેતિ કહીને કરે છે.

હું કહું છું કે ઉપરના શ્લોકો બોલવા માં જન્મનિર્બંધતાની આપણે ટેકડી કરી એ છીએ. કારણ તેના બધ્ય અર્થનો કયો વીચાર કર્યા વીના પોપટની માફક એ રટી જઇએ છીએ. આ શ્લોકમાં જે રહેલું છે તેના પુરા અર્થ નો ખ્યાલ પણ હોંદીને સાક્ષાત્કાર થાય તો હોંદ ઉપર ચડી બેસતા બળવાન માં બળવાન શસ્ત્રરને હઠાવવા માટે તે એકલો પુરતો થાય. પણ આપણામાં એ તાકાત આજે નથી અને જ્યાં સુધી દેશમાં સ્વતંત્રતા અને નીર્ભયતા નું વાતાવરણ ન વ્યાપે ત્યાં સુધી એ આવી શકવાની નથી. સવાલ એ છે કે એ વાતાવરણ કઈ રીતે ઉત્પન્ન કરવું? દેશના મોટા ભાગના લોકોને ત્યાં સુધી જેમ લાગ્યાં કરે કે કોઇ માણસની અથવા તો પશુની હોંસા સામે પોતાનું રક્ષણ કરવાની તાકાત તેમનામાં નથી ત્યાં સુધી આવું વાતા વરણ પેદા થઇ શકે નહિ. ■ તો સ્પષ્ટ છે કે એક બાળકને ચાલતાં શીખવું અથવા તો તરતાં શીખવું હોય તો તેને પડવાનો ડર છોડવો જોઇએ. એ જ રીતે આપણે ત્યાં સુધી એમ લાગ્યાં કરે કે કોઇ માણસની અથવા તો પશુની હોંસા સામે પોતાનું રક્ષણ કરવાની તાકાત તેમનામાં નથી ત્યાં સુધી આવું વાતા વરણ પેદા થઇ શકે નહિ. ■ તો સ્પષ્ટ છે કે એક બાળકને ચાલતાં શીખવું અથવા તો તરતાં શીખવું હોય તો તેને પડવાનો ડર છોડવો જોઇએ. આ શ્લોકમાં જે રહેલું છે તેના પુરા અર્થ નો ખ્યાલ પણ હોંદીને સાક્ષાત્કાર થાય તો હોંદ ઉપર ચડી બેસતા બળવાન માં બળવાન શસ્ત્રરને હઠાવવા માટે તે એકલો પુરતો થાય. પણ આપણામાં એ તાકાત આજે નથી અને જ્યાં સુધી દેશમાં સ્વતંત્રતા અને નીર્ભયતા નું વાતાવરણ ન વ્યાપે ત્યાં સુધી એ આવી શકવાની નથી. સવાલ એ છે કે એ વાતાવરણ કઈ રીતે ઉત્પન્ન કરવું? દેશના મોટા ભાગના લોકોને ત્યાં સુધી જે

બીના પણ પોતાની આસપાસના વાતા વરણમાંથીજ, આવશ્યક હીંમત આવી જાય એટલું બસ છે? હું માનું છું કે બીજો વીચાર કરો છે. તેથી અસાર ની પરીસ્થિતીમાં મારી વાત તદ્દન સાચી છે. જ્યારે દરેક હીંદીને હું લશ્કરમાં જોડાવાનું કહું છું ત્યારે સાથે સાથે સતત એને કહેતો રહું છું કે જો લશ્કરમાં જોડાય છે તે લોહીની તરસ છીપાવવા માટે નહિ પણ મરણનો ભય ન રાખવાનું શીખવા માટે છે. સર હેનરી વેબનું આ કથન બુઅર્સો બોરલેનાં સંસ્મરણો, પુસ્તક બીજું, એમાંથી હું એ ઉતારું છું.

"દુનીયાની મહાન કોમોના જીવન માં મરણ બહુ ઉંચું સ્થાન ભોગવે છે.' બહાદુર અને ઉદારચીત્તનો જે ગુણ જ છે કે જીવન કરતાં અમુક વસ્તુઓને તે પહેલી પસંદગી આપે. એ વસ્તુઓ વીષે માણસના દીલમાં શંકા ન હોય અને તે માટે મરતાં એ ડરે નહિ.... સાચી સ્વતંત્રતા જુદિ જીવનના અંતીમ ધ્યેય તરીકે સારી રીતે મરવાની કળા શીખવા પાછળ લાગેલી રહે છે. બોઅર, જે સારી રીતે મરતાં શીખ્યો છે તેણે પોતાનું જીવન પોષી નાખ્યું નથી. એ જીવનનું મોટામાં મોટું કર્તવ્ય છે. જેને મરવાની કળાનું જ્ઞાન થયું છે તેને જ સ્વતંત્રતાનું જ્ઞાન થયું છે, તે જ સારી મુકત દશામાં રહી શકે છે. તે કદાપી ડરતો નથી. તે સારી રીતે સંતોષ થી અને શાંતીથી જીવન ગુજારી શકે છે.... જ્યારે જીવન બોજા રૂપ બની પડે છે ત્યારે મરવાનો ખરો અવસર આવ્યો છે એમ સમજવું. તે વખતે મરણ આશીર્વાદ રૂપમાન છે અને જીવવામાં કાંઇ સાર રહેલો હોતો નથી." પછી બોરલે કહે છે, "જ્યારે એનો વખત આવ્યો ત્યારે હાવરની ટેકરી ઉપર ચડતી વખતે વેબનની મતિ એના શબ્દો જેટલી જ ઉમદા અને દૃઢ હતી."

લશ્કર ભરતીના મારા દરેક ભાષણ માં રીનીકની ફરજના આ ભાગ ઉપર મેં વધારેમાં વધારે ભાર મુકયો છે. એવું માણ એક પણ ભાષણ નથી થયું જેમાં મેં કહ્યું હોય કે 'જર્મનોને મારવા માટે આપણે જઇએ.' મારાં સમળાં ભાષણનો સુર એ છે કે 'હીંદ ની અને સામ્રાજ્યની ખાતર આપણે લડાઇમાં જઇએ અને મરીએ.' મારી માન્યતાના બચાવમાં ખુબ મોટી ભરતી થશે અને બધા ક્રાંસમાં જઇને લડાઇનું પલ્લું જર્મનોની સામે ફેરવી શકીયું તો મને લાગે છે કે અમારી વાત સંભળાવાનો હીંદને અધિકાર પ્રાપ્ત થશે અને કાયમી સુયેશ કરાવી શકાશે. હવે આગળ કલ્પના કરો કે નીર્બળ માણસોનું લશ્કર ઉભું કરવામાં હું સફળ થાઉં અને જો લોકો આજ્ઞાઓ પહોંચી જાય અને પ્રેમપુર્વ હવે પોતાની જંદુકો મુકી દઇ જર્મનોને પડકાર આપે કે તમારા માનવજંતુ ઓવા અમારી ઉપર ગોળી ચલાવો, તો હું કહું છું કે જર્મન હૃદય પણ પીગળી જશે. જર્મનો એટલી રાક્ષસી વૃતિ વાળાજ છે એવો આરોપ તેમના ઉપર મુકવાનો હું ઇન્કાર કરું છું.

એટલે આ બધાનો અર્થ એ થયો કે અપવાદરૂપ સંજોગોમાં જો આવશ્યક અનીષ્ટ તરીકે યુદ્ધનો આશ્રય લેવો પડે, જેમ આપણા શરીરનો આપણે લાજીએ છીએ તેમ. જો જેનું યુદ્ધ હોય તો યુદ્ધને પણ માનવજાતના બલામાં ફેરવી શકાય. પણ અહીંસાવાદી યુદ્ધ પ્રત્યે તટસ્થતાથી જોતો બાજુએ ઉભો રહી શકે નહિ. કાંતો યુદ્ધમાં સક્રિય સહકાર આપે કાંતો યુદ્ધનો સક્રિય વીરોધ કરે.

કાયદા સામે થવાની ફરજ

(મહાદેવભાઇની ડાયરી પુસ્તક ચોથામાંથી)

થોરોના 'ડયુટી ઓફ સિવીલ ડીસોબીડીયન્સ'—કાયદાની સામે થવાની ફરજ—એ પુસ્તકનો બાપુએ 'ઇન્ડિઅન ઓપિનિઅન'માં આપેલો અનુવાદ ફરી ફરી વાંચવા અને વીચારવા જેવો છે. અહીં તે સુધારેલા રૂપમાં આપ્યો છે. આ વાત તા. ૧૬-૨-૧૯૦૮ ની છે.

વીચાર, વાણી અને વર્તનમાં એકતા જાળવનારા અમેરીકાના બહુ વીરલ સાધુ પુરૂષોમાં હેનરી ડેવીડ થોરો ૧૯ મા સૈકાની મધ્યમાં થઇ ગયો. સત્યના અડગ ટેકને લીધે તેના વીચારમાં જેટલું ઉંડાણ હતું તેટલુંજ એની વાણી અને વર્તનમાં હતું. એનાં લખાણો વીચારની બાબુ છે. એના શબ્દે શબ્દમાંથી અગ્નિ ઝરે છે. આખી જ લાખો માણસો તે વાંચે છે અને મનન કરે છે. જેતા જે પ્રસિદ્ધ લેખનો સાર આપવાનો આ પ્રશ્ન છે તેનો મુંઝવણ પ્રસંગ આ છે:

અમેરીકાનાં સંયુકત રાજ્યોમાંના મેસેચ્યુસેટનો એ વતની હતો. આ સંયુકત રાજ્યોએ મેકસીકોની સામે જે રીતે લડાઇ જાહેર કરી તે જોતા ન્યાયની બીકુલ લાગતી હતી. ગુલામો ની પ્રથાની હસ્તી મેં એક ઘોર, ક્રુર અન્યાયરૂપ એ માનતો હતો અને મેસેચ્યુસેટની રાજ્યસત્તા ગુલામની હસ્તી અને માલકીને ટેકો આપતી હતી. એટલે એણે નિશ્ચય કર્યો કે એ રાજ્યને કર આપવો બંધ કરી રાજ્યની નીતીનો, અને તેમ કરી તેની સત્તાનો અનાદર કરવો, અને એ રીતે રાજ્યના અત્યાચારમાં ભાગીદાર ન બનવું. આ નિશ્ચય મુજબ એણે કર લેનાર આવ્યો તેને કહ્યું, "હું કર નથી ભર જઇ શકતો—કમાં સુધી મારા પૈસાનો ઉપયોગ લડાઇના ખર્ચ માં થવાનો છે, કે ગુલામો ખરીદવા માં થવાનો છે." કર ઉઘરાવનાર મુંઝવાઇ પુછવા લાગ્યો, "ત્યારે મારે શું કરવું?" "તારે તારી જગાનું રાજીનામું આપવું બીજું શું?" પરીણામે એને જેલ જવું પડયું. જેલ માં એના મીત્ર ઇમર્સન એને મળવા ગયા અને પુછયું, "હેનરી, તું અહી કેમ?" થોરોએ જવાબ આપ્યો, "તું કેમ અહીં નથી?" જેલમાં તેના મનની અંદર જે વીચારો આવ્યા તેનું પરીણામ તે આ પુસ્તક. ઇતીહાસકારો એમ કહે છે કે, અમેરીકામાં ગુલામી બંધ થવાનાં મુખ્ય કારણ એ થોરો નું જેલ જવું અને જેલમાંથી નીકળ્યા બાદ આ લેખનું પ્રગટ થવું, એ હતાં. લેખ વાંચતાં સમજાશે કે આપણા દેશની હાલની પરિસ્થિતિમાં આ લેખ લોકોના સમક્ષ મુકવાનો આ યોગ્ય અવસર છે.

મને સંપુર્ણ રીતે માન્ય છે કે લોકોની ઉપર રાજ્યસત્તાનો કોર જેટલો ઓછો તેટલું તે રાજ્ય સારૂ: એટલે કે રાજ્ય સત્તા એ એક જાતનો રોગ છે, અને તે રોગમાંથી કેવલ જેટલે અંશે મુકત રહી શકે તેટલે અંશે તે રાજ્યને બચાવી શકાય. બહુ થોડો એમ કહે છે કે અમેરીકા માં લશ્કર ન હોય અથવા ઓછું હોય તો સારું. આ વાત જરાપણ છે, પણ તે પ્રમાણે કહેનારનું માનવું જુલ્લરેલું છે. તેઓ એમ કહે છે કે રાજ્ય સત્તા લાલકારક છે, તેનું લશ્કર હાનીકારક છે. આવા માણસો સમજતા નથી કે લશ્કર વીના એ રાજ્ય સત્તા ટકીજ ન નથી શકે. બધુ આપણે પોતે રાજ્ય સત્તાના દોરથી દોરાયેલા રહી આ વાત એમ શકતા નથી. ખરી રીતે જોતાં તો લશ્કરી અને રાજ્યસત્તા બંને આપણે એટલે રૈયતજ નભાવી રાખીએ છીએ.

એટલે આપણે નોધું કે આપણે પોતાની મેળે છેતરામધુ કરીએ છીએ. અમેરીકાના રાજ્યે કોઇ સાહસ પોતા ની મેળે ઉપાડયું હોય એમ નથી. તેણે આપણને નથી સ્વતંત્ર રાખ્યા કે નથી તેણે આપણને કાંઇ કેળવણી આપી. આજે આપણે જે કાંઇ છીએ તે રાજ્યને લીધે નથી, પણ આપણા પે તા માં જે કાંઇ દૈવત છે તેને લઇને છીએ. ઉલટું રાજ્ય સત્તાને લીધે આપણી કેળવણી અને હોશીયારીમાં કાંઇક ઉણપ આવી છે.

તેમ છતાં હું રાજ્યને જમીનદોસ્ત કરવા માગતો નથી. હાલ તુરત તો સારો રાજ્યકારભાર માગું છું. એ માગણી દરેક માણસની ફરજ છે. જે દેશની અંદર બધા મતથી બાધી વસ્તુ થતી હોય ત્યાં ન્યાય જ મળે છે એમ માનવું એ મોટી ભૂલ છે અને તે ભુલ નહિ જોવાથી બહુ અન્યાયો થયાં કરે છે. ઝાઝા માણસો કરે તે ખરેજ હોય એવી માન્યતા એ ખોટો વહેમ છે. હું એવી જાતનું રાજ્ય ન થઇ શકે, કે જ્યાં બધા માણસો કહે તેનો અમલ થવાને બદલે જે સાચું હોય તેનો જ અમલ થાય? શું માણસે પોતાનો આત્મા રાજ્યકર્તાઓને વેચી દીધો છે? એમ જો હોય તો આપણે માણસ જાનાર? હું તો કહું છું કે આપણે માણસ પહેલા અને પછી રૈયત. કાયદાને માન આપવાનો ગુણ કેળવવાની કરતાંએ જરૂર હું જોતો નથી. સત્યને માન આપવાની જરૂર હરહમેશ છે. મારાથી એક જ ફરજ બારદાઇ કરી શકાય છે. અને તે એ કે, જે સત્ય હોય તેજ મારે કરવું. કાયદાથી કોઇ દહાડો માણસ જરાયે વધારે ન્યાયી થએલો મેં જાયો નથી પણ મેં એવું તો જોયું છે અને જાણું છું કે સાધારણ રીતે ન્યાયી બુદ્ધિના માણસો પોતાના જોળ પણથી અન્યાય ફેલાવવામાં હથીયાર રૂપ બને છે. કાયદાને અનહદ માન આપવાનું પરીણામ આપણે બધા એ જોઇએ છીએ કે રાજ્ય લડાઇમાં ઉતર્યું કે પુતળાની માફક હપાહપ આપણે લશ્કરમાં ઉતરી પડીએ છીએ અને મુંગે મોઢે ઉપરીના હુકમ ઉઠાવી એ છીએ. બધા માણસોનો તો, બધા જ લશ્કરની નોકરી છે, પછી અમુક લડાઇ બરાબર છે એમ ચોકસ સમજતા છતાં તેમાં તેઓ તણાય છે. એવાને હું આપણે માણસો કહેશું કે કસાઇ ના હાથમાં કુહાડો કહેશું? આવા માણસો લાકડા કે રોઢા સમાન છે. તેવા માણસોને માન કેમ આપી શકાય? પશુઓ કરતાં તેમની કીંમત વધારે કેમ ગણી શકાય? ઘણી બધા કાયદા ના હિમાયતી બને છે, વકીલો બને

One day the old man sat in the morning sun, on his doorstep. His two grandsons were playing in the yard. The old man looked on with pleasure at their childish pranks. Just then he saw the figure of his son coming down the hill, and he was shocked with the old memory. He went into the house and brought a rifle and as his son came into the house, he laid his hand on his shoulder and said "Son, you want to know, what Pathan-Justice means?

The son looked at his father in utter astonishment.

"Look, here are your two sons. You are their father. Until you had another son, I did not harm even the hair of your first-born. I took special care to see that no harm fell upon him. You killed my son, but you had not left me childless, therefore to kill your one and only son was injustice. Today God has granted you two sons too. I have decided to shoot the older of the two, so that you too may experience the pain that is caused by the death of a son, the life of a father's son should be taken. This is called Pathan-Justice, do you understand?

The old man brought the older grandson before him. The little boy was not aware of what was taking place, but he knew that his grandfather was very angry, and therefore wished to kill him. The old man raised his rifle and was about to pull the trigger when the little boy cried in a heart-rending voice "Father !"

The old man felt as if his dead son had spoken to him. his hand trembled and he missed his mark. The bullet went over his grandson's head. The rifle slipped from the old man's hands. And he hung his head in shame.

His son picked up the rifle and gave it to his father and said "Shoot again father! Pathan—Justice has not been done yet."

The old man pushed the rifle away and said "a Pathan never misses his mark. The son began to realise that his father had purposely missed the boy. The old man said:

"My bullet did not harm your son. That shows that God does not fancy this type of justice." And he went slowly towards his grandson. Taking the boy in his arms he said," This boy called out "Father" and I felt as if my own dead son had called me. I have found my son again. Then why should I think of revenge? Pathan—Justice was to take your son's life and inflict sorrow upon you, but so much superior is God's justice, that he has given me back my son through you! We must all recognize God's Justice, and bow down to it—God is great."

(Translated from Gujerati.)

Mr. S. B. Mehl, who had gone on a short visit to India, has returned to Johannesburg by plane last Sunday night. Mr U. B. Mehta of Louistelchardt and Mr. Mehta have also returned by the same plane.

* * *

A film "The Birth of A Baby" will be shown on December 30, at 10. 30 a.m. and 2. 30 p.m. for ladies only, and at 9 p.m. for men. It will be shown in aid of the "little people's Nursery School" and admission will be by donation. Under eighteen not allowed. Booking for Ind. : Phone 39337. Booking for m: Goodwill Lounge and Peters Lounge.

Do you know the difference between a North Korean and a South Korean?

The Northerner is a cruel savage brute who ties the hands of captured GIs, kicks them into a ditch—and then sprays them with a tommy-gun.

The Southerner, on the other hand, is a gentle, smiling Asiatic with soft, charming manners who is fighting like a lion for the United Nations.

If you believe that—you will believe anything.

—CASSANDRA, 'Daily Mirror.'

Important News

To The Indian Community

In this office where you can speak your own language you can arrange best your air trip to

Nairobi-India-Mecca-Europe Etc.

The EL AL Service to and from Nairobi offers to the Indian community of South Africa a fast efficient and comfortable form of travel, connecting through Air India International at Nairobi, with that Company's service to Bombay, the Far East and Australia.

Contact Official Agent, Globe Tourist and Travel Service, 66 Market St., Sasbank Buildings, Phone 33-7420, 33 7240, J.H.Burg. Tel. Add.: Globetours, J.H.B.



Members of a United States Marine Corps tank unit operating with United Nations forces in the Republic of Korea, feed a hungry Korean child, an innocent victim of the North Korean aggression.

Things In General

Transvaal Indian Congress

Dr. Yusuf Dadoo was elected "Leader of the Indian Peoples." This action was taken by the bi-annual meeting of the Transvaal Indian Congress, which met in Johannesburg last Sunday, says Rapa. The resolution that elected him leader said that the Indian community was faced with a critical and dangerous situation because of the apartheid policy of the Government—"a policy which aims at the total ruin of the Indian people of South Africa." It added that it was necessary to elect a leader to "advise, guide and lead the Indian people on the right path, so as to secure for them a decent and dignified life in South Africa."

Resolutions

Among the resolutions passed by the Transvaal Indian Congress were condeming the racialistic policy of the present Government, thanking the United Nations for championing the cause of Indians in South Africa, pressing the need for uniting hands with the African people in the struggle against oppresion in South Africa, supporting the stand taken by the Coloured people against the move to remove them from the common roll and to give them communal franchise. A resolution was also passed appointing a Committee of three, namely Messrs Maulvi I. A. Cachalia, T. N. Naidoo and D. U. Ministry to explore the possibilities of effecting the objects and purpose of the Villiamma Hall Memorial Trust for the benefit of the Indian community and further empowering the committee to do the needful in the matter and to report back to the working Committee of the Congress.

Deepavali Sports at Fairbreeze

The Fairbreeze Hindi Sabha held its Sports and Prize-distribution on November 9. In the morning, just after prayer the children were entertained with sports. After the sports parents, children and friends assembled in the Fairbreeze Hindi School. The Chairman Mr. A. Jeenwon in his report said that there were many Hindi children who had not yet made up their mind to join the classes and the parents too seemed to take very little interest. He appealed to them to get their children to take advantage of the facilities. He thanked all the donors and those who helped to make the prize giving a success. Other speakers were Messrs. Budrinath Gossi, the donor of the land on which the school stands, O. M. Khan, Sirdar Maharaj, R. Doodhai and B. Hurjunlall. Mr. O. Hurbans of Tongaat distributed the prizes.

Bazaar In Aid of Free Tamil School

The Hindu Young Men's Association, Pietermaritzburg, has decided to hold a Bazaar on December 16 (Dingaan's Day). An organising General Committee has been appointed which includes officials and others. The object of the Bazaar will be to raise funds in aid of the Free Tamil School which the Association has been conducting for the past 40 years. The Bazaar will also include Industrial and Agricultural Show. Indian farmers will be invited to exhibit their produce in the show. Handicraft work will also be exhibited. Indian ladies will be invited to send sewing, cookery, embroidery and crochet work. The Hindu Young Men's Association has been first to promote Bazaars of this kind and in previous years the show was a success. The Bazaar Committee is making an appeal to all men and women to liberally respond by contributing cash or kind and also send their handi-craft work.

Indians In Northern Rhodesia

The Livingstone Indian Shop Assistants' Union came into being with 94 enlisted members, at a meeting held at Livingstone recently. The object is to promote the general interests of the Indian Shop Assistants. It is representative of nearly all the Livingstone Shop Assistants and many Licence holders. The Union also aims at improving efficiency and creating goodwill among its members and the Shop owners. To make a success of this new born Union, cooperation of the local bodies such as Indian Chamber of Commerce and the British Indian Association is sought. The following are the office bearers of the Union for the period of one year. President; Mr. B. J. Devalia, Vice President; Mr. I. G. Patel Secretary; Mr. L. K. Lad Vice Secretary; Mr. C. D. Patel, Treasurer, Mr. H. J. Patel. Committee Members: Messrs. L. J. Naik, D. J. Patel S. A. Devalia, N. M. Patel, B. M. Patel, A. K. Patel, Auditor; Mr. R. M Patel.

LESLEY SHANE



IMPRA, all rights reserved

ઇન્ડિયન ઓપિનિયન.

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૪માં સ્થપાયું.

વર્ષ ૪૮ મું—અંક ૪૬ | શુક્રવાર તા. ૨૪ નવેમ્બર, ૧૯૫૦. | છૂટક નકલ પેની.૪

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૪ નવેમ્બર, ૧૯૫૦

અંત કયાં આવશે

આ લીટીઓ લખાઇ રહી છે ત્યારે હીંદીઓ પ્રત્યેની વર્તણુક વિષેની સાઉથ આફ્રિકા સામેની હીંદની ફરિયાદ હજુ યુનાઇટેડ નેશન્સની જનરલ એસેમ્બલીના ઇલ્લા તબંકકામાં થી પસાર થવાની બાકી રહી છે. યુનાઇટેડ નેશન્સની ખાસ રાજકીય સમીતીમાં સાઉથ આફ્રિકા કફોડી સ્થિતિમાં મુકાયું હતું. સાઉથ આફ્રીકાના પ્રતિનિધિ મંડળના નેતા ડો. ટી. બી. ઇ. ટેંગીસે એ ફરિયાદને ધ્યાન દેવા ના યુનાઇટેડ નેશન્સના અધિકાર વિષે શંકા ઉઠાવી હતી અને ડો. ટેંગીસની નિરાશા વચ્ચે એવી સામે આ ચોથી વખત ઘણું દ્રઢતાપુર્વક ઠરાવાયું છે કે યુનાઇટેડ નેશન્સને તેને ધ્યાન દેવાનો અધિકાર છે. મુદ્દાની બાબતપર પણ રાજકીય સમીતી તરફથી અપાયેલો નિર્ણય સાઉથ આફ્રીકાની વિરૂદ્ધ ગયો છે અને તે મતલબ રી૨. ડોરીવા ન. યુદ્ધમાં સાઉથ આફ્રીકાએ સક્રીય ફાળો આપેલો છે એ મુદ્દાપર સાઉથ આફ્રીકાએ કરેલી આજીજી સમીતીપર કશી અસર નથી થઇ અને તેણે ઠરાવ્યું છે કે, સાઉથ આફ્રીકા, હીંદ અને પાકિસ્તાને રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં બેસી આ તકરારનું આવતી સાલના એપ્રીલની પહેલી તારીખ પહેલાં સમાધાન લાવી દેવું; એ દરમીયાન રૂપ ઓરીયાત એકટનો અમલ મોકુફ રાખવો; લાગતાવળગતા પક્ષો જો એ રીતે મળતાં ચુકે તો યુનાઇટેડ નેશન્સ ઓરગનાઇઝેશનના ત્રણ સભ્યોની એક સમીતી તેમોને મદદ કરવા નીમવી. જે સમીતીના સભ્યો પ્રત્યેક પક્ષે પોતે પસંદ કરવા; અને જો એ પણ નીષ્ફળ નીવડે તો પછી છેવટે યુનાઇટેડ નેશન્સ ઓરગનાઇઝેશનના સેક્રેટરી-જનરલે વચ્ચે પડવું. આ નીર્ણય તદન ન્યાયી અને વાજબી છે અને હીંદ, જે ફરિયાદી પક્ષ છે, તે તેને સંમત થયું છે.

અમેરીકાનું હૃદય દ્રવ્યું

પરંતુ સાઉથ આફ્રીકાની આજીજીથી અમેરીકાનું હૃદય દ્રવ્યું જણાય છે, કેમકે, એ તેની મદદે આવેલું જણાવાય છે અને રૂપ ઓરીયાઝ એકટનો અમલ, તકરારનો અંત આવતાં સુધી મોકુફ રાખવાની યુનીયન સરકાર ને ભાગલી કરનારો, સાઉથ આફ્રીકાનું માનભંગ કરનારો, ભાગ જનરલ એસેમ્બલીમાં ઠરાવમાંથી કઢાવી નાખવાની તે આશા સેવે છે. ઠરાવમાંથી આ ભાગ કાઢી નાખવો એ મીઠાંમાંથી ખારાશ કાઢી નાખવા બરોબર ગણાશે. ખરી રીતે સાઉથ આફ્રીકાએ એ માનભંગ કરનારો કાયદો, જે તકરારનું મુળ કારણ છે, તેનો અમલ વગર કહ્યેજ મોકુફ રાખવો જોઇએ. તેમાંજ તેનું ખાનદાની ગણાય. પરંતુ ખાનદાની અને સાઉથ આફ્રીકા વચ્ચે આકાશ અને પાતાળ જેટલું અંતર છે. સાઉથ આફ્રીકાને સંતોષવું ઘણુંજ મુશ્કેલ છે. ઉપરોકત ભાગ ઠરાવમાંથી કાઢી નાખવાથી પણ તેને ઓછો સંતોષ થવાનો છે! તેણે તો એવી વલણ લીધેલી છે કે, તેના દેશની ખાનગી બાબતમાં યુનોથી જરા પણ આંખ મારી શકાશે નહિ; રાઉન્ડ ટેબલ કોન્ફરન્સને માટે કરવાજેવું બહોળું જે તેમાં આવેલ

યવા તે તૈયાર છે; પરંતુ પોતાની જાતી અને વધુમેદની નીતી, જે બધુનેબધુ ઝેરીલી બનતી જાય છે, તે તો તે અતુટ ચાલુ રાખશેજ. પણ બધત આ સવાલનું સમાધાન લાવવાનું સાઉથ આફ્રીકાપર મુકવામાં આવેલું છે. પણ બધત તેનીજ ગફલતીથી નીષ્ફળતા પ્રાપ્ત થઇ છે. સાઉથ આફ્રીકાને જો પોતાના માન આબરૂની જેટલી જપી ચીંતા હોય તો હીંદને પોતાના સ્વમાન ની કેટલી વધારે ચીંતા હોવી જોઇએ, જ્યારે તેની ચાલીસ કરોડની પ્રજાની લાગણીઓને ઠોકર મારવામાં આવી રહી છે અને તેનું ઉપરાઉપરી માનભંગ કરી તેના માનઆબરૂને કચડી નાખવામાં આવી રહ્યાં છે? સાઉથ આફ્રીકાને તો માત્ર એટલું જ માનભંગ સહન કરવું પડયું છે કે તેને દુનીયા સમક્ષ જાહીર તરીકે ઓળખાવવામાં આવ્યું છે, જ્યારે હીંદીઓ તો તેના જુલમ ના ભોગ થઈ પડેલા છે.

સોવીયેટ બ્લોક

સોવીયેટ બ્લોકને વિષે આવેલા ખબર જો ખરા હોય, કે, ઉપરોકત કલમ ઠરાવમાં દાખલ કરવામાં તેણે તટસ્થ રહેવાની વલણ લીધી હતી, કેમકે તેને લાગ્યું હતું કે, આવી રીતે જો સાઉથ આફ્રીકાની ખાનગી બાબતમાં સીધી રીતે વચ્ચે પડવાનો દાખલો સ્થાપવામાં આવશે તો બીજા દેશોને વિષે પણ તેવા પ્રયત્નો કરવામાં આવશે, તો અમારે કહેવું જોઇએ કે અમને અતિશય તાજુબી થઇ છે. યુનોને ચીંતા માત્ર જોકજ વસ્તુની થવી જોઇએ અને તે, કોણ ખરે છે તેની નહિ, પણ શું ખરે છે તેની. અને જે ખરે હોય તે કરવા અને કરાવવા નો ગમે તે ભોગે તેણે આગ્રહ રાખવો જોઇએ. અમે માનીએ છીએ કે ખરીતાનો આજ મુખ્ય

તેના વિના બરીતાનો કશો અર્થ જ નથી. ત્યારે આખો પ્રશ્ન કે ઉપસ્થિત થાય છે કે એક દેશ ની "બાનગી" બાબત કઇ કહી શકાયા જોગવાઇ પડદો રાખવે એ પણ, જે દેશ દુનીયામ સુખશાંતી સ્થાપવાની બગર ધરાવતો હોવાનો અને બીજા કો પણ બાહ્ય હેતુઓ નહિ હોવાનો દાવો કરતો હોય, કે દેશની "બાનગી" બાબત નહિ ગણી શકાય. જ્યાં સુધી આ પણા સઘળાં ક્ષેત્રોમાં પ્રમાણીક પણું, સત્ય અને નિખાલસતા જળવાવામાં નહિ આવે ત્યાં સુધ દુનીયામાં શાંતી સ્થપાવાની આશા નહિ રાખી શકાય. આ બાબતમાં સાઉથ આફ્રીકાની હાલની સરકારને અમારે મરતા નથી છે. તેનામાં આ સમજ ખુશી રહેલા છે અને તેને માટે તેને માન ઘટે છે. તેનામાં જેની ખોટ છે તે એ કે તેનામાં મનુષ્યત્વ અને ન્યાય બુદ્ધિ નથી. મનુષ્યત્વ અને ન્યાયબુદ્ધિ મનુષ્ય મનુષ્ય વચ્ચે કોઇ પણ સંજોગોમાં ભેદ પાડી શકે નહિ; તો પછી જાતી કે વર્ણના આધારે ભેદ પાડવાને સવાલજ કયાં રહ્યો. એવા ભેદ ભાવ પાડનાર જેટલા ઇશ્વરની નજરમાં દોષિત છે તેટલાજ દોષિત તેને નમનારા છે. અને યુનાઇટેડ નેશન્સ ઓરગનાઇઝેશન જેવી પ્રતાપી સંસ્થાએ ગમે તે ભોગે પણ તે સહન કરવો નહિ જ જોઇએ, પછી ભલે ગમે તે તેને માટે જવાબદાર હોય. જો યુનાઇટેડ નેશન્સ આમાંથી હીંદને બચાવી નહિ શકે તો ભયંકર દિવસો આવી પડવાની અમે આગાહી કરીએ છીએ અને જે દિવસો આખી દુનીયાપર છવાઇ જશે. ત્રીજા વિશ્વયુદ્ધની તૈયારીઓ થશે અને તેને માટે કોરીયા નહિ પણ સાઉથ આફ્રીકા જવાબદાર ગણાશે. અને યુનાઇટેડ નેશન્સ તેને રોકવાને શક્તી જ

નોંધ

સા. આ. માં ગોરાનું મીશન

લંડન ખાતેના સાઉથ આફ્રીકાના હાઇ કમીશનર ડૉ. જે. એલ. મીકરે ગયે અઠવાડીયે નાઇટસ ઓફ ધી રાઉંડ ટેબલ કલબમાં આપણ કરતાં કહ્યું હતું કે, "આફ્રીકામાં સાઉથ આફ્રીકા એ એકજ એવો દેશ છે કે જ્યાં એ દેશને પોતાનું વતન ગણવાનો ગોરાને કાળા માણસના જેટલોજ સમાન હક છે. યુરોપના બીજા દેશો અમે આફ્રીકામાં પોતાનું મીશન અમુક મુદત સુધીનું જ ગણે, અમારાથી તેમ નહિ કરી શકાય. અમારૂં મીશન સમાન વતનમાં કાળા અને ગોરાના હકોનું કંઈક એકીકરણ શોધવાનું છે. અમે એવો દાવો નથી કરતા કે અમારે કરવું જોઈતું હતું તેટલું બધું અમે કરેલું છે અથવા કરી શકયા હોત. અમે જે સિદ્ધ કરી શકયા છીએ અને કરી રહ્યા છીએ તેની કંઈક કદર કરવામાં આવે તેટલું જ અમે માંગીએ છીએ. સાઉથ આફ્રીકાના લોકોને જ્યારે એમ કહેવામાં આવે છે કે, તેઓ પોતાની જતીભેદની નીતીને વધારે ઉદાર નહિ બનાવે તો જોખમભરેલું બની પડશે, ત્યારે તેઓ પોતાના મનમાં કહે છે કે આફ્રીકામાં કાળાઓનું એક પ્રજાસત્તાક લીબેરીયા તો છે. અને ઉદાર નીતી કરવા જતાં કદાચ આફ્રીકાનો મોટો ભાગ શું લીબેરીયા નહિ બની જાય?"

સાઉથ આફ્રીકામાં વસતા પ્રત્યેક માનવીને એ દેશ પોતાનું વતન હોવા નો દાવો કરવાનો સમાન હક છે, જ્યાં સુધી તે માનવજાતીની સેવા અર્થે ત્યાં રહે છે અને નહિ કે એ દેશની વસતીના મોટા ભાગને ગુલામીમાં રાખ વાને અને પોતાના સ્વાર્થી હેતુઓ સીદ્ધ કરવાને તેઓનો લાભ ઉઠાવવાને. આજે કમનસીબે સાઉથ આફ્રીકામાં ગોરા રાજકર્તા ઉપરોકત બીજી વસ્તુ જ કરી રહ્યો છે. આ કારણથી એ દેશ પોતાનું વતન હોવાનો કાળા લોકો સાથે સમાનપણે દાવો કરવાનો હક તેણે ગુમાવેલો છે. સાઉથ આફ્રીકાના હાઇ કમીશનરે પ્રવચનમાં જે કહેવું જરૂરી માન્યું છે તે કહીને કાળા માણસ પ્રત્યે તેમણે બહુ પ્રેમભાવ બતાવ્યો નથી કર્યો. સાઉથ આફ્રીકાની જતીભેદની નીતીને વધારે ઉદાર બનાવવા જતાં રખે ને એ દેશ બીજું લીબેરીયા ન બની જાય એમ કહીને તેમણે ગોરા રાજ્યકર્તાની ગુમાખી અને ભય વ્યકત કર્યો છે. શું દેશોપર હકુમત ધરાવવી એ ગોરા નો જ હજારો છે? અમને ભય છે કે સાઉથ આફ્રીકામાં ગોરાનાં મીશનના ડૉ. મીકરે કરેલા અર્થથી કાળા માણસ ને બહુ કંઈ ન તે પણ નહિ થાય, અને બહુ ઉદારમતના ગોરા પણ તેમના મતને મળતા નહિ થાય.

સા. આ. ના હીંદીઓ સંબંધી ચુનેાની રાજકીય સમીતીનેા ઠરાવ

ચુનેાની ખાસ રાજકીય સમીતી સેામવાર નવેમ્બર તા. ૨૦ મીએ, સાઉથ આફ્રીકાના હીંદીઓ પ્રત્યેની વર્તણુક વીષેની હરિફાદપરની ચર્ચા દરમીયાન યુનાઇટેડ સ્ટેટસના ડેલીગેટ સેનેટર હેનરી કેબોટ લોજે કહ્યું કે સાઉથ આફ્રીકામાં લોકો સામે જતી અને વર્ણભેદ પાડવામાં આવે છે. એ ભેદ નાબુદ કરવેા અને સફેદીયાઓના હકો આપનારેા કાયદેા કરવેા જોઇએ, બળવેા થયેા ત્યારથી અમેરીકાની સામાજીક નીતી ચાલતી આવેલી છે. તેમ જતાં યુનાઇટેડ સ્ટેટસમાં તેમજ હીંદમાં પણ કેટલેાક ભેદ હજુ ચાલુ રહી છે એટલા કારણથી જ્યાં એવેા ભેદ પાડવામાં આવતેા હેાય ત્યાં તે ખોટેા છે એમ કહેતાં અમને કોણ રેાકી શકતું નથી. અમારા દેશમાં જતીભેદને માટે કશું અવિશ્વ નથી. સત્ય હકીકત એ છે કે, અમે એક બીજાને જરૂર રહ્યા છીએ. તેને અમે પહોંચી નથી શકયા પરંતુ અમારેા માર્ગ એ દીશા તરફ જ છે. જતી અને વર્ણના આધારે ભેદ પાડવેા એ યુનાઇટેડ નેશન્સના ચારીતાના બંધારણની વીરૂદ્ધ છે એ વસ્તુ સાધારણ બુદ્ધિથી સ્પષ્ટ જણાય છે, અને એ વીષયમાં યુનાઇટેડ નેશન્સને પોતાની લાગણીઓ વ્યકત કરવાની બંધી કર નારૂં ચારીતામાં કશું જ નથી એ વાત પણ બીનકસ જ છે.

"ગ્રેપાર્ટહેડ" સ્કીમ કેમ કામ કરશે?

એક યુરોપીયનને પોલીસની મદદ જોઇતી હોય તો તે ટેલીફોન કરે ને થોડી મીનીટમાં પોલીસ આવી રહે. એક નોન-યુરોપીયનને પોલીસની મદદ જોઇતી હોય અને તે ટેલીફોન કરે તો પોલીસ પોતાનો વખત લે. કદાચ થોડા કલાકે આવે ને કદાચ આવવાનું જુલ્મ પણ જાય.

એક આફ્રીકન પાસે વેપારનેા પરવાનેા છે. તેની પત્ની ને છોકરાં વેપાર સંભાળે છે અને પોતે જાતે એક પેઢી માં નોકરી કરે છે. એ પેઢી જો હીંદી ના હોય તો બીજાત્ર આફ્રીકનના જોગ. વા તો તેની નોકરી ગુમાવવાનું જોખમ રહે અથવા તો લાયસેન્સ ગુમાવવાનું જોખમ રહે.

એક નોન-યુરોપીયન, પછી તે ભલે ગમે તેવેા સભ્ય હોય, તેનાથી કેટલાંક ખાનગી અને કેટલાંક જાહેર મકાનોમાં હીફટનેા ઉપયેાગ ન કરી શકાય. પરંતુ ગોરા ભલે ગમે તેવા હલકા ફલકના હોય તેને ગમે તે સ્થળે જવાની છુટ.

જે રીતે કામ ચાલી રહ્યું છે તે રીતે ખાસ કરી સાઉથ આફ્રીકામાં વખત જતાં નોન-યુરોપીયન માટે સુખ નીચે કશે પણ રહ્યાન નહિ રહે.

હવે સરકારે સંસ્કૃતિક સંસ્થાઓ તરફથી ગોરાવાતા મીશ્ર જાહેરાતોને

સા. આ. ની જતીભેદની નીતી પર અમેરીકાના સેનેટર

યુનાઇટેડ નેશન્સની જનરલ એસેમ્બ્લીની રાજકીય કમીટીમાં સાઉથ આફ્રીકા સામે હીંદની ફરિયાદપરની ચર્ચા દરમીયાન યુનાઇટેડ સ્ટેટસના ડેલીગેટ સેનેટર હેનરી કેબોટ લોજે કહ્યું કે સાઉથ આફ્રીકામાં લોકો સામે જતી અને વર્ણભેદ પાડવામાં આવે છે. એ ભેદ નાબુદ કરવેા અને સફેદીયાઓના હકો આપનારેા કાયદેા કરવેા જોઇએ, બળવેા થયેા ત્યારથી અમેરીકાની સામાજીક નીતી ચાલતી આવેલી છે. તેમ જતાં યુનાઇટેડ સ્ટેટસમાં તેમજ હીંદમાં પણ કેટલેાક ભેદ હજુ ચાલુ રહી છે એટલા કારણથી જ્યાં એવેા ભેદ પાડવામાં આવતેા હેાય ત્યાં તે ખોટેા છે એમ કહેતાં અમને કોણ રેાકી શકતું નથી. અમારા દેશમાં જતીભેદને માટે કશું અવિશ્વ નથી. સત્ય હકીકત એ છે કે, અમે એક બીજાને જરૂર રહ્યા છીએ. તેને અમે પહોંચી નથી શકયા પરંતુ અમારેા માર્ગ એ દીશા તરફ જ છે. જતી અને વર્ણના આધારે ભેદ પાડવેા એ યુનાઇટેડ નેશન્સના ચારીતાના બંધારણની વીરૂદ્ધ છે એ વસ્તુ સાધારણ બુદ્ધિથી સ્પષ્ટ જણાય છે, અને એ વીષયમાં યુનાઇટેડ નેશન્સને પોતાની લાગણીઓ વ્યકત કરવાની બંધી કર નારૂં ચારીતામાં કશું જ નથી એ વાત પણ બીનકસ જ છે.

"ગ્રેપાર્ટહેડ" સ્કીમ કેમ કામ કરશે?

એક યુરોપીયનને પોલીસની મદદ જોઇતી હોય તો તે ટેલીફોન કરે ને થોડી મીનીટમાં પોલીસ આવી રહે. એક નોન-યુરોપીયનને પોલીસની મદદ જોઇતી હોય અને તે ટેલીફોન કરે તો પોલીસ પોતાનો વખત લે. કદાચ થોડા કલાકે આવે ને કદાચ આવવાનું જુલ્મ પણ જાય.

એક આફ્રીકન પાસે વેપારનેા પરવાનેા છે. તેની પત્ની ને છોકરાં વેપાર સંભાળે છે અને પોતે જાતે એક પેઢી માં નોકરી કરે છે. એ પેઢી જો હીંદી ના હોય તો બીજાત્ર આફ્રીકનના જોગ. વા તો તેની નોકરી ગુમાવવાનું જોખમ રહે અથવા તો લાયસેન્સ ગુમાવવાનું જોખમ રહે.

એક નોન-યુરોપીયન, પછી તે ભલે ગમે તેવેા સભ્ય હોય, તેનાથી કેટલાંક ખાનગી અને કેટલાંક જાહેર મકાનોમાં લીફટનેા ઉપયેાગ ન કરી શકાય. પરંતુ ગોરા ભલે ગમે તેવા હલકા ફલકના હોય તેને ગમે તે સ્થળે જવાની છુટ.

જે રીતે કામ ચાલી રહ્યું છે તે રીતે ખાસ કરી સાઉથ આફ્રીકામાં વખત જતાં નોન-યુરોપીયન માટે સુખ નીચે કશે પણ રહ્યાન નહિ રહે.

હવે સરકારે સંસ્કૃતિક સંસ્થાઓ તરફથી ગોરાવાતા મીશ્ર જાહેરાતોને

સા. આ. ના હીંદીઓ સંબંધી ચુનેાની રાજકીય સમીતીનેા ઠરાવ

ચુનેાની ખાસ રાજકીય સમીતી સેામવાર નવેમ્બર તા. ૨૦ મીએ, સાઉથ આફ્રીકાના હીંદીઓ પ્રત્યેની વર્તણુક વીષેની હરિફાદનું સમાધાન લાવવા તા. ૨ ડીસેમ્બર ૧૯૫૨ પહેલાં સાઉથ આફ્રીકા, હીંદ અને પાકીસ્તાનને એક રાઉંડ ટેબલ કોન્ફરન્સ ભરવી, એવેા ઠરાવ પસાર કર્યો.

સાઉથ આફ્રીકા, ઓસ્ટ્રેલીયા, બેલ્જીયમ, ફ્રાંસ, લકસમબર્ગ અને હોલાન્ડે ઠરાવની વીરૂદ્ધમાં મત આપ્યો હતો. ઠરાવમાં એક કલમ એવી પણ છે કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ પુરી થાય નહિ ત્યાં સુધી રૂપ એરીયાઝ એકટને અમલમાં નહિ મુકવેા.

ઠરાવ મુળમાં આર્જેન્ટિના, બોલીવીયા, ડેનમાર્ક, નોરવે અને સ્વીડન તરફથી મુકવામાં આવ્યેા હતેા. તેમાં એક એવી જોગવાઇ કરવામાં આવી છે કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ચાલુ રાખતા ફેબ્રુઆરી માસમાં કેપટાઉનમાં નકકી થએલા કાર્યક્રમના ધોરણે ભરવી અને યુનાઇટેડ નેશન્સનેા ખારીતેા અને માનવહકોની સાર્વજનીક જાહેરાતને ધ્યાનમાં રાખવાં."

કચુભાઇ ઠરાવની શરૂઆતમાં એવેા સુધારો મુકયેા હતેા કે "જતીય પ્રશ્નવટાપણા (એપાર્ટહેડ)ની નીતી અમુસ કરી જતીભેદના સીદ્ધાંત ઉપર જ રચાયેલી છે." એ સુધારો ૩ વીરૂદ્ધ ૨૦ મતે પસાર થયેા હતેા. મત્રીસે મત આપ્યા નહેાતા. ઓસ્ટ્રેલીયા, ફ્રાંસ અને સાઉથ આફ્રીકાએ વીરૂદ્ધ મત આપ્યા હતા.

ઇરાકે એવેા સુધારો મુકયેા હતેા કે લાગતા વળગતા સભ્ય રાજ્યેા રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં સમજુતીપર ન આવે તેા તેઓને મદદ કરવા ત્રણ સભ્યેાની કમીટી નીમવી. એ ત્રણ સભ્યેામાં એક યુનીયન સરકાર તરફથી નીમવામાં આવે અને બાકીના બે હીંદ અને પાકીસ્તાન તરફથી નીમવામાં આવે. અને જો એ ત્રણ વચ્ચે સમજુતી ન થાય તેા યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલે વચ્ચે પડવું

આ સુધારેા ૧૨ વીરૂદ્ધ ૨૭ મતે પસાર થયેા હતેા. અને છતરે મત આપ્યા નહેાતા.

રૂપ એરીયાઝ એકટ સંબંધી સુધારેા ૧૪ વીરૂદ્ધ ૨૪ મતે પસાર થયેા હતેા અને અકારે મત આપ્યા નહેાતા. તેની વીરૂદ્ધ મત આપનારાઓ માં યુનાઇટેડ સ્ટેટસ, બ્રીટન, ટર્કી, સ્વીડન, નોરવે, નેધરલેન્ડસ, લકસમબર્ગ, ફ્રાંસ, બ્રાઝીલ, બેલ્જીયમ, ઓસ્ટ્રેલીયા અને આરજેન્ટાઇન હતા.

સુધારાવાળેા પારીમાણ ઠરાવના એક ભાગ તરીકે મુકાયેા ત્યારે ટર્કી અને યુનાઇટેડ સ્ટેટસે મત આપ્યા નહેાતા.

સુધારેા મુરબ્બે, ઇકવેડેાર, મેકસીકેા અને ફીલીપીન્સે મુકયેા હતેા.

સાઉથ આફ્રીકાનેા હીંદી સવાલ જનરલ એસેમ્બલીની આવતી બેઠક ના એજન્ડા પર મુકવામાં આવે એવેા સુધારેા ઇકવેડેાર તરફથી મુકવામાં આવ્યેા હતેા. જે ૩ વીરૂદ્ધ ૩૧ મતે પસાર થયેા હતેા. ભારીસે મત આપ્યા નહેાતા. સાઉથ આફ્રીકા, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયાએ વીરૂદ્ધ મત આપ્યા હતા. બ્રીટન અને યુનાઇટેડ સ્ટેટસ તટસ્થ રહ્યા હતા.

હીંદે રજુ કરેલેા પોતાનેા ઠરાવ પાછેા ખેંચી લીધેા હતેા. એ ઠરાવ સાઉથ આફ્રીકાને પોતાની હીંદી વસ્તી પ્રત્યેની વર્તણુકને યુનાઇટેડ નેશન્સ ના ચારીતા અને માનવહકોની જાહેરાતના સીદ્ધાંતેા અને હેતુઓને અનુસાર તાબડતેાબ કરવા ફરજ કરનારેા હતેા.

કમીટીનેા હુકમ

મુખ્ય સવાલ સાઉથ આફ્રીકાના હીંદી સવાલપર ચર્ચા કરવાના રાજકીય કમીટીના હુકમ બીજે સાઉથ આફ્રીકા તરફથી ઉઠાવવામાં આવ્યેા હતેા. તેનાપર મત લેવાતાં નીચેના દેશોએ તરફેણમાં મત આપ્યા હતા: બોલીવીયા: બ્રાઝીલ, બરમા, ચીલી, ચીન, કોલમ્બીયા, ડચુગા, ડેનમાર્ક, ડોમીનીકન, રીપબ્લીક, ઇકવેડેાર, ઇજીપ્ત, એલસેલવેડેાર, એથેાપીયા, ફ્રાન્સ, હૈતી, હન્ડેારેાસીયા, ઇરાન, ઇરાક, ઇઝરાયલ, લેબેનન, લીબેરીયા, મેકસીકેા, નીકા રાગુઆ, નોરવે, પાકીસ્તાન, પેરાગુ, પેરાગ્વે, ફીલીપીન્સ, સાઉદી અરે બીયા, સ્વીડન, સીરીયા, સાયામ, યુનાઇટેડ સ્ટેટસ, વેનેઝ અને યુગોસ્લાવીયા. વીરૂદ્ધ મત આપનારાઓમાં ઓસ્ટ્રેલીયા, ફ્રાંસ અને સાઉથ આફ્રીકા હતા.

નીચેના દેશો તટસ્થ રહ્યા હતા: અફઘાનીસ્તાન, આરજેન્ટીન, બેલ્જીયમ, બ્રહ્મદેશ રશીયા, કેનેડા, ઝેકોસ્લોવેકીયા, ક્રાંસ, લકસમબર્ગ, નેધર-લેન્ડસ, ન્યુઝીલેન્ડ, ઇરૂ, પોલેન્ડ, ટર્કી યુક્રેન, સેન્ટીનેટ રશીયા, બ્રીટન અને વેનેઝુએલા.

ઉતેજન નહિ આપવાનું ઠરાવ્યું છે. સરકારની સુચનાઓ મુજબ જેવી જે સંસ્થાઓને નાણાં મદદ મળતી હોય તેઓની પાસેથી એવી ખાત્રી મેળવવામાં આવે છે કે તેઓ તરફથી થતા કોઈ પણ જાહેરાતોમાં ગોરા અને કાળા પ્રેક્ષકો ભેગા નહિ હોય. દરબન ઉર્દૂ નેશનલ કલબ, જે જેવી એક સંસ્થા છે, તેને બે ત્રણ વર્ષ સુધી મદદ મળતી હતી પરંતુ હવે સરકારની આવી નીતી ના કારણે તે બંધ કરવામાં આવી છે. બીજી એક સંસ્થા ધ ન્યુ મેન્સ ક્રીશ્ચિયન એસોસીએશન છે, તેણે એવી રીતે મદદનો અસ્વિકાર કર્યો છે.

લોહાનીઝબર્ગ બાન્ટુ મ્યુઝીક ફેસ્ટીવલ નામની સંસ્થા છે, જેને કેળવણી ખાતાંએ એવી રીતે પા. પ— ની ગ્રાન્ટ આપવા સ્વિકાર્યું છે કે તેમાં પ્રેક્ષકો ભેગા ન હોય.

આ રીતે ભળી ભળતી વચ્ચે એક લાલ કેમ સ્થાપી શકાશે એ સમજવા માં આવી શકતું નથી.

સરદાર જયંતી અને જવાહર જયંતી

(લેખક : શ્રીમતી સુશીલા ગાંધી)

તા. ૨૭ ઓકટોબરના ગાંધી જયંતી પછી ઠેકાણે ઉજવાઈ. હવે હાલ હાલમાં આપણે સરદાર જયંતી અને જવાહર જયંતી પણ ઉજવીએ છીએ. તે સ્વાભાવીક અને યોગ્યજ છે. પણ સાથે સાથે આપણે જાણવું જોઇએ કે જેઓની આપણે જયંતી ઉજવીએ તેઓના જીવનમાંથી કેટલું ગ્રહણ કરવાનો આપણો આદેશ છે. આ ત્રણે મહાન વ્યકતીઓના જીવનો ત્યાગ અને સેવાથી પુર્ણ છે. અને તેમની જયંતી આપણે ઉજવીએ ત્યારે તેનો અર્થ એ થાય ■ કે, આપણને તેઓનું જીવન ઉચ્ચ અને આદર્શરૂપ લાગે છે. બાપુ મારે આપણે અનેકવાર કહીએ છીએ કે બાપુ તો મહાત્મા હતા અને તેથી તેમણે બતાવેલા માર્ગે સૌ એ સો ટકા ન ચાલી શકાય તો એક ટકો કે પંચ દશ ટકા ચાલવાનો તો અર્થ! હવે રહ્યા આપણા સરદાર અને જવાહર લાલજી. કદાચ એમ કહી શકાય કે જેમ કૃષ્ણ ભગવાન અને અર્જુન તથા પાંડવો હતા તેમ ગાંધીજી, સરદાર, અને જવાહરલાલજી છે. પણ આ યોગ્ય નથી. આપણે એમ વીચારવું જોઈએ કે તેઓ પણ આપણા જેવાજ માણસો છે. પણ પ્રયત્ન કરી તેઓ પોતાના જીવનને આજે ઉજ્જવલ કરી રહ્યા છે, અને તેમણે બતાવેલે માર્ગે જવાનો આપણે પણ પ્રયત્ન કરવું.

વિશ્વબંધુત્વ વિશે ત્રણે મહાન પુરૂષો નો એકજ મત છે અને તે આજના જમાનામાં યોગ્યજ છે. એક જમાનો હતો કે જ્યારે એક દેશમાં બનેલો બનાવ બીજા દેશમાં પહોંચતાં ૨૪ કલાક થતા અને આપણી દુનીયા એ આપણું ગામ અને ગામની આજુ બાજુના બાગો હતા. એક બંગડીને સુરત જવું એ તે જમાનામાં અમેરીકા જવા કરતાં પણ વધારે મુશ્કેલ હતું. ત્યારે માણસે પોતાના અને પોતાના ગામના જીવની સંકુચીત ભાવના રાખી પરવડતી હતી. પરંતુ આજે જ્યારે દુનીયાના ગમે તે ખુણામાં બનેલા બનાવો ૧—૧॥ કલાકમાં દુનીયા ને ખુણે ખુણે પ્રસરી જાય અને તેના સારા યા ખરાબ પરીણામો આપણને તે દેશ સાથે કે તે બનાવ સાથે કશો સંબંધ ન હોય છતાં ભોગવવા પડે તેવા જટીલ જમાનામાં આપણી દ્રષ્ટી અને વીચારો જટીલ હોવા એ આવશ્યક વસ્તુ છે.

ગયા વર્ષપર આપણે જોયું કે હીંદ પોતાની ગુલામીની જંજીર તોડી પણ વેર ઝેરથી ભરેલા આપણા માનસ અને ખોટી સંકુચીત ધર્મભાવનાને લઈને આપણે બાપુજીને ખોયા. હજી પણ એ હીંદુ–મુસ્લીમ પ્રશ્ન આપણી સામે એવો ને એવો જટીલ રૂપે આજે હીંદમાં અને અહીં પણ ઉભો છે. હું તો એમ પણ કહીશ કે આપણને આપણા પોતાનાં સિવાય બીજા બધા મારે ઓછો આદર અને તુચ્છ ભાવના હોય છે. સુરતીને પુછશો તો તે કાઠીયાવાડી માટે નાક મરડશે અને ગુજરાતીને પુછશો તો તે મદ્રાસી માટે નાક મરડશે અને કદાચ બે સુરતીજ હશે પણ એક પટેલ અને બીજો વાણીયો હશે તો તે પણ બીજાને માટે નાકનું ટેરવું ઉંચું કરશે. હજી આગળ જઈએ તો બન્ને પટેલ હશે તો પણ એક પોતાના કુળ માટે વધું આદર રાખશે. પોતા માટે આદર રાખવો, કે પોતાના કુળ માટે આદર રાખવો કે પોતાની જાતી માટે કે દેશ માટે આદર રાખવો એ ખરાબ વાત નથી. પણ જે વ્યકતી ખરો આદર રાખે છે અને અભીમાન નથી રાખતો તે બીજાને તીરસ્કારતો નથી. બાળક માને ચાહે છે તે બીજાની માંને કે બીજાની માતાને તીરસ્કારતો નથી. જે પોતાના ધર્મને ચાહે છે તે બીજા ના ધર્મને તીરસ્કારતો નથી. અને આદરથી જુવે છે. પણ આજે આપણને ધર્મ તરફ આદર નથી. ધર્મ અને જીવનને કશો સંબંધ નથી છતાં ધર્મને નામે માનવ તીરસ્કાર, માનવ હત્યા આપણે કરવા તૈયાર થયું.

દેશની રહીતીને વિષે હમણા જ પંડીત જવાહરલાલજીએ કહ્યું હતું કે, "અમે તે લોકો કોમી વાદ નો સામનો કરી તેને નાબુદ કરવા પડશે." તે બારામાં આલેકાનંદ મહાભારતી, જેઓ અરબીંદોમંડલ મીશનના પ્રમુખ છે, તેઓ 'હરીજનબંધુ'માં લખે છે કે:

"એવા પ્રસંગો આવે છે જ્યારે બધા માણસો ભુલ કરી રહ્યા હોય પણ ઇશ્વરની કૃપાથી એકજ માણસ સાચી વસ્તુ કરી રહ્યો હોય. દરીયો માપું ઉંચું કરવા મથી રહેલા કોમીવાદની સામે લડી લેવાની પંડીત નેહેરુની વાત સંપુર્ણ સાચી છે."

આ વાંચી મનમાં પ્રશ્ન ઉભો થાય છે કે, કોમીવાદની વેદી ઉપર શું હજી બાકીના પડયા છતાં આપણા હૃદયમાંથી વેર ઝેર ઓછાં નથી થયાં? આ કોમીવાદે કેટલા એ લોહીની નદી વહાવી એ નદી માં હીંદુ—મુસ્લીમોના લોહી કોઇ જાતના ભેદભાવ વગર એકત્ર થઇ વહેતાને બીવ્યો. ત્યાર પછી એક મહાન આત્માનું–આપણા ગ્રાનું બલીદાન દેવાયું. હવે? આ પ્રશ્ન મુંઝવે છે. શું આટલું આપણી આંખ ઉઘાડવા બસ નથી. બ્રેજ હીંદુ અને મુસલીમો આજે આપણે આ સાહિત્ય આદોકાની ભુમીપર અહીંની પ્રજા સાથે હળી મળીને રહેવાની વાતો કરીએ છીએ. આપણા અંતરો તપાસીએ કે શું એ સાચી વાત છે? શું આપણા હૃદયમાં તીરસ્કાર નથી? અને જો એ તીરસ્કાર દેખાય તો તે કાઢી નાખી પ્રત્યેકને માટે પ્રેમ ધરાવતાં શીખવું એજ આપણી ફરજ છે. પાકીસ્તાન અને હીંદુસ્થાનમાં હીંદુ કે મુસ્લીમ ઉપર જુલ્મો થતાં હશે તો તે સરકારો સમજી લેશે તેને બદલે આપણે વેર બાંધવાની જરૂર નથી. આ જવાહરલાલજીનો સંદેશો છે.

અરબીંદાશ્રમ મીશનના પ્રમુખના લેખમાંથી એક નોંધ લઇ એ આશા સાથે વીરમું છું કે આ મહાન નરોની જયંતી ઉજવતાં પહેલાં અથવા પછી આપણે કાંઇક વીચારી જીવનને સુધારીએ અને તુચ્છ લાભો ને ખાતર સમાજને રાજ માર્ગ પરથી ઉતારી ગલીઓમાં અટવાવી ન દઇએ.

"સંકુચીત અર્થમાં કેટલાકો સમજે તે પ્રમાણે હીંદુ ધર્મનો ઉદ્ધોદ્ધાર થવાનો જ નથી. ઇશ્વરની યોજના માં જ એ નથી. આ સદા બદલાતા જગતમાં એકની એક વસ્તુ કરી આવતી નથી. ભુતકાળમાં જે વસ્તુ બની તે કરી કરી પાછી આવે નહીં. આપણા ઋષિ–પુર્વજોએ હીંદુ ધર્મ કે હીંદુ સંસ્કૃતિ જેવી કોઇ વસ્તુ બનાવતા નહોતા. તેઓ તો કેવળ શુદ્ધ અને નીષ્કલંક ધર્મ, સત્ય અને સદાચારની ચીંતા કરતા હતા. ધર્મ અને સંસ્કૃતિની તેમની સમગ્ર કલ્પના વિશ્વવ્યાપી અને શાશ્વત હતી.

"આ કોઇ અમુક સાંપ્રદાયિક કે કોમી ધર્મ, હીંદુ, ઇસ્લામ, ખ્રિસ્તી કે બૌદ્ધ ધર્મના પુનરુદ્ધારનો યુગ નથી, ભલે દરેકમાં કેટલીક સર્વોત્તમ ચીજો હોય. સર્વ ધર્મના સમન્વય નો આ યુગ છે. ઇશ્વર એક છે, અને ધર્મ પણ એક જ છે. આ જમાનામાં માણસોએ આ મહાન સત્ય શીખવાનું છે, અને એનું ભાન તેમને વધુ ને વધુ કરાવવાનું છે, અને સંજોગો તેમને એમ કરી જ રહ્યા છે. રૂપ જુદાં જુદાં હોય. પરંતુ રૂપ ભિનમહત્વનું છે, એટલે નકામું છે. હીંદુઓ, મુસલમાનો, ખ્રિસ્તીઓ, બૌધ્ધો—આપણે બધા એક જ ધર્મના છીએ. ઇશ્વર આપણું સમાન તત્વ છે, ઇશ્વર આપણો એક પિતા છે, અને આપણે સૌ તેનાં સંતાનો છીએ અને એકબીજા પ્રત્યે એ રીતે વર્તવાનું છે. હીંદુ મહાસભા કે મુસ્લિમ લીગનો આ યુગ નથી. આ જમાનો હીંદુ–મુસલમાન–ખ્રિસ્તી–બૌદ્ધ–દુનીયાં સર્વધર્મ મહાસભાનો છે. આપણે વીચાર અને કાર્યની જુની પડેલી રેખા ઊંડવી જરૂરી હોય તો આપણે તેમ કરવું જોઇએ. આપણે જો એમ નહીં કરીએ તો સંજોગના માર્યા કરવું પડશે.

જગતને જેની જરૂર છે, તે કોઇ સાંપ્રદાયિક ધર્મની નહીં પણ માણસ ના હૃદયમાં સર્વવ્યાપી અને શાશ્વત ધર્મનું પુનરુત્થાન કરવાની છે. ઇશ્વરને એ મંજુર છે. માણસજાત ને એક પ્રભુમાં જોડી દેવાની જરૂર છે. તેમને પ્રેમ, દયા અને ભાતૃભાવના એક સાર્વત્રિક ધર્મની જરૂર છે.

ગુજરાતી પ્રેસના નવા વરસનાં પંચાંગ ભાવ પોસ્ટેજ સાથે શી. પ. ઈન્ડિઅન ઓપીનીઅન ની ઓફીસેથી તુરત મંગાવો.

મહાત્મા ગાંધીજી લખનાર
ગાંધીજી
આજુનાં પત્રોઃ (આશ્રમની
ભેટ કપર) સંપાદક મહા મહેશ્વર ૧ ૧
મળવાનું ઠેકાણું આ ઓફીસ

હિંદનો પત્ર

(અમારા ખાસ બંદરપત્રી તરફથી)

વડોદરા, નવેમ્બર તા. ૪, ૧૯૫૦.

નેપાળમાં બળવાખોર

નવી દિલ્હીથી તા. ૭ મીએ જણાવાયું હતું કે નેપાળના રાજા મહારાજા વિરાજ ત્રિભુવન વીર વીક્રમ શાહ દેવ છ્યાંથી ભારતના એલચી ખાતાના મકાનમાં આશ્રય લીધો છે, અને તેમના નવ વરસના પૌત્રને નેપાળના વડા પ્રધાને ગાદી પર બેસાડ્યો છે. ભારત સરકારના વીદેશ ખાતા તરફથી જાહેર કરવામાં આવ્યું છે "ના મહારાજા મદદ માટે ભારત આવવા આતુર છે." (બ્રિટિશ) રોયટર જણાવે છે કે તેઓ ભારત સરકારની દરમ્યાનગીરીથી વીમાન મારફત ભારત આવી રહ્યા છે, ને તેમને ભારત સરકારના મહેમાન તરીકે દીલ્હીમાં રાખવામાં આવશે. નેપાલમાં રાજકીય સુધારાઓ માટે ચાલી રહેલી ચળવળ સાથે રાજના આ પ્રસંગને સંબંધ છે એમ મનાય છે. રાજ્યમાં સ્વશાસન માટેની ચળવળના ઘણા નેતા પ્રિય આગેવાનોને જેલમાં પૂરવી દેવા માં આવ્યા છે. નેપાલના ૪૫ વરસ ની ઉમરના રાજા પ્રજાકીય માગણી પ્રત્યે સહાનુભુતી ધરાવતા હોવાનું મનાય છે.

વધુ વિગતો

નેપાળ ૫૬,૦૦૦ ચોરસ માઇલનો પહાડી પ્રદેશ છે. ખટમંડુ સાથે સતત સંપર્ક ધરાવતા એક નેપાળી પ્રજાજને કલકત્તામાં જણાવ્યું કે "નેપાળનું સરકાર, જે હાલમાં વડા પ્રધાન (જે નેપાળના ખરા રાજકર્તા છે) તેના અંકુશ હેઠળ છે, તે કોઇ પણ પળે તેમની વીરૂદ્ધ પડશે એવી ધારણા છે. (નેપાળનું સરકાર લગભગ ૪૫ હજાર રોનીકોનું છે, ને મોટે ભાગે પામદળ છે.) તેણે એમ પણ કહ્યું કે નવા બાળ મહારાજા, જેમને વડા પ્રધાને ગાદીએ બેસાડ્યા છે, તેનું એ હેતુસર મહેલમાંથી આ પહેલાંજ અપહરણ કરવામાં આવ્યું હતું. વર્તમાન મહા રાજાએ ગાદી ત્યાગ કર્યાની વાત ખોટી છે. નેપાળી કોંગ્રેસ, જે નેપાળની બીન-સામ્યવાદી રાજકીય સંસ્થા કહેવાય છે, તેના એક પ્રતિનિધિએ પટણામાં કહ્યું કે નેપાળની આપખુદ સરકાર વીરૂદ્ધ પ્રજાજન ઉભેા કરવા માટે સંસ્થા ના ૬૦ ટકા સભ્યકર્તાઓ કપારના નેપાળમાં જઇ વસ્યા છે, અને નેપાળ માં "ક્રાંતી" માટે હવે માત્ર થોડા દીવસોની જ વાર છે. નવી દીલ્હીના તા. ૮મીના રૂટરેા જણાવે છે કે "નેપાળની હાલની પરીસ્થિ કરે ઠીમાં ભારત દરમ્યાનગીરી કરશે એમ માનવાનાં મજબુતકાર કારણો ધારતાં નથી. છતાં ભારતને નેપાળમાં રસ છે, અને તે દેશનો વહીવટી તંત્રમાં પ્રજાનો અવાજ હોય એવા બંધારણીય શાસન માટે ત્યાં ૬૦વર્ષથી ભારત નેપાળ સરકાર પર દબાણ કરી રહ્યું છે." તીબેટ અને નેપાળના બનાવો વચ્ચે સંબંધ છે એમ મનાતું નથી. નેપાળના બનાવોને પરિણામે ઉત્તર પ્રદેશ રાજ્યની સરકારે નેપાળની સરહદ પર આવેલા સાત જીલ્લાના સત્તાવાળાઓને સતત જાગૃત રહેવા જણાવ્યું છે; ૬૫૦ માઇલની લાંબી સરહદ પર તકેદારી રખાઇ છે.

નેપાળનું રાજ્યતંત્ર

નેપાળનું રાજ્યતંત્ર અનોખી ઢબનું છે ત્યાંના રાજા તો નામના જ છે. ખરા રાજ્યકર્તા તો વડા પ્રધાન છે, અને તે "મહારાજ" ઉપનામ ધરાવે છે. વડા પ્રધાનનો દરજ્જો થાય ત્યારે એમના કુટુંબની પિતરાઇઓમાંથી જે માણસ તે વખતે ઉમરે સૌથી મોટો હોય તે નવો વડો પ્રધાન થાય છે. એટલે ખરા રાજ્યકર્તા તે આ કુટુંબવાળા છે, ને તેઓ "રાણા" કહેવાય છે. પ્રજાકીય શાસનની હાલ ચલાવનારા આ રાણા ઓને જુલમી ને આપખુદ કહે છે. રાજા નામના રાજા ને કશી સત્તા ધરાવતા નથી, છતાં પ્રજાને તેમને વીષે આદર છે. દીલ્હીમાં જ્યારે મોગલોનું રાજ્ય હતું ત્યારે—૧૬મી સદીમાં—એક રાજપુત કુળે નેપાળમાં જઇ ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. એટલે નેપાળી મુરબ્બીયો આ રાજ્યકર્તાઓ જુદા મોઢી ના છે, અને તેઓ ભારતના રાજપુત રાજ્યકર્તાઓનાં જુદાં જુદાં કુળો સાથે સબન્ધસંબધથી જોડાયેલા છે. હીંદ અને નેપાળ વચ્ચેના સંબંધો ચોક્કસ વખત પર બે દેશ વચ્ચે થયેલા કરાર પ્રમાણે ચાલે છે. નેપાળમાં હીંદુ તેમજ બૌદ્ધ અને સંપ્રદાયનાં મળીને કુલ ૨,૩૩૩ દેવસ્થાનો છે. ભારતના અમેરીકન એલચી મી. લોય હેંડરસને જણાવ્યું છે કે તીબેટના હાલના બનાવોને અંગે નેપાળ સરકારે અમેરીકા પાસે લશ્કરી મદદ માગ્યાની વાત ખોટી છે.

હીંદના રક્ષણનો સવાલ

સરકાર પટેલે નવી દીલ્હીમાં દ્વાનંદ પુણ્યતિથિ પ્રસંગે કરેલા ભાષણ પરથી જણાય છે કે નેપાળના નવા બાળરાજા ને હીંદ સરકારે હજુ માન્યતા આપી નથી. નેપાળના બનાવથી હીંદની ઉત્તરે સરહદે ઉભા થયેલા સંજોગો નીર્દેશ કરી સરકારે જણાવ્યું કે "કોઇ પણ રસ્તેથી ફેંકાનાર કોઇ પણ સંગીન પડકારને પહોંચી વળવા તત્પર રહેવું હીંદીઓ માટે અનીવાર્ય બને છે. હંમેશાં શાંતી ચાહનાર તીબેટ સામે આંને કરેલા સરકારી બળનો ઉપયોગ ગેરવાજબી છે. વીદેશી સત્તાઓ તીબેટ માં ચીન સામે કાવાદાવા કરે છે જેની દલીલ આંને પોતાના પગલાંના બચાવ માં કરી છે. આ દલીલ પાયા વગર ની છે, કેમકે બહારના કોઇને તીબેટમાં રસ નથી. આ વીષે ભારત સરકાર સમક્ષ સાફ રપષ્ટતા કરી હતી, પણ આંને ભારત સરકારની સલાહ માની નહીં. આ કપરા કાળમાં ભારતવાસી ઓની ફરજ બજાવે મદદગારીથી સામ નો કરવાની છે. સ્વામી દયાનંદ અને મહાત્મા ગાંધી બંનેનો સાચો સંદેશ તો એજ છે. તમારામાં નામર્દોને પુસવા દેશો નહીં. બળથી કરી આગી ભરશો નહીં. દેશની ચપ્પા વરસની વફા દારીનું સંપૂર્ણપણે રક્ષણ કરવા નું છે, . આ કટોકટીમાં આપણે નહીં સાનો અવાજ અહિંસાથી વાળી શું. પણ આપણી સામે કોઇ બળનો ઉપયોગ કરે તો આપણે તેને બળથી જ પહોંચી વળીશું."

આ સંબંધમાં શ્રીનગર (કાશ્મીર) નો સંદેશો જણાવે છે કે વામન્ય તીબેટ નાં સામ્યવાદી દેશોની ચઢ રહેલી કુચ ને ધ્યાનમાં લઇને, દ્રાખાલ ને તીબેટ સાથે સાંકળતી ઉદાન કોલ્હની ૬૫૦ માઇલ લાંબી સરહદ પર સંરક્ષણ માટે મજબુત પગલાં લેવાય રહ્યાં છે. લદાખ સ્કાઉટોના સાથે ૪૫૦ માઇલ જેટલી લાંબી સરહદ પર સંરક્ષણ માટે ભારતીય સૈન્ય ગોઠવાઇ ગયું છે. તે નીયમીત લેપારી માર્ગો અને બીજા ઘાટો દ્વારા ચીન તથા ચીની તુર્કસ્તાન સાથે પણ જોડાયેલું છે.

વેપારીઓને

મુંબઇમાં વેપારીઓ સમક્ષ ભાષણ કરતાં શ્રી. નેહરૂએ જણાવ્યું : "આજે દેશ કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે. દુનીયાની પરિસ્થિતિ પણ સારી નથી. એશીયામાં લડાઇઓ ચાલે છે. આપણી સરહદ સુધી લડાઇ આવી પહોંચી છે. પણ એથી હું ગભરાતો નથી. હું ગભરાઉં છું આપણા આંતરિક ઝઘડા ઓથી. દુનીયાના દેશો સાથે પાયમાલ થઇ જશે એ દેશો પોતાના આર્થિક પ્રશ્નોનો સારી રીતે નીકાલ કરશે એનો૦૮ અંતે વીજય થશે. આર્થિક કે રાજકીય પ્રશ્નો ગૃહયુદ્ધના સહકાર વીના ઉકેલી શકાશે નહીં. આપણું નૈતિક અધઃપતન થશે તો પ્રગતીની જરા જેટલી પણ આશા નથી. સમાચારથી વેપાર નહીં કરના રાજ્યો દેશનું અહિત કરે છે. આપણા ઉજળા ભાવિ માટે આપણે પણ સહન કરું. આજે પણ આપણા અવિષ્યનું ચીત્ર નજર સમક્ષ રાખી આપણે બાત નામનો વેરવાની છે."

તીબેટનો ઉપદ્રવ

નવી દીલ્હીમાં આંતરરાષ્ટ્રીય તીબ અંગેના નિષ્ણાત પરિષદનું ઉદઘાટન કરતાં ભારત સરકારના ખેરાક અને ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી. કનૈયા લાલ મુનશીએ અનાજને આરાયપ એની તમામ જાતોને અને ખાસ કરી ને તીબેટ પર અંકુશ મુકવાના સહકારી પ્રયાસોને આદરવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો. પરિષદનું પ્રમુખપદ હીંદી પ્રતિનિધિમંડળના નેતા શ્રી. ઇ. એસ. કૃષ્ણમુર્તીએ લીધું હતું; અને એમાં અફઘાનીસ્તાન, સુદાન, મિસર, ઇરાક, ઇરાન, ઇસરાઇ, પાકીસ્તાન, સાઉદી અરબસ્તાન અને યમનના પ્રતિનીધિ ઓએ હાજરી આપી હતી તે ઉપરાંત અમેરીકાના ખેરાક અને ખેતીવાડી સંસ્થાના નીરીક્ષકો હાજર હતા. શ્રી. મુનશીએ કહ્યું કે "હીંદી સંઘમાં તીબને લગતી પરિસ્થિતિ સંપૂર્ણ અંકુશમાં છે. અમે ભારતનું અનાજ બચાવવામાં સફળ થયા છીએ, એટલું જ નહીં પણ આ સામી શીયાળાની ઋતુ દરમ્યાન પશ્ચિમ બંગી આવતાં તીડોનાં આક્રમણોની તકેા ઓછામાં ઓછી કરવા પણ શક્તિમાન થયા છીએ; અને અમે ઉંડી આશા છે કે આવતા શીયાળા કે વસંત ઋતુ દરમ્યાન તીડો ઉડતાં જ્યાં આવ્યા હશે ને ઇંડાં મુકે ને દેશો મુકતે તેમનું નીકંદન કાઢવાના પ્રયાસો કરશે. આ તમારે૮ સારૂ જ્યારે જ્યાં જ રાખ્યું. આ કામમાં એક બીજાને સાથ આપે."

વિવિધ

આસામ ફંડ

આસામને મદદ કરવા માટે વિદ્યાર્થી વર્ગે કરેલી કામે જે પ્રયત્નો કર્યા છે તે પ્રશંસા પાત્ર છે. એ જાણીને છે કે વિદ્યાર્થીનાં દેશમાં દુકાળનાં જોખમો કુમારાયી ભરેલાં છે. કમિટીએ હજુ એમને કકોર કર્યો નથી. પૈસા મેળવવા માટે તેમણે ઘણી જગ્યાએ શરીરશ્રમનાં કામેા કરી. અમણા ખોરાકમાંથી પૈસા બચાવી ફંડ કર્યું છે. છાપામાં વાંચ્યું કે સુરતના કેટલાક વિદ્યાર્થીઓએ તો કરવા આવનારના ખુબ ચોકીપેા કરી તે રીતે પણ આસામ માટે ફંડ ભેગું કરવા પ્રયત્ન કર્યો છે. આવું નાનું મોટું કામ તેમણે તે શુદ્ધ અને પવિત્ર ક્રાન છે.

આસામ ફંડ

દરબનના ગુજરાતી હીંદુ મહીલા મંડળે આસામ ફંડ માટે તા. ૬-૧૧-૫૦ ના હીંદના વડા પ્રધાન પંડીત જવાહર લાલજીપર કરેલ મારફતે પા. ૧૨૫-૧૩-૬ મોકલ્યા છે.

દેવ દીવાળીનો ઉત્સવ

દરબનના ગુજરાતી હીંદુ મહીલા મંડળે દેવ દીવાળીના ઉત્સવ કારતક સુદ અગીયારસના સાંજે હોલમાં ભજન કીર્તન, બાળકોના સંગીત, ગરબા, ગીતોનો કાર્યક્રમો કરી ઉજવ્યો હતો.

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકકીબન)

[૪૦ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકકીબનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકકીબન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

સંતતી નીયમનના સાધનો અને સાધારણ બુદ્ધિ

આજ કાલ સમાજ સુધારકો, અર્થ શાસ્ત્રીઓ અને કુંક વીચારના લોકોમાં દુનીયામાં વસ્તી બહુ વધી ગઇ છે એવું કહેવાની એક ફેશન થઇ ગઇ છે. તેઓ કહે છે કે દુનીયામાં લોકો વધારે પડતા મોટા પ્રમાણમાં પેદા થવા લાગ્યા છે. આપણે તેઓને સંતતી-નીયમન અને કુટુમ્બોની સંખ્યા મર્યાદિત રાખતાં શીખવવું જોઇએ.

એવા ખોટી માન્યતા પ્રવર્તી રહી છે કે આપણા સઘળા સામાજીક દોષો નું કારણ એ છે કે, વસતી બહુ વધી ગઇ છે તેથી અનાજ પુરું પડતું નથી, બેકારી વધી ગઇ છે, અને સુખચેનથી રહેવા, કામ કરવા અને જીવનનો આનંદ લેવાને માટે સ્થાન નથી.

એક વખતના આયરીશગેને એકવાર કહ્યું હતું કે, "પ્રત્યેક બાળકને ઈશ્વર આ પૃથ્વીપર પેદા કરે છે તેની સાથે તેના નીર્વાહના સાધનો પણ કરે છે." આ વસ્તુ ખરીજ હોવી જોઇએ કેમકે, માણસ જર્જ રહેતો કદાચ રોકી શકે અને બાળક પેદા થતા પહેલાં અથવા પછી તેનો જીવ લઇ શકે. પરંતુ ઈશ્વરેચ્છા વિના તે જીવ પેદા કરી શકતો નથી. જીવ ઈશ્વર- થકી અને ઈશ્વરમાંથીજ પેદા થાય છે. એથી તે ઈશ્વરનો અંશ છે અને અત્યંત પવિત્ર છે.

દુનીયામાં અનીષ્ટોનું કારણ બહુ બાળકો પેદા થાય છે એ નથી પરંતુ કેટલાક લોકો સ્વાર્થાંધ બની ઈશ્વરે પોતાના સઘળાં તનુજોને માટે પુરાં પાડેલાં જમીન, અનાજ ઇત્યાદિ સાધનો પોતે ખાતે પચાવી પાડે છે એ છે. ઈશ્વરે સૌને જમીન વિગેરેના સમાન જન્મસિદ્ધ હકો આપેલા છે.

આ વસ્તુની અજાનતા, અથવા તેને વિષેની બેપરવાઇ અને પૃથ્વા ઔજ સઘળા અનીષ્ટોનું મુળ કારણ છે અને પછી તેનો દોષ ખોટી રીતે દુનીયામાં કે કોઇ અમુક દેશમાં વસ્તી વધારે પડતી થઇ ગયેલી કોવાપર મુકવામાં આવે છે. જે કોઇ જમીનના સવાલ નો અને તેના ઉકેલનો અભ્યાસ કરે તે સમજી શકશે કે જેમ વ્યક્તિગત દોષોને માટે કુદરતી ઉપચાર છે તેજીજ રીતે સામાજીક અને આર્થિક દોષોને માટે પણ કુદરતી ઉપચાર રહેલો છે. બન્ને ને કુદરતનો કાયદો લાગુ પડે છે.

કમનસીબે આપણો આધુનીક સુધારો ઘણો ખોટો અને ભીંતરો દોષ આપણે સત્ય વસ્તુ સહજમાં સમજી શકતા નથી. આથી દુનીયામાં પાગલ પણ આવી ગયું છે અને લોકો બાળક ના જન્મને એક આફત અને સુનો માની બેઠા છે. જે લોકો ઓજરીયમ ની વસ્તુથી બાળકને બગાડવા વિના તેને ઉછાડી શકે છે તેવાજ લોકો આજે બાળકો માંગતા નથી.

આથી સંતતી અટકાવવાના સાધનો નો ઉપયોગ આજે બગભગ સર્વત્ર થઇ રહ્યો છે. પરંતુ કુદરત પોતાના નીયમોનો ભંગ કરવાની આપણને સખ્ત સજા કરે છે, બીજીઓમાં રોગો ઘણા વધી ગયા છે અને કેન્સર જેવા રોગનું પણ મુળ તપાસવામાં આવે તો આ ભયંકર રીતો અમલમાંવવામાં આવેલી હોવામાં રહેલું જોવામાં આવે છે.

બ્રહ્મચર્યના પાલનને પુર્વમાં લોકે આદર્શ ગણવામાં આવ્યું છે છતાં આપણે સમજવું જોઇએ કે માનવીઓ ની વીચારણા બહુમતીને એવા ઉચ્ચ આ દેશે પહોંચવું અશક્ય લાગે છે. ઇન્દ્રિયશાસ્ત્રીઓનો તેના સમર્થનમાં છે કે અમર્યાદ રીતે સંભોગ કરવાથી તેમજ સંભોગ નહિ કરવાથી પણ ઇન્દ્રિય રોગો થાય છે. આ સવાલ ગુઢ છે અને ધર્મ, નીતી, અર્થશાસ્ત્ર અને વ્યક્તિગત સ્વભાવ અને શારિરિક સ્થિતિની સાથે સંકળાયેલો છે.

પરંતુ એક વસ્તુ ચોકસ છે અને તે એ કે કોઇ પણ સંભોગનો આનંદ વધારે પ્રાપ્ત કરવાને જનનેંદ્રિયોને ઉશ્કેરનારી દવાઓ કે પ્રદાથો વાપરે છે તે અતિ મુર્ખ છે. એવી વસ્તુનો ઉપયોગ ખરોજ ભોભઝભરેલો છે અને વખત જતાં ઘણું નુકસાન કરે છે. અને લાંબે ગાળે તેનો ઉપયોગ કરનારને તે દગો દે છે અને પુરૂષ અથવા સ્ત્રીને નપુંસક બનાવી દે છે.

આ વસ્તુ હોમીયોપથીના અભ્યાસી થી સહેલાઇથી સમજી શકાય છે કેમકે તે જાણે છે કે કોઇ પણ તેજી દવાની અસર બેવડી થાય છે. એક તે થોડી વારને માટે ઉશ્કેરે છે અને પછી લાંબા વખતને માટે તે બહેર મારી દે છે. આવીજ તેજી દવાઓની વખત જતાં અસર પડી જાય છે, અને મોટા પ્રમાણમાં લેવાથી પણ અસર થતી નથી. આવી દવાઓનો ઉપયોગ કરનારા ઓ મોટેભર મુર્ખ છે અને એવા જે મુર્ખો જનનેંદ્રિયને ઉશ્કેરનારી આવી દવાઓ લે છે તેઓને છેવટે બહુ નીરાશ થવું પડે છે. એજ દવાઓ અંતે તેઓની ઇન્દ્રિયોને કાયમને માટે નકામી કરી દેનારી થઇ પડે છે.

આ વસ્તુ ખાસ કરી પુરૂષોને લાગુ પડે છે અને તે એવા પુરૂષોને કે જેઓ ની જુવાની ચાલી ગયેલી છે અને જુવાની લાવનારી દવાઓનો ઉપયોગ કરે છે.. સ્ત્રીઓને પણ તે એટલીજ નુકસાનકારક છે.

પરંતુ બીજીઓને તો બીજી રીતે બહુ નુકસાન થાય છે. તેઓની સંતતી અટકાવનારી દવાઓ ઝેરી હોય છે અને તે લગાડવામાં આવે તે કોમળ જગ્યાને બાળી નાખે છે અને કાયમ ખરી કે છે. આ કોમળ જગ્યા આંખો ના જેટલી કોમળ હોય છે અને આંખ ને બાળી નાખનારી કે નુકસાન કરનારી વસ્તુ ન લગાડાય તેમ આ જગ્યાને ઝેરી વસ્તુ ન લગાડાય. આધીજ કારણવાન માં કેન્સરના દાખલા અને બીજી જનનેંદ્રિયના રોગોના બીજા દાખલા બને છે. વળી પણ સંતતી અટકાવનારી દવાઓ બેરી હોય છે કે જે લોહીમાં પ્રસરી જાય છે. તેનો બહુ ઉપયોગ કરવાથી અનેક રોગો થાય છે. ઘણી પરણેલી સ્ત્રીઓનું લોહી સુકાઇ જાય છે. અથવા બીજા કારણના રોગો થઇ પડે છે. કુદરતી ઉપચારના હાકેદરને જણાઇ આવે છે કે સંતતી અટકાવવાને વાપરવામાં આવેલી દવા ઓ એ રોગોનું મુળ કારણ હોય છે.

કેટલીક સ્ત્રીઓ વખોથી કસુવાવડો કરાવતી હોય છે. કોઇ ડાકતરની દવા થી તો કોઇ સ્પેશ્યલીસ્ટ પાસે જાય કોઇથી તો કોઇ જલદ દવાઓથી પરંતુ આખરે એ સઘળી તેઓની સામાન્ય તંદુરસ્તીને નુકસાન પહોંચાડનારી થઇ પડે છે. તેવી સ્ત્રીઓને પછી જ્યારે બાળક જોઇતું હોય ત્યારે બાળક થતું નથી, અને કેટલીકને થાય છે તો તે બેડોળ અથવા અપંગ, લાંબું પાંગળું થાય છે.

આ બધું માણસ પોતાની મુર્ખાઇ થી પોતાની ઉપર લાવી મુકે છે.

જનનેંદ્રિને એક ગંદી વસ્તુ તરીકે ગણી કાઢવી નહિ જોઇએ પરંતુ પવિત્ર વસ્તુ મણી એ રીતે તેનું જતન થવું જોઇએ.

ઘણા લોકો એવું માનવાની ભુલ કરે છે કે ઇન્દ્રિ એ કેવળ સંભોગનુંજ એકમાત્ર સાધન છે. એ મોટી ભુલ છે. નવો જીવ પેદા કરવાને પુરૂષ અને સ્ત્રીનું જોડાણ કરનારી છે અને એક બીજા વચ્ચે પ્રેમ ઉત્પન્ન કરનારી છે જેથી દુનીયા પ્રેમ અને ઐકયતાથી રહી શકે. આથી જનનેંદ્રિનો અત્યંત સંયમથી અને તેની પવિત્રતા જાળવીને જ ઉપયોગ થવો જોઇએ નહિ કે કેવળ સંભોગના દુષ્ટિક આનંદને માટે.

ગાંધીજી અને ફુલ

બાપુજી—ગાંધીજીને ફુલ બહુ પ્રિય હતાં. પણ તેઓ કદી ઝાડપરથી ફુલ તોડવા પસંદ કરતા નહીં. તેમાં પણ તેમની અહીંસાવૃત્તિ અમરવાને રહેતી. આથી બહુ વખોથી તેમને પોતાને ફુલનો હાર ન પહેરાવવો એમ જાહેર કર્યું હતું અને તેથી પ્રસન્ન તેમને ફુલ ને કેકાણે સુતરનો હાર અર્પણ કરતી.

ફુલ ઝાડ ઉપર પોતાનું જીવન જીવે છે. તેને જો ડાખળી સાથે કાપી પાણીમાં મુકો બાપુ સામે મુકવામાં આવતાં તો બાપુ શ્વાસ વાંધો નહોતા લેતા. પણ હાર રૂપે કે બીજા બીજા રૂપે કે જેમાં ફુલને પાણી ન મળતાં જલ્દી કરમાઇ જતાં તેવી રીતે અર્પણ થએલાં પુષ્પો કદી તેઓ સ્વીકારતા નહીં અને તેનો અર્પણ કરનારને દપકો સાંભળવો પડતો.

આ દેશમાં આપણે કેટલાક માંગલીક પ્રસંગોએ બાપુના ફોટાને ફુલ હાર કે ફુલ પાંખડીયો રોમીત કરીએ છીએ. આથી સહજ વીચાર આવે છે કે જે વસ્તુ બાપુનાં જીવતાં બાપુએ પસંદ નથી કરી તે આપણે તેમના મરણ બાદ કરવી યોગ્ય ગણાય ખરીકે બનવા જોગ છે કે, ઘણા આ વાત જાણતા પણ નહીં હોય. આથી આ સુચના કરવી યોગ્ય લાગે છે. આશા છે કે આની ઉપર આપણે વીચાર કરશું.

મુ. ગાં.

જોડણી કોશ

ગુજરાતી અધરા શબ્દોનો સહેલા શબ્દોમાં સમજુતી આપતો આ જોડણી કોશ ગુજરાત વીદ્યાપીઠ તરફથી બહાર પડયો છે. ૧૨૨૧ પાનામાં અનેક શબ્દો અને તેના અર્થ વીગેરે આપ્યા છે. આ ઘરમાં વસાવવાથી તમારી ગુજરાતી ભાષા સુધરશે.

કીમત ૧ ૨ ૦

આ ઓફીસેથી મળશે.

ચાવલ કરતાં બ્હીસ્કીને વધારે પસંદગી

થોડા વખતપર યુનીયન સરકારે એક નીવેદન બહાર પાડ્યું હતું કે ચાવલ એ અમલ્યની આયાતની વસ્તુ નહિ હોવાથી તેને માટે રટર્લીંગ એરીયા સીવાયની સમવડ માપ તેમ નથી—બ્યારે સોદ લાભ પાકીસ્તાનને. બ્હીરમા આ દેશ માં આયાત કરવાની તેણે છુટ મુકી છે. આ પરથી નાટાલ ઇન્ડિયન કોંગ્રેસે ડીરેક્ટર ઓફ ફુડ સપ્લાયઝ પર કાગળ લખ્યો છે કે ચાવલ, કે હીંદીઓનો મુખ્ય ખોરાક છે, તેવા હીંદીઓની મોટી વસતી નાટાલમાં છે અને તેઓ ના લાભને ખાતર ચાવલ યુનીયનમાં આયાત કરવાની અમે તમને વીનંતિ કરીએ છીએ.

એકસચેન્જ (હુંડીયામણ) સંબંધી મુશ્કેલીના સંબંધમાં જણાવવાનું કે આજે રટર્લીંગની સ્થિતિ યુનીયનમાં ઘણી સુધરી ગઇ છે. અને સરકારે ઘણી વસ્તુઓની આયાત પરનો કન્ટ્રોલ ઉઠાવી લીધો છે જેમાં બ્હીસ્કી પરના કંટ્રોલનો પણ સમાવેશ થાય છે. શું સરકાર ચાવલના કરતાં બ્હીસ્કીને વધારે અમલ્યની ખોરાકની વસ્તુ ગણે છે?

અમારા સમજવા મુજબ બ્રીટીશ યુનીયનને ચાવલનો મોટો જથ્થો આપવાની ઓફર કરી હતી પરંતુ આ બાબતમાં સરકારની નીતીને લીધે એ ઓફરનો અસ્વિકાર કરવામાં આવ્યો હતો.

ચાવલ અમલ્યની ખોરાકની વસ્તુ ગણાય કે નહિ, અમે જણાવવા ઇચ્છીએ છીએ કે અનાદિ કાળથી તે હીંદીઓ નો મુખ્ય ખોરાક છે; પ્રોફેસર ભરોચા ની ડેરવણી હેઠળ નાટાલ યુનીવર્સીટી કોલેજે "નાટાલમાં હીંદીઓનું જીવન અને મજુરી" ના સંબંધમાં તપાસ કરી-હતી તેમાં એ હકીકત રપષ્ટ રમાણિત થઈ હતી.

ચાવલ જ્યારે છુટથી મળતા હતા ત્યારે હીંદીઓનું એક પણ ઘર એવું નહિ હતું કે જે એક કે બે ચાવલ નહોતું ખાતું. જ્યારે ઘણા તો બે ટંક ખાતા હતા.

કોઈ પણ કોમના મુખ્ય ખોરાકનો વીચાર કરતાં બીજી વસ્તુઓમાં તેના ગુણો રહેલા રહ્યા છે એટલું જ ધ્યાન માં લેવાનું નથી કેમકે એક કોમ ચાવલ ખાવાને ટેવાયેલી હોય તે મકાઇ જેવા બીજા ખોરાક પર સહેલાઇથી આવી શકતી નથી.

દાખલા તરીકે યુનીયનમાં ઘુરોપીયનો જેમનો મુખ્ય ખોરાક રોટી છે તે સુરત માં ચાવલપર આવી શકતા નથી. સરકાર હીંદીઓ પાસે આ કરાવવા માગે છે. એકસચેન્જથી ઉપરાંત થતી મુશ્કેલીતો બીજી કોમો સાથે હીંદી ઓ પણ સહન કરી લેવા તયાર છે પરંતુ દેખીતી રીતે ચાવલ આજે રટર્લીંગ વાળા દેશોમાંથી આયાત થઈ શકે છે. અને દેશને તેમ કરતાં કશી ગંભીર અડચણ આવવાની નથી. બીજા ચાવલ કરતાં મોંઘી જરૂરીયાતની વસ્તુઓપર ખરચ કરવામાં આવે છે તેના પ્રમાણમાં ચાવલપર સાવ ન જેવો જ ખર્ચ કરવો પડશે.

આથી હીંદી પ્રજાને સલાહ આપે અને સાચે માર્ગે દોરે એવા નેતા ચુંટવાની જરૂર છે, કે જેથી પ્રજા સાચુ આદી કામાં સાથે અને માનભર્યું જીવન માણી શકે. મી. નાના સીતા કોંગ્રેસના પ્રમુખ અને મેસર્સ આઇ. એ. કાજીમીયા અને એન. યન્ડરે લેડીમા સેક્રેટરીઓ ચુંટાયા હતા.

ઠરાવો

ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસ તરફથી પસાર થએલા ઠરાવોમાં એક સરકારની બ્રતીબેહની નીતીને વખોડી કાઢનારો, સા. આ. ના હીંદીઓના સવાલની જિમાપત કરવા માટે યુનાઇટેડ નેશન્સ નો આભાર માનનારો, સા. આ. માં દમનનીતી સામેની લડત ચલાવામાં આ ફ્રીકનો સાથે સંગઠન કરવાની હાકલ કરનારો, કલર્ડોને કોમી બતાધીકાર આપવાની દીસવાલ સામે કલર્ડોની લડતમાં સહાનુભુતી દર્શાવનારો વી. ઠરાવો પસાર થયા હતા. એક ઠરાવ વલીયામાં હોલ મેમોરીયલ ટ્રસ્ટના હેતુ ઓ હીંદી કોમના લાભમાં અમલમાં મુકવા સરકાર તેમ છે કે નહિ તેની તપાસ કરવાને ચાર સભ્યોની કમીટી નીમનારો થયો હતો. કમીટીના સભ્યો મેસર્સ મોદલી આઇ. એ. કાજીમીયા, ટી. એન. નાયડુ અને ટી. યુ. મોલી નીમાયા હતા. તેઓની તપાસનું પરિણામ કોંગ્રેસની વર્કીંગ કમીટી સમક્ષ રજુ કરવાની સુચના આપવા હતી.

અંગ્રેજી અને ગુજરાતી ફીલ્મ

"બાળકનો જન્મ" (Birth of A Baby) નામની ફીલ્મ ફીલેમ્બર તા. ૩૦ મીના (Little Peoples Nursery School) બાળ મંદીરને મદદ માટે ડરબનમાં બતાવવામાં આવશે. બીબીઓને સવારના ૧૦—૩૦ વાગે અને બપોરના ૨—૩૦ વાગે. પુરૂષોને રાતે ૮ વાગે. ફ્રીમા લઇ દાખલ કરવા માં આવશે. અઢાર વર્ષની અંદરના નાને દાખલ કરવામાં નહિ આવે. બીબીઓના બુકીંગ માટે ફોન ૩૯૩૩૭ પુરૂષોના બુકીંગ માટે ગ્રુપીસ લાઉંજ અને પીટર્સ લાઉંજ.

બાળકોનું આસામ કુંડ

ઇસ્ટ લંડનથી એક બબરપત્રી જણાવે છે કે ઇસ્ટલંડન ગુજરાતી શાળાના નીચેના બાળકોએ દીવાળીપર કટાકડાના પૈસા બચાવી ઉપરના કુંડ માટે આપ્યા છે:

મોરારભાઇ મીઠાભાઇ, ભવાનભાઇ મંગાભાઇ, મણીબેન રણછોડજી, જયંતી મેન પ્રેમજી, પટલીબેન રણછોડજી, રતનબેન છોટાભાઇ, વીનુબેન નારણ ભાઇ, પાનીબેન નારણભાઇ, લક્ષ્મીબેન મીઠાભાઇ, દરેક શી. ૬; મગનભાઇ હરિભાઇ, છગનભાઇ લાલભાઇ, વલ્લભ ભાઇ હરીભાઇ દરેક ગી. ૨; ચંપાબેન રામલાલ, કેમેન્દ્રલાલ મોહનભાઇ, જયા બેન પ્રેમજી, કાંતાબહાઇ કુલ્લભ, ઇશ્વર લાલ વિઠ્ઠલભાઇ, લલુભાઇ વીઠ્ઠલભાઇ, મણીલાલ પ્રેમજી, મગનભાઇ પ્રેમજી, બબુભાઇ પ્રેમજી, કેવળભાઇ બીખાભાઇ, દરેક શી. ૨—૬: પ્રભાવતી મોહનલાલ હરીભાઇ શી. ૫ ઇ. સ. બજન મંડળ શી. જેરામભાઇ બી. પટેલને સાંની આરતિની શી. ૧૦. કુલ પા. ૨—૧૫—૬.

—બી. એસ. બી. મેટ જેઓ કુંક મુદતપર રવદેશ ગયા હતા તેઓ તેમજ ડ્યુરટીબાર્ટના મેસર્સ મહેતા એન્ડ સન્સના મી. યુ. બી. મહેતા પોતાના ધર્મ પત્નિ સાથે ગયા રવીવારની રાતે વીમાનમાં જોહાનીસબર્ગ આવી ગયા છે.

—નવજીવન પ્રકાશન મંદીર, કે જ્યાંથી મહાત્મા ગાંધીજીનું 'નવજીવન', 'યંગ ઇન્ડીયા', નીકળતું હતું અને ત્યાર પછી 'હરીજન' તથા 'હરીજનબંધુ' નીકળે છે તે પ્રેસનું મકાન બંધાયું છે અને તેનું ઉદ્ઘાટન સરદાર વલ્લભભાઇ પટેલે કર્યું હતું.

સુધારો

તા. ૧૭—૧૧—૫૦ ના અંકમાં આ-સામ કુન્ડમાં આર. પટેલ ડ્યુરબીખાતે પા. ૧—૧૦—૦ બતાવ્યું છે તેને બદલે સુરત ટ્રેડીંગ કુ. પા. ૧—૧૦—૦ વાંચવું.

વિવિધ

તામીલ સ્કુલને માટે બજાર

ડીસેમ્બર તા. ૧૬ મી ડીંગાન્સ ૩ ના રોજ મેરીટઆબર્ગની હીંદુ પંજ મેન્સ એસોસીએશન તરફથી ચાળીસ વરસથી ચલાવાતી તામીલ સ્કુલને મદદ કરાવવા એક બજાર ગોઠવવાનું કરાવાયું છે. બજારમાં ઓદ્યોગીક અને ખેતીવાડી ની ચીજો પણ મુકાશે. હીંદી એકુતોને પોતાની ઉત્પાદેલી વસ્તુઓ ત્યાં મોકલવા આમંત્રણ કરવામાં આવશે, હાથકલાની વસ્તુઓ પણ મુકાશે અને બીજાઓને શીખવા મુકાય, અને બરત કામ અને પકાવેલી વસ્તુઓ મોકલવાનું આ મંત્રણ કરવામાં આવશે. આવી બજાર ગોઠવવામાં હિંદુ પંજ મેન્સ એસોસીએ શન હમેશાં પહેલ કરતી આવેલી છે અને ભુતકાળમાં તે સફળ થઇ છે. બજાર કમીટી સમક્ષ બાઇઓ તથા બહેનોને તેમાં ઉદાર સહાયતા આપવા વીનંતિ કરે છે.

ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસ

ટ્રાંસવાલ ઇન્ડિઅન કોંગ્રેસની ગયા રવીવારે મળેલી દિવાળીક સભામાં ડો. યુસુફ દાદુને "હીંદી પ્રજાના નેતા" ચુંટવા હતા. તેનો સત્તવો ઠરાવ જણાવે છે કે સરકારની ધ્રુવાદારપણા ની નીતી, જેનો હતુ સાઉથ આફ્રીકા માં હીંદીઓને કંડાર પાયમાલ કરી નાખવાનો છે, તેને લીધે હીંદી કોમની સામે ભયંકર સ્થિતિ આવી પડેલી છે,

---

કન્ટ્રીના માલ્કેટો:—

ગુજરાતી પ્રેસના પંચાગ શી. ૫—૦

ડરબન...શી. ૧—૩ રતલ
લાલી અળદ ૧/૬ રતલ
મગ.....શી. ૬—૦ રતલ
તુવેરની દાલ નં ૧ ૩/૬"
તુવેર ની દાલ નં ૨...૧/૬ રતલ
ચણાની દાલ નં ૧ શી. ૩—૦"
મોગની દાલ....શી. ૨—૬ રતલ
ચણાની દાલ...શી. ૨—૩ રતલ
મગ દાલ નં ૧....શી. ૨—૦ રતલ
મગ દાલ નં ૨....શી. ૧—૬ રતલ
ચણાનો લોટ (કાંકરી વગરનો) ૨/૬
ઘાસ્કો.....૪ પેની રતલ
ગુવાર..... ૪ પેની રતલ
વરીયાળી.....શી. ૨—૬ રતલ
ઘઉંજ.....શી. ૧—૧ રતલ
રાઈ.....શી.- ૩—૬ રતલ
ગોળ.....શી. ૧—૬ રતલ

ઓર્ડરેસ: ૧૬૦ વિક્ટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન: ૨૪૮૭૫

પરબુ નરસીંહ એન્ડ. કુ. (પી) લીમીટેડ.
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

શ્રી સુરત હિંદુ એસોસીએશન

ધર્મશાળા ૧૫ એલ્ડ સ્ટ્રીટ, ડરબન.

આથી યુનીયનમાં વસતા દરેક હીંદુ બાઇઓને ખબર આપવામાં આવે છે કે દેશથી આવતા જતા બાઇઓ માટે ઉપરોક્ત સંસ્થા તરફથી રહેવાની સગ વડ રાખવામાં આવેલી છે. આશા છે કે તેનો લાભ સઘળા બાઇઓ લેશે.

ગોવનભાઇ મણીભાઇ
પ્રમુખ.
દયાળભાઇ જીવાભાઇ
સેક્રેટરી.
શ્રી. સુ. હિં. એસોસીએશન.

'ઇન્ડિઅન ઓપિનિઅન' આસામ સંકટ નીવારણ ફન્ડ

		પા.	શી.	પે.
આગલો સરવાળો		૪૦૦	૧૬	૬
એસ. આર. દેસાઇ	મેરેસબર્ગ	૨	૧૩	૬
ડાહ્યા ચાલા	લો'બર્ગ	૧	૧	*
કે. દવજી	રેન્ડરટન	૩	૩	૦
ડી. પરશુ	લો'બર્ગ	૨૫	*	*
સુલતાપો હીંદુ નિવાસણ	સુલતાપો	૩	૧૬	*
રણછોડ મીઠો	લો'બર્ગ	૧	૨	૬
પી. ગોકળ	સ્પ્રુઇટ્ફોન્ટેઇન	૧૫	૧૫	*
જે. પ્રેમજી	રસ્ટનબર્ગ	૫	૫	*
જી. એમ. જોષાળ	''	૫	૫	*
ડાહ્યાભાઇ	લો'બર્ગ	૨	૧૦	*
મોદનભાઇ	''	૨	૨	*
વીજ્યાબેન મોદન	''	૧	૧	*
જેરામભાઇ ડાહ્યા	''	૧	૧	*
હીરાલાલ ખીજ્જલાલ પટેલ	''	૧	૧	*
જે. નારણ એન્ડ કું.	રેન્ડરટન	૫	૫	*
ભગત ખબર્સ	લો'બર્ગ	૬	૬	*
ગોવીંદભાઇ ભગા	''	૫	૫	*
ત્રોકમભાઇ ગોવીંદ	''	૫	૫	*
દમારામ હીરા સોલંકી	પીટરિ	૧	૧	૦
કંપકભાઇ હીરા સોલંકી	''	૧	૧	*
કલ્યણ ખબર્સ	લીનબર્ગ	૫	૫	*
પરશુભાઇ ધનજીભાઇ	સ્પ્રુઇટ્ફોન્ટેઇન	૧૦	૧૦	*
ભાણાભાઇ કુવરજી	મેરિટઝબર્ગ	૧	૧	*
ભોગીભાઇ ભાણાભાઇ	''	૧	૧	*
નરસી તથકીયા	લો'બર્ગ	૨	૨	*
જમનાદાસ રતનજી	રેન્ડરટન	૫	*	*
પટેલ એન્ડ કું.	ગ્રેફ્ફ્ફ્ટાઉન	૫	૫	૦
		૬૨૪	૧૧	૬

પુરાતન છાત્ર મંડળ (જોહાનીસબર્ગ) આસામ સંકટ નિવારણ ફન્ડ

પરંતુ જે કારણ આપવામાં આવ્યું છે એ સત્ય છે ખરૂં? અમે નિઃસંદેહ પણે કહી શકીએ છીએ કે સત્ય નથી. સવાલ નથી સમવડના અભાવનો કે નથી લાયકાતનો. અરે કારણો નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસે સુચવેલાં છે એજ છે. હોદ્દ તરફથી રકોકુરશીઓ મળેલી છે તેવા નેટીવ વીદ્યાર્થીઓને વીદ્યાભ્યાસ માટે હોદ્દ જવાને પાસપોર્ટો નહિ આપવા ના યુનીયન સરકારના પગલાં પરથી કોંગ્રેસની એ અટકળ સિદ્ધ થાય છે. યુનીયનમાં બે પરસ્પર સમવડનો અભાવ હોય તો હોદ્દે કરેલી ઓફરને યુનીયન સરકારે સાભાર અને સબદ્દ વધારી લેવાને સબળ કારણ છે. પરંતુ તેને બદલે તેણે તો એ ઓફરને તર છોડેલી છે. પરંતુ પાસપોર્ટો કંઇ હોદ્દ જવા ઇચ્છનાર વીદ્યાર્થીઓનેજ, નથી અપાયા એવું નથી યુનીયનની બહાર. દાખલા તરીકે, સોરેંઝોમાકિવંસ કરવા જવા ઇચ્છનારને પણ નામંજુર કરવામાં આવ્યા છે. એ સિદ્ધ કરે છે કે યુનીયન સરકાર યુનીયનના નેટીવોને બહારની દુનીયાથી સદંતર અળગા કરી દેવા માગે છે

સામ્યવાદીઓ પાછી હઠી પરંતુ યુનીયન સરકાર. તેઓને દરેક રીતે વટી ગયા છે. આ અતિ ગેરવ્યવહારપણ ભરેલાં પગલાંના સંભવીત પરિણામો તપાસીએ. આ પ્રતિબંધ મુકાયા પછી બહારથી શીક્ષકો બોલાવતાં શું યુનીયન સરકારને જરાયે સંકોચ નહિ થાય? જો આપાત કરવામાં આવે તો શિક્ષકો આવવાની ના પાડે તો તેઓનું પગલું શું ગેરવાજબી ગણાશે? યુનીયનની બહારના દેશો, જેવાં કે, અમેરીકા અને ઇંગ્લાંડ સાઉથ આફ્રીકાવાસીઓને માટે પોતાની કેળવણીની સંસ્થાઓ બંધ કરે તો તેઓનું પગલું શું ગેરવાજબી બેબાશે? એ સંસ્થાઓ એવું કરે તો યુનીયન સરકારને કેવું લાગશે? બહારની દુનીયાને સાઉથ આફ્રીકા સાથે વ્યવહાર અટકાવી દેવા ને યુનીયન સરકાર શું આ રીતે માર્ગ વધારે સરળ નથી કરી રહી? ગમે મેળવવાની કોઇને તક નહિ આપવી તેના કરતાં વીશેષ તુમાખી ભરેલું, વીશેષ અનુદાર, વીશેષ અનીતી ભરેલું અને વીશેષ જંગલી બીજું કશું અનુમાની શકતા નથી. એ તક જોટલી બને તેટલી આપવી એ પોતાને સુધરેલા કહેવડાવતા સબળા લોકોનો ધર્મ છે. યુનીયન સરકાર પોતાની ભુલ જેમ વહેલી સમજતી થાય તેમ તેને પોતા ને માટે તેમજ સાઉથ આફ્રીકાને માટે સારૂં છે.

નેટીવ રીઝર્વોમાં અશાંતી

ચાલુ અઠવાડીયાના બીલ કરણ ખબર છે કે માપુમુલુના નેટીવ રીઝર્વમાં તેમજ વીટઝીઝકુકના નેટીવ રીઝર્વમાં રમખાણો થયાં છે. અને તેને ઠર્યાવારમાંય પોલીસના પગલાંથી શાંત પાડી દેવામાં આવ્યાં છે. વીટઝીઝકુકમાં સ્થિતિ વધારે ગંભીર હોય એવું જણાય છે. ફ્રીમ્બર્ગી થી આવેલા એક અખબારી અખબર મુજબ લોકલનોની એડવાઇઝરી બોર્ડ ના પ્રમુખ શ્રી. એસ. પી. સેસેટીએ નેટીવ એફેર્સના સેક્રેટરી ડો. ડબલ્યુ. એમરસ્નેને શાંતીભર્યો સંબંધ પુનઃ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે "બંદુક ના ઉપયોગથી ગોરા—કાળા વચ્ચે સારો સંબંધ સ્થપાવાનો સંભવ નથી. સ્ટેનગનની અણીએ પળાવવામાં આવેલું સ્થિરત બહુ પરિણામો લાવી નહિ શકે.'' આ શબ્દો અતિશય ગંભીર પરિસ્થિતિ હોવાનું સુચવનારા છે. આ બાબતપર વધુ પ્રકાશ પડતાં સુધી આપે તેપરની ટીકા મોકુફ રાખીશું. તેમ છતાં યુરોપીયન પ્રજાની ફરજ છે કે તેણે શીયાલપણે બેસી રહેવું નહિ જોઇએ પરંતુ સંપુર્ણ સત્ય હકીકત બહાર પાડવામાં આવે તેવો આગ્રહ લેવો જોઇએ. આ વસ્તુ સમયના ચિન્હ બતાવનારી છે અને ડો. વરવુર્ડની નેટીવ બેફર્સ ખાતાના નવા પ્રધાન તરીકે નીમણુક થવાની સાથેજ આ બનાવ બન્યા છે એ ઘણુંજ અર્થ સુચક છે.

બહારના નેટીવ વિદ્યાર્થીઓપર પ્રતિબંધ

યુનીયન સરકારે યુનીયનમાં અભ્યાસ કરવા આવતા બહારના નેટીવોપર પ્રતિબંધ મુક્યો છે. કેળવણી ખાતાના સેક્રેટરીએ સ્થળની આસપાસ વસતી કેળવણીની સંસ્થાઓને જણાવ્યું છે કે તેઓથી હવે પછી બહારથી આવનાર કોઇ પણ નેટીવ વીદ્યાર્થીઓને દાખલ નહિ કરાય. જેઓ હાલ અભ્યાસ કરી રહ્યા છે તેઓને પોતાનો અભ્યાસ પુરો કરવા દેવામાં આવશે. આવો કડો પ્રતિબંધ બહારથી આવનારા યુરોપીયન વીદ્યાર્થીઓપર મુકવામાં નથી આવ્યો. આ પ્રતિબંધ યુનીયનની પડોશના પ્રોટેક્ટોરેટો—બેચ્વાનાલેન્ડ, સ્વાઝીલેન્ડ અને બસુટોલેન્ડને પણ લાગુ પડે છે, જ્યાં નેટીવોને માટે કેળવણીની પુરતી સગવડો નથી. આ પ્રતિબંધ મુકવાનું કારણ એ આપવા માં આવ્યું છે કે યુનીયનની કેળવણીની સંસ્થાઓમાં યુનીયનના નેટીવો માટે પુરતી સગવડ નથી.

નેટીવોની કેળવણીના એક નિષ્ણાતે જણાવ્યું છે કે બહારના વિદ્યાર્થીઓને ત્રિકારવાથી અહિના વિદ્યાર્થીઓને જગ્યા નથી મળી શકતી એવા દાખલા જણાવામાં નથી આવ્યા, અને જો હોય તો પણ શુજજ હોવા જોઇએ. વળી જો કદાપિ કોઇ લાયક વીદ્યાર્થીઓને કોઇ સંસ્થામાં સ્થાન ન મળ્યું હોય તો કેળવણી ખાતું એવો હુકમ કરી શકે કે યુનીયનના વીદ્યાર્થીઓને પ્રથમ સ્થાન આપવું.

પ્રીટોરીયાથી સાપનો ખબરપત્રી જણાવે છે કે આ પગલું બહારથી નેટીવોને યુનીયનમાં દાખલ થતા અટકાવવાની સરકારની નીતી અનુસાર છે કે જેનો નેટીવ એફેર્સ ખાતાના માજી પ્રધાન ડો. જોનસ્ટને પાર્લામેન્ટ ની ગયા એકટમાં સ્પષ્ટીકરણ કર્યો હતો.

ના. ઈ. કોંગ્રેસનો વીરોધ

નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસે એક નીચે દનમાં જણાવ્યું છે કે સરકારનું આ પગલું સાહિત્ય આફ્રીકાને ધરતો લોખંડી પડદો નાખવાની દીશામાં લેવાયું છે, કે જેથી યુનીયનના નેટીવો બહારના નેટીવો, જેઓ વધારે સ્વતંત્રતા ભોગવી શકે છે, તેઓના સમાગમમાં આવી નહિ શકે. કોંદ્ર સરકાર તરફથી આપ વામાં આવેલી દલીલરજીરોનો લાભ લેવા ઇચ્છનારા નેટીવ વિદ્યા ર્થીઓને યુનીયન સરકાર તરફથી પાસ પોર્ટો આપવા નામંજુર થઇ રહ્યા છે તેની સાથે અને નેટીવોને યુનીયનમાં બહાર જતા અટકાવવાની તેની સામા ન્ય નીતીની સાથે આ નીતી લેવામાં આવે તો એવોજ અર્થ થઇ શકે છે કે યુનીયન સરકાર યુનીયનના નેટીવોને બહારની દુનીયાથી તદ્દન જ અળગા રાખવા માગે છે.

ખ્રીસ્તી ધર્મગુરૂઓની પરિષદનો વીરોધ

ઓંગલીકન ચીનો કેપટાઉનમાં એક ઠરાવ પસાર કરી સરકારના નીર્ણય પ્રતિ ખેદ દર્શાવ્યો છે અને જણાવ્યું છે કે આવો નીર્ણય કરવાનું કારણ જો આર્થીક હોય તો સરકાર જે રકમોએથી નેટીવો અભ્યાસ માટે આવતા હોય તે રકમોની સરકારે પાસેથી વધારાના ખર્ચની માગણી કરી શકે.

સા. આ. ઈન્સ્ટીટ્યુટ ઓફ રેસ રીલેશન્સ

સાઉથ આફ્રીકન ઇન્સ્ટીટ્યુટ ઓફ રેસ રીલેશન્સની કેપની શાખાના પ્રમુખ મીસીસ ડબલ્યુ. એચ. બ્રાન્ડે સરકારના આ પગલાંને અવગણી કરનારાં વીના કારણના પગલાં તરીકે વર્ણવ્યું છે. નેટીવોના કેળવણીદ્વારા આપણે દુનીયાને કંઇક આપી શકીએ છીએ. એ દ્વાર બંધ કરી દેવાયું છે એ શોચનીય છે.

ફટાકડા ન ફોડવા

(શ્રીમતી સુશીલા ગાંધી)

દિવાળી વખતે ઉપલી સુચના ઇ. ઓ. એ બાળકોને કરી હતી. સાંભળવા મુજબ કેટલાકને આ સુચના એકદમ "ઉદાસી સાધુ" બનાવવા જેવી લાગી હતી. અને તેના વીરોધમાં મોખીક પ્રચાર પણ હતો કે "સારૂં ખાવ, સારાં કપડાં પહેરો અને ખુબ ફટાકડા ફોડો, મજા કરો.'' વીરોધ અને કેટલાકો એ તો વધાવી લીધી હતી.

સાચું છે કે આપણે બાળકોને કે લોકોને "ઉદાસી સાધુ" અથવા "કંજી" નથી બનાવવા. છતાં હું માનું છું કે સારા પત્રકારે, લેખકો, સમાજ સુધારકે, વકતાઓ કે સેવકે, લોકો સામે ઉચ્ચ આદર્શો મુકવા જોઇએ અને તે સારા લેખો દ્વારા, વ્યવસ્થાઓ દ્વારા, ભાષણો દ્વારા. જેથી તેની અંદરથી વાંચકો, શ્રોતાઓ કે મીત્રો કાંઇક સારૂં મેળવી કરે.

આજે એવો વખત નથી અને કદાચ કયારેએ એવો વખત નથી હોતો કે માનવીને "ખુબ મજા કરો, ભોગ ભોગવો, આનંદ કરો,'' કહેવાની જરૂર હોય. આપણી માનવોની બાસીમતજ એવી છે કે વગર કીધે એ બધું સમજી હોય તો આપણે કરીએજ. દા તેમાં કરક ભલે હોય. પણ માણસ ત્યાગ વગર સમજીને કરી નથી શકતો. અને માનવ જીવનમાં જો ત્યાગ ન હોય તો તે મનુષ્યનું જીવન નહીં પણ જનાવર નું જીવન થઇ પડે. આપણો ધર્મ, આપણી સંસ્કૃતી આપણને ત્યાગ શીખવે છે અને એ ત્યાગજ માણસને અંતર નો આનંદ આપે છે. આપણી પાસે હોય તે, જેને વધુ જરૂર છે તેને આપણે પ્રેમથી આપીએ, ત્યારે લેનારના મુખ પરનો આનંદ આપણા આત્માને આનંદ થી ભરી દે છે અને એ આનંદ કાયમ રહે છે. જ્યારે ઉપરથી મેળવેલા આનંદો ક્ષણીક નશા જેવા હોય માણસના જીવનને શુષ્ક બનાવે છે. અહીં એક વાતો યાદ આવે છે:

"એક લક્ષાધીપતી પોતાની પાછળ મારી જેવી પુંજી મુકી મરી ગયા. શોકમાં પોતાની વૃદ્ધ પત્નીને એક લક્ષર રૂપીયા માસીક મળે તેમજ પુત્રો તથા પુત્રીઓ વીગેરે માટે પણ યોગ્ય કરતાં ગયા. મહીનો પુરો થતાં માના કાયમ લક્ષર રૂપીયા રોકડા ગોઠવે પુત્ર મુકી દેતો. પુત્રો અને પુત્ર વધુઓ માટે એક કોયડો થઇ પડયો હતો કે મા આ બધા પૈસા લઇ કરે છે શું? કેમ કે કોઇમાં થીંગડાં વાળું લુગડું પહેરી બેભવ્ય સાદાઇથી જીવાતાં હતાં. ન તો કોઇ દીવસ પુત્રવધુને કે પૌત્ર પૌત્રીઓને કશું આપતાં. કહેવામાં આવે તો જણાવતાં તમને પણ બધું આપ્યું છે તેનાથી આનંદ કરો. પુત્રો કહેતા મા નવી સાડી તો પહેરો. અમે અમારે ખરચે લાવ્યા છીએ. કોસીમા તે ન સ્વીકારતાં કહેતાં: હજી આ સાંધીને બે ચાર મહીના તો ચાલેશે.

માતાના મરણ બાદ બધાએ આશા રાખી હતી કે માની દુંકમાંથી કૃપીયા ની થેલી નીકળશે, પણ તેમના આશ્ચર્ય સાથે એક નોંધ નીકળી કે દર મહીને કોને કેટલા પૈસાની મદદ કરી છે અને બને તો હજી કરવાની છે. ગામમાંનાં પચાસેક ગરીબ ઘરો કોસીમાનાં મરણે "રહી ઉઠયાં.''

કેટલી બોધપ્રદ વાતો છે. કોસીમાં પહેરીને ન રાચતાં બીજાને પહેરાવીને અને ખવડાવીને જીવનનો ખરો આનંદ અને સંતોષ મેળવી સ્વર્ગે ગયાં. આજ આપણા ધર્મનો ખરો અર્થ છે. નહીં કે, મોજ શોખ કરો, અને આનંદ કરો, મરીએ તો દુનીયામાં છે ને રહેવાના, આપણે આપણો આનંદ શું કામ ગુમાવીએ, એવું વીચારવાનો.

ઉત્સાહ, અને આનંદ જીવનમાં આવશ્યક છે. પણ તેને પણ નીયમન અને મર્યાદા હોવી જોઇએ. અતી આનંદ, ભોગ વીલાસ, મોજ મજામાં સજ્જનતા પણ નાશ પામી છે અને આપણો પણ નાશ થાય.

દુનીયામાં સજ્જનાતજીજ પાપ—પુણ્ય, ભોગ અને ત્યાગ, સારા માણસો અને ખરાબ માણસો, હતાં અને છે. પણ અમુક અમુક વખતે સારાનું યા ખરાબનું પ્રમાણ વધી જાય છે. આજે ખરાબનું પ્રમાણજ વધતું દેખાય છે. અને તેનું કારણ જીવનમાં ત્યાગનો અભાવ.

સ્ત્રીની વ્યાખ્યા

આખી સ્ત્રી:—ઘોળી, મોચી, કુંભાર, માળી. એમાં જેટલું પુરૂષ કરે તેટલું ઓછું કરે.

ઘોળી સ્ત્રી:—બેફુતની.ાઢળ સીવાય બધું કરે.

અરધી સ્ત્રી:—બેહની.દ વાસ્તે વારે, બનાવે, ગેરહાજરીમાં આપે. મામલાના વેપારીનો. ગેરહાજરીમાં તેની સ્ત્રી બધી દેખરેખ રાખે. સારસુર કરાવે. ઘરાક પતાવે.

પા સ્ત્રી:—મામલતદાર, અમલદાર વગેરેની. જે કરાર બાપમા ન આવે.

પડછાયા સ્ત્રી:—અતિ ચોઢા માણસની સ્ત્રી ન પડછાયા સ્ત્રી. કેમાંય જ માત્ર બી. બાપો કલાજ દામની નાંહે. B. A. બી. A. બાપ ને ઘેર છોકરાં મારે માસ્તર રાખવો પડે. અને બાપાને નહિ છોકરાઓ મારે બાપા ઓ રાખવી પડે. આ સ્ત્રીઓ પડછાયા સ્ત્રી કહેવાય.

—રવીશંકર મહારાજ

યુનાઇટેડ પાર્ટીની નીતી

શ્રી. કે. જી. મૈન. રહાજિસ, જે સ્વર્ગસ્થ જનરલ સ્મટસની જગ્યાએ યુનાઇટેડ પાર્ટીના લીડર નીમાયા છે તેમણે ગયે અઠવાડીયે જોહનીસબર્ગમાં મળેલી યુનાઇટેડ પાર્ટીની રાષ્ટ્રીય કોંગ્રેસમાં પાર્ટીની નીતી દર્શાવે નારૂં લાંબું ભાષણ કર્યું હતું જેમાંથી ખાસ નોંધવાલાયક ભાગ અહીં આપી એ છીએ:

"સાઉથ આફ્રીકાની એક કરુણ ઘટના છે કે લોકોની દ્રષ્ટિ આજે પ્રવર્તતી નથી. એક લઘુમતી, જેની ઉપર ગોરા સામેના પુર્વ ગ્રહમાન વીરુદ્ધ બુદ્ધિ ઘેલી પુરવાર થઇ હતી, અને જેની વફાદારી અને આગેવાનો પશ્ચિમના લોકશાસન તંત્રો પ્રત્યે વીરોધ દર્શાવે નારાં હતાં, તે લોકશાસન તંત્રના આદર્શિક સંજોગોને લક્ષમાં સત્તામાં આવી ગઇ છે અને પરિણામે આપણી પ્રજા દુઃખી થઇ રહી છે.

* * *

બહારના દેશો સાઉથ આફ્રીકાની ટીકા કરે તેની સામે પ્રધાન મંડળના સભ્યો અને નેશનલીસ્ટ પાર્ટીના અન્ય બોરો ઝટ લઇ વીરોધ કરે છે. સાઉથ આફ્રીકાની પરિસ્થિતિ વીષે અન્ય દેશોના અખબારોમાં અને આપણા માં થયેલી અતિશયોક્તિભરેલી વાતો ને લો કે હું ક્ષમ્ય ગણી શકતો નથી, અને મારે તેને વખોડી કાઢવી પડશે, છતાં એ નૈતિક વીરોધનો ઓઘ લઇ આપણે જેવો ઝોળ નથી કરી શકતા કે સાઉથ આફ્રીકામાં સમણું સારું જ છે. સાઉથ આફ્રીકાનું નામ કેમ દુનિયું થયું છે તેનાં ઉંડાંક કારણો સરકારે તપાસવાં ઘટે છે અને ખોટેખ ટરજજે તેનું મોટું કારણ તેની નીતી જ છે, ખોટેલે ટરજજે, પ્રજાનું અહિત થયું હોય ત્યાં તને સુધારવાના પગલાં લેવાં જોઇએ.

સત્ય એ છે કે હાલની સરકારની નીતી જ્યાં સુધી નકારાત્મક રહે અને નૈતિક દ્રષ્ટિએ નીરાળી રહે ત્યાં સુધી તે પશ્ચિમના લોકશાસન તંત્રોની દર બારમાં સાઉથ આફ્રીકાનું પ્રતિનિધિત્વ ધરાવવાને લાયક નથી. અને ખુશી, ઉપર ખુશી કરી સરકારના સભ્યો હવે કોમનવેલ્થમાંથી છુટા થઇ જવાની અને પ્રજાસત્તાક સ્થાપી એક બંધબારણાંની દુનીયામાં એકલા થઇ રહેવાની વાતો કરી રહ્યા છે.

* * *

બહારના કોઇ પણ રાષ્ટ્રિય કરો કરીને વખતમાં સાઉથ આફ્રીકા પોતાની બીન-ગોરી વસતીના વફાદાર ટેકા પર નીરાંતે જીવપણે આધાર રાખી શકતું હતું. પરંતુ સરકારના પણ માણસો તરફથી તેઓનાં માનુ અપમાનો થઇ રહેલાં હોવાથી અને સરકાર તરફથી અનેક રીતોમાણસોનો થઇ રહેલો હોવાથી અને તેની એપાર્ટહેડ (અલગતાવાદ)ની નકારાત્મક નીતીથી તેઓનામાં નીરાશા વધવા લાગી છે અને પરિસ્થિતિ બહુ ગંભીર થઇ છે.

કઠોરપણ ભરેલી મુત્સદ્દીગીરી એ માગે છે કે આપણા દેશનું તંત્ર જેવું હોવું જોઇએ કે અમે તેની કદોકદીના વખત માં પણ આપણે પ્રજાના સમણા વર્ગોની વફાદારી અને સહકારપર આધાર રાખી શકીએ. રીસાયેલી અને અસંતોષી મોટી બહુમતી આપણી વચ્ચે પડેલી રહે એ સાઉથ આફ્રીકા ના હિતનું નથી.

* * *

આપણી હાલની સરકાર એમ માને છે કે પ્રતિબંધિત કાયદા અને નક્કરા પુરા મારે લાંબી કેદની સજાઓ કરવા થી સાઉથ આફ્રીકામાં ખતી બતી વચ્ચેનો સંબંધ બગડતો રોકી શકાશે.

સાઉથ આફ્રીકામાં ગોરાની પ્રતિષ્ઠા, સત્તા અને નેતૃત્વના પાયા હલી જવા લાગ્યા છે અને તેનો નાશ થવા લાગ્યો છે.

* * *

નેશનલીસ્ટોની નીતી ગોરી પ્રજા વીરુદ્ધના ભયંકર રાષ્ટ્રદ્રોહના નેતાઓ ઉત્પન્ન કરી રહી છે.

આપણા દેશના પીતાઓ તરફથી બીન-ગોરાઓને આપવામાં આવેલાં પવિત્ર વચનોનો અને માનવી અને ઇશ્વરને હરમીયાન રાખી કરેલી ગંભીર પ્રતિજ્ઞાઓના પક્ષાપક્ષીની રાજનીતીના કારણે સુરા થઇ રહ્યા છે. એ વચનો અને પ્રતિજ્ઞાઓનું આપણે પાલન ન કરી શકીએ તો પશ્ચિમના સુધારાના રખેવાળ હોવાનો દાવો કરવો એ મોટો ઢંગધડા છે.

* * *

એપાર્ટહેડના અતીચારી અને નકારા ત્મક કાયદાનો અમલ થઇ શકવાની મુશ્કેલીઓ વીષે આપણે ચેત વણી આપી હતી પરંતુ તેની અવગણ ના કરવામાં આવી. ગ્રુપ એરીયાઝ થવાનું કહેવામાં આવે છે પરંતુ કયાં એ કહેવાની સરકાર જવાબદારી લેવા માંગતી નથી. જુદા જુદા વર્ણના લોકો માટે જુદાં ટાઉનશીપો થવાનાં છે પરંતુ બીજાને પૈસો, સરકારને નહિ

અનીતી (મોરલ લગ્નો) ના કાયદો અદાલતમાં પડી ભાંગ્યો છે. કાયદાના પ્રતિબંધ બીના પ્રજા પોતાનું બીળ જાળવી નવા શકતી હોવા પોતાની જ સરકાર તરફથી પ્રજા ઉપર મુકવામાં આવેલા આરોપનું માનભંગ રહ્યું છે. એ સીવાય સૌએ પાસ રાખવાનું બીજું માન ભંગ તો હજુ ઉભેલું જ છે.

* * *

હું કરીથી જણાવવા માગું છું કે કલર્ડ લોકોને સામાન્ય મતાધિકારમાંથી કાઢી નાખનારા સુધરાયેલા કાયદાનો કાયદેસર થઇ શકતો સખતો વીરોધ અમે કરીયું. જે ઉચ્ચ નૈતિક સીદ્ધાંતોપર ગોરી પ્રજાનું નેતૃત્વ રચાયા યેલું છે તેને અમે કલંકિત થવા નહિ દઇયું. માન, ધનસાર અને સત્યને ખાતર તેની સામે લડીયું.

કલર્ડોનો મતાધિકાર આપણી ગોરી પ્રજાના સુધારાને અપજસના નથી. વીસ વરસ પહેલાં કેપની કુલ મતદારીનો ૧૨ ટકા હતો તે આજે માત્ર ૩ ટકા છે.

* * *

યુનાઇટેડ પાર્ટી બીન-ગોરાનો વીશ્વાસ પુનઃપ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે.

યુનાઇટેડ પાર્ટી શહેરમાં અને આજ ડામાં વસતા સમણા વર્ગના લોકોને માટે ઘરોની વ્યવસ્થા કરવાનો મજબુત કાર્યક્રમ ઘડશે. સમણા વર્ગોને પોતા ના ઘરોની માલીકી ધરાવવાનું ઉત્તેજન આપશે

યુનાઇટેડ પાર્ટી પાસના કાયદા સરળ બનાવશે, તેનો ન્યાયથી વાજબી રીતે અમલ થાય અને નક્કરા કારણ સર કોર્ટની સજાઓ થતી અટકે તેવું કરશે.

યુનાઇટેડ પાર્ટી બીન-ગોરાઓમાં રાગો અને અસંતોષ દુર કરવાના સક્રીય પગલાં લેશે.

યુનાઇટેડ પાર્ટી જે બીન-ગોરા સક્રી યતે તેઓની ઉપર પોતાના લોકો પ્રત્યે ની ગોરાની દેખરેખ નીચે જવાબદારી ઓ ઉઠાવવાનો બોજો મુકશે અને તેવાં કામોને માટે દ્વારો ખુલ્લાં મુકશે.

યુનાઇટેડ પાર્ટી કલર્ડોને આજ દેશ ના અને આપણી જ પ્રજાના એક ભાગ તરીકે અને પશ્ચિમના સુધારાના લોકો તરીકે જ ગણશે.

યુનીયનના કાયદામાં નાગરીકોની જે હરકો અને જવાબદારીઓ જણાવેલી છે તેને અનુરૂપ સમણા વર્ગોને તેઓ લાયક ગણાશે. સ્વર્ગસ્થ જનરલ હર્ટ ઝોગે તેઓને આપેલાં વચન અને ખાત્રી ઓને તે પાળશે.

યુનાઇટેડ પાર્ટી કોંદીઓને પુરતો બદલો આપીને સ્વવતન મોકલી દેવા નું બ્યવહારુ છે કે નહિ એ બાબતને બીને અન્ય રાજકીય પક્ષો સાથે અને લાગતાવળગતા દેશો સાથે મસલત કરશે.

યુનાઇટેડ પાર્ટી તરફથી જે કોઇ પણ કોંગ્રેસન સક્રીય સાઉથ આફ્રીકાના કોંદીઓ મારે કરવામાં આવશે તે મરજીમાફ પોસ્ટપર કરવામાં આવશે અને બ્રીટીશ આફ્રીકાની સરકાર, કોંદ ની સરકાર, પાકિસ્તાનની સરકાર અને લાગતાવળગતા બીજા કોઇ પણ દેશની સરકારની સાથે મસલતો કર્યા પછી એ કાર્યક્રમ કરવામાં આવશે.

રીપેટ્રીએશન માટેની મસલતો પુરી થઇગઇ તો પછી યુનાઇટેડ પાર્ટી કોંદી ઓને ૧૯૫૬ માં નેટાલોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું એ પોસ્ટપર પ્રતિનિધિત્વ આપવાનો વિચાર કરશે.]

(આટલો ખુલાસો શ્રી. રહાજિસે પાછળથી 'નાટાલ વિટનેસ'ના રાજદ્વારી અખબારપત્રોને કર્યો હતો.—તંત્રી.)

* * *

અમારી ગોરી પ્રજાના નેતૃત્વની નીતી ન્યાય અને નૈતિક સીદ્ધાંતોપર રચાયેલી છે અને શુદ્ધ ન્યાય કરવામાં આવશે. બળજબરીથી પર રચાયેલું નેતૃત્વ ટકે જ નહિ.

ગોરી પ્રજાના નેતૃત્વના ન્યાયપર આ બાર મુકવામાં આવ્યો છે એથી યુનાઇટેડ પાર્ટીએ એ ભુલવાનું નથી કે તેની સૌથી પ્રથમ ફરીતા એ નેતૃત્વની જવાબદારી ઉઠાવવાને ગોરી પ્રજાને આધ્યાત્મિક અને આર્થીક રીતે લાયક બનાવવાની હોવી જોઇએ.

* * *

નેશનલીસ્ટો સંપીની સ્વતંત્રતામાં માનવાનો દાવો કરે છે પરંતુ ટ્રુ યુનીયનોમાં તે ખંડનાત્મક તત્વોને ઉત્તેજન આપી રહી છે કે જેથી તેના જાતીય અને રાજકીય ધોરણે ભાંગફોડ પડી જાય.

તેઓ મર્યાદિત સ્વાતંત્ર્ય અને કાયદાના અમલમાં માનવાનો દાવો કરે છે પરંતુ સામ્યવાદી વીરુદ્ધનો કાયદો નાગરીકોના કાયદાની અદાલતનો આશ્રય લેવા નો સાધારણ હક છીનવી લેનારો છે.

ગ્રુપ એરીયાઝ એક્ટ નાગરીકના અદ્ધસ્થાનનું ખંડન નહિ થયું હોય એ સીદ્ધાંતનો ભંગ કરનારો છે અને વગર વોરન્ટે ગમે પ્રવેશ કરવાની સત્તા આપનારો છે.

ગોરા માટેનો નવો પાસનો કાયદો વ્યક્તિ સ્વતંત્રનો ભંગ કરનારો છે. પાર્લામેન્ટની સત્તાની ઉપરવટ જઇ પ્રધાનોના હાથમાં આપખુદ સત્તાઓ મુકવામાં આવી રહી છે.

* * *

મારી નમ્રને સક્રીય લોકશાસન માટે હાકલ છે. જે સ્વતંત્રતાઓ ઉપર જણાવી ગયો તે આપણી ખુબીઓ છે. આપણા સંસ્કાર છે. આપણું ઘડતર છે રાજકીય બનાવોને અનુકુળ થાય તેમ તેમાં ફેરફાર થઇ શકતા નથી. રાજકીય દ્રષ્ટિએ અનુકુળ હોય યા ન હોય તો પણ તેને માન આપવું જ પડશે

સ્વતંત્રતા અને ન્યાય કાળ અને હેતુથી પર છે. સત્યની જેમ અક્ષરી કાયદાનો એક ભાગ છે અને જીવ જતાં પણ અમે તેનું રક્ષણ કરીશું

* * *

મોટી ચર્ચાનો આ વખત નથી. સવાલ ઝાઝા અને સરળ છે. આપણે જેમાં માનીએ છીએ એ સમણું જ

લેખમમાં આવી પડેલું છે. આપણે આપણે અમલ કરતા થઈ જવાનું છે. આ ૧૯૫૦ના આપણા સુધારાના વર્ષમાં એમ કહેવું કે સ્વતંત્રતા, લોકશાસન, માનવહકોમાં આપણે માનીએ છીએ એ તો પૃથ્વી ગોળ છે એવું કહેવા જેવું થયું. તેમ છતાં પણ આપણે એ કહીએ છીએ અને આપણા વહાલા દેશપરથી જોખમ દૂર થાય નહિ ત્યાં સુધી કરી કરીને કહીશું.

અને જે કોઈ પણ મનુષ્ય કે વસ્તુ ઓ આપણી પાસેથી છીનવી લેવાનો પ્રયત્ન કરશે તેને આપણે કહીશું– "સાઉથ આફ્રીકામાં સ્વતંત્ર માણસો જીવતા હશે ત્યાં સુધી એ નહિ બની શકે."

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લૉરેન્સ એકકીબન)

[૪૦ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લૉરેન્સ એકકીબનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઇચ્છતા હોય તો તેનો જવાબ મી. એકકીબન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

તુરેલી કદી

સૌથી પહેલું જોર તેની સોયી નખાળી કદીપરથી અંકાય. અને જો એક પણ કદી તુરી તો આખાની સાંકળ નકામી થઈ પડે છે. લોકોને કુદરત ના કાયદાને અનુસરીને તંદુરસ્તી બળ વધારવું શીખવતાં આપણે સૌથી નબળી કદી શોધી કાઢવી જોઇએ. તુરેલી કદી વધુવાર આપણી સઘળી મહેનત બરબાદ કરી નાખે છે અને આપણા સઘળા પ્રયત્નો નકામા થઈ પડે છે. જો નીષ્ફળતાનો ડોષ કુદરતી ઉપચાર નો નહિ ગણાય. પરંતુ કુદરતના કાનૂનોની અવગણના કરનારાઓની અજ્ઞાનતાનો ગણાય.

તુરેલી કદી શોધી કાઢવાની એક રીત એ છે કે લોકો કેવી રીતે અને શું ખાય છે તે પર નજર રાખવી. તેનાથી ઘણું જાણી શકાય છે. કાખલા તરીકે, મારી એક દરદી બહુ હતી જેનું શરીર બહુજ ખારે હતું. બધે ચરબી નો એક કુંભરજ જોઈ લેવો. હું નીરામિષાહારી હોવા છતાં એક વાર તેને ત્યાં જમવા ગયો અને તુરત હું જોઈ શક્યો કે તે એટલી બધી કેમ છે? કાચાં શાકની કચુંબર કે સીધો તરી તો તે ખાજ નહિ. તેની બાળા માં ચોળા બાવળનો દાળ હતો (અને તે એસ્યુમીનીયમના તપેલાંમાં રંધાયા હતા.) પ્રુન રાખેલી અને પછી તેનું પાણી નીચોવી કાઢેલી કોબી હતી. એટલે જે કંઈ પણ તેમાં સત્વ રહ્યું હોય તે સઘળું પાણીમાં ચાલ્યું ગયેલું. બાલ કાઢી નાખેલા બટેટાં હતાં અને એક બાઉલ જેવા મોટા માંસનો ટુકડો હતો. બીજું તો બારોબાર હતું અને કોબીમાં બારી ચૉક મરી હતાં. સાથે સફેદ રોટી તો હોયજ. એ પુરું કર્યા બાદ એક વાટી રહાબી ભરી દૂધ અને ચાલક લીધાં અને તેમાં નાખી સફેદ ખાંડ, અને અંતે કક્ક કોફીનો પ્યાલો લીધો.

પછી તે ચરબીનો કુંગર હોય અને દરદની, બેચેનીની, ઉંઘ નહિ આવવાની અને માથું દુઃખવાની ફરીયાદો કરે તેમાં શી નવાઇ! એવો ખોરાક ખરેખર જ સ્ટાર્ચવાળો ગણાય. સ્ટાર્ચથી ઘણા માણસોને ચરબી વધે છે, બીજાઓને પીત્ત થાય છે, કોઈ વાયુનું દરદ અને બીજા અનેક રોગો થાય છે. વધારે પડતું ગોળ (નીમક) લેવાથી સ્નાયુઓ માંનું પાણી સુસાર્ઘ્ય બને છે. અને તે કીધાં પછી કુણી બને છે. કીડની (મુત્રાશય) પર વધારે પડતો બોજો પડે છે, જેથી કબજીયાત થાય છે અને બીજી રીતે શરીરમાં ઝેરી પદાર્થો વધે છે. રક્તવાહીનીમાં એ ઝેર ઉતરવાથી મગજ પર અસર થાય છે અને માથા ના દુઃખાવો થાય છે, બેચેની બહુજ છે વીગેરે વીગેરે. રાતે કદાચ કોફી ઉંઘ ને મારી નાખે છે.

આ દરદી બગડેલાં માલ્ટર વીગેરે કાચાં શાક લેવાની વાત તો સાંભળે જ નહિ. તેને તે "ઘોડાનો ખોરાક" કહે. બટેટાંની છાલમાં ઘણો ગુણ હોવાથી તેને છાલ સાથે જ રાંધવાની વાતને તે હસી કાઢે. એ પણ તેને મન "ઘોડા નો ખોરાક." બીજું તેં તેનાથી બટા ડાયજ નહિ. અને બાવલ, સફેદ રોટી અને મરીમસાલા પણ ખાવાજ જોઇએ. વળી એલ્યુમીનીયમના વાસણ વો તેની તંદુરસ્તી કરતાંય તેને વધારે પ્રિય. જો કે તેમાં કેટલું ઝેર છે તે સમજાવવાને એક પુસ્તક મેં તેને આપ્યું હતું.

બાગેજ કહેવાની જરૂર હોય કે એ દરદીને મારે પડતી મુકવી પડી હતી. હું જે કંઈ હોમીયોપથીની દવા આપું તે લેવા તે તયૈયાર હતી પણ તે સાથે એસ્પ્રીન, પેટના દુઃખાવાની અને ઉંઘ લાવવાની ઉપલાંમાં ઉપલી નીકળેલી દવાઓ કેમીસ્ટને ત્યાંથી લાવી તે પણ તેની સાથેજ લીધે.

મેં તેને છેલ્લી જોઇ ત્યારે તેને બંધાર થયું હોય તેવું જણાતું હતું. હૃદય રોગ અને માનસીક અશાની તે ફરિયાદ કરતી હતી. આવા કેસો સારા થઇ શકે તેવા હોય છતાં નીષ્કાળજી છતી સારા નહિ થતા હોય એ જોઇ દુઃખ થયા વીના ન રહે. છેવટે કર્મની સતી પર તે ઉતરવા પડે. બીજો એક કેસ બહુ દારૂ પીવાથી લીવર બગડી ગયેલા માણસનો હતો. વર્ષોથી તે વધારે પડતું પીતો હતો. તેની પત્ની તેના, બાળકો, તેના મીત્રોએ તેને ઘણુંયે સમજાવ્યું પણ તે સમજતો નહોતો. છેવટે કુદરત રૂઠી. દુઃખતા હૃદયસ અને લીવરની વેદના થવા લાગી. કેન્સરથી મોત નીપજવાના સ્વપ્ના તે જોવા લાગ્યો.

બહુ દારૂ પીનારાને. મરી, મીઠું, રાઇ, સુરકો વીગેરે આકરા મસાલાઓ લેવાની ઇચ્છા થાય છે. વળી માંસ, ઈંડા, ચીઝ જેવો ખોરાક બીજા ખોરાક કરતાં તેઓ વધારે પસંદ કરે છે. દાળ, કાચાં શાકને તેઓ ભાગ્યેજ હાથ લગાડે છે, અને મીષ્ટાન્ન પણ તેઓ પસંદ કરતા નથી. તેઓ બહુ આકરે કબજીયાત કંઈ કંઈક ખાટા, તીખા, ખારા પદાર્થો ખાવા કરતા હોય છે. અને મોડી રાતે પણ કંઈક ખાઇ તીખું ખાતા હોય છે.

આ માણસને બે મહિના કુદરતી ઉપચારો કરવાથી કેટલું સારું થઈ ગયું એ જણાવતા જોયું છે. તેના શરીરમાંથી સઘળું ઝેર નીકળી ગયું અને મહિના ઓ સુધી તેણે દારૂને હાથ નહિ લગાડ્યો.

પરંતુ જોયો તે સાજો તાજો થયો તેવુંજ તેણે વીચાર્યું કે હવે કુદરતી નીયમોને વળગી રહેવાની જરૂર નથી અને ફરી તેણે માંસ, મસાલા, અને ઝેરી વસ્તુઓ લેવાનું શરૂ કર્યું. તેનું પેટ ફરીથી બગડ્યું. બ્રાત બ્રાતની ચીજો ખાવાની તલપ થવા લાગી અને આખરે દારૂ પણ પીવા લાગ્યો.

આવા માણસોનું શું થાય? બીજી વસ્તુ તેઓ કરશેજ નાહ અને કરશે તો તે ચાલુ નહિ રાખે. પ્રયત્ન મુકી નહિ કરે.

વળી બીજો દાખલો: અમેરીકામાં એક માણસે તેની કીડની સંબંધી સલાહ માગી. તેને લોહી પડતું હતું. તે પોતાની કારમાં મને લીફ્ટ આપવા નો હતો અને કાર ચાલુ કરતાં પહેલાં તેણે કોઈ જોય નહિ એ રીતે પોતાની ડોપીથી મોઢું ઢાંકી ઝટ નામનો દારૂ પીધો. (એ વખતે અમેરીકામાં દારૂ બંધી હતી.) મેં તેને કહ્યું: "ભલા માણસ તારી કીડનીની ફરિયાદનું મૂળ કારણ તો આજ છે." તેણે કહ્યું: "જાઓ, જાઓ; છેલ્લાં ત્રીસ વરસ થયાં હું તો પીતા કરું પણ મને કશું નથી થયું." તેની સાથે દલીલ શું કરવી! પીવાની તેને તલપ હતી અને તે કંઈ માને એમ નહોતો.

એ કરતાં એક સારો કેસ અમેરીકા માંજ બન્યો હતો. એક પરણેલા નવ યુવાનને કાનમાંથી પુરુ નીકળ્યા કરતું હતું. કાનનો એકસ્પર્ટમાં થયો હતો. ડેટમાપ ડાક્તરો પાસે તે જઇ આવ્યો હતો પરંતુ કશો ફાયદો નહિ થયો. મેં જોયું કે તે રોજ સવારે બેકન (ડુકરનું માંસ) ખાતો હતો. મેં તેને એ માંસ બીલકુલ છોડી દેવા સુચવ્યું. ડેટલી ૨૬૬૬ પછી તેણે છોડવાનું કબુલ કર્યું" અને બે અઠવાડીયાં મારી દવા ચલાવવાનું સ્વીકાર્યું. તેનો એક-સેમા ત્રણ દીવસમાં સારો થવા લાગ્યો. એક અઠવાડીયાંમાં વધો સુધી નહિ હતી તેવી તેની તબીયત સારી થઇ. બે અઠવાડીયાં બાદ મેં તેને ફરી નાસ્તા માં એ માંસ લેવા કહ્યું. બીજુ તેવુંજ દરજ્જ ફરી ઉપડ્યું!

એ પછી એ માણસને વધુ સમજાવવાની જરૂર નહિ પડી. તેણે તે સદાને માટે છોડી દીધું અને હેલ્થ ખાતર તેની પાસેથી એ સાંભળ્યા કે તેની તબીયત સાવ સારી થઈ ગઇ છે. તેની તંદુરસ્તીની સાંકળની તુરેલી કડી તેને મળી આવી હતી.

આ લેખોમાં મારો આશય વાચકોને તેઓની અંદરની નબળાઇઓ સમજતાં શીખવવાનો છે. જ્યાં સુધી તેઓ તંદુરસ્તીના નીયમો નથી જાણતા ત્યાં સુધી તેઓને દુઃખ સહેવું પડશે. એ નીયમો તેઓ સમજતા થાય અને પોતાના જીવનમાં તેને ઉતારે તો તેઓ પણ તંદુરસ્ત જીવન જીવી શકશે.

હિંદનો પત્ર

(અમારા ખાસ અજમતી તરફથી)

વડોદરા, નવેમ્બર તા. ૧૮, ૧૯૫૦.

રાષ્ટ્રપતિનું ભાષણ

પાર્લામેન્ટની ચાલુ બેઠકના આરંભમાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આપેલાં ભાષણમાં નીચેના મુદ્દા જણાવાયા હતા: (૧) તાજેતરની પરિસ્થિતિએ એ કટોકટીને ગંભીર બનાવી દીધા છે. અને શાંતીની ઝંખના કરતું જગત આજે યુદ્ધના કિનારા પર આવી ને ઉભું છે. (૨) આપણા દેશમાં પણ અનેક આફતોનો સામનો કરવો પડયો છે: ધરતીકંપ, રેલ અને વરસાદની અછતનો. (૩) "હું પ્રાર્થના કરું છું કે જગતના મહાન દેશોના આગેવાનો, જેમના પર મોટી જવાબદારી રહેલી છે, તેઓ ઝેકબ્લીન સાથે મળી હજુ પણ દુનીયાને બચાવી લે." (૪) "ચીને તીબેટમાં લીધેલાં પગલાંથી અમને ઘણો ખેદ થયો હતો. આ શાંત દેશની સ્વાયત્તતા જળવાઇ રહે એમ પણ ભારત ઇચ્છે જ." (૫) "નેપાળના રાજા ભારતમાં દીલ્હી ખાતે આવી ગયા છે, અને આપણે તેમને માનનીય મહેમાન તરીકે સત્કાર્યા છે. નેપાળને ભારત સાથે ગાઢ સંબંધ છે, અને તાજેતરમાં જ બે દેશો વચ્ચે કરારો પર સહી થઇ હતી. મારી સરકારની એ ઇચ્છા હતી, અને હજુ પણ છે, કે નેપાળની સાથે મૈત્રી ભર્યું વર્તન રાખવું, તેમજ તેની પ્રજા રાજકીય અને આર્થિક પ્રગતિ કરે તેવા પ્રયાસો કરવા. (૬) તાજેતરમાં આપણા દેશ પર આવેલી કુદરતી આફતો ને સંકટોને પરિણામે આપણને પરદેશ થી અનાજની મોટી આયાત કરવી પડી છે. છતાં ૧૯૫૨ ના માર્ચ સુધી માં પ્રજાની સામાન્ય જરૂરીયાત પુરતું અનાજ ઉત્પન્ન કરવાના ધ્યેયને છોડી દેવાનું કંઈ કારણ નથી. (૭) ૧૯૫૦ ના એપ્રીલની ૮ મીએ થયેલા ભારત–પાક કરારને પરિણામે પરિસ્થિતિમાં ક્રમશઃ સુધારો થયો છે, અને નીર્વાસીતો પોતાને વતન પાછા ફરી રહ્યા છે, તેથી મને ખુશી ઉપજે છે. (૮) આયોજન પંચ તરફથી પોતા સમયમાં જ દેશ સમક્ષ ટુંકા ગાળાની યોજના રજુ થશે. દરમ્યાન આખરા, દામોદર અને હીરાકુંડના બંધની યોજના સારી પ્રગતિ કરી રહી છે. ગૈરાનિક શોષ ચોળ માટે કેટલીએ નવી રાષ્ટ્રીય પ્રયોગ શાળાઓ ખોલવામાં આવી છે. (૯) પુર્વ પાકીસ્તાનથી આવેલા નીર્વાસીતોમાંના ૧૧ લાખને જમીન આપવી વીગેરે યોજનાઓ કેટલા તેમજ દુકાનો માં રોકી મેલામાં આવ્યા છે; હજુ બાકી લાખ ભાવણીઓમાં વસે છે. (૧૦) પશ્ચિમ પાકીસ્તાનથી આવેલા ૫૯ લાખ નીર્વાસીતોમાંના ૩૦ લાખ ને–જેટલે કે ૭ લાખ કુટુંબોને–જમીનો અને ધંધાનાં સાધનો આપવામાં આવ્યાં છે. આમાંના ૨૫ લાખે શહેરોમાં રહેવાનું પસંદ કર્યું છે. ૨૦ લાખને મકાનોની સગવડ અપાઇ છે. ૫૪ હજાર નીર્વાસીતોને દુકાનો અને વેપાર ધંધામાં રોકી લેવામા છે; અને ૧૭ લાખ માટે લોન, નોકરી કે ધંધાદારી શીક્ષણ આપવાની જોગવાઇ થઇ છે. (૧૧) સામાન્ય ચુંટણીઓ ૧૯૫૨ના નવેંમ્બર યા ડીસેમ્બરમાં થશે.

સાબરમતીમાં સંગ્રહસ્થાન

અમદાવાદનો એક સંદેશો જણાવે છે કે ગાંધી સ્મારક ફંડનાં નાણામાંથી સાબરમતી હરિજન આશ્રમમાં રૂા. ૨૦ લાખને ખરચે ગાંધીજીની સ્મૃતિ માટે એક સંગ્રહસ્થાન ઉભું કરવાની યોજના થઇ રહી છે. આ સંગ્રહસ્થાન માં ગાંધીજીના અવશેષો રાખવામાં આવશે. ઉપરાંત બાપુની રચનાત્મક પ્રવૃત્તિને વેગ આપવા માટે એ સંગ્રહ સ્થાનની પાસેજ કેટલાંક મકાનો પણ ઉભાં કરવામાં આવશે.

ગુજરાતમાં ઔદ્યોગીક

નવા વરસમાં સરકાર તરફથી ગુજરાતમાં ઔદ્યોગીક વીકાસ માટે રૂા. પાંચ લાખ ખરચવાનો ઠરાવ થયો છે. ગુજરાતની ઔદ્યોગીક સમિતિની કચેરી માતર તાલુકાના બલાડા ગામે રખાઇ છે. તેના સંચાલક ગાંધીજીના આશ્રમ વાસી શ્રી. રાવજીભાઇ નાથાભાઇ પટેલ છે. આ સમીતી તરફથી ગુજરાતમાં ખાદીનાં ૮૦ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. ગયે વરસે આ કેંદ્રોમાં જણ લાખ ચોરસ વાર ખાદી પેદા થઇ હતી. સમીતી તરફથી સુરત જીલ્લામાં ડાંગર ખરડાવ વાનાં ૯ કેંદ્રો ચાલે છે. ગુજરાતમાં આવાં ૪૪ કેંદ્રો ખોલવાનો ઠરાવ થયો છે. ગુજરાતમાં સ્વાવલંબી ખાણીઓ અને બળદ માટે રૂા. ૧૨૦૦ સુધીની મદદ આપીને હાલ આવી ૯ ખાણી ચલાવવામાં આવે છે. આણંદમાં મધ માખ ઉછેરનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. બજુરાંના રસમાંથી તાડગોળ બનાવવાનો ઉદ્યોગ સુરત જીલ્લામાં શરૂ કર્યો છે. ગુજરાતમાં તેનાં બીજાં ૬૫ કેંદ્રો ખોલવાનું નક્કી થયું છે. હાલ અઠવેમાં ૪૦ વીદ્યાર્થીઓને ગોળ બનાવવાની તાલીમ અપાય છે. સાબર મતી અને આણંદમાં ઉક્ષ (સાકળાટી) માંથી સાબુ બનાવવાનાં કેંદ્રો ચાલે છે. ડાંગ પ્રદેશના વીકાસ માટે ખંચણ–કામદારોની ૬ સહકારી મંડળીઓ રચવામાં આવી છે. તેમને સરકાર તરફથી ખંગાણ કાપવાના કુપ અપાય છે. ગયે વરસે ડાંગના વીકાસ માટે રૂા. ૩૦ હજાર ખરચાયા હતા.

દક્ષિણ આફ્રીકાના હીંદીઓ

પાર્લામેન્ટમાં સવાલોના જવાબ આપતાં વડા પ્રધાન શ્રી. નેહરૂએ જણાવ્યું કે "દક્ષિણ આફ્રીકાના હીંદીઓનો સવાલ આંતરરાષ્ટ્રીય અદાલત આગળ તથ જવાની ભારત સરકારની ઇચ્છા નથી. કોઇ કામકાજની અદાલતના કરતાં રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલી આ સવાલનો વીચાર કરે એ અમને વધું અકેકતર લાગ્યું. ગ્રુપ એરીયાના એક્ટ ની કલમોની રૂએ ગ્રુપ એરીયા હજુ જાહેર કરવામાં આવ્યા નથી. કાયદા ની કલમોની રૂએ જે પ્રાથમીક પગલાં ભરવામાં આવ્યાં છે તેને લીધે મુખ્યત્વે ઝેરાઓનો વસવાટ વાળા સત્તાઓમાં હીંદીઓની જમીનોની કિમતો તથા તેમનાં બીજાં હિતો પર અત્યારથી અસર થવા પામી છે."

સ.–"કોમનવેલ્થ પરિષદોમાંની કોઇ પરિષદમાં દક્ષિણ આફ્રીકાને હીંદની બાબતની ચર્ચા થઇ હતી કે એ સવાલ ઉઠાવવો હતો?"

વડા પ્રધાન—"તેની ચર્ચા થઇ નહોતી, તેમ એ સવાલ ઉઠાવાયો ન હોતો. પરિષદની બહાર એક પ્રસંગે મારી તથા દક્ષિણ આફ્રીકાના વડા પ્રધાનની વચ્ચે કેટલીક વાતચીત થઇ હતી. એ બાબતે વાતચીત હતી."

હીંદનું લશ્કર

વડા પ્રધાને પાર્લામેન્ટમાં કહ્યું કે "સંરક્ષણ બાબતે કાર્યક્ષમ સરકાર માટેની દેશની જરૂરીયાતને ધ્યાનમાં રાખી સંરક્ષણ બાબતમાં ખર્ચ તેટલો ઘટાડો કરવાની સુચના આપવામાં આવી છે." હીંદના સરસેનાપતિ જનરલ કરીઅપ્પાએ લખનૌમાં જણાવ્યું કે હીંદનું લશ્કર તેને માટે નક્કી કરાયેલી હરકે બળથી હો તેટલું બળ વાન છે. હીંદની ઉત્તર સરહદ પર બનતા બનાવોથી ઉભી થયેલી પરિસ્થિતિનું વખતોવખત અવલોકન કરાય છે, જો હીંદનું લશ્કર વધારવાની જરૂર જણાશે તો તેમ કરવામાં આવશે. સરકાર લશ્કરની નવરચના સંબંધમાં કોઇ પણ રચનાત્મક દરખાસ્ત પર વીચાર કરવા તયાર છે. હીંદના લશ્કર સમક્ષ રખાયેલો ઉદ્દેશ હીંદનું સંરક્ષણ કરવાનો છે, નહીં કે આક્રમણ કરવાનો."

હીંદ અને નેપાળ

બીહાર ભુકંપની હીંદ અને નેપાળ ની સીમા પર સભામતીનાં પુરતાં પગલાં હીંદ સરકાર તરફથી લેવાયાં છે. નેપાળમાં સરકારી લશ્કર અને નેપાળ કોંગ્રેસનાં દળો વચ્ચે લડાઇ ચાલી રહી છે. નવી દીલ્હી ખાતેનું નેપાળી વકીલાત કચેરી જણાવે છે કે રાજવંશ સરકારમાં નીષ્ફળતા જણાયે છે કે રાજવંશ સરકારમાં નીષ્ફળતા જણાયે છે, અને નવા ત્રણ વરસના બાળ રાજનું સ્થાન કરાયું છે, એવા હેવાલો બોટા છે. કલકત્તા ખાતેના નેપાળી કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું કે કલકત્તામાં ૪૦ ઓંચો સભ્ય ૪૦૦ નેપાળીઓએ નેપાળમાં "આઝાદીના આદિક્રમણ" માટે સ્વયંસેવકો તરીકે નામ નોંધાવ્યાં છે. ધીરજંજથી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇંડીયાને એવા જણાવાયું છે કે અત્યારની તકેદારી જોતાં એમ જણાય છે કે કોંગ્રેસી દળો ધીર જંગ ખાતે સરકારી દળોનો સામનો કરવાને બદલે શહેરની આજુ બાજુના વીસ્તારમાં આશ્રયોમાં છુપાઇ જઇ આગળ વધતાં સરકારી દળો પર ગેરીલા આક્રમણ કરશે. નવી દીલ્હી માં સત્તાવાર રીતે જાહેર કરવામાં આ વ્યું છે કે હીંદ સરકારે બીહાર, ઉત્તર પ્રદેશ, અને પશ્ચિમ બંગાળની સરકાર ને એવી સખત સુચના મોકલી છે કે તેમણે હથીયારોવાળા માણસો અથવા હથીયારો કે દારૂગોળાને હીંદ અને નેપાળ વચ્ચેની સરહદ ઉપર થઇને કોઇ પણ દીશામાં જવા કે આવવા દેવા નહીં. હીંદ સરકારે કાઠમંડુની સરકાર ને એમ જણાવી દીધાનું કહેવાય છે કે બળવાખોરોએ પોતાના આક્રમણની તયારી માટે ભારતના પ્રદેશનો ઉપયોગ કર્યો ન હતો એનું ભારતે બાર પુર્વક પુનરૂચ્ચારણ કર્યું હતું. ધીરજંજ ખાતે તાકીદની સરકારની રચના થયા પછી પહેલીજ વાર મળેલી જાહેર સભામાં નેપાળી કોંગ્રેસના મંત્રી શ્રી. ગોપાલપ્રસાદ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે "૬૪ દીવસમાં ખટમંડુ ખાતે નેપાળ કોંગ્રેસ સરકારની રચના થશે. કોંગ્રેસી દળોનું લક્ષ્ય નેપાળના વડા પ્રધાનનું નીવાસ સ્થાન સીંહ દરબાર છે. ખટમંડુ જતા તમામ માર્ગો પરનાં મરનાળાં અને પુલો ઉડાવી દેવામાં આવ્યાં છે. વડા પ્રધાન મોહન સમશેર જંગ બહાદુર રાણા છટકવાના કોઇ માર્ગને અભાવે લગભગ કેદીજ બની ગયા છે. તેઓ હવે માત્ર બીમાન દ્વારાજ છટકી શકે એમ છે."

કાશ્મીરમાં રાષ્ટ્રપતિ

શ્રીનગરની મુલાકાત દરમીયાન કાલ શ્રીર વીદ્યાપીઠના પદવીદાન પ્રસંગે ભાષણ કરતાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહ્યું કે "વીશ્વના સઘળા દેશો સાથે શાંતી તથા મૈત્રીની નીતી જળવાનો ભારતનો દ્રઢ નીરધાર છે. કોઇ પણ દેશ તરફથી આપણા પર હુમલો થશે કે કોઇ પણ પ્રકારની મુસીબત આપણા પર આવી પડશે તો આપણે સઘળાં સામનો દ્વારા આપણા દેશનું રક્ષણ કરીશું. કાશ્મીર વીદ્યાપીઠે આઝાદ ભારતમાં પોતાનો જન્મ થયા બદલ ગૌરવ અનુભવવું જોઇએ. આ વીદ્યાપીઠ યુવાન વર્ગમાં જ્ઞાન સીંચવા

માં ઉચ્ચ પ્રણાલી બાંધશે, એવો મને વીશ્વાસ છે. આપણા દેશમાં કામની તંગી નથી, તંગી તો તાલીમ વાળા લોકોની છે. કાશ્મીર સુંદર દેશ છે. અહીં વીકાસ માટે અઢળું ક્ષેત્ર પડેલું છે જો આ વીદ્યાપીઠ દેશમાં વધુ અનાજ પેદા કરી શકે તેવા જ વીદ્યાર્થી ઓ ઉભા કરે, તો દેશની વર્તમાન અનાજ–કટોકટી નીવારવામાં તેઓ ઉપયોગી બની શકે."

વિવિધ

કોમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદ

કોમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદ આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિની ચર્ચા કરવા જાન્યુઆરીમાં લંડનમાં મળશે એવું બ્રીટીશ વડા પ્રધાન શ્રી એટલીએ ગઈ કાલની સભામાં જાહેર કર્યું છે. એક મજુર પક્ષના સભ્ય શ્રી. જેરીક હલેચરે વડા પ્રધાનને પુછ્યું કે ઉક્ત પરીષદના એજેન્ડા પર આફ્રિકા માં જતીભેદના સવાલો પ્રત્યેની કોમનવેલ્થની નીતીની ચર્ચા મુકાશે કે નહિ? શ્રી. એટલી એ જણાવ્યું કે, એજેન્ડા પરથી કોઇ પણ સવાલ બાતલ રાખવા માં આવશે નહિ. જાની ચર્ચા થશે એ વડા પ્રધાનોનેજ ઠરાવવાનું રહેશે. પરીષદમાં હીંદથી પંડીત નેહરૂ, પાકીસ્તાનથી જનાબ લીયાકત અલીખાન અને આફ્રિકા તરફથી મુલકી પ્રધાન ડો. ટી. મ. ડોંગીસ જશે

કલર્ડોના મતાધિકારપર મુનાફટ પાર્ટી

જોહનીસબર્ગમાં ગયે અઠવાડીયે મળેલી મુનાફટિક પાર્ટીની રાષ્ટ્રિય કોંગ્રેસે કલર્ડ લોકોને સામાન્ય મતપત્રકમાંથી કાઢી નાખવાના મુનીયન સરકારના નીર્ણયનો વિરોધ કરનારો ઠરાવ પસાર કર્યો છે. ઠરાવમાં જણાવ્યું છે કે કલર્ડ વોટપર મલાન-હર્ઝોગ કરાર મુનીયન રધપાયું સારથી આવેલી એક પછી એક સરકારોએ તેમજ રાજકીય નેતાઓએ ગંભીરપણે આપેલાં વચનોનો ભંગ કરનારા છે. એ વચન એ કે, તેઓના રાજકીય હકો લઇ લેવામાં આવશે નહિ. મુનીયન સરકારનો આ નિર્લજ્જ પાર્લામેન્ટની સધારણ બહુમતીથી પસાર કરી દેવા એ મુનીયનના કાયદાનો ભંગ થએલો ગણાશે. સુચવાયેલો કાયદો ગોરા, બીન-ગોરા વચ્ચેનો સંબંધ બેચમમાં નાખનારો થશે, ગોરાં સાઉથ આફ્રિકા ની આબરૂને કલંકીત કરશે અને દુનીયા ની નજરમાં સાઉથ આફ્રિકાને નીચું જોવડાવશે. તેથી આ કોંગ્રેસ તેનો દરેક રીતે વિરોધ કરશે.

બીલ એક ઠરાવમાં એવી માગણી કરવામાં આવી છે કે કલર્ડ લોકોના મતાધિકારમાં પાર્લામેન્ટના બન્ને મકાનો ની સયુકત બેઠકની બેત્રણમાંસ બહુ મતીથીજ ફેરફાર કરવામાં આવેલો જોઇએ. કલર્ડ લોકોના મતાધિકારના સંબંધમાં બે નેશનલીસ્ટો સિદ્ધાંતની કલમોને રદ બાતલ કરવાના હોય તો ઓફિકાન્સ અને અંગ્રેજી ભાષાઓની સમાનતા સુરક્ષિત રાખનારી કલમો ને વિષે પણ તેઓ તેમ નહિ કરે તેની શી ખાત્રી? એમ શ્રી. એચ. જી. હેરે-સે જણાવતાં કહ્યું કે, આ સરકાર તરફથી જો કલર્ડોના મતાધિકારમાં સાદી બહુમતીથી ફેરફાર કરવામાં આવશે તો, હવે પછી આવનાર ગમે તે સરકારને બેજર રીતે તે પુનઃસ્થાપિત કરવાની પણ સત્તા રહેશે.

નાટાલ ધન્ડિઅન કોંગ્રેસે પણ વિરોધ દર્શાવ્યો છે.

કેપટાઉનમાં આસામ ફન્ડ

કેપટાઉન મુનસીપલ હીંદુ એસોસીએશનના મા. મં. મંત્રી રા. મુનીલાલ સી પંચસાણીયા લખી જણાવે છે કે આસામ ભૂંકપ નીવારણ ફન્ડ માટે એસોસીએશનનો આશ્રમે થએલો ફન્ડની પા. ૧૩૮–૩–૩ ની રકમ રેમીટર મારફતે પંડીત નેહરૂપર ન્યુદિલ્હી રવાના કરવામાં આવી છે.

હીંદના દુઃખ ભણ્યો

વહીવટીતંત્ર અંગે નવો મુદ્દાલેખ

મુંબઇનું 'અવલોકન શુદ્ધિ મંડળ' કે જે લોકોના સંસ્કાર સુધારવા માટે રચવામાં આવ્યું છે, તેણે આ વર્ષથી દિવાળી ને દિવસે વેપારી ભાઇબંધોને નીચે મુજબ નું લખાણ કરી 'વહીવટીતંત્ર' કરવા વિનંતી કરી હતી:

"પરમકૃપાળુ પરમાત્મા સચ્ચિદાનંદ એટલે પરમાત્મા સત્યસ્વરૂપ અને ચૈતન્યસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. એનો અર્થ એ કે ઇશ્વર મુર્તિમંત સત્ય છે. સત્યની અવગણના કરનાર ઇશ્વરની અવગણના કરે છે. ઇશ્વરની અવગણના કરનાર કોઇ કદીએ દુઃખું નથી એમ બધાં શાસ્ત્રો પોકારીને કહે છે.

"આજના શુભ દિવસથી આપણા નિત્ય વ્યવહારમાં આપણે ખોટા લોભમાં ન ફસાઇએ એવી પ્રાર્થના કરીને 'વહીવટીતંત્ર' કરીએ છીએ. ઇશ્વર આપણને સાચા માર્ગે જવાની શક્તિ આપે."

સરદાર પાવર હાઉસ

બારડોલીમાં આંધકામ ખાતાના પ્રધાન શ્રી. ગાડગીલે સરદાર પાવર હાઉસ ઉધાડું મુકયું હતું. તેઓએ તે પ્રસંગે જણાવ્યું હતું કે, પાવર હાઉસ "વધુ અનાજ ઉગાડો" એ ચળવળને મદદરૂપ બનશે અને ખેડુતો ને ઇલેક્ટ્રિસિટિ અને બીજાંક સહાય આપશે.

નિસ્વાર્થ સેવા ભાવના

ભારતનાં આગેવાનો, અધિકારીઓ અને નાગરીકોની નિસ્વાર્થ સેવાની ભાવનાને અંજલિ આપતાં, ભારત ખાતેના અંગ્રેજી જેલખો, શ્રી. લેપ હેન્ડરસને જણાવ્યું હતું કે, જો આ ભાવના ભારતના જુવાનોમાં પ્રગટાવવા માં આવે તો આજનું ભારત પણ પોતાના ગૌરવપૂર્ણ ભૂતકાળની જેમ વીશ્વમાં મહત્વનો ભાગ ભજવી શકે.

ધાન્યનું ઉત્પાદન

ચાલુ વર્ષમાં દેશમાં ધાન્યનું ઉત્પાદન સારા પ્રમાણમાં થવાનો સંભવ હોવા થી ગયા વર્ષ કરતાં ૧૬૫૦–૫૧ ના વર્ષમાં ધાન્ય ઉદ્યોગની સ્થિતિ વધુ સારી રહેશે. એમ લાગે છે. બંને વર્ષે ધાન્યનો પાક ૬૩ લાખ ટનોનો જેટલો હતો. પરંતુ ચાલુ વર્ષમાં

હીંદીઓને માટે મકાનોની લોન

ડરબન સીટી કાઉન્સીલે રસીંગ્રીલ્હમાં ૬૦ અને રેન્ડફલ્સ રોડમાં ચાર રહેવાના મકાનો બાંધવાને હીંદીઓ માટે જમીનના ટુકડા ફાળેલા છે જેનાપર તે લોન આપવાની છે. લોન સાડા ત્રણ ટકા વ્યાજે આપવામાં આવશે અને વ્યાજ સહીત મુદલ રકમ માસિક સરખા હપતાથી ૩૦ વર્ષ માં ભરપાઇ કરી શકાશે. નાણા ઉઘીના લેનાર જો ઓળી મુદતમાં તે ભરી દેવા ઇચ્છે તો તેમ કરી શકશે. આ રીતે અજુગ્રી કરતાં દર ૧૦૦ પાઉન્ડે માસિક શી. ૬–૧ જેટલી રકમ ભરવાની આવે છે. લોનપર ડીપોઝીટ પાંચથી દસ ટકા લેવામાં આવશે.

આ લોનનો લાભ તેવાજ લોકો લઇ શકશે જેઓ રહેવાને માટે પોતાની માલીકીનું ઘર ધરાવતા નહિ હોય અને જેઓ પોતાને રહેવાને માટેજ તેનો ઉપયોગ કરવાના હશે. વધુ વિગત નાટાલ ધન્ડિઅન કોંગ્રેસની સેવીલ રટીટપરની ઓફીસથી મેળવી શકાશે. લોન માટે અરજીના ફોર્મ સીટી હોલમાં સીટી ટ્રેઝરર ખાતામાં હાઉસીંગ વિભાગમાંથી મળી શકશે.

પંડીત નેહરૂનું પ્રવચન

એમ. એમ. ખુપીલ્સ ઓને સ્કુલ, જ્યાં પન્ડીત નેહરૂ ભણતાં હતાં ત્યાંના વિદ્યાર્થીઓને સંબોધતાં શ્રી. જવાહરલાલે કહ્યું હતું કે, પ્રવચનો કરવાનાં અને સલાહ આપવાનાં કામ થી હવે હું થાકયો છું. જ્યાં જાઉં ત્યાં મને સલાહ આપવાનું કહેવામાં આવે છે. લોકોને મન હું તમાશા જેવો બની ગયો છું. હું પણ પાછી મારી ગ્રામોફોન રેકર્ડ શરૂ કરી દઉં છું.

નિર્વાસિતો માટે રૂા. ૩૦ લાખની લોન

સૌરાષ્ટ્રમાં જોંસી હજાર નિર્વાસિતો ના વસવાટ કાયમી થયો છે. તે માટે હીંદ સરકારે ત્રીસ લાખની લોન આપી છે.

૪૧૫ લાખ માંસડીઓ જેટલો હોવાની ધારણા છે. આથી ભારતમાં ધાન્ય ઉદ્યોગને કાચા ધાન્યનો પુરવઠો પુરતા પ્રમાણમાં મળી રહેશે.

ખેડુતોને લોન

મુંબઇ સરકારે પુરથી નુકસાન પામેલાના ખેડુતો માટે બીયારણની ખરીદી સારૂ રૂ. ૩ લાખની તગાવી લોન મંજુર કરી છે. ખેડુતોના મકાન સિવાય બીજાં મકાનો માટે બીજા લાખ ની રકમ મંજુર કરવામાં આવી છે. સાત લાખની આ રકમમાંથી ખેડુતોને ૨ લાખ ૬૫ હજારની રકમ અગાઉથી આપવામાં આવી છે. ઉપરાંત ઘોરાઇ ગયેલા પાકની જગ્યાએ ફરીથી બી વાવવા માટે ખેડુતોને ૧૬૭૨૬ મંગાળા બધુ પહેં આપવામાં આવ્યા છે. વળી

કેન્ટીના માલીકોને:—
ગુજરાતી પ્રેસના પંચાંગ
શી. ૫–૦
એડરેસ: ૨૨૦ વિકટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન: ૨૪૮૨૫

તુવેર...શી. ૧–૩ રતલ
ચોખી અળદ ૧/૬ રતલ
મગ.....શી. ૧–૦ રતલ
તુવેરની દાળ નં ૧ ૩/૩ "
તુવેર ની દાળ નં ૨...૧/૧ રતલ
ચણાની દાળ નં ૧ શી. ૩–૦ "
વાલની દાળ....શી. ૨–૬ રતલ
અળદની દાળ...શી. ૨–૩ રતલ
મગ દાળ નં ૧....શી. ૨–૦ રતલ
મગ દાળ નં ૨....શી. ૧–૬ રતલ
ચણાનો લોટ (કાંકરી વગરનો) ૨/૬
ભાજરો.....૪ પેની રતલ
ગુજરાત..... ૪ પેની રતલ
વરીયાળી.....શી. ૨–૬ રતલ
હીંગ.....શી. ૧–૬ રતલ
રાઈ.....શી. ૧–૬ રતલ

પરબુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.
ટર.....શી. ૧–૬ રતલ

બાપનાં તેમજ દીકરાનાં બાપનાં બાંધવા માટે ૧૮૦ ટન જેટલાં કોરોગેટેડ પતરાં પણ એમને આપવામાં આવ્યાં છે.

વ્રત અને ઉપવાસ

સુધીર:— બા આજે કેમ નહીંએ નાસ્તો બનાવ્યો હતો?

બા:—આજે અધીક માસ બેઠો છે ને? એટલે.

સુ:—અધીક માસ તે શું?

બા:—એટલીયે ખબર નથી? આ દર ત્રીજે વરસે અધીક મહીનો—તેરમો મહીનો આવે છે તે.

સુ:—અમારા માસ્તર કહેતા હતા કે, સુરજનું વરસ અને ચંદ્રનું વરસ બેને સરખાં કરવા એક મહીનો ઉમેરવો પડે છે તે?

બા:—તારા માસ્તર શું શીખવે છે તે મને શી ખબર? આપણે તો અધીક મહીનો પવિત્ર કહેવાય એટલું જાણીએ.

સુ:—પણ માસ્તર તો કહેતા હતા કે તેર વરસની અનુકરીયાં જુદ્ધ ના આવે માટે દર ત્રણ વર્ષે એક મહીનો ઉમેરવો જ પડે એમાં પવિત્રતા શેની?

બા:—બાપુ, તમારા માસ્તર તે તમને નાસ્તીકતા શીખવે છે કે બીજું? —બળી આ નીશાળો. ધરમ ધ્યાન જવું ચુલામાં દીધું. અધિક મહીનાનું પુણ્ય છોકરાં સમજતાં નથી.

સુ:—પણ બા! ગાંધી મહાત્મા તો કહેતા હતા કે સત્ય ને અહીંસા એજ ધરમ છે. અધિક મહીનાના પુણ્ય નું એમણે કાંઇ કહ્યુંજ નથી.

બા:—ગાંધી મહાત્માનો તો સુધરેલો ધરમ, આપણે તો અસલનો ધરમ પાળવાનો ને પુણ્ય મેળવવાનું.

સુ:—પણ ત્યારે એમને પુણ્ય નહિ મળ્યું હોય?

બા:—હવે મુકને માથાકુટ. એમને ઠીક લાગ્યું તે એમણે કર્યું આપણને ઠીક લાગે તે આપણે કરીએ. લાંબી કુંથ પંચાતમાં શું કરવા પડીએ? આપણે તો યદું આવ્યું છે તેમ કરીએ. નદીમાં સ્નાન કર્યાથી પવીત્ર મનાય તેટલું આપણે જાણીએ.

સુ:—પણ આપણે ઘેર નળમાં પાણી આવે છે તે પણ નદીનુંજ હોય છે ને! ને વહેતું નદીના પાણી કરતાં ચોખ્ખું હોય છે.

બા:—અરે મુરખ! નળની ટાંકી પર તો મુવા ઢેડા અંગીજા ઘસે તે કામ કરે—એ તે પવિત્ર કહેવાય!

સુ:—પણ બા! ને મેં તો બેંસો ને પણ નદીના પાણીમાં ભેંસો બેસે છે અને બધિયાં ને કુતરાંને પણ આળોટતાં જોયા છે. એ તો માંદી વળી સંક્રમણ કરતાં હશે.

બા:—એ તો નદીનું પાણી પાંચ ભાંખળા વધે એટલે ચોખ્ખું થઈ જાય એમ શાસ્ત્રમાં લખ્યું છે.

સુ:—પણ કાંઇ ચોખ્ખું થતું હોય એવું દેખાતું તો નથી!

બા:—આજ કાલના છોકરાં નાસ્તિક જ થઇ ગયાં. શાસ્ત્રની સામે તે જોવાય? આપણે શું સમજીએ?

સુ:—પણ અમારા વિજ્ઞાનમાં તો શીખવે છે કે, ઉકાળ્યા વગર કે જંતુ મારવાની દવા નાખ્યા વગર પાણી ચોખ્ખું ના થાય

બા:—શીખ્યાં! શાસ્ત્રો લખનારા કોઇ મુરખ નહોતા.

સુ:—પણ બા! ચોમાસામાં નદી નું પાણી પીવાથી મણાએ માંદા પડે છે ને કોઇ કોઇ મરી પણ જાય છે, એટલે અમારા વિજ્ઞાનમાં શીખવે છે તે ખરુંજ લાગે ને?

બા:— બસ ચુપ કર હવે! મોટા સાથે કેમ બોલવું તેનું ભાનજ આજના છોકરાંને ના મળે.

('જ્યોતિર્ધર'માંથી)

જુદા જુદા દેશોનું નાણું

દેશ	સીક્કો
એબીસીનીયા	તાલારી
આલ્બીનીયા	ફ્રાન્ક
આર્જેન્ટિના	પેસો
ઓસ્ટ્રીયા	શીલીંગ
ઓલ્ડનબર્ગ	થેલ્ર
આગ્રીલ	મીલરીસ
બલ્ગેરીયા	લેવા
બેનેડા	ડોલર
બોલી	પેસા
ચીન	ડોલર
ચેકોસ્લોવેકીયા	ક્રાઉન
ડેન્માર્ક	ક્રોન
ઇજીપ્ત	પીંડ
ફ્રાંસ	ફ્રાંક
ફીનલાન્ડ	પિયાસ્ટર
ફીજી	રૂપીયો
જર્મની	રીચમાર્ક
ગ્રીસ	ડ્રાકમા
હંગરી	પેંગો
ઇરાક	દીનાર
ઇટલી	લીરા
જાપાન	યેન
જાવા	ગીલ્ડર
મેક્સીકો	પેસો
નેધર્લેન્ડઝ	ફ્લોરીન
નોરવે	ક્રોન
પરશ્યા	રીમાલ
પોર્ટુગલ	એરકુડો
રુમાનીયા	લી
રશેન	રોબેટા
સ્વીડન	ક્રોના
સ્વીટઝર્લેન્ડ	ફ્રાન્ક
તુર્કસ્તાન	લીરા
યુનાઇટેડ સ્ટેટસ (અમેરીકા)	ડોલર
યુનાઇટેડ સ્ટેટસ (મેક્સીકન રજવાડા)	ડોલર
યુગોસ્લેવીયા	દીનાર

બાળકોનું આસામ રીલીફ ફંડ

["બાલજીવન ઓપીનીયન"ની વિનંતીના જવાબમાં કેટલાક બાળકોએ કટાકટ્ય ન હોતાં હોંદના નીરાશ્રીત બાળકો માટે તે પૈસા મોકલી આપ્યા છે. નીચલા બાળકોએ પોતાના પૈસા પંડીત જવાહરલાલજી ઉપર મોકલી દીધા છે અમે આનંદ સાથે તેની નોંધ લઇએ છીએ. તંત્રી ઇ. ઓ.]

કાંતિલાલ નાથુભાઇ, દિલીપકુમાર ઉકાભાઇ, મહેન્દ્રભાઇ ઉકાભાઇ પ્રત્યેક પા. ૨–૨–૦, દમયંતીબેન જીવણભાઇ પા. ૧–૧૨–૦, ઇશ્વરલાલ ઉકાભાઇ પા. ૧–૪–૦, કિશોરલાલ નટવરલાલ પા. ૧–૧–૦, જયમુમતિબેન છોટુભાઇ, રામદાસ વિઠલદાસ, સુમિત્રાદેવી ગોદડભાઇ પ્રત્યેક પા. ૧–૧–૦, લીલાદેવી કપનારાયણ શી. ૧૨–૦, ઉત્તમભાઇ કેશવભાઇ, ભારતીબેન ભૂલાભાઇ, ભગવાનદાસ ભુલાભાઇ, રૂક્મણીબેન મોરારભાઇ, શાંતાબેન મોરારભાઇ, ચંચળબેન મંગાભાઇ પ્રત્યેક શી. ૧૦–૬, દેવીબેન દુર્લભભાઇ, હંસાબેન ભૂલાભાઇ, વનિતાબેન વનજ ભાઇ પ્રત્યેક શી. ૧૦–૦, ધનસુખરાય જીવાભાઇ, શાંતીલાલ રામભાઇ પ્રત્યેક શી. ૧૦–૬, મણીબેન હરીભાઇ મકનજી, દિનકરરાય હરીભાઇ, મકનજી કાંતીલાલ, હરીભાઇ મકનજી પ્રત્યેક શી. ૭, શાંતાબેન મોરારભાઇ, કસાવતીબેન જીવાભાઇ, નીર્મળાબેન જીવાભાઇ પ્રત્યેક શી. ૫–૬, કાંતીલાલ રામભાઇ, વસુમતીબેન માવજીભાઇ સોલંકી, તારાબેન હરિજીવનભાઇ ભાટપુરીયા, મનુબેન જીવણભાઇ કોળીકાસ, પદ્માબેન કલ્યાણજી ભગત પ્રત્યેક શી. ૫, લક્ષ્મીબેન ડાહ્યાભાઇ, લલીતાબેન ઉકાભાઇ સોલંકી પ્રત્યેક શી. ૨–૬, દયારામ ગોકળભાઇ ભગત શી. ૧–૦, હરીચન્દ્ર નાથુભાઇ આર્ય પા. ૧–૧–૦, હોંદ વિદ્યાર્થીગૃહ ખેડાનીસભ્ય પા. ૫–૫–૦, લક્ષ્મીબેન ભુલાભાઇ પટેલ પા. ૧૩–૨–૦ કુલ પા. ૪૨–૧૫–૬.

એક નાની બે બોધપ્રદ વાર્તા

એક વાર ત્રણ ઉંદર એક ઋષી પાસે ગયા. ઋષીએ એક ઉંદરને કહ્યું: "તું અનંતની કોડીમાં રહે છે. તેમાંથી વધુ જીવન તત્વ મેળવવાની આશામાં તું નિર્બળતા પ્રાપ્ત કરી રહ્યો છે. મને લાગે છે કે તું આ તારા સ્વભાવને ફેરવી નહીં શકે.

બીજા ઉંદરને ઋષીએ કહ્યું, "તું પુસ્તકોથી ભરેલી આલમારીમાં રહે છે. અનેક બુધ્ધવાન અને જ્ઞાનવાન પુસ્તકો ને કરડીને ખાઇ ગયો છે. છતાં તારી બુદ્ધીમાં વૃધ્ધી નથી થઇ. તારા સ્વભાવ માં પણ કશો સુધારો થવા સંભવ નથી.

ત્રીજાને કહ્યું, "તું તો મંદીરમાં રહે છે. પરંતુ મંદીરના પવીત્ર જીવન ની બેશ પણ તને અસર નથી થઇ. અને તારામાં પણ કાંઇ સુધારો થવા નો સંભવ નથી. તેથી તમે ત્રણે મનુષ્ય બનો કારણ મનુષ્ય સમૃદ્ધિમાં લીન છે પણ અહીંયા ખિક દુર્બળ બનતો જાય છે, અને બીજા મેળની વધુ મુર્ખ બનતો જાય છે. મંદીરમાં દોડાદોડ કરી કરત યાદ છે, વધુ કરું તે મેળવતો નથી. તેથી તમારી ચેતનના નો ભાગ કંઇ—વાય મનુષ્યમાં જ મળી રહે."

'બોધકથા'માંથી

તમે જાણો છો?

—'બોગદાદ' શબ્દની ઉત્પતી આમલેંન માં થઇ છે. ત્યાંના ક્રેપ્ટન બોગદાદ નામના ધરના માણીક સાથે પડોસીઓ એ સંબંધ રાખવાની ના પાડી હતી.

—વીજળીની બત્તી હાલ આપણે વાપરીએ છીએ તે ૧૮૮૦ માં શોધાય છે.

—સખીયામાં એ ધરપર દીવસી લટકારી હોય તો સમજવું કે તે ધરમાં પરણેલા લાયક કન્યા છે.

—બ્રેઝીલ નામ સંસ્કૃત શબ્દ 'વિષમ' પરથી ઉપરકાળની ભૂમી પરથી પડ્યું છે.

અઠવાડીક પંચાંગ

વાર	ખ્રીસ્તી ૧૯૫૭ ડીસેમ્બર	હીંદુ ૨૦૦૭ કાર્તીક	મુસલમાન ૧૩૪૯	પારસી ૧૩૯૯ શહે. કદમી	સુર્યોદય કા.મી.	સુર્યાસ્ત કા. મી.
શુક્ર	૧	વદ ૭	૨૦	૬૦	૪–૪૬	૬–૪૨
શની	૨	,, ૮	૨૧	૧	૪–૪૫	૬–૪૩
રવી	૩	,, ૯	૨૨	૨	૪–૪૪	૬–૪૪
સોમ	૪	,, ૧૦	૨૩	૩	૪–૪૩	૬–૪૫
મંગળ	૫	,, ૧૧	૨૪	૪	૪–૪૨	૬–૪૬
બુધ	૬	,, ૧૨	૨૫	૫	૪–૪૧	૬–૪૭
ગુરુ	૭	,, ૧૩	૨૬	૬	૪–૪૦	૬–૪૮

આ ઓફીસથી મળતાં પુસ્તકોનું સુચિપત્ર

વી. પી. ના ઓરડરોને બીલકુલ ધ્યાન દેવામાં નહિ આવે. ઓરડર મોકલનારાઓએ ઓરડર સાથે કેક અથવા પોસ્ટલ ઓર્ડર મોકલવા

મહેરબાની કરવી.

મેનેજર, 'ઇન્ડિયન ઓપિનિયન'

પુસ્તકો મળવાનું ઠેકાણું:— INDIAN OPINION, Phœnix, Natal.

ગાંધીજીનું સાહિત્ય

આપણે ધર્મ જાણવા	૧ ૧
ગાંધીજીનો સરકાર સાથે પત્રવ્યવહાર ૧૯૪૨ ની હાલ ચળવળ વખતે થયેલો સંપૂર્ણ પત્ર વ્યવહાર	૭ ૧
ગાંધીજીના સમાચારમાં	૭ ૦
ગાંધીવાદી આર્થીક યોજના	૩ ૧
પુણ્ય શ્લોક ગાંધીજી (ચ. દાસ)	૧૨ ૧

દીનબંધુ એન્ડ્રુઝની કૃતીઓ

ગાંધી વિચાર દોહન ગાંધીજીના વિચારોને રજુ કરતું પુસ્તક	૨ ૧
ક્રીશ્ચ્યન મંથલી ઓગષ્ટ ૧૯૩૫ ની, પ્રથમમાં છપાતી છુટી ઉપર પુછાતા પ્રશ્નના જવાબરૂપે જે લેખો લખાયા છે તેનો સંગ્રહ	૨ ૧

સર રાધાકૃષ્ણનની કૃતીઓ

જેઓ ફીલોસોફીના મહાન લેખક છે તેમના પુસ્તકો હિંદુ ધર્મ, સંસ્કૃતી વગેરે અજવાળું પાડે છે.	
કલ્કી અથવા અર્વાચીનું ભાવી	૧ ૦

ધાર્મીક સાહિત્ય

શ્રીમદ્ભગવત ગીતા મોટા અક્ષરોએ સંસ્કૃતમાં	૨ ૦
પરમાત્માના અવિનાશ સંદેશા ચરીત્રોનો સંગ્રહ	૨ ૧
શ્રી રામકૃષ્ણદીપક આ વેદાંતી ગ્રંથને હલકો કરી, નાનો કરી આમાં મુકયો છે.	૧૦ ૦

વિદેશી સાહિત્ય

અંધકાર રશિયના વિખ્યાત લેખક અનાતોલની નોવેલ	૩ ૧
મામા લેખક કુપરી, એક રશિયન પતીતાનું ચિત્ર દોરતી નવલકથા	૧૦ ૦

લોક નેતાઓના ચરીત્રો

દયાનંદ સરસ્વતી	૧ ૦
આત્મ કથા ગાંધીજી	૩ ૧
તેજ ચિત્રો આમા ગાંધીજી કૃષ્ણમરનાર, શીવાજી, આદી નેતાઓના જીવન ચિત્રો હવેલું છે	૩ ૧

કેટલીક ઉત્તમ નવલ કથાઓ

નરસીંહના સુંદર બાલચિત્રોનો સંગ્રહ	૧ ૧
આત્મકથાની એક ઉંદીલકારી નવલ કથા	૧૨ ૧
રજપુત દુખાઓનો ચિત્રમય સંગ્રહ	૩ ૦
પ્રેમાકામ આ. ૧-૨ બે સુંદર સામાજીક નવલ કથા બન્ને આની કીમત	૧૩ ૦
ઉષાહરણ સુંદર નોવેલ	૩ ૧
ઉન્માદ નોવેલ	૮ ૦
કપટના ઠાઠા નોવેલ	૭ ૧
સાંબેલાના સુર	૫ ૮
ભગવાન ભગવદેવ	૬ ૦
કંઠીનાદ કાંદીમરી નોવેલ	૭ ૦
કમ્બોવતી ઉંદીહાસીક નોવેલ	૧૦ ૦
કોકેલ્યન કોમેડ જીવન ભતાવતી નોવલ	૮ ૧
ભગ્ના બાપુ બાપુજીના જીવનને બચાવ પાડતી નોવેલ	૮ ૧
મોરબ્ય ભાષા મોરબ્યની પાઠોપયથી રચાએલ	૭ ૦
ચમેલી	૧ ૧
મોરાની વાતો	૬ ૦
ભણ સમાધી નોવેલ	૮ ૦
ભગતના મંદિરમાં ઉંદીહાસીકનવલકથા	૧૦ ૦
ભગ્ન સિદ્ધરાજ	૬ ૧
ભગવદ્દીદુ નોવેલ	૫ ૦
ફિરીશ્તાની વાતો નાની વાર્તાઓનો સુંદર સંગ્રહ	૧ ૧
ચાલ્ સ્ટ્રાયુ બે નાની વાર્તાઓનો સંગ્રહ	૧ ૦
અમ્બુકુટ ભાગ	૮ ૧
અધુરી વાત	૧૦ ૨
અબીલ ગીરેબુરી વાર્તાઓ	૧ ૧
બીજ સાથી આ. ૧-૨ સાથે	૧૨ ૦
અમારા આ સ્વ. મંત્રુસ્વા ગાંધી વિશે સુરતના નૈયર અને બનમાળા પરીખે લખેલ	૪ ૧
બળવાખોર પીતાની તસ્વીર આવરીત રાહીદ એક્સ મેનોલી-ડિનું કથન	૧ ૦
ચાલ કલાકારી	૮ ૧

નવલ કથાઓ

કલીયારે	૮ ૧
હાડીયાવાડની ઉંત કથાઓ	૬ ૦
કાંચ ચક્ર	૧૦ ૧
મોહન મોહમાર નવલકથા આ. ૧-૨ સેટની	૧૧ ૦
અમુતરો બાર્તા સંગ્રહ	૧ ૧
ચિત્રલેખા	૮ ૧
તમુમા આ ૧-૨-૩ બાર્તાસંગ્રહ પ્રત્યેકની	૭ ૦
કલીયારાવ	૬ ૧
કલીકલ્યાણ આ ૧-૨ સેટ આવી નોવેલ સેટની	૧૧ ૦
રોન રૂપ	૪ ૧
કલીયારાવ	૬ ૦
નીલ રેખા	૮ ૦
નીલ પંખી નાટક	૩ ૦
નીલેકીતા	૮ ૦
મલીક	૫ ૧
આત્મકથા આ ૧-૨ સેટની	૩ ૦
વિમાસી	૮ ૦
પાપક ભગવાન	૮ ૦
અમાત કીરણો	૭ ૧
પુરાતન ઝબોલ	૫ ૦
પ્રેમ અને પુલ આ ૧-૨ સેટની	૧૧ ૧
કુટેલા તુવર્ણ પાત્રો	૧૫ ૦
અભિષેકાર	૧ ૦

BOOKS FOR SALE

INDIAN STATESMEN (Dewans and Prime Ministers With Portraits)	7	6
INDIAN JUDGES (Biographical and critical sketches with portraits)	7	6
EMINENT AMERICANS WHOM INDIA SHOULD KNOW—Jabez T. Sunderland	11	0
THE BHAGAVAD GITA—The Lord's Song—(An English Translation)—Annie Besant	1	0
WHAT IS WRONG WITH INDIAN ECONOMIC LIFE? —Dr. V. K. R. V. Rao	5	0
THE U.K.O.C. AND INDIA—A. N. Agarwala	5	6
OUR INDIA (Children's stories by various writers, illustrated) —Mirco Masani	2	6
COTTAGE INDUSTRIES AND THEIR ROLE IN INDIAN ECONOMY—Prof. Rao	2	6
SHAW—WELLS—KEYNES ON STALIN—WELLS TALK (Verbatim Record)	5	6
GOLDEN NUMBER OF "INDIAN OPINION", 1914 (Souvenir of the Passive Resistance Movement in S.A., 1906-1914)	4	0
THE DELIVERANCE (A picture of the palpitating life of the joint family)	8	0
SEVEN MONTHS WITH MAHATMA GANDHI Being an inside view of the Non-co-operation Movement (1921-22)—Krisnadas	8	0
ROLLAND AND TAGORE, Letters of two eminent writers	5	6
GANDHIJI AS WE KNOW HIM—Intimate and delightful incidents by various writers	8	0
PUBLIC FINANCE AND OUR POVERTY —J. C. Kumarappa	3	6
HISTORY OF THE REIGN OF SHAH ALUM —W. Franklin	7	6
THE LIFE OF RAMAKRISHNA—An exhaustive account of the Master's wonderful life—Romain Rolland	7	6
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	10	0
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	15	0
BAPU—MY MOTHER—Manubehn Gandhi	2	0
INDIA SPEAKING (Various contributions on economic, political, cultural and social problems of modern India)	15	0
MAHATMA GANDHI (The Man and his Mission, an enlarged and up-to-date edition of Gandhiji's life,) —By various writers	5	0
SHAKESPEARE'S TRAGEDIES (King Lear, Macbeth, Hamlet and Othello—William Miller	3	6
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Facts—Stanley Powell	7	6
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	1	5	0
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I.N.A.	10	0
GUIDE TO THE PROBLEM OF INDIA —R. Palme Dutt	6	6
WHY CRIPPS FAILED (Documented account from the Indian Nationalist point of view)—M. Subrahmanyan	2	6
GANDHI-JINNAH TALKS (Text of Correspondence and other relevant matter)	2	6
INDIAN SCIENTISTS (Biographical Sketches An account of their researches, discoveries and inventions	7	6
PRACTICE AND PRECEPTS OF JESUS —J. C. Kumarappa	5	6
LIFE AND GOSPEL OF VIVEKANANDA —Romain Rolland	12	6
WOMEN AND SOCIAL INJUSTICE—M. K. Gandhi	10	0
GANDHIJI'S CORRESPONDENCE WITH THE GOVERNMENT (1922-44)—M. K. Gandhi	5	9
THE STORY OF MY EXPERIMENTS WITH TRUTH —M. K. Gandhi	15	0
CHRISTIAN MISSIONS IN INDIA (Their place in India)—M. K. Gandhi	5	0
STORY OF SATARA—Major B. D. Basu, (I.M.S.)	15	0
INDIAN CHRISTIANS (Biographical and critical sketches of poets, publicists of the Church)	7	6
THE STORY OF BARDOLI—Mahadev Desai	5	0
NON-VIOLENCE IN PEACE AND WAR —M. K. Gandhi	17	6
TALES FROM SANSKRIT DRAMATISTS (The famous plays of Bhasa, Sudraka, Kalidasa, Sri Harsha, Bhavabhuti and Visakhadatta)	5	0
FAMOUS PARSIS	7	6
PILGRIMAGE FOR PEACE—Pyarelal	12	6
STRAY GLIMPSES OF BAPU—Kaka Kalelkar	5	0
RAMANAMA—M. K. Gandhi	2	0
SELECTED LETTERS—M. K. Gandhi (1st Series)	1	6
FROM YERVADA MANDIR—M. K. Gandhi	1	6
SELECTIONS FROM GANDHI—Nirmal Kumar Bose	10	0
FOR PACIFISTS—M. K. Gandhi	3	0
DIET AND DIET REFORM—M. K. Gandhi	5	0
GANDHIANA—D. G. Deshpande—(A Bibliography of Gandhian Literature)	5	0
GLEANINGS—Miro	1	0
HINDU DHARMA—M. K. Gandhi	10	0

Obtainable from :

"INDIAN OPINION"

P/Bag, Phoenix, Natal

Tel. Add: "Charotar" Telephone: 33-9885.

MANCHESTER TRADING

—CO. LTD.—

ESTABLISHED 1923

Wholesale Soft & Fancy Goods Merchants

—&—

Direct Importers.

47, Commissioner Street,

JOHANNESBURG.

LIFE INSURANCE

Are you adequately insured?
Have you provided for your dependants?
Prepare for the future
Life Insurance gives peace of mind for the unknown future.

Insure with "THE OLD MUTUAL" your friend for Life—
The S.A. Mutual Life Assurance Society, which has best Bonus record in the WORLD.

Representative:—

DAYABHAI PATEL

P.O. Box 1760.
JOHANNESBURG.

Phones:— Business 33-0711 Residence 33-5961

ધી ન્યુ દિલ-ખુશ સ્વીટ માર્ટ

પ્રોપ્રેટર: મફતિભાઈ બાબુભાઇ કારીયેરવાળા.

દરેક જાતની મીઠાઈઓ, ફોરબ્સ પીણી વેગેરે હોવા વેચા. ખાતરીથી અને બનાવીને આપે.

લગ્ન' વગેરેમાટેનું/ઘરાની ખુશ' સેવ; ગાંઠિયા, ચવાણા, પાપડ વિગેરે વ્યવસ્થિત લાલ' બનાવીને આપે.

ખાસ ફોનેર આર્ડર ઉપર પ્રસાદીમાં મીઠાઈ મોકલવાની ગોઠવણ કરવામાં આવી છે.

PHONE 33-6575. P. O. BOX 3680.

THE NEW DIL-KHUSH SWEET MART,

34 President Street Corner Diagonal St., Johannesburg

SPRINGBOK COLLEGE

P.O. BOX 8243,
JOHANNESBURG.

New and up-to-date courses for Standards VI, VII, J.C., Senior Certificate and Matriculation. Languages, Maths, Science, Physiology, Commerce, History, Geography, Etc, Etc.

ALL LECTURES DRAWN UP BY EXPERTS.

Write To-day For Full Particulars.

LOOK BEFORE YOU LEAP, BUT LEAP AHEAD WITH THE SPRINGBOK.

PHONE 33-7944 P.O. BOX 4889.
TEL ADDRESS: "ARVIND."

HEAD OFFICE:
409, KRUGER ST., LOUIS TRICHARDT.
PHONE 64. PO BOX 106.
TEL. ADD: "KANJEE."

H. K. GOKAL,

WHOLESALE

GENERAL MERCHANT AND DIRECT IMPORTER.

OUR MOTTO: "SERVICE THAT SATISFIES."

43 Market Street, JOHANNESBURG.

ફોન ૩૩-૭૯૪૪. બોક્સ ૪૮૮૯.
ટેલીગ્રાફીક એડ્રેસ: "અરવીન."

હેડ ઓફીસ:
૪૦૯, ક્રુગર સ્ટ્રીટ, લુઈસટ્રીચાર્ડ.
ફોન: ૬૪. પી. ઓ. બોક્સ ૧૦૬
ટેલીગ્રાફીક એડ્રેસ: "કાનજી"

એચ. કે. ગોકળ,

—ન હોલસેલ વેપારી ન—

—જનરલ મરચન્ટ અને આયાત કરનાર—

૪૩ માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.



NUGGET
BOOT POLISH

Obtainable in
Black, Military Tan, Light Brown, Dark Brown, Tanny Red, Ox Blood, Transparent.

AA-241



Brutal to germs, but kind to you

"અમે યુનાઇટેડ નેશન્સને કહીએ છીએ કે, સાઉથ આફ્રીકામાં ગોરાની સર્વોપરિતા ટકાવી રાખવાને અમે અમારામાં લોહીનું છેલ્લું ટીપું રેડીશું ત્યાં સુધી લડીશું. આ કરવાને મત આપવાનો હક અમારે અમારા હાથ માંજ રાખવો જોઇએ. જો યુરોપીયનો સત્તા પોતાના હાથમાં નહિ રાખે તો હીંદમાં જેવું બ્રીટીશનું થયું તેવું સાઉથ આફ્રીકાવાસીઓનું થશે—માત્ર અટલો જ ફરક કે સાઉથ આફ્રીકાવાસીઓને યુનીયન સીવાય બીજુ કોઇ વતન નથી કે જ્યાં તેઓ ચાલ્યા જઇ શકશે. મી. રટ્રાયડમે કહ્યું, કેપમાં યુરોપીયનો કરતાં કલર્ડો વધારે છે અને નીટાલોમાં યુરોપીયનો કરતાં કલર્ડ ઇન્ડીઅનોની સંખ્યા વધારે છે. પાંચ કે દસ વરસમાં કેપમાં યુરોપીયનો કરતાં કલર્ડ વોટરોની સંખ્યા વધી જશે જેને પરિણામે ટ્રાંસવાલ અને નાટાલમાં પણ બીનગોરાઓને મતાધિકાર આપવો પડશે. નેશનલીસ્ટોનો હેતુ કલર્ડોને ઉભાયલા મતપત્રકપર મુકીને તેઓનો મતાધિકાર મર્યાદિત કરવાનો છે અને તેમ કરી હીંદીઓને અને કલર્ડોને નાટાલ, ટ્રાંસવાલમાં મતાધિકાર કદી પણ ન મળે જોયું કરવાનો છે.

મી. રટ્રાયડમને 'સ્ટાર'ના આપેલો જવાબ

મી. રટ્રાયડમના ઉપર્યુક્ત ભાષણપર ટીકા કરતાં ડીસેમ્બર તા. ૯ ના અંક માં જોહાનીસબર્ગનું 'સ્ટાર' લખે છે: "કલર્ડોના મતાધિકાર પર બોલતાં મી. રટ્રાયડમે એક મહત્વની વસ્તુ કબુલ કરી છે અને પ્રચલિત હકીકતો પરથી એક વીચીત્ર વસ્તુ ઘટાવી કાઢી છે. તેમણે કહ્યું કેપના કલર્ડોને ઉભાયલા મતપત્રકપર મુકવામાં નેશનલીસ્ટોનો હેતુ એ છે કે કેપમાં કલર્ડોનો મતાધિકાર મર્યાદિત કરવો અને નાટાલ અને ટ્રાંસવાલમાં તેઓ મતાધિકાર કદી નહિ મેળવી શકે તેની સાવચેતી રાખવી. આ વસ્તુ ડો. મલાન અને મી. હેવેંમા એ કદી કબુલ નથી કરી. તેઓનો દાવો એવો છે કે તેઓ કલર્ડો પાસેથી કંઇ છીનવી નથી લેતા પરંતુ તેઓની પાસે હેતુ તેના કરતાં કંઈક વધારે આપી રહ્યા છે. મી. રટ્રાયડમનું આ કથન તાજુબી પમાડનારૂં નથી. ઘણા લોકોને વહેમ હતો એ ખરો ઠરાવનારૂં છે. પરંતુ મી. હેવેંમા આ બાબતમાં નેશનલીસ્ટો સાથે પોતે કરેલી સમજુતી નો જે અભાવ કરી રહ્યા છે તેને વધારે સુલેહ બનાવી દેનારૂં છે. ખરી વસ્તુ પરથી પડદો દુર કર્યો બાદ મી. રટ્રાયડમે તેનું કારણ આપ્યું. તેમણે કહ્યું, કેપ માં યુરોપીયનો કરતાં કલર્ડોની સંખ્યા વધારે છે અને પાંચ કે દસ વરસમાં યુરોપીયન વોટરો કરતાં કલર્ડ વોટરો વધી જશે. ખરી હકીકત એ છે કે, કેપમાં ૪૭,૬૦૪ કલર્ડો વોટ ધરાવે છે. એટલે કેપની કલર્ડ વસ્તીના ૫.૪ ટકા થયો; યુરોપીયન વોટરોની સંખ્યા ૫,૨૬,૪૦૪ની છે એટલે કેપની યુરોપીયન વસ્તીના ૫૮ ટકા વોટ ધરાવે છે. વળી ૧૯૨૧ બાદ યુરોપીયન વસ્તી બેવડી કરતાં વધી ગઇ છે. જ્યારે તેટલીજ મુદતમાં કલર્ડ વસ્તીમાં બેવડો જ વધ ઘટ થઇ છે પરંતુ આજે ભરોસર ૧૯૨૧ માં હતી તેટલી જ છે. આ આંકડા નેશનલીસ્ટોનો કેસ સાવ તોડી પાડનારો છે અને મી. રટ્રાયડમની ભયંકર આગાહી અસંત મુર્ખોભરેલી બતાવી દેનારા છે.

યુનીયનની બહારથી આવતા બીનગોરા વીદ્યાર્થીઓ પર પ્રતિબંધ

યુનીયનની બહારથી વીદ્યાભ્યાસ માટે આવતા આફ્રીકન વિદ્યાર્થીઓને યુનીયન ની પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ શાળાઓમાં દાખલ કરવાના યુનીયન સરકાર તરફથી થયેલા મનાઇ હુકમ પર 'હેરલ્ડ' પત્રમાં ટીકા કરતાં સેનેટર એડમર સુકસ લખે છે :

"....દુનીયામાં યુનીવર્સીટીઓ રચ પાછ ત્યારથી પરંપરાથી ચાલતી કે વર્ણ ના ભેદ સીવાય સઘળા વીદ્યાર્થીઓને માટે તે ખુલ્લી રહેતી આવેલી છે. યુનીવર્સીટીઓનું એ અભેદ્ય અંગ છે. કોઇ પણ મધ્યકાલિન યુનીવર્સીટી એવી જાતનો પ્રતિબંધ સ્વીકારે એ કલ્પી શકાતું નથી. આવી જાતનો પ્રતિબંધ મુકવાનું આફ્રોકે વર્ષ ની "પ્રગતી" બાદ આ વીસમી સદીને માટે કરેલું છે. આપણે આશા રાખીએ....કે આ પ્રતિ બંધ દુર કરવાને યુનીયનનો પ્રબળમત યુનીયન સરકારપર સફળતાપી દબાણ લાવી શકશે. લોકોનો પડકો હજુ સંપુર્ણ લગાડાયો નથી. બહારના ભાગોમાંથી આવેલા અને બેતરોમાં મજુરી કરવાને આફ્રીકનો હજુ યુનીયન માં દાખલ થઇ શકે છે માત્ર વિદ્યા લેવા આવવાને જ તેઓને યુનીયનમાંથી બાતલ કરવામાં આવ્યા છે. આવી જાતનો નીર્બુધ સાહસ આફ્રીકાના દુશ્મનોને દુનીયા ભરમાં ચીજવી કરનારો થઇ પડશે, જ્યારે યુનીયનના મીત્રોને શરમથી પોતાનું શિર નીચું નમાવવું પડશે!

કે. વી. નું ભાષણ

બ્રીટીશ પાર્લામેન્ટના મજુર પક્ષના સભ્ય મી. કેનર બ્રોકવેએ લંડનમાં એક સભામાં ભાષણ કરતાં પોતાની છટ્ટ આફ્રીકાની મુલાકાતનાં સંબંધમાં સુચન કરતાં કહ્યું કે, કેનીયાના ભાવિ ને વીષે હું બહુ આશાવાદી છું. ત્યાં હીંદીઓ અને આફ્રીકનો વચ્ચે જે બહોળા જ સારો સંબંધ વર્તી રહેલો જોયો. છટ્ટ આફ્રીકામાં હીંદના હાઇ કમીશનર શ્રી. આપા પંત તેઓની વચ્ચે સંગઠન કરાવવામાં જે હાલો આપી રહ્યા છે તેની જેટલી તારીફ કરીએ તેટલી ઓછી છે. ધારાસભામાં હીંદી અને આફ્રીકન પ્રતિનિધિઓ જતી અને વર્ણભેદની સામેની લડતમાં હમેશાં અરસપરસ સહકારથી કામ લે છે. મી. બ્રોકવેએ એવી આશા દર્શાવી હતી કે અંતે કેનીયા, સાઉથ આફ્રીકા ના વડા પ્રધાન ડો. મલાન જે નીતી રચાપી રહ્યા છે તેને નહિ અનુસરે પરંતુ લોકશાસન અને જનતીપ એબ લાસને માર્ગે વળશે.

ડો. રાદ્દ બંચને મળેલું નોબલ પીસ પ્રાઇઝ

આ વર્ષે નોબલ પીસ પ્રાઇઝ છત નાર ૪૬ વર્ષના અમેરીકન નીગ્રો ડો. રાલ્ફ બંચ છે. તે મુલાટ્ટોના પૌત્ર છે અને પેલેસ્ટાઇનના સવાલમાં યુનાઇટેડ નેશન્સ તરફથી તેમને મીડીએટર નીમ વામાં આવ્યા હતા. ડીસેમ્બર તા. ૧૦ મીની સ્ટોકહમના રાજા તરફેથી તરફ થી એ ઇનામ એનાયત કરવામાં આવ્યું ત્યારે ઓસ્લોની યુનીવર્સીટીનો હોલ પ્રતિષ્ઠિત જનોથી ચીકાર ભરાઇ ગયો હતો. હાજર મનારાઓમાં નોરવેના રાજા હાકોન, કાઉન પ્રીન્સેસ મારથા, વડા પ્રધાન મી. ઇનાર ગરહાર્ડસન, નોરવેની સરકારના પ્રતિનિધિઓ અને સરકારી અમલદારો હતા. ડો. બંચે આભાર માનતાં જણાવ્યું કે આ માનનું મહત્વ મારા પોતાને માટે જ નથી પરંતુ સઘળા રંગવર્ણી લોકોને માટે છે. રંગવર્ણી પ્રશ્નને અને સમાનતાને જમીન આસમાનનું અંતર છે એવો જે કરોડો લોકોને કડવો અનુભવ થઇ રહ્યો છે તેઓને દુનીયાની ઉત્તર આપેલા આ દેશે આશા અને પ્રોત્સાહન આપનારો બુલંદ અવાજ કર્યો છે.

હુંગેરીની પાર્લામેન્ટ બેસારોલો સુંદર કાયદો

વોરસો ખાતે દુઃ ખદ પરિસ્થીતી પર મળેલી શાંતી પરિષદની માગણી અનુસાર હંગેરીની પાર્લામેન્ટે "શાંતીના રક્ષણ માટેનો કાયદો" પસાર કર્યાનું જણા વાયું છે, જે પગલું લેનાર એ દેશ સૌથી પહેલો છે. પુર્વ જર્મની પણ એવો કાયદો પસાર કરશે એવું જણાવાય છે. હંગેરીના નવા કાયદા અનુસાર પ્રબળની શાંતીનો ભંગ કરવો એ ગુનો ગણાશે જેને માટે ૧૫ વર્ષની કેદની સજા થઇ શકશે અને મીલકત જપ્ત થઇ શકશે. કાયદો એવી રીતે ઘડવામાં આવ્યો છે જેથી યુદ્ધ થાય એની કંઈ પણ ગળવળ સજ્જને પાત્ર ગુનો ઠરશે. દાખલા તરીકે ટોળે મળેલા લોકો અરસપરસ ઉશ્કેરણીની વાતો કરતા હશે તેને પણ ગુનાનો પ્રકાર ગણવામાં આવશે.

ધરતીકંપ

—કાશ્મીર ખાતેની આન્તર રાષ્ટ્રીય સમાચાર સંસ્થાના જણાવ્યા પ્રમાણે ગયા નવેમ્બર ની ૯ મી પખ્તુનીસ્તાનની સરહદના ચોકીયાતોપર ફુમલો કરવા પાકીસ્તાનનાં દળો બોમ્બમુલાની જે છાવણી પર પખ્તુન દળોએ હુમલો કર્યો હતો, અને પરીણામે બન્ને પક્ષોનાં દળો વચ્ચે ભીષણ લડાઇ થઇ હતી. પાકીસ્તાન દળોએ નાનાં હથીયારો ઉપરાંત વધુ શક્તિશાળી બંદુકોનો ઉપયોગ કર્યો હતો. પખ્તુન દળોએ પણ છેલ્લાં ૧૪ વર્ષથી તેઓ જે બંદુકો વાપરી રહ્યાં હતા તેનો ઉપયોગ કર્યો હતો.

—રાષ્ટ્રપતી ડો. રાજેન્દ્રપ્રસાદ કાશ્મીર ની મુલાકાતે ગયા હતા ત્યારે તેમણે લશ્કરના વીર યોદ્ધાઓને મંડળો એના મત કર્યો હતા.

કેનીયા, યુગાન્ડામાં આફ્રિકનો અને હીંદીઓ

પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિઆનો એક સંદેશો જણાવે છે: કોલોનીયલ સેક્રેટરી સમક્ષ રજુ કરેલા ૮૦૦૦ શબ્દોના એક રીપોર્ટમાં બ્રીટનની પાર્લામેન્ટના મજુર પક્ષના મેમ્બર શ્રી. હેનર સોકવેએ યુગાન્ડાના બ્રીટીશ પ્રોટેક્ટરેટમાં સરકાર અને પ્રજા વચ્ચે રહેલાં મોટાં અંતર વીષે સુચન કર્યું છે અને જણાવ્યું છે કે યુગાન્ડાનું આખું માનસ બદલી નાખવાની હવે તક આવી છે, પરંતુ એ ત્યારે જ થઇ શકશે જો નવી અને દઢ નીતી અખત્યાર કરવામાં આવશે, જે કરવાને યુગાન્ડાની રાજ્યસત્તા ધરાવતી કમીટી ના સભ્યોમાં ફેરફાર થવો જોઇએ.

શ્રી. સોકવે જણાવે છે કે એ પ્રદેશ માં સ્વતંત્ર રાજ્યસત્તા સ્થાપવાનો સર કારે જાહેર કરેલો હેતુ સીદ્ધ કરવાની બે રીતો છે. પહેલી એ કે એકઝેકયુટીવ કાઉન્સીલમાં આફ્રીકનોને વધતી જતી સંખ્યામાં દાખલ કરવા. બીજી એ કે યુગાન્ડાની નેટીવ પાર્લામેન્ટની અને અન્ય પ્રાંતોમાં નેટીવ કાઉન્સીલો ની સત્તામાં વધારો કરવો.

શ્રી. સોકવે કહે છે કે બેમાંની બીજી રીત બીજી છે. કેમકે, એકઝેકયુટીવ કાઉન્સીલ જેટલી પરદેશી ગણવામાં આવે છે કે ખુદ નેટીવ પાર્લામેન્ટ પણ તેમાં પોતાના સભ્યો નીમવાનું સ્વીકારે નથી.

વધુમાં તે કહે છે કે આફ્રીકનોને મતા ધિકાર વધારે આપવાની, તેઓની બાટાકા પાર્ટી અને યુગાન્ડા આફ્રીકન ફાર્મર્સ યુનીયનપરનો પ્રતિબંધ દુર કરવાની, વાણી સ્વાતંત્ર્ય આપવાની, ટ્રેડ યુનીયનોને ઉત્તેજન આપવાની અને કેળવણી, તંદુરસ્તી અને સામાજીક સગવડો વધારવાની જરૂર છે.

આફ્રીકનો અને હીંદીઓ વચ્ચે સંબંધ

હીંદીઓના સંબંધમાં શ્રી. સોકવે જણાવે છે કે, તેઓ જ્યાં ગયા ત્યાં આફ્રીકનોની હીંદીઓ સામેની એ ફરિયાદ સાંભળી હતી કે હીંદીઓ વેપાર, વાહન વ્યવહાર વીગેરેનો લગ ભગ બધો ઈજારો ધરાવી રહ્યા છે. લગભગ દરેક દુકાન હીંદી માલીકીની છે. વાહન વ્યવહાર પણ મોટે ભાગે તેઓ ના હાથમાં છે.

વધુમાં તેમણે એ પણ જણાવ્યું કે આફ્રીકન ઓઓ અને પુરૂષો કાંની છાલની જગ્યાએ બીજા પગથી માથા સુધી સુંદર પોષાક પહેરતી અને પુરૂષો સહેજ વસ્ત્રો અથવા પીલાયતી ઢબના સુટો પહેરતા થયાં છે એ હીંદી વેપારી ઓને જ પ્રતાપે.

એકંદરે આફ્રીકનો ખેતીનું કામ સારૂં કરે છે અને દુકાનોની અંદરનું, દરજીનું, સુથારનું વીગેરે કામ સારૂં કરે છે. પરંતુ વેપારની તેઓનામાં આવડત નથી.

શ્રી. સોકવે કહે છે કે હીંદીઓ અને આફ્રીકનો વચ્ચે સમજુતી થવાની બધી જ જરૂર છે.

વધુમાં તે જણાવે છે કે કેનીયામાં આફ્રીકનો અને હીંદીઓ વચ્ચે બહોળો સારો સંબંધ છે. નયરોબીના હીંદી ઓ, જેઓ યુગાન્ડામાં મોટો વેપાર કરે છે, તેઓ જોવાજ સંબંધ યુગાન્ડા માં પણ રહયા તેને માટે બનતું સઘળું કરવા કબુલ થયા છે.

દુરસ્તી ઉપચારો

(લેખક: શ્રી. રોબર્ટ લોરેન્સ એકકીબન)

[૪૯ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના શ્રી. રોબર્ટ લોરેન્સ એકકીબનની દુરસ્તી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. દુરસ્તી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ શ્રી. એકકીબન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

એલ્યુમીનીયમ એ ઝેર છે

ખોરાકના એક મુખ્ય અંગ તરીકે એલ્યુમીનીયમ પૃથ્વીપરના અળાક પદાર્થોમાં એક છે, પરંતુ તેના ગુણ એવો છે કે વિજ્ઞાનીક પ્રયોગોથી તેની શોધ કર્યા વિના તેના શુદ્ધ મુળ સ્વરૂપ માં તે મેળવી શકાતું નથી. પરંતુ એ ધાતુની શોધ થઇ ત્યારથી એલ્યુ-મીનીયમની વસ્તુઓ ઠેકઠેકાણે બનાવવામાં કારખાનાઓ બનાવી રહ્યા છે કે આજે જીવનના ઉપયોગની બીજી અનેક વસ્તુઓ ઉપરાંત એલ્યુમીનીયમના વાસણો, ચમચા, કાંટાં વિગેરે પાર વગરના થઇ પડ્યાં છે.

અનાજ સાચેના અને ખાવાની વસ્તુઓ બનાવવા સાથે તેનો શું સંબંધ છે તેના પરથી એલ્યુમીનીયમના ગુણની પરિક્ષા કરવાની છે. આપણા શરીરને આપણા ખોરાક સાથે નિકટ સંબંધ રહ્યો છે કેમ કે માંસ, હાડકાં, સ્નાયુ ઓનું તેનાથી ઘડતર થાય છે.

દુરસ્તે એવું કહ્યું છે કે કેટલીક વસ્તુઓ જે મુળ સ્વરૂપમાં હોય છે તેને તેમાંથી જુદી પાડી શકાતી નથી. આથી તેની અંદર રહેલાં જોખમને વિષે સાવચેતી રાખવી જોઇએ. દુરસ્તે એલ્યુમીનીયમ એટલું બધું કેમ બનાવ્યું હશે અને છતાં તે તેના મુળ સ્વરૂપમાં મેળવવું કેમ એટલું બધું મુશ્કેલ હશે?

એલ્યુમીનીયમના વાસણોમાં રાંધવા થી નુકસાન કેમ થાય છે તેના ઔષધ-શાસ્ત્રીએ કારણો બતાવેલાં છે.

એલ્યુમીનીયમ ધાતુ ખોરાક સાથે ભળવાથી પારખી નહિ શકાય એ રીતે શરીરમાં ધીમુ ઝેર દાખલ કરનારી છે. આ વસ્તુની વીસ વર્ષપર અમેરીકામાં શોધ થઇ હતી અને તેથી મોટો ખળ ભળાટ મચ્યો હતો. તેના મોટા કારખાનાવાળાઓને એવી હકીકતનો પ્રચાર થાય એ કબુલ નહિ અને તેથી તેઓ એ તેને દાબી દેવાનો અથવા તો ખોટી ઠરાવવાનો બનતો પ્રયાસ કર્યો.

હકીકત એ છે કે એલ્યુમીનીયમ ખોરાકની અંદર રહેલા અમુક ક્ષારોને આકર્ષનાર છે. એ ક્ષારો તંદુરસ્તીને માટે બહુ આવશ્યક છે પરંતુ એ ક્ષારોવાળું અનાજ એલ્યુમીનીયમના વાસણોમાં રાંધવામાં આવે ત્યારે એ ક્ષારો એલ્યુમીનીયમ ધાતુના સંબંધમાં આવવાથી એલમ (ફટકડી) અને એલ્યુ મીનીયમ હાઇડ્રોકસાઇડ નામનો ઝેરી પદાર્થ તેમાંથી ઉત્પન્ન થાય છે. જેથી અનાજમાંથી તંદુરસ્તીને ઉપયોગી ક્ષારો નાશ પામે છે એટલુંજ નહિ પરંતુ એ ક્ષારો ઝેરી બની જાય છે.

ફટકડીનું નામ સૌ કોઇ જાણે છે પરંતુ એ શું છે તે સઘળા જાણતા નથી. તેનાથી ચામડીને રંગી શકાય છે એ આપણે બધા જાણીએ છીએ. પરંતુ તેના કરતાં વિશેષ થાય છે. માણસના શરીરને તે કેટલી અસર કરે છે? બ્લેકબુડની મેન્યુઅલ ઓફ મેડીસીન મેડીકામાં જણાવ્યું છે કે, ફટકડી અત્યંત કબજીયાત કરનારી છે અને લોહીને અને ચામડીની અંદરના રસોને ઘટ કરી નાખનારી છે અને બારીક રસોને સુકવનારી છે. સામાન્ય રીતે ચામડી અને તેની અંદરના પડો ને કઠણ કરનારી છે. શરીરની અંદર ના સઘળા રસોને સુકવી દેનારી છે પરિણામે આંતરડાં કામ કરતાં અટકે છે અને કબજીયાત થાય છે. અને શરીરમાં વાયુ થઇ જાય છે.

એલ્યુમીનીયમ હાઇડ્રોકસાઇડ નામ નો પદાર્થ થાય છે જેથી પણ શરીર ઉપર ઉપર જણાવેલીજ અસર થાય છે. શરીરના સ્નાયુઓ ખોટાં થઇ જાય છે.

ખોરાકનું હોમીયોપથીક મદીરીયા મેટીરીયા મેન્યુઅલ જણાવે છે કે ફટકડીથી શરીરના સઘળા ભાગોમાં સ્નાયુઓ નબળા પડી જાય છે. જીભ, ગુદા, મુત્રાશય વિગેરે પણ કોમળ ભાગો કઠણ થઇ જાય છે. ચામડી સુકાઇ જાય છે, મન શીથીલ થઇ જાય છે અને કુબડા કેન્સર થાય છે.

ગ્રેટ બ્રીટનની કેન્સર રીસર્ચ ફાઉન્ડેશને બતાવ્યું છે કે ખોરાકમાં બાય કારબોનેટ ઓફ સોડા (કુકીંગ સોડા) નાખવાથી તે એલ્યુમીનીયમમાં ભળે તો તેમાંથી નેવું ગણું એલ્યુ-મીનીયમ હાઇડ્રોકસાઇડ ઉત્પન્ન થાય છે. ૯૦ ટકા નહિ પણ ૯૦ ગણું. ફાઉન્ડેશને જાહેર પ્રજાને ચેતવણી આપેલી છે કે કેન્સરના કારણ સાથે એલ્યુમીનીયમને પણ સંબંધ રહેલો હોવાનું માનવામાં આવે છે. જે ગૃહીણીઓ ચાહ વહેલું રંધાઇ જાય અને મુંગાણું થાય એથી તેમાં સોડા નાખવાની મુખ્યાઇ કરે છે અને તે ઘણો ખાસ કરી એલ્યુમીનીયમના વાસણમાં, તેઓએ યાદ રાખવું ઘટે છે કે તેઓ અજાણપણે પોતાના તેમજ પોતાના આખાં કુટુંબના શરીર માં ઝેર નાખે છે.

અમેરીકામાં કેટલાંક વર્ષપર અખતરા પરથી જણાવામાં આવ્યું હતું કે પેટના આંતરડાની કેટલીક કરીબારે તેનું કારણ જણી શકાતું નહોતું તે એલ્યુમીનીયમના વાસણોનો ઉપયોગ બંધ કર્યા બાદ ૩ માસમાં દુર થઇ હતી. પરંતુ દરદીઓ સાજા થયા તે પહેલાં એલ્યુમીનીયમથી પક્ષઘાત થતી હોવાનું પણ જણાવાયું છે, એ પરથી જોતાંએમ માનવાને સબળ કારણ છે. યુદ્ધ બાદ એલ્યુમીનીયમના વાસણો મોટા પ્રમાણમાં બજારમાં આવ્યા બાદ પોલીયોનો ઉપદ્રવ હાલી નીકળ્યો તેનું કારણ એલ્યુમીનીયમનું ઝેર હોવું જોઇએ.

યુદ્ધ દરમીયાન એવાં વાસણો આપણે જ મળી શકતાં હતાં. હકીકતમાં ઘણા દેશોમાં તો તે બોમ્બરો અને ફાઇટર પ્લેનો બનાવવાના ઉપયોગમાં લેવાયું હતું. પરંતુ યુદ્ધનો અંત આવ્યો કે તુરત બોંબરો બનાવતા બંધ થયા અને એલ્યુમીનીયમ રાંધવાના વાસણો બનાવવાના ઉપયોગમાં લેવાયું.

હું એમ કહેવા નથી માગતો કે રાંધવાના વાસણોજ પોલીયોના ઉપદ્રવ નું કારણ હતાં. પરંતુ એથી થતાં ઝેર ના કારણે પોલીયોના કારણોના સંશો-ધકોએ આ દિશાએ પણ સંશોધન

કરવાને સમર્થ કરશે. છેલ્લી ૨૦ વર્ષોની શોધમાં વખત ગુમાવવા કરતાં એ વધારે ઉપયોગી ગણાશે. જાતી અનુભવપરથી હું એટલું જાણું છું કે કબજીયાત, ચામડીના રોગો, પેટના આંતરડાના રોગો, હળસ, ઇન્ફ્લુએંઝા, માથામાં દરદો, બાળકોમાં વાયુ, પેટનો દુઃખાવો, ચરબી વધવી એ સઘળાને એસ્યુમીનીયમ સાથે સંબંધ રહેલો છે.

હું પોતે મારા ઘરમાં પાણી ઉકાળવા ને કે પાણીના વાસણના ઢાંકણ તરીકે પણ એસ્યુમીનીયમના વાસણનો ઉપયોગ નજ કરું. એસ્યુમીનીયમના વાસણોના વપરાશથી થતા ઉપયોગથી મને ઘણું નુકસાન અને તેને કેન્સર દર્દ સરખું દીલના, કે કીડનીના ત્રાસના અથવા સારી જાતના કોઢીના વાસણનો ઉપયોગ કરવાથી થએલા ફાયદા મારી નજરે મેં જોયા છે. જેઓએ લાંબાકાળમાં એલ્યુમીનીયમના વાસણોનો ઉપયોગ કર્યો છે તેઓને પણ મારી એજ સલાહ છે. આખર ખતાં તે સસ્તા પડે છે અને તંદુરસ્તીને જે ફાયદો થાય છે તેનું નાણાંથી માપ આંકી નહિ શકાય.

એલ્યુમીનીયમની ખૂરી અસરના જેઓ ભોગ થઈ પડેલા હોય તેઓને મારી સલાહ એ છે કે તેઓએ કોઢીયોપથીની ચોગ્ય દવા લેવી જોઇએ. સામાન્યપણે ૧૫ દિવસે કે મહિનામાં એકવાર "એલ્યુમીનીયમ મેટેલીકમ ૩૦ કે ૨૦૦" અથવા "એલ્યુમેન ૩૦" અથવા "એલ્યુમીના ૩૦ કે ૨૦૦"નો એક ડોઝ લેવાથી પણીજ રાહત મળશે. પરંતુ જેઓને તેનું જ્ઞાન નહિ હોય તેઓએ કોઢીયોપથી ના ડાકતરની સલાહ લઇ ઉપરોક્ત અથવા તે જણાવે તેવી બીજી દવાઓ નો પ્રયોગ કરવો જોઇએ.

પોલીસ તેઓને ત્રાસ પમાડી રહ્યા છે. ગોરા ફારમરો અને નેટાલીસ્ટ સાલ્વારીઓ ધુમરાયુ કરી રહ્યા છે અને પ્રત્યેક ગોરાને હથીયાર આપવા ની માગણી કરી રહ્યા છે.

ઓરેંજફ્રીસ્ટેટના એગ્રીકલચરલ યુનીયન અને ફેડરેશીયન ફારમર એસોસીએશનોએ પ્રધાનોપર તારો કરી રીજર્વમાં સખત પગલાંથી કામ લેવા ની માગણીઓ કરી છે.

પરચુરણ

—આરબે કોરીયામાં ઉપયોગ કરવા સંયુક્ત રાષ્ટ્રોને આપેલી એક તબીબી રાહત ટુકડી કોરીયાના પુસાન બંદરે પહોંચી ગઇ છે. પોતાના સાધનો સાથેની આ ટૌકડી ૨૬ ડાક્ટરો અને ૩૦૦ જેટલા બીજા કર્મચારીઓની બનેલી છે.

—૧૯૫૦ના સપ્ટેમ્બરમાં પુરા થતા વર્ષમાં ઇંડીયન રેલ્વેમાં પર ખુન, ૨૧૬ લુટફાટ, ૬,૮૧૬ ચોરીના કીસ્સા બનવા પામ્યા હતા. આમાના ઘણખરા બનાવ ખુનો કોમીવાદને કારણે થયા હતા.

—જામજોધપુરના નીવાસી શાહ ચમનલાલ જમજીવનના સુપુત્ર રમેશચંદ્રના રમણ્યાર્થે શ્રી. રતિલાલ મણાભાઈ શાહ કૃત "ત્રિશલાનંદન મહાવીર" નામનું પુસ્તક જૈન મુનિમહારાજો, ઉપાશ્રયો, જૈનશાળાઓ, જાહેર પુસ્તકાલયો વગેરેને ભેટ આપવાનું છે તો આપની નકલ નીચેના સરનામેથી તાંકાસીક મંગાવી લેવા વીનંતિ છે. નકલો પુરી થયા બાદ જવાબ આપવામાં આવશે નહિ. મંગાવવાનું ઠીકાણું
ઓટલાલ માનસિંગ કામદાર, બી એ.,
વાંકાનેર (સૌરાષ્ટ્ર)., કીડીઆ.

વીટઝીઝફુકનો આમલો

ન્યાય ખાતાના પ્રધાન મી. સી. આર. સ્વર્ટ જાહેર કર્યું છે કે વીટઝીઝફુક રીજર્વમાં આફ્રીકનો અને પોલીસ વચ્ચે થએલાં રમખાણની તપાસ કરવા સરકારે એક કમીશન નીમવાનો ઠરાવ કર્યો છે. કમીશનના સભ્યોના નામ હવે પછી જાહેર કરવા માં આવશે.

મીસીસ મેરગ્રેટ બેર્સબ્રીજે ન્યાયાધીશ ના પ્રમુખપદે તપાસ કરવાની માગણી કરી હતી અને એફ્રિકન નેશનલ કોંગ્રેસના માજી પ્રમુખ ડો. એ. બી. ગુમાએ તેને અનુમોદન આપ્યું હતું.

દરમીયાનમાં રીજર્વમાં રમખાણમાં સંડોવાયેલા સઘળા લોકોની ધરપકડ કરવા પોલીસ પુર જોસથી કામ કરી રહી છે. ગયાના આગલાં આવતીકાલ ની આખરી મુદ્દીમાં ૩૧ આફ્રીકનોને પકડવામાં આવ્યા હતા. તેઓમાંના ઘણા ખરા ઘાયેલ થએલા છે અને ઇસ્પીતાલમાં પડેલા છે.

સત્તાધીશો જણાવે છે કે ૮૦ જેટલા આફ્રીકનોને રમખાણમાં ગોળી ના જખમો થયા હોવા જોઇએ. મરણની સંખ્યા ૧૬ આફ્રીકનોની જણાવવામાં આવે છે અને બે પોલીસ માર્યા ગયા હતા તે વધારાના.

ઘણા આફ્રીકનોને જાહેરમાં મારફાડ કરવાના આરોપ માટે ૩૦૮ સમક્ષ ખડા કરવામાં આવ્યા હતા અને તેઓના કેસની મુલત પડી છે. વધારા માં ગવરનર-જનરલ સભાના આગલાં આવતીકાલમાં ૧૪ આફ્રીકનો, જેઓને ઘેરે જેવું કહેવામાં આવે છે કે તેઓને છુટા રહેવા દેવા એ જાહેર શાંતીને જોખમ ભરેલું છે, તેઓને પકડી વધુ તપાસે ઘણ મહીના સુધી કેદ કરવાનો ગવરનર-જનરલે હુકમ કર્યો છે.

ગવરનર-જનરલના હુકમનામાપર નેટીવ એફેર્સના પ્રધાન ડો. વરવુમ્ર્ડે પણ સહી કરી છે. આ હુકમ નાતાલ કોડ ઓફ નેટીવ લોની કલમ ૮ અને ૧૯૨૭ નાં નેટીવ એડમીનીસ્ટ્રેશન એક ની કલમ ૧ ની રૂએ અમલવામાં આવ્યો છે. ચોદ આફ્રીકનોને ઇલોમકન્ટીનની જેલમાં પુરી રાખવાનું ફરમાવાયું છે.

રીજર્વના ૮૦૦૦ વસનારાઓમાંના ઘણાખરા હજુ રેકરીઓમાં છુપાઇ રહ્યા છે અને તેઓના ટુંપડાં બાળી પડેલાં છે. તોફાન પછી બીજો અને બાળકો પણ પુરેપુરા સાવેજ હાલતમાં જ પહાડોમાં છુપાઇ રહ્યાં છે.

એફ્રિકન નેશનલ કોંગ્રેસના આશ્રય નીચે એફ્રિકન બીઓની પરિષદ ટ્રાંસ્વાલમાં મળી હતી જેમાં જણાવવા માં આવ્યું હતું કે વીટઝીઝફુકમાં બનેલા બનાવને તેઓ ખેદ અને શુરસાની લાગણીથી જુએ છે. "અમારા ભાઇઓ અને બહેનોપર ગોળીઓ ચલાવવામાં આવી તેનો અમે સખ્ત વીરોધ કરીએ છીએ અને રીજર્વમાં થઇ પોલીસને તુરતજ દુર કરવામાં આવે એવી માગણી કરીએ છીએ. અમે તપાસનું એક કમીશન નીમાય અને તેનાપર આફ્રિકન નેતાઓનું પ્રતિનિધિત્વ હોવું જોઇએ એવી માગણી કરીએ છીએ.

આફ્રીકનોની જમીનની જરૂરીયાતો તપાસ બાબતે સુપ્રી ટોરો ઓળા કરાવવા નું તુરત બંધ કરવાની અમે માગણી કરીએ છીએ.

પાકીસ્તાનને તુર્કીની ચેતવણી

'આ કરાન' પત્ર જેના તંત્રી તુર્કીના ભાજી પરદેશ મંત્રી છે. તેણે પાકીસ્તાનને ચેતવણી આપી છે કે તેણે તુર્કીમાં ધર્મનો પ્રચાર નહિ કરવો. નવેમ્બર તા. ૨૨ મીના અંકમાં "મુસ્લીમ મીશનરીઓ" એ મથાળાં નીચે તે લખે છે: અમે સમજીએ છીએ તે મુજબ મીશનરીઓનું કામ પોતાના ધર્મના સિદ્ધાંતો તેને જંગલોમાં વસનારા અસલથી લોકોમાં પોતા ના જનના જોખમે પ્રચાર કરવાનું હોય છે. ઇસ્લામને કોઇ મીશનરીઓ નથી. વળી તુર્કો જેવી પ્રજા, જે પોતાનો ધર્મ ખરેખર સમજે છે, તેને કોઇ પણ મીશનરીઓનાં શિક્ષણની શી જરૂર હોય? તેમ છતાં અમે જોઇએ છીએ કે આ દેશમાં વખતોવખત પણ તો અમને ધર્મ શીખવવા અથવા તો મુસ્લીમોનું સંગઠન કરવા મીશનરીઓ આવ્યા કરે છે. આ મીશનરીઓ અમારાં પ્રિય મીત્ર પાકીસ્તાનથી આવે છે. અમે આ લોકોને આવકાર આપીએ છીએ અને અમારા દેશમાં બહુ જોવાને તેઓ ને આમંત્રણ આપીએ છીએ. પરંતુ આ મીત્રોની ઉદારતીઓપરથી અમે જોઇએ છીએ કે અમારા અરસપરસ ઉંડા પ્રેમ છતાં અમારા વીચારોમાં ઘણો ભેદ છે.

તુર્કો મુસ્લીમ છે, પરંતુ તુર્કીનું રાજ્ય ધર્મના નહિ પરંતુ દીવાની કાયદાઓથી ચાલે છે. અમે કુરાનમાં માનીએ છીએ. પરંતુ તુર્કીના કાયદા ચલી રાષ્ટ્રીય ધારાસભા તરફથી પ્રગતીશીલ અને આધુનીક જરૂરીયાતો મુજબ પસાર કરવામાં આવે છે. દાખલ છે કે પાકીસ્તાનીઓથી આ વસ્તુ સમજી નહિ શકાય

તુર્કો મુસ્લીમ છે પરંતુ તુર્કી રાજ્યના આંતરરાષ્ટ્રીય સંબંધમાં ધર્મને કદી લેવા દેવા નથી. ચતલબમાં, મુસ્લીમ નહિ હોય તેવા કોઇ પણ દેશને અમે અમારો દુશ્મન નથી ગણતા. તેમ એક દેશ મુસ્લીમ હોય તેટલાજ માત્ર કારણ પર અમે તેની સાથે કદી કોલકરારો કરતા નથી.

અમારા કાયદાઓની જેમ અમારા રાજકીય અને આર્થીક સંબંધો પણ કોઇ પણ ધર્મની અસરથી મુક્ત છે. અમને ખાત્રી છે કે જુના વખતમાં પ્રજાઓ ધર્મના બંધનથી જોતરાતી હતી એ રિવાજો ફરી પાછા દાખલ થવા અશક્ય છે. અમે માનીએ છીએ કે બદલાતી પ્રજાઓનું કેવળ ધર્મ ના પાયાપર સંગઠન કરવા કામનું નથી એટલુજ નહિ બલકે નુકસાનકારક છે. પ્રગતી પ્રજાઓનું સંગઠન અમારી સામે આવી પડે તો અમે શું કરીએ? ૫૦૦ વર્ષ થયાં દેશ દેશો વચ્ચેનાં સંબંધો બીન-ધાર્મીક પાયાપર રચવામાં આવેલા છે. તેના દાખલા ટાંકવાની કશી જરૂર રહેતી નથી, સારી રીતે જાણીતી વાત છે.

અમે પાકીસ્તાનને બહુ ચાહીએ છીએ અને દરેક ક્ષેત્રમાં તેની સાથે સહકાર બાંધવા અને ગાઢ સંબંધ કાયમ કરવા તત્પર છીએ પરંતુ એટલી શરતે કે, પાકીસ્તાનના પ્રતિનિધિઓ તુર્કીમાં ધર્મનો પ્રચાર કરતાં અટકે. અમારા અતિ પ્રિય પાકીસ્તાનીઓ પણ અમારા એ આંતરિક વ્યવહારમાં દખલ કરે એ અમે સહી નહિ શકીએ.

શ્રી. અરવીંદ બાબુનું અવસાન

શ્રી. અરવીંદ બાબુનું પોંડીચેરીમાં તેમના આશ્રમમાં અવસાન થયાના ખબર ગયા અઠવાડીયાનાં મંગળવારે રેડીયોમેર જાહેર કરવામાં આવ્યા હતા. હીંદે પેદા કરેલા બીજા એક મહાન સંતોમાંના તેઓ એક ગણાતા હતા.

તેમનો જન્મ ૧૮૭૨ ના ઓગસ્ટની તા. ૧૫ મીના થયેા હતેા. ૧૮૭૮ માં સાત વર્ષની વયે તેમના બે મેાટા ભાઇઓની સાથે તેમને વિદ્યાભ્યાસ માટે ઇંગ્લાંડ લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓ ચૌદ વરસ રહ્યા હતા. તેમને મેંચેસ્ટરમાં એક અંગ્રેજ કુટુમ્બ માં રાખવામાં આવ્યા અને ૧૮૮૫માં કેમ્બ્રીજમાં દાખલ થયા ત્યારે તેમને વડોદરાની નેાકરી ઉપાડવાની તક મળી અને રાજકીય પ્રવૃત્તિમાં ખુલ્લી રીતે ઝંપલાવ્યું.

૧૮૯૧ માં તેમણે વડોદરા છોડયું અને કલકત્તામાં નવી સ્થપાયેલી બંગાળની રાષ્ટ્રિય કોલેજના પ્રીન્સીપાલ બન્યા.

આઠ વરસની રાજકીય પ્રવૃત્તિ

૧૮૯૨ થી ૧૯૧૦ સુધીના આઠ વરસ શ્રી. અરવીંદે રાજકીય પ્રવૃત્તિમાં ગાળ્યા. આ વખતનો પહેલેા અરધેા ભાગ તેમણે પડદા પાછળ રહી અન્ય સાથીઓ સાથે સ્વદેશી ચળવળનું કામ કર્યું. હીંદની રાષ્ટ્રિય કોંગ્રેસની સ્થાપના એ વખતે રીનીત (મોડરેટ) પક્ષના કાબુ માં હતી. ૧૯૦૬ માં વધારે ઉગ્ર સ્વરૂપમાં ચળવળ ચલાવવાને બારી ખુલી એટલે શ્રી. અરવીંદ બંગાળમાં આવ્યા અને નવા સ્થપાયેલા પક્ષમાં જોડાયા. એ પક્ષ વધારે ઉગ્ર હતેા પરંતુ તેની સંખ્યા નાની હતી. અને નવેાજ સ્થપાયેલેા કેાંગ્રેસમાં તેણે હજુ બહુ વજન મેળવી નહેાતી. આ પક્ષનેા રાજકીય સિદ્ધાંત અસહકારનેા હતેા પરંતુ અપરિપકવ સ્થિતિમાં હતેા. કોંગ્રેસની સબજેકટસ કમીટીની બાનગી બેઠકોમાં રીનીત પક્ષના નેતાઓ સાથે બીનઅસરકારક ઝપાઝપી કરતાં તે આગળ વધી શકયેા નહેાતેા.

શ્રી. અરવીંદ બંગાળમાં બંને પક્ષના નેતાઓને એ વખતના લેાકમાન્ય મહારાષ્ટ્રિ નેતા ટીળકનાં નેતૃત્વ નીચે સ્વદેશી કાર્યક્રમ સાથે અખિલ ભારતીય પક્ષ તરીકે બહાર પડી, રીનીતેા, જે કોંગ્રેસનું એ સમયે નેતૃત્વ ધરાવતા હતા, તેઓને હઠાવી કોંગ્રેસને તેમજ દેશને કબજે કરી લેવા સમજાવ્યું.

આ રાષ્ટ્રવાદીઓ—જેઓને ગેાખેરેા એકસ્ટ્રીમીસ્ટા તરીકે ઓળખાવતા હતા —અને ગેાખરેટા વચ્ચેની ઝપા ઝપીનેા મુળ ઇતિહાસ હતેા. અને એ વર્ષના ગાળામાં હીંદનું રાજકીય સ્વરૂપ તેણે સદંતર બદલી નાખ્યું હતું.

સ્વરાજ્યની ચળવળ

આ નવા જન્મેલા રાષ્ટ્રવાદી પક્ષે રીનીત પક્ષના, કમે કમે સુધારા કરી સર્વીસ માટે મીક અને લેાર્ડ મીન્ટેા માટે મેળવ્યા હતા.

વડોદરામાં પુર્વની સંસ્કૃતિની ચેાટ પુરી પાડવા તેમણે સંસ્કૃતનેા અભ્યાસ કર્યો અને ટેટલીક હીંદની જુત અને વર્તમાન સંસ્કૃતિનેા ભાવ મહણ કરી લીધેા. આ વર્ષોનેા છેવટનેા ભાગેા ખરેા ગાળ તેમણે મુંગી રાજકીય પ્રવૃત્તિમાં ગાળ્યેા હતેા. કેમકે વડોદરા રાજ્યની નેાકરીના કારણે કોઇ જાહેર મદદી તેમનાથી થઇ શકે તેમ નહિ હતું. ૧૯૦૫ માં બંગાળના ભાગલા સામેની ચળવળ શરૂ થઇ ત્યારે તેમને વડોદરાની નેાકરી છેાડવાની તક મળી અને રાજકીય પ્રવૃત્તિમાં ખુલ્લી રીતે ઝંપલાવ્યું.

૧૯૦૬ માં તેમણે વડોદરા છેાડયું અને કલકત્તામાં નવી સ્થપાયેલી બંગાળની રાષ્ટ્રિય કોલેજના પ્રીન્સીપાલ બન્યા.

આઠ વરસની રાજકીય પ્રવૃત્તિ

૧૯૦૨ થી ૧૯૧૦ સુધીના આઠ વરસ શ્રી. અરવીંદે રાજકીય પ્રવૃત્તિમાં ગાળ્યા. આ વખતનેા પહેલેા અરધેા ભાગ તેમણે પડદા પાછળ રહી અન્ય સાથીઓ સાથે સ્વદેશી ચળવળનું કામ કર્યું. હીંદની રાષ્ટ્રિય કોંગ્રેસની સ્થાપના એ વખતે રીનીત (મોડરેટ) પક્ષના કાબુ માં હતી. ૧૯૦૬ માં વધારે ઉગ્ર સ્વરૂપમાં ચળવળ ચલાવવાને બારી ખુલી એટલે શ્રી. અરવીંદ બંગાળમાં આવ્યા અને નવા સ્થપાયેલા પક્ષમાં જોડાયા. એ પક્ષ વધારે ઉગ્ર હતેા પરંતુ તેની સંખ્યા નાની હતી. અને નવેાજ સ્થપાયેલેા કેાંગ્રેસમાં તેણે હજુ બહુ વજન મેળવી નહેાતી. આ પક્ષનેા રાજકીય સિદ્ધાંત અસહકારનેા હતેા પરંતુ અપરિપકવ સ્થિતિમાં હતેા. કોંગ્રેસની સબજેકટસ કમીટીની બાનગી બેઠકોમાં રીનીત પક્ષના નેતાઓ સાથે બીનઅસરકારક ઝપાઝપી કરતાં તે આગળ વધી શકયેા નહેાતેા.

શ્રી. અરવીંદ બંગાળમાં બંને પક્ષના નેતાઓને એ વખતના લેાકમાન્ય મહારાષ્ટ્રિ નેતા ટીળકનાં નેતૃત્વ નીચે સ્વદેશી કાર્યક્રમ સાથે અખિલ ભારતીય પક્ષ તરીકે બહાર પડી, રીનીતેા, જે કોંગ્રેસનું એ સમયે નેતૃત્વ ધરાવતા હતા, તેઓને હઠાવી કોંગ્રેસને તેમજ દેશને કબજે કરી લેવા સમજાવ્યું.

આ રાષ્ટ્રવાદીઓ—જેઓને ગેાખેરેા એકસ્ટ્રીમીસ્ટા તરીકે ઓળખાવતા હતા —અને ગેાખરેટા વચ્ચેની ઝપા ઝપીનેા મુળ ઇતિહાસ હતેા. અને એ વર્ષના ગાળામાં હીંદનું રાજકીય સ્વરૂપ તેણે સદંતર બદલી નાખ્યું હતું.

સ્વરાજ્યની ચળવળ

આ નવા જન્મેલા રાષ્ટ્રવાદી પક્ષે રીનીત પક્ષના, કમે કમે સુધારા કરી અનિશ્ચિત મુદતે મેળવવામાં આવનાર સંપુર્ણ સ્વતંત્રતાના કાર્યક્રમ સામે પેાતાનું સ્વરાજ્યનું ધ્યેય મુકયું અને આ ધ્યયેને પામવા સીનરીનેાઝ જેવેા કાર્યક્રમ સફળતાથી પાર પાડયેા હતેા તેવી જાતનેા કાર્યક્રમ રજુ કર્યો. આ નવા પક્ષની નીતી સ્વાવલંબી બનવાની હતી. તેનેા હેતુ એક તરફથી પ્રજાને મજબુત બનાવવાનેા અને બીજી તરફથી સરકારનેા સંપુર્ણ અધિકાર કરવાનેા હતેા. બ્રીટીશ અને પરદેશી માલનેા બહિષ્કાર કરી સ્વદેશી ઉદ્યોગોને ઉત્તેજન આપવું, બ્રીટીશ અદાલતોનેા બહિષ્કાર કરી તેને બદલે પંચાયતોથી તકરારોનું સમાધાન કરવાની હદી રચ્યાપવી, સરકારી યુનીવર્સીટીઓ, કોલેજોનેા બહિષ્કાર કરવેા અને તેને બદલે આપા દેશમાં રાષ્ટ્રિય કોલેજો અને નિશાળેા સ્થાપવી, પેાલીસ અને સંરક્ષકનું કામ કરવાને યુવાનોનું એક દળ સ્થાપવું, અને જરૂર જણાય ત્યાં સત્યાગ્રહ કરવેા, આ એ પક્ષનેા કાર્યક્રમ હતેા.

શ્રી. અરવીંદે કોંગ્રેસનેા કબજો લેવા ની અને તેને દેશની રાષ્ટ્રિય ચળવળનું કેન્દ્ર બનાવવાની અને રાજ્યમાં એક જુદું પ્રજાકીય તંત્ર ઉભું કરી આઝાદી ની બરાબર આખર સુધી ચલાવવાની આશા રાખી હતી. આ નવા પક્ષને તેમણે દૈનિક પત્ર 'વંદેમાતરમ' જેના પેાતે એ વખતે કામચલાઉ તંત્રી હતા, એ પત્રનેા કબજો લઇ તેને પક્ષનું સત્તાવાર પત્ર બનાવવા સમજાવ્યું. ૧૯૦૭ માં એ પત્ર શરૂ થયું ત્યારથી ૧૯૦૮ માં શ્રી. અરવીંદ જેલ ગયા ત્યાર સુધી પેાતેજ એ પત્રના તંત્રી હતા અને તુરતજ તે આપા હીંદમાં ફેલાઇ ગયું હતું. તેની ટુંક પરંતુ ઐતિહાસીક હસ્તિ દરમીયાન તેણે દેશ નું આખું રાજકીય સ્વરૂપ બદલી નાખ્યું અને ગમે તેવા ફેરફારેા થવા છતાં તેણે પાડેલી છાપ આખર લગી ટકી રહી.

પરંતુ આ ધોરણે ચલાવાયેલી ચળવળ, જો કે બધીજ મજબુત અને બનાવેાથી ભરપુર હતી અને ભવિષ્યને માટે અગત્યની હતી છતાં એ વખતે તે ખાસેા વખત ચાલી નહિ, કેમ કે, દેશ એવા હીંમતભર્યા કાર્યક્રમને માટે હજુ તૈયાર નહેાતેા થયેા.

રાજદ્રોહનેા આરોપ

૧૯૦૭ માં શ્રી. અરવીંદના ઉપર રાજદ્રોહનેા આરોપ મુકવામાં આવ્યેા પરંતુ છુટી ગયા. એ વખત સુધી તેઓ સંગઠનનું અને લખવાનું કાર્ય કરતા હતા પરંતુ આ બનતાં અને બીજા નેતાઓ અદશ્ય થઇ જવા થી બંગાળમાં પક્ષનું નેતૃત્વ તેમને લેવું પડયું અને પહેલીજ વાર જાહેર વકતા તરીકે તે બહાર પડયા. ૧૯૦૭ માં સુરતમાં મળેલી રાષ્ટ્રિય પરિષદનું તેમણે પ્રમુખસ્થાન લીધું જ્યાંએ સરભા પક્ષે વચ્ચે ઝપાઝપી થતાં કોંગ્રેસ સદંતર ભાંગી પડી. ૧૯૦૮ ના મે માં અલીપુર કાવત્રાંના કેસમાં તેમની ધરપકડ થઈ. પેાતાના ભાઇ બરીન્દ્રના નેતૃત્વ હેઠળના ક્રાંતીકારી પક્ષના કામેા ને માટે પેાતે જવાબદાર હેાવાનું જણાવાયું. પરંતુ પુરેા સાબીત નહિ થઇ શકયેા અને એ કેસમાં પણ તેમને છેાડી મુકવામાં આવ્યા. પરંતુ એક વર્ષ સુધી અલીપુરમાં કાચી જેલમાં પડી રહેવું પડયું હતું. ૧૯૦૯ ના મેમાં છુટી તેમણે જોયું કે તેમનેા પક્ષ પડી ભાંગેા હતેા, તેના નેતાઓ છુટા છવાયા વીખરાઇ ગયા હતા, કેદ થયા હતા, દેશનિકાલ કરવામાં આવ્યા હતા અથવા તેા સ્વેચ્છાએ દેશવટો ભોગવી રહ્યા હતા અને પક્ષ જે કે હજુ હસ્તી ધરાવતેા હતેા પરંતુ અવાજ અને અસરકત બની ગયેા હતેા.

લગભગ એક વર્ષ સુધી શ્રી. અરવીંદ હીંદના રાષ્ટ્રવાદી પક્ષના એકના એક નેતા તરીકે સ્થાન ટકી સજ્જન કરવાનેા પ્રયત્ન કર્યો. એ વખતે પેાતાની ચળવળને વેગ આપવા તેમણે 'કર્મયેાગિન' નામનું એક અંગ્રેજી પત્ર અને 'ધર્મ' નામનું એક બંગાળી પત્ર શરૂ કર્યું હતું. પરંતુ છેવટે તેઓ સમજ્યા કે તેમની નીતી અને કાર્યક્રમને અપનાવવાને પ્રજા હજુ તૈયાર નહેાતી થઇ. શરૂઆતમાં તેમને લાગ્યું કે પ્રજાને હેામરૂલની ઓછી ઉગ્ર હીલચાલ અથવા ગાંધીજી એ સાહિત્ય આદીકાળમાં કરેલા સત્યાગ્રહ કરી તાલીમ આપવાની જરૂર છે, પરંતુ પાછળથી તેમને જણાયું કે તેને માટે પણ હજુ વખત પાકેયેા નથી અને તેઓ પ્રજાના નેતા થવા સરજાયા નથી. વળી બાર માસના અલીપુર જેલમાં કારાવાસનેા આપેા સમય પેાતે યેાગની સિદ્ધિ મેળવવામાંજ ગાળ્યેા હતેા. તેમનેા અંતરઆત્મા તેમને એકાંતમાં સમાધિસ્થ સ્થિતિ ભોગવવાને ઇશારા કરી રહ્યો હતેા. આથી તેમણે બેાદીક મુક્તને માટે પણ રાજકારણમાંથી નિવૃત્ત થવાનેા નિશ્ચય કર્યો.

પ્રથમ ચંદ્રનગર અને પછી પોન્ડીચેરી

૧૯૧૦ ના ફેબ્રુઆરીમાં તેઓ ચંદ્રનગરમાં કોઇક છુપી જગ્યાએ એકાંતવાસ ભોગવવા ગયા અને એપ્રીલની શરૂઆતમાં ફ્રેંચના તાબાના પોન્ડીચેરીમાં ગયા. આજ વખતે 'કર્મયેાગિન'માં લખેલા એક લેખને માટે તેમની ધરપકડ થાતી. તેમની ગેરહાજરીમાં એ પત્રના મુદ્રકપર કામ ચલાવવામાં આવ્યું અને દોષિત ઠરાવવા માં આવ્યા. પરંતુ કલકત્તાની હાઇ કોર્ટમાં અપીલ કરતાં તેમને નીર્દોષ ઠરાવી છેાડી મુકવામાં આવ્યા. આમ ત્રીજી વખત તેમની સામે કામદેસર

કામ ચલાવવામાં આવ્યું અને તેમાં સરકારની હાર થઈ.

શ્રી. અરવિંદ વધારે અનુકૂળ સંજોગોમાં કરી રાજદ્વારી ક્ષેત્રમાં આવવાના કેટલા ઇરાદાથી બંગાળ છોડયું હતું, પરંતુ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિ જોઈતી વધી ગઈ હતી કે પોતાની સઘળી શક્તિનો તેમાંજ વ્યય કરવાની તેમને અનિવાર્ય જણાઈ. અને તેમણે રાજકારણ સાથેનો સંબંધ સાવ તોડી નાખ્યો અને રાષ્ટ્રિય કોંગ્રેસનું પ્રમુખ પદ સેવવાની વખતોવખત મળેલી માગણીનો અસ્વિકાર કર્યો અને સંપૂર્ણ સમાધીમાં ચાલ્યા ગયા. ૧૯૫૦ આજ પર્યંત પોન્ડીચેરીમાં તેમના નિવાસ દરમીયાન તેમણે પોતાનો આખો સમય પોતાના આધ્યાત્મિક કાર્યમાં અને સાધનામાં વ્યતીત કર્યો.

ચાર વર્ષના બીમકુલ એકાન્તવાસમાં યોગ સાધના કર્યા બાદ ૧૯૧૪ માં તેમણે "આર્ય" નામનું તત્વજ્ઞાનનું માસીક શરૂ કર્યું. તેમના વધારે અગત્યના લખાણો, કે પાછળથી પુસ્તકો તરીકે બહાર પડયા છે, જેવાં કે "ઇશોપનિષદ" "ગીતાપર નીબંધો" વિગેરે ટુકડે ટુકડે 'આર્ય' માં પ્રસિદ્ધ થયા હતા. પોતાની યોગ સાધના દરમીયાન પ્રાપ્ત થયેલું આધ્યાત્મિક જ્ઞાન આ લખાણોમાં સમાયેલું હતું. બીજાં લખાણો આત્મા વિષે અને દૌંદના સુધારા અને સંસ્કૃતિનાં મહત્વ વિષે, વેદોના ખરા અર્થ વિષે, માનવસમાજના વિકાસ વિષે, કાવ્યો અને તેના ઉદ્ભવ વિષે માનવજાતીનું સંગઠન કરવાની શક્યતા વિષે હતા. આજ વખતે તેમણે ઉપનિષદમાં તેમજ વેદોદરામાં લખેલી અને ત્યાર બાદ પોતાની રાજકીય પ્રવૃત્તિઓ દરમીયાન અને પોન્ડીચેરીમાં શરૂઆતના દિવસોમાં લખેલી કવિતાઓ પ્રસિદ્ધ કરી. સાડા ૭ વરસ બાદ ૧૯૨૧ માં 'આર્ય'નું પ્રકાશન બંધ થયું.

શ્રી. અરવિંદ પોન્ડીચેરીમાં પ્રથમ આર્ય ને બાંય લિખો સાથે રહતા હતા. ત્યાર બાદ તેમના આધ્યાત્મિક યોગને અનુસરવા તેમોની સંખ્યામાં સતત વધારો થતા ગયો અને તે એટલે સુધી કે વધારે ઉચ્ચ જીવન માળવાને ખાતર સઘળા આર્થ ભોગો નો ત્યાગ કરી આવેલા સાધકોના સામુદાયિક નિભાવ અને રોજવણી માટે એક સાધકોનો સંઘ થઈ પડયો. આ રીતે શ્રી. અરવિંદ આશ્રમનો પાયો રોપાયો કે જે ઉત્પન્ન કરવામાં આવ્યા કરતાં આપમેળેજ પોતાની આસપાસ રચાઈ ગયો.

બંગાળના ખારા સપુત સ્વર્ગસ્થ દેશબંધુ ચિતરંજન દાસને શ્રી. અરવિંદે લખેલા પત્રમાંથી નીચેનો ઉતારો નોંધવા યોગ્ય છે:

"મારા હાલના વિચારો અને જીવન અને કાર્ય પ્રત્યેની મારી વલણ જોવાથી મને આ સ્થિતિએ લાવી મુકેલો છે, એથી હું માનું છું કે તમે પીડિત હશો જ.... જેની હું પ્રથમ ઝાંખી કરેલ રહ્યો હતો તે હવે મને દીવા જેવું સ્પષ્ટ ભાસી રહ્યું છે, કે જીવન અને કાર્યનો ખરો પાયો આધ્યાત્મિકજ છે: જોઈએ કે, યોગ સાધનાથી નવી જાગૃતિ ઉત્પન્ન કરવાની છે. પરંતુ એ જાગૃતિની આકર્ષક શક્તિ અને તેનો સ્વભાવ શું છે? તેના સત્ય સ્વરૂપમાં તે અસરકારક રીતે પ્રકાશમાં કઈ રીતે આવી શકે, કઈ રીતે સંગ્રહીત કરી જીવનમાં તેનો સમાવેશ કરી શકાય? આપણા હાલના સામેનો— બુદ્ધિ, જીવન, મન, શરીર—આ મહાન પરિવર્તનને માટે અરેબર વાહન કઈ રીતે બનાવી શકાય? આ પ્રશ્નોના મારા પોતાના અનુભવથી હું ઉકેલ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અને હવે મને ખરો પાયો જડયો છે અને જોઈતું જ્ઞાન અને ભેદ પ્રાપ્ત થયાં છે....મારે હજુ એકાંતવાસમાં રહેવું પડશે, કારણ પોકા પાયા વિના ચણતર નહિ કરવાની મની કામ શક્તિ સિદ્ધ થવાની સંપૂર્ણ ખાત્રી સિવાય બાહ્ય કાર્યક્ષેત્રમાં નહિ પડવાનો મેં નિશ્ચય કર્યો છે."

સ્વર્ગસ્થ કવિવર રવીંદ્રનાથ ટાગોરે પોન્ડીચેરીમાં શ્રી. અરવિંદની મુલાકાત લઈ આવ્યા બાદ તેમનાપર સુંદર કાવ્ય રચ્યું જે આ શબ્દોથી શરૂ થતું હતું:

"રવીંદ્રના નમન સ્વિકારજો, ઓ અરવીંદ!"

હિંદનો પત્ર

(અમારા ખાસ ખબરપત્રી તરફથી)

વડોદરા, ડીસેમ્બર તા. ૨, ૧૯૫૦.

હીંદ અને પાકીસ્તાન

હિંદ-પાકીસ્તાનના વડા પ્રધાનો વચ્ચે 'દુકજવીની લાહેરાત'ને આજે થયેલા પત્રવહેવારની નકલ શ્રી. જવાહરલાલ નેહરૂએ સંસદમાં ('સંસદ' એ શબ્દ 'પાર્લામેન્ટ' માટે દેશી ભાષાઓને સારૂ સરકાર તરફથી માન્ય રખાયો છે.) રજુ કરીને જણાવ્યું હતું કે "પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લીયાકતઅલીખાને અને કરાંચીની એક વધુ મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે, અને સંજોગો અનુકૂળ થતાં હું અને તેટલો જલદી કરાંચી જઈશ." વધુમાં તેમણે કહ્યું: અને કબૂલવું દીલગીરી ભરેલ છે કે લગભગ એક વરસ સુધી પત્રવહેવાર ચલાવ્યા બાદ અમે કોઈ સંગીન નીપજો પર આવી શકયા નથી." આ ઉપરાંત તેમણે જે મુદ્દા બાબતો ઉલ્લેખ કર્યો તે આ પ્રમાણે હતા: (૧) અખબારોનું વલણ—"દીલ્હી કરાર તરફના કેટલાંક વર્તમાનપત્રોના વલણ અંગે અગાઉ મારે ખેદ દર્શાવવો પડયો હતો. પણ એકંદરે આ દેશનાં અખબારોએ આ કરાર અંગે મહદઅંશ અને જવાબદાર વલણ રાખ્યું છે. જે બોલાયયું અખબારોના શરૂઆતમાં કરાર ની વીરૂદ્ધનો સુર કાઢતાં હતાં તેમણે પણ બોલ્યા બાદ પોતાની વલણમાં ફેર ફાર કર્યો હતો. કેટલીકવાર પાકીસ્તાન સરકારની ટીકાઓ થતી હશે. પણ તેનાં અનેક કારણો છે. આમાંના મોટા ભાગનાં કારણો દુર કરવાં એ પાકીસ્તાન સરકારના હાથની વાત છે." (૨) જુનાગઢ—"જુનાગઢમાં રાજ્યની જનતાનું મારેલું થયું છે. ભારતના જરૂરી પ્રયાસથી કંઈ જ કરવામાં આવ્યું નથી." (૩) કાશ્મીર—"કાશ્મીર રાજ્ય હીંદ સાથે કાયદેસર રીતે જોડાઈ ગયું ત્યાર પછી જ, અને લોક પ્રિય પક્ષના પ્રતિનિધિઓની મંજુરી સાથે, હીંદ સરકારે પોતાની સેના કાશ્મીર મોકલી છે. પણ પાકીસ્તાને વાજબી કારણ વગર, હીંદનો પ્રદેશ બની ગયેલા વીસ્તારમાં પોતાની ફોજ મોકલી છે. જમ્મુ-કાશ્મીરને તથા સંયુક્ત રાષ્ટ્રસંઘને આપેલાં વચનો હીંદ સરકારે માન્યાં છે."

હીંદ અને જપાન

હીંદ જપાન વચ્ચે થયે અઠવાડીયે થયેલા વેપારી કરારની રૂએ ૧૯૫૬ના જુનની આખરે પુરા થતા વરસ દરમ્યાન હીંદ આકરે ૧ કરોડ ૨૦ લાખ ૫૦ હજાર પાઉંડની આયાત કરવી, અને ૮૦ લાખ ૫૦ હજાર પાઉંડની નીકાસ કરવી. શ્રીમઢાણા, ૬, ઉન, ચા, તંબાકુ, પાન, ભીડું, દોલસો, એરંડિયું વગેરેની હીંદ નીકાસ કરશે. જ્યારે હીંદ માટે ઈજાત એંજીન ને એના બાગો, ઔદ્યોગીક યંત્રો, ભારે વીજળીક સરંજામ, લોખંડ અને પોલાદ, લોખંડ સીવાયની ધાતુઓ, રેયન યાર્ન, કાચું સુતર, ઉનના દોરા વગેરેની આયાત થશે.

ઠક્કરબાપા

શ્રી ઠક્કરબાપાએ ગયે અઠવાડીયે ૮૨ મા વરસમાં પ્રવેશ કર્યો. તે દીવસે સરદાર વલ્લભભાઈએ બહાર પાડેલા સંદેશામાં કહ્યું છે: "ગરીબ, તવંગેરાં અને દલિતોના પૂજ્ય ઠક્કરબાપાના આજના જન્મદિવસે આપણું ધ્યાન સ્વાભાવીક રીતે એમના તરફ દોરાય છે. તેઓ એમના વતન (ભાવનગરમાં) દરબારગઢ આરામનો સમય ગાળી રહ્યા છે. છતાં એમની સેવા કરવાનું એમનું જે જીવન ધ્યેય છે તેમને માટે તેઓ અહર્નિશ ચીંતા ને જાગણી સેવી રહ્યા છે. વહાવરયા માણસને પોતાની જીવન સફરના અંત પ્રત્યે વધુ સભાન બનાવે છે, અને ત્યારે તે પોતાના જીવન કાર્યના મુલ્યાંકન તરફ સહેજે વળે છે." આ મુલ્યાંકનને આધારે તેઓ આજે જગતમાં ઉંચું માથું રાખી શકે એમ છે. ઠક્કરબાપા તો કરોડોના આદરપાત્ર છે. એમણે પણ ને સુખદ જીવન તરફ દોર્યો છે. આજે આપણા દેશમાં વીકટ પરિસ્થિતિમાં જીવન વ્યતીત કરી રહેલા દલિતોના ઉદ્ધારના ભગીરથ કાર્ય માટે ઠક્કરબાપા આપણા મીત્ર અને માર્ગદર્શક બને એટલા માટે પ્રભુ એમને દીર્ઘાયુ આપે, અને તેઓ આપણી વચ્ચે રહી એ કાર્ય કરવા શક્તિમાન બને, એવી પ્રાર્થના કરોડો દલિતો ઉપરાંત એમના પ્રશંસકો પણ કરતા હશે. જે મહાન આત્માની વરસગાંઠ આપણે ઉજવીએ છીએ તેમને માટે આદરપાત્ર બનવાનો અને પોતાની સેવા અર્પણ કરવાનો આજને પવિત્ર દીવસે નીશ્ચય કરવા હું મારા દેશબંધુઓને વીનંતી કરૂં છું."

નેત્ર અને દંત યજ્ઞ

દેશમાં અનેક ઠેકાણે નાનાં નાનાં ને મુલ્યાં સેવા કાર્યો જેવાં આવે છે તેનો એક દાખલો અમે અઠવાડીયે કરમસદ (ખેડા જીલ્લો)માં જોયો છે. ત્યાં કેટલાક સેવાભાવી ડાકટરોએ નેત્ર અને દંત યજ્ઞ કરી જે લીધાં દીના ચલાવ્યો. આ યજ્ઞમાં આંખનાં ૧૧૨૧ દરદીઓએ લાભ લીધો; આંખનાં ઓપરેશનો ૩૭૭ થયાં. દાંત માટે ૩૨૪ દરદીઓએ લાભ લીધો. દરદીઓની સારવાર માટે ૧૫૦ સ્વયંસેવક ભાઈબહેનો આવ્યાં હતાં. આ દરદીઓની ખોરાકી અને બીજી તમામ સગવડો મફત આપવામાં આવી હતી. દરદીઓના 'મનોરંજન' માટે રાતના સંગીત કાર્યક્રમ રાખવામાં આવતો. તેમની સાથેના સારવાર કરનારાઓને પણ રાતે રીલમો બતાવવામાં આવતી. આ પવની પુર્ણાહુતિ પ્રસંગે હાજર રહેલા શ્રી. રવિશંકર મહારાજે ડાકટરોને ધન્યવાદ આપતાં કહ્યું: "આ કાર્યને આપણે યજ્ઞ કહી એ છીએ. ગીતામાં કહ્યું છે કે સૃષ્ટિ ની ઉત્પત્તિ યજ્ઞથી થઈ છે. મારી ભાષામાં કહું તો, દરેક માણસે સામી વ્યક્તિને માટે બલદાન ધુટવું તેનું નામ યજ્ઞ. માતા પોતાનાં બાળકો માટે શરીરનું લોહી આપીને બલદાન જ

છે, તેમ દરેક માણસે સમાજને માટે પસાર ઘૂંટવું જોઈએ. આવી મનોવૃત્તિ સહુ માણસ કેળવે તો જીવન નંદનવન થઈ જાય."

"આઝાદ" કાશ્મીર

શ્રીનગરનો એક સંદેશો આઝાદ કાશ્મીરમાં ચાલી રહેલી પરિસ્થિતિને લગતી અગત્યની હકીકતો આપે છે. પાકિસ્તાનના કબજા હેઠળના પુંચ જીલ્લા કાળા ભાગો અબ્બાસના વર્ચસ્વ નીચેની "આઝાદ" કાશ્મીર સરકારથી સ્વતંત્ર છે, અને પાકિસ્તાન સરકાર જે ગીલગીટની ચોકી ત્યાં કાયદેસરની રીતે તમામ વ્યવસ્થા સંભાળે છે. પુંચમાંની મુસ્લમ તેમજ અન્ય કોમો ચૌધરી ગુલામ અબ્બાસની કહેવાતી "આઝાદ" કાશ્મીર સરકારની હકુમત સ્વીકારવા જરા પણ તયાર નથી. વળી પાકિસ્તાન સરકારમાંના સુધારો સરદાર ઇબ્રાહીમ તરફ સહાનુભૂતિ ધરાવતા હોઇ, તેઓ પુંચના બળવાખોરો સાથે રખેને હાથ મીલાવે એ બીકે તેમને હાલમાં છુટી પણ આપવામાં આવતી નથી. ચતુર નીરીક્ષકો માને છે કે આ બે વીરોની જુથો વચ્ચે સમાધાન થવાની જરા પણ શકયતા નથી. બબ્બાસ લીયાકત અલી ખાન તથા બીજાની હાલમા ગીલગીટના જે વીસેનાં પ્રવાસો પણ જોયે આપ્યા છે.

પ્રજા અને ગામડા

રેલવે ખાતાના ઉપ-પ્રધાન શ્રી. સંતાનમે સંસદમાં કહ્યું કે હીંદનો પુરાણો ભાગ ખાલની ઠેરઠેર કરવામાં રેલની રેલવેઓ જેટલાં જ ઉપયોગી છે. બધા વરસ કરમીયાન દસ કરોડ ટન માલની હેરફેર બળદગાડાં દ્વારા થઇ હતી, અને તેટલોજ માલ રેલવેઓ દ્વારા લઇ જવામાં આવ્યો હતો. આવી ગાડાંમાં આકારે દા ૨ અબજ ૧૧ કરોડની મુદીનું રોકાણ થયું હોવા નો અંદાજ છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યારે હીંદની જુદી જુદી રેલવેઓ પર ૧૮ જનતા એકસપ્રેસો દોડી રહી છે. (જે ગાડીમાં ફકત ત્રીજા વર્ગનાજ ડબા જોડેલા હોય છે તેને "જનતા એકસપ્રેસ" કહેવામાં આવે છે. આવી એક એક ગાડી, દાખલા તરીકે, રાતને વખતે મુંબઇ અને અમદાવાદ વચ્ચે બંને દીશામાં દોડે છે.) આ ઉપરાંત પુર્વ અને હીંદ અને દક્ષિણ હીંદની રેલવેઓ પર પંચોતેર ઉતારુ ગાડીઓ જેવી દોડે છે જે ફકત ત્રીજા વર્ગના ઉતારુઓની જ જરૂરીયાતો પુરી પાડે છે. પાણી વગર ના ઘેતીનાં વીસ્તારોમાં ટયુબ કુવા ખોદવા માટે રા. બે કરોડની લોન મુંબઇ સરકારને આપવાનું હીંદ સરકારે મંજુર કર્યું છે. આ યોજના હેઠળ ગુજરાતના અમદાવાદ, મેસાણા, સોજર કાંઠા અને બનાસકાંઠા એ ચાર જીલ્લા ઓમાં પાણી ખેંચવામાં આવશે. સૌરાષ્ટ્રનાં મુખ્ય શહેરોને એકબીજા સાથે જોડતા મુખ્ય રસ્તા બાંધવાની એક પંચવર્ષીય યોજના સૌરાષ્ટ્ર સરકારે તયાર કરી છે. આ યોજના અનુ સાર શહેરોથી પાંચ માઈલ સુધી અઢાર ફુટ પહોળા રસ્તા બંધાશે, અને પછી નો રસ્તો બાર ફુટ પહોળો રહેશે. ચાલુ વરસે આ યોજના પુરી કરવા માટે સરકારે રા. ૩૫ લાખનું ખરચ મંજુર કર્યું છે. તેમાંથી જામનગરથી જુનાગઢ અને ભાવનગરનો રસ્તો બાંધવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. ખાલની સુકી ધરતીને કરિયાળી બનાવવાની યોજના મુર્ત રૂપ લઇ રહી છે. આ યોજના અનુસાર ચાલુ વરસમાં જામનગર, જુના ભાવનગરનાં,—ગામડાં સુધી મીઠા પાણીની પાઇપ લાઇન નાખવા નો નીર્ણય કરાયો છે. આ પછીનાં વરસોમાં આ યોજના અનુસાર મીઠા પાણીની પાઇપ લાઇન પોરબંદરના વીસ્તારમાં લંબાવાશે. ખાલની ધરતીને કરિયાળી બનાવવા અને ખારી ધરતીને મીઠી બનાવવા માટે યોજ્ય તેવી વનસ્પતિઓ ને ઉછેર વવાશે. આ ઉપરાંત હલકા પીયા જમીનનું પાણી ઘોવાઇ જતું અટકાવવા માટે પાળાઓ બાંધવાનો પણ ઠરાવ થયો છે. ખાલની ખારાશ અને પછાત વર્ગની જનતા માટે ચાર શીક્ષણ શાળાઓ અને પ્રાથમિક શાળાઓ ખોલવા માં આવશે.

હીંદનું રક્ષણ

હીંદના સંરક્ષણ પ્રધાન સરદાર બળદેવસીંહે અમૃતસરમાં કહ્યું કે "હીંદ પાકિસ્તાન સાથે મૈત્રી ભર્યો સંબંધો બાંધવા માગે છે. પરંતુ હીંદની સત્તાધીશ અને તેના વડા પ્રધાન શ્રી. નેહરૂના ઉત્તમ પ્રયાસો બાદ સુખદ સંબંધમાં મહદભાર બને નહીં તેમજ જોખમી કરો. ઉપયોગી હેતુ સરે નહીં એવાં બાબતો પાકિસ્તાનનાં આગેવાનો તથા અખબારો કરી રહ્યાં છે." ભારત પર ચાર કરોડ મુસ્લીમોની સલામતી માટે પાકિસ્તાન જવાબદાર છે, એવું પશ્ચિમ બંગાળના ગવરનર સરદાર બબદુર રબ નીસ્તારે કહેલું તેનો સર દાર બળદેવસીંહે વીરોધ કરી કહ્યું કે એ જવાબદારી હીંદ સરકારનીજ છે.

શ્રી. હેનર ખોકવેએ પંડીત નેહરૂ ની કરેલી સુંદર તારીફ

હીંદની પ્રાદેશીક-ટના રપીકર શ્રી. માવળંકર અને સ્વામી વિજ્ઞાનંદજીના માનમાં લંડનની ધન્ડિઅન સોસીયલ કલબ તરફથી યોજેલા મેળાવડામાં ભાષણ કરતાં શ્રી. હેનર ખોકવેએ કહ્યું કે, દુનીયામાં જો હજુ શાંતી હોય તો તે દુનીયાના બીજા કોઇ પણ રાજદ્વારી પુરૂષ કરતાં વધારે પંડીત જવાહરલાલ નેહરૂને જ આભારી છે. વધુમાં તેમણે કહ્યું કે, કોરીયાની લડાઇ વીશ્વયુદ્ધ બની જવાનું પણ જોખમ રહ્યું હતું પરંતુ બ્રીટીશ વડા પ્રધાન શ્રી. કલેમેન્ટ એટલીએ યુનાઇટેડ સ્ટેટસમાં રહેલા વીખવાદી તત્વોપર અંકુશ મુકયો અને પંડીત નેહરૂએ ચીન પર વગ વધારી જેથી વીશ્વ વીગ્રહ ધતું અટકયું છે.

પરચુરણ

—સરદાર પટેલના આમંત્રણને માન આપીને કારોબારીએ મહાસમિતીની આગામી બાસ બેઠક માટે અમદાવાદ ને પસંદ કર્યું હતું. જાન્યુઆરીની ૩૦ મીએ રાષ્ટ્ર પૂ. બાપીજીની સ્મૃતિ સંબસરી ઉજવવાનું હોઇ, એ હકીકત બાનમાં રાખી મહાસમિતિની બાગતી બેઠક માટે ૧૯૫૧ ના જાન્યુઆરીની ૨૯, ૩૦ અને ૩૧ મી તારીખ નકકી કરવામાં આવી છે. વળી, મહાસમિતિ તેમજ કારોબારીના તમામ સભ્યો એ "સ્મૃતિ દિને" પૂ. બાપીજીના સાબર હતી આશ્રમમાં જઇને ત્યાં પૂ. બાપુ ને અંજલી આપશે.

—મુંબઇમાં તા. ૧૪ થી તા. ૨૨ ડીસેંબર સુધી આંતર રાષ્ટ્રીય ફીલ્મોની ની પરીષદ ભરાનાર છે. એ પરીષદ માં ૨૦ જેટલા દેશના બાજ ફીલ્મોનો હાજરી આપશે. બાજ સંસ્થાન અંગે માહીતીઓ મેળવવાનો આ પરીષદનો હેતુ છે.

NEW BOOKS

Just Arrived From India

Non-Violence in Peace And War (Part II)
—by M. K. Gandhi 12/6

Pilgrimage To Peace
—by Pyarelal 12/6

Stray Glimpses Of Bapu
—by Kaka Kalelkar 5/-

To be had from:—

INDIAN OPINION,
Phoenix, Natal.

"INDIAN AFFAIRS"


(Monthly Journal of the Indian National Congress)

News about our countrymen from all parts of the world.

Write for advertisement rates to:

The Manager "INDIAN AFFAIRS,"
7 Jantar Mantar Road,
NEW DELHI.

"ગોલ્ડ મેડલ" કવોલીટી



ગાર્ડન-ફર્નીચર
ડીનીંગ ગ્રુપ-સેટ
અને રૂમ ફર્નીચર
ઓર્ડરસીપ્ટ કાર્યવાહી
ઘરના પુનરીક્ષણ, ડીનીંગ ટીપોઈ કામ માટેના,
વિ. વિ.
નમુનાઓ માટે લખો.

એસોસીએટેડ કોમ્પ્રીહેન્સીવ કોર્પોરેટેડ

મેસર્સ ઝાવે એસોસીએટેડ કોમ્પ્રીહેન્સીવ, કિમબર્લે, સા. આ. કોમ્પ્રીહેન્સીવ, સાઉથ આફ્રીકા લિમીટેડ ની ફર્નીચર ડીલીંગ બનાવનારાઓ છે અને ૨૦૫ જોહનીસબર્ગમાં સુપરફાઇન ફાર્નીચર ઉત્પન્ન કરે છે, તેમના ઠેકાણા છે,

104 Marshall Street, (Factory Excom House) Johannesburg
Phone 33 4221/3
P. O. Box 6501.

કન્ટ્રોલના ભાવોનો :—

ગુજરાતી પ્રેસના પંચાંગ રૂા. ૫-૦

ઓર્ડરો : ૨૧૦ વિક્ટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન : ૨૨૯૫૫

ઘઉંનો...રૂા. ૧-૩ રતલ	ઘઉંનો દાળ નં ૨...૧/૬ રતલ	મગ દાળ નં ૧....રૂા. ૨-૦ રતલ	જુવાર..... ૪ પેની રતલ
ચોખા બાસ્ક ૧/૬ રતલ	ચણાની દાળ નં ૫ રૂા. ૨-૩ "	મગ દાળ નં ૨....રૂા. ૧-૬ રતલ	બરબટી.....રૂા. ૨-૬ રતલ
મગ.....રૂા. ૧-૦ રતલ	ચોખાની દાળ....રૂા. ૨-૬ રતલ	અબાડાનો લોટ (ઓછી જાતનો) ૧/૬	ઘઉં.....રૂા. ૧-૬ રતલ
ઘઉંનો દાળ નં ૧ ૧/૩ "	અળદની દાળ...રૂા. ૨-૩ રતલ	બાજરો.....૪ પેની રતલ	ચોખા.....રૂા. ૨-૬ રતલ

પરશુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

ચોખા.....રૂા. ૨-૬ રતલ

નવાં વેચવાનાં પુસ્તકો

	ઇ.પે.
સમરાંગણ	૧ ૩
ઝણકું બંધ	૧ ૦
મહમ	૭
વિજ્ઞાનીક જગત	૫ ૩
મુખવન (ડાકોર ક્ષત્ર મોવેલ)	૧ ૦
ચિત્રલેખા	૮ ૦
ચાંદ મુખી	૭ ૦
જગતનો ઢાલ (અરધે ભાવે)	૧ ૧
ઉષાસ્વપ્ના	૧ ૧
પંડીતજીની હાસ્ય કથા	૭ ૧
ઘરતીને ખોળે	૧ ૦
વિવાહનો ઝભ્ભો	૧ ૦
ગાંધીજીની સક્ષિપ્ત આત્મ કથા	૨ ૬
ચાલાની કેળવણી (ગાંધીજી)	૪ ૦
જીવતા તહેવારો ડાકોસાહેબ	૪ ૬
મોટો ખોખો ડાય	૧ ૨ ૦

ગુજરાતી પ્રેસના નવા વરસનાં પંચાંગ ભાવ પોસ્ટેજ સાથે શી. ૫. ઈન્ડિઅન ઓપીનીઅન ની ઓફીસેથી તુરત મંગાવો.

સ્ટોકમાં આવેલાં નવાં પુસ્તકો

મારી જીવન કથા રાજેન્દ્ર પ્રસાદ	૧ ૦ ૦
દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો ઇતીહાસ	૩ ૧
મારી જીવન કથા જવાહરલાલજી	૧૫ ૦
મહાદેવ દેસાઇની ડાયરી ભાગ પહેલો	૧૦ ૦
,, બીજો	૧૨ ૦
,, ત્રીજો	૧૧ ૬
,, ચોથો	૮ ૬
મહાદેવ દેસાઇનું પુર્વચરીત્ર	૨ ૩
સરદારના ભાષણોનો સંગ્રહ	૧૨ ૦
પ્રેમ એજ ઇતીહાસ ફી. પ. મ.	૩ ૦

ગોઠવણી ફેરા

ગુજરાતી અમરા શબ્દોનો સહેલા શબ્દોમાં સમજુતી આપતો આ ગોઠવણી ફેરા ગુજરાત વીદ્યાપીઠ તરફથી બહાર પડયો છે. ૧૨૨૧ પાનામાં અનેક શબ્દો અને તેના અર્થ વીગેરે આપ્યા છે આ ઘરમાં વસાવવાથી તમારી ગુજરાતી ભાષા સુધરશે.

કીમત ૧ ૨ ૦

આ ઓફીસેથી મળશે.

હમેશાં

એકસેલસીયર સબ્સક્રીપ્શન સર્વીસ કેન્ટોનમેન્ટ, અમદાવાદ, દુનીયા દુનીયના પત્રો લેતા લાગ્યા

મુદત બહારના ગ્રાહકોને ધ્યાન આપીયું

દેશમાંથી બહારગામ ગુજરાતી પત્રોના દર.

	દૈનિક માસિક સપ્તાહિક	મુદત વાર્ષીક શી. પે. રૂ.		દૈનિક માસિક સપ્તાહિક	મુદત વાર્ષીક શી. પે. રૂ.
અખંડ આનંદ	મા.	૨ ૦ ૧૫	કુમાર	સ.	૧ ૨૦
આનંદ	સ.	૮ ૧૫	ગુજરાતી	મા.	૧ ૦ ૧૧
આરોગ્યદર્પણ	મા	૦ ૮	ચુનીયા	મા.	૮ ૭
ઉદ્યોગી	સ.	૮ ૧૫	પ્રજાબંધુ	સ.	૧ ૨૩
આરોગ્ય	મા.	૮ ૮	પ્રવાસી	સ.	૮ ૩૧
ઉદ્યોગ	સ.	૭ ૨૫	પૈસા	મા.	૧ ૬ ૧૨
ભવિષ્યવાણી	મા.	૧ ૧ ૧૫	ફ્રમદેખા	સ.	૮ ૩૧
કેતન	મા.	૧ ૧ ૧૭	રમાકૃષ્ણ	મા.	૧ ૦ ૧૨
ચિત્રપટ	સ.	૮ ૩૧	રવીવાર	સ.	૮ ૨૬
ભાષા	સ.	૮ ૩૧	સંજ્ઞાનંદાન	મા.	૧ ૦ ૧૨
ચિત્રલેખા	સ.	૮ ૩૬	સંદેશ	મા.	૧ ૩ ૧૪
ચિત્રભારતી	સ.	૮ ૩૬	સવીતા	મા.	૮ ૮
હીંદુસ્તાન	દ.	૩ ૧૫	શ્રી રામન	મા.	૧ ૧ ૧૩
ન્યુ ભારત	દ.	૩ ૧૫	તારકા	મા.	૨ ૦ ૧૫
કુમાર	મા.	૧ ૧ ૧૫	સુદર્શન	મા.	૧ ૧ ૧૮
મજદુરસેવક	મા.	૧ ૦ ૧૨	તસ્વીર	મા.	૧ ૮
મંગલમ	મા.	૨ ૦ ૨૦	ધર્મ-નવરચના	મા.	૨ ૦ ૧૫
મહિલા જગત	સ.	૬ ૧૨	ફ્રમીદ		૩ ૦ ૧૨
મનોરંજન	મા.	૧ ૩ ૧૫	વીસમીસદી	સ	૪ ૧૫
મોજમઝા	સ.	૬ ૩૦	વર્ષમારામ	દ.	૩ ૮૫
નવચેતન	મા.	૧ ૧ ૧૫	વેણી	સ.	૮ ૩૬
પ્રજાસત્તાક	સ.	૪ ૧૫	પુજાબાલા	સ.	૧ ૨૦

આ દરેક પ્રકાશકોને છે અને તેમાં અગે તે વખતે ફેરફારો થાય
એક કલાક અમારા બીલીડા પોસ્ટલ ઓફીસથી બરોબર દરમ્યાને તમારે ઓર્ડર મોકલો.

EXCELSIOR SUBSCRIPTION SERVICE
9 Contonment AHMEDABAD-3 INDIA.

ઘણાં અગર બીલ કોઈ પણ પત્રો માટેના ઓર્ડરોને તુરતજ ધ્યાન આપવામાં આવશે.
દરેકના સપના પત્રો માટેના લવાજમોના સરવાળા મોકલો

ધાર્મિક પુસ્તકો

પરાક્રમો	૫ ૩
આર્ય ધર્મ નીતિસાર	૨ ૦
મંગળ પ્રભાત (ગાંધીજી)	૧ ૦
જીવણ નિરિક્ષણ	૫ ૧
હજરત મહમદ	
ઇસ્લામ ધર્મ ઉપર અજવાળું પાડતું નાનું પુસ્તક	૧ ૦
યોગ વાસિષ્ટ	૧૦ ૦
રામ-નામ મહીમા	૨ ૦
બુદ્ધ લીલા	૧ ૬
સુદામા ચરીત્ર	૨ ૦
ધર્મક્ષેત્રે કુરૂક્ષેત્રે ભાગ ૧-૨-૩-૪. આમા મહાભારત નવી રીતે આ લેખ્યું છે.	૧ ૫ ૦

મળવાનું ઠેકાણું:

Indian Opinion
P. Bag,
Phoenix.

"મિલાપ"

તંત્રી: મહેન્દ્ર દેસાઇ

આ માસીકમાં દેશ પરદેશના અનેક ચાર્મીનોમાંથી તારવીને સામગ્રી આપવામાં આવે છે. હાલના વમાનીય જીવનમાં નીરાંતે વાંચવું મુશ્કેલ પણ છે તેવાઓ માટે આ માસીક રસકથરી સામગ્રી પુરી પાડે છે.

આ અંકે સાતમો પણ ઠેકી ગોટમાં આવી ગયો છે!

૨/૩ માં ચોસ્ટેજ સાથે અમારી ઓફીસેથી મળશે.

INDIAN OPINION,
P. BAG.
PHOENIX.

અઠવાડીક પંચાંગ

વાર	ક્રીસ્તી ૧૯૫૦ ડીસેમ્બર	કારતક ૨૦૦૭ કારતક	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ શહે. મહમી	સુર્યોદય કા.મી.	સુર્યાસ્ત કા. મી.
ભોમ	૧૫	સુદ ૭	૫	૧૪	૪-૪૧	૬-૫૦
બુધ	૧૬	,, ૮	૬	૧૫	૪-૪૫	૬-૫૧
ગુરૂ	૧૭	,, ૯	૭	૧૬	૪-૪૪	૬-૫૨
શુક્ર	૧૮	,, ૧૦	૮	૧૭	૪-૪૩	૬-૫૩
શનિ	૧૯	,, ૧૧	૯	૧૮	૪-૪૨	૬-૫૪
રવી	૨૦	,, ૧૨	૧૦	૧૯	૪-૪૧	૬-૫૫
સોમ	૨૧	,, ૧૩	૧૧	૨૦	૪-૪૦	૬-૫૬

કેટલાક બીજાં પુસ્તકો

પ્રભુની રાહમાં	૧૫ ૦
રાહુ કેતુ	૬ ૦
મોને ચરકે	૨ ૩
ગાંધીવેણી (ડાકોરની મોવેલ)	૮ ૦
મહીળા મીત્ર (ત્રણ વર્ષીયાનું)	૧૦ ૦
રમીવંદના	૫ ૬
ગારસદાર	૭ ૬
મીરા પ્રેમદીવાની	૧૩ ૬
આગે કદમ	૮ ૬

મળવાનું ઠેકાણું આ ઓફીસ

સેતુબંધ	૫	૦
વિશ્વકર્મા	૫	૦
કર્મયોગ	૪	૬
મથુર મુખર્જી	૬	૬
નીરુપમા	૭	૦
દુઃખ કેવા (બે ભાગ સાથે)	૧૩	૦
૮૨ પહેરે	૭	૦
પ્રાપ્તિના	૫	૦
સુવર્ણ પુત્ર	૨	૦
છ છ છ	૩	૬
મારી બહાર	૩	૦
દવાનો ઉભરો પુંટ્યો	૫	૦
ભગવાન ભલો	૨	૦
પ્રીત કેરી અને બીજા નાટકો	૨	૩
આપણી કોંગ્રેસ	૫	૦
ઉત્તરા	૭	૦
ભગવા લેખ	૫	૦
અજોનું આરોગ્ય	૩	૦
મહાત્મામાના પ્રસુત્રો	૩	૩
મમ વિચારણા	૨	૦
પુષ્પવાટિકા	૨	૦
પતીમંદીર	/૩	૦
રંજ કીધા	૨	૩
કૃપાની બાદ	-	૬
ધરતી	૫	૦
રસ મુતીઓ	૩	૦
ગાંધીજીની સાધના	૬	૩

અમારાં નવાં પુસ્તકો

પુત્રો સેવક	૩	૦
ગીતાંજલી	૫	-
સાધના	૧	૦
નવી દુનીયા	૫	૩
દૃષ્ટાંતકથાઓ નારાયણ બટ	૪	૧
મહાન મુસાફરો	૫	૦
પુર્વ અને પશ્ચિમ	૫	૦
ઝરતના વેરાગ	૩	૦
રેશ રેશની સોફ કથાઓ	૮	૬
રામની પ્રેમ કથા (નોવેલ)	૮	૬
સોહરાબજી ભા. ૧-૨ સેટની	૧૦	૦
કમળી અજવાસ ધે	૫	૬
સોહરાબ	૬	૦
છેલ્લો પ્રયોગ (વાર્તા સંગ્રહ)	૬	૬
મુંદરીનો ચમત્કાર	૧૪	-
શહીદોનો સંદેશ	૪	૦
મુજવતા પ્રશ્નો	૭	૬
કુહાની રમઝટ	૬	૦
દાલ ગીતાનો ઝબરો	૪	૬
દીન ચર્યા	૭	૬
સાત્વિકરૈયાસ ભાગ ૧-૨ સેટની	૧૮	૦
રસમતી	૬	૦
સાગર કથાઓ	૮	૬

ટોલ્સટોયના પુસ્તકો

યુધ્ધ નહીં કહેવાય (સમાલ્લી બીજો સામે પોકાર) નવલકથા	૭	૦
દ્રષ્ટિ પરીવર્તન	૫	૩
બે નવલકથાઓ	૫	૦
ટોલ્સટોય અને બીકણ	૨	૦
ગાની બહેન (વાર્તા)	૫	૭

જીવન ચિત્રોનો

રવીંદ્રનાથ ટાગોર	૫	૦

હાસ્ય રસથી પુસ્તકો

હાસ્ય કોકા	૭	૬
ભરત દામોદરના હાસ્ય પ્રસંગો	૬	૦
હાસ્ય વીલાસ	૧૦	૦

બંકીમ ચટોપાધ્યાય કૃત

કપાલ કુંડલા	૭	૬
મનોરમા	૭	૦

સુપ્રસિદ્ધ લેખક મેઘાણીની નોવેલો

અપરાધી	૧૧	૦
પ્રત્યેની	૭	૦
તુલસી કથાઓ સામાન્ય નવલકથા	૭	૬
આંખો ઉઘડી	૫	૦
નવલીકાઓ ભાગ. ૧	૬	૦
પુરાતન જ્યોત	૫	૬
બીડેલા દ્વાર	૮	૬
વેવીશાળ	૮	૦
શેરડે તારા બહેતા પાણી	૧૦	૦
રાજવાણી	૬	૦

નવલ કથાઓ

કૃષ્ણાયન	જંગલની	કંઠીકારી
નવલકથા. કીમત		૮/-
બાઇબલ સુંદર બાનપુષ્ઠ નોવેલ.		૧૦/-
સયાજીરાવ્ય સામાન્ય કાંતી દર્શાવતી નવલકથા		૧૦/-
ગુર્જ પાલક:- બાણિયા કવિ પીજાનીનું જીવન ચરીત્ર.		૫/-
શેરબ કસુરી:- શ્રી પીજાનીનું જીવન ચરીત્ર		૬/-
સમુળી ક્રાંતી.	શ્રીરોરવાલા.	૫.
મણકાવાલા		ઠી. ૫ ૦
બાપુની જાંખી		૬-૦

આપીસેથી મળશે.
'Indian Opinion', P. Bag,
Phoenix, Natal

ધર્મોત્મા ગોખલે સ્મારક અંક ૧ ૬

બાપુના પત્રો: (આશ્રમની બહેનો પર) સંપાદક લાલ કાકાસાહેબ ૨ ૬
મળવાનું ઠેકાણું આ ઓફીસ

નવલ કથાઓ

શ્રી કર્ષ	૧	૩
સાહસીકોની ખાણ	૮	૬
સ્વર્ગ અને પૃથ્વી	૧	૦
વિરાંગનાની વાતો (૨)	૧૪	૧
વનબાળા	૭	૦
વર ને પુર (રમુજ નોવેલ)	૧૦	૦
સોમનાથ	૧૨	૬
સેનાપતી	૬	૦
સુના મંદીર	૯	૧
રમાબાઇ	૧૦	૦
રૂપમતી	૬	૦
મત્સ્યનુ રહસ્ય	૧૦	૦
આનંદીની જગાય	૧૨	-
ભોમાની ઝંકાર	૭	૬
આશાવરી	૭	૦
ઝંઝાવાત ભાગ ૧	૧૦	૦
ચિત્રોદની	૭	૬
દીનાનાથ	૧૦	૬
દરીયા પારના		
રેમાણનો ભોગ	૮	૦
જીવન રહસ્ય	૬	૦
ભગ્ન તમાશો	૬	૦
જીવતર	૭	૬
ગુરુ અને નટ	૬	૦
બે રેશ રીબન	૫	૦
પુત્ર જન્મ	૧૩	૦
પરીષેત	૭	-
પીતાજીનો વન પ્રવેશ	૭	-
પહેલી પ્રીત	૭	૬
પુનીત	૭	૬
પ્રીતીમ તાપ	૫	૦
ભાઇ ભભો	૫	૬
માધુકરીના દિવા (ઝવેરચંદ)	૭	૮
માલધારી	૬	૬
ઘરને મારગે	૬	૦
આશ્રમની બહેનોને બાપુના પત્રો ભાગ ૧.	૨	૬
માનવતાના મુલ	૬	૦
ધરતીને માથાળે	૭	૦
ચિરકુમાર સભા (ટાગોરકૃત)	૧૨	-
પ્રસ્થરદાન	૭	૦
દિલ્હ	૫	૬
કંકાવતી-ચાર	૫	૦
ચુનારા	૪	૬
સુમન ૧ પુર	૧૧	૦
રેત અને ફાન્ન	૩	૦

મળવાનું ઠેકાણું:

INDIAN OPINION,
P. Bag, Phoenix,
NATAL.

નીશાળ ઉપયોગી પુસ્તકો

નુતન શૈક્ષણ માળા આ માળા માં નીચલા પાંચ પુસ્તકો આવે છે. એ પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન મેળવે છે.

નુતન શૈક્ષણ તાલીમ વર્ગ		
" " પોરબંદર ૧-૨-૩-૪		
પ્રત્યેની કીંમત	૧	૦

નવસુત્ર વાચન માળા

પુસ્તક પહેલું	૧	૩
પુસ્તક બીજું	૧	૦
પુસ્તક ત્રીજ	૧	૩

સાદીત્ય કલોલ

શાલેય માટે વાચન વધારવા વધારીઓને ઉપયોગી પુસ્તકો		
પુસ્તક બીજું	૧	૩
" ત્રીજું	૧	૩
બાલપોથી	૧	૧
આર્યાદિ ચુકોણ	૫	૬
ઘેર બેઠા ઇંગ્લીશ શીખવા માટે		
પાઠાવલી ભા. ૧-૨ પ્રત્યેની	૨	૦
અંકગણીતના મુળ તત્વો	૧	૦

શિક્ષણોપયોગી વાચન માળા

બીજી ચોપડી	૧	૦
ત્રીજી "	૨	૩
ચોથી "	૨	૬
પાંચમી "	૩	૦
પુસ્તક	૬	૦

ચાલો લખીએ

ચોપડી ૧	૧	૬
" ૨	૧	૬
" ૩	૧	૬
" ૪	૧	૬
" ૫	૨	૦
" ૬	૨	૦
" ૭	૨	૦

સાહિત્ય પરામર્શની

પુસ્તક પાંચમું	૨	૧
" સાતમું	૨	૩
રેશ રેશાવસ્ત્રમાં—ગુજરાત	૩	-
આપણા દેશનો ઇતીહાસ	૧	૧

Obtainable From:

'INDIAN OPINION'
P. Bag, PHOENIX, NATAL.



NUGGET

THE WHITEST WHITE

AA 848



"Tell me Doctor . . *What do you mean by a safe antiseptic?*"

To be called safe an antiseptic must be safe in several ways. It must be reliable, it must be gentle, it must be non-poisonous. It must help, not hinder, the natural processes of healing and repair. 'Dettol' the modern antiseptic, is a highly efficient destroyer of germs, but it works on the germs, not you. It is non-poisonous, pleasant, safe to have around.

DETTOL

THE MODERN ANTISEPTIC

RECKITT & COLMAN (AFRICA) LIMITED, P.O. BOX 1097 CAPE TOWN

24 231-50

Sunbeam works for you in three ways...

1. It gives a brighter, more pleasing shine
2. The shine lasts longer on the floors
3. It makes your home clean, inviting-looking.



Always ask for


SUNBEAM POLISH

FOR FLOORS AND FURNITURE

Shines . . . and shines . . . and shines

2161

Durban - Bombay in 96 hours



EAST AFRICAN AIRWAYS "SKYLIONS" fly direct north to Nairobi to connect with Air India International's "Constellations." Enquire for fares and timetables from our General Sales Agents, South African Airways, or any I.A.T.A. Agent.

Fly the smooth coastal route north

EAST AFRICAN AIRWAYS

Greenwood (1)106-43

Tel. Add: "Charolar" Telephone: 33-9885.

MANCHESTER TRADING
CO. LTD.
ESTABLISHED 1923

Wholesale Soft & Fancy Goods Merchants
—&—
Direct Importers.

47, Commissioner Street,
JOHANNESBURG.

LIFE INSURANCE

Are you adequately insured?
Have you provided for your dependants?
Prepare for the future
